# આત્મ દર્શન

# આત્મ દર્શન

## ણમોકાર મહામંત્ર

**णमो अरिहंताणं**

**णमो सिद्धाणं**

**णमो आइरियाणं**

**णमो उवज्झयाणं**

**णमो लोए सव्वसाहूणं**

● ● ● ●

### ચત્તારિ મંગલં (ચાર મંગળ)

ચત્તારિ મંગલં, અરહંતા મંગલં,
સિદ્ધા મંગલં, સાહૂ મંગલં,
કેવલિ પણ્ણતો ધમ્મો મંગલં.

ચત્તારિ લોગુત્તમા, અરહંતા લોગુત્તમા,
સિદ્ધા લોગુત્તમા, સાહૂ લોગુત્તમા,
કેવલિ પણ્ણતો ધમ્મો લોગુત્તમો.

ચત્તારિ શરણં પવ્વજ્જામિ, અરહંતે શરણં પવ્વજ્જામિ,
સિદ્ધે શરણં પવ્વજ્જામિ, સાહૂ શરણં પવ્વજ્જામિ,
કેવલિ પણ્ણતો ધમ્મં શરણં પવ્વજ્જામિ.

# આત્મ પ્રસિદ્ધિ

હે જીવ ! અનંત કાળથી અપ્રસિદ્ધ એવો જે તારો આત્મા તે કેમ પ્રસિદ્ધ થાય તેની આ વાત છે.

અજ્ઞાનીપણે વ્રતાદિ કરીને અનંતવાર સ્વર્ગે ગયો પણ આત્માના જ્ઞાનલક્ષણને તેં ન ઓળખ્યું તેથી તને 'આત્મ પ્રસિદ્ધિ' ન થઈ, પણ રાગની જ પ્રસિદ્ધિ થઈ. જ્ઞાનને આત્મા તરફ વાળીને આત્માની પ્રસિદ્ધિ તેં ન કરી, પણ જ્ઞાનને રાગ સાથે એકમેક માનીને તેં રાગની જ પ્રસિદ્ધિ કરી. રાગથી જુદું જ્ઞાન કેવું છે તેને જાણ, તો તે જ્ઞાનલક્ષણ વડે ભગવાન આત્માની પ્રસિદ્ધિ થાય ને તારું ભવ ભ્રમણ ટળી જાય.

**''રાગની પ્રસિદ્ધિ તે રખડવાનું કારણ છે;**
**આત્મ પ્રસિદ્ધિ તે સિદ્ધપદનું કારણ છે.''**

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થતાં આત્મા પ્રસિદ્ધ થાય છે. રાગ તે આત્માની પ્રસિદ્ધિનું સાધન નથી પણ જ્ઞાનને અંતરમાં વાળવું તે એક જ ભગવાન આત્માની પ્રસિદ્ધિનું સાધન છે.

આત્માના આનંદના અનુભવપૂર્વક જેને આત્મ પ્રસિદ્ધિ કરવી હોય તેને અંતરમાં આ વાતનો મહિમા આવવો જોઈએ કે અહો ! આ મારા આત્માની કોઈ અપૂર્વ વાત છે.....અનંત શક્તિસંપન્ન મારા આત્માને આ વાત પ્રસિદ્ધ કરે છે..... કે જે 'આત્મ પ્રસિદ્ધિ' પરમ આનંદનું કારણ છે.

## પ્રસ્તાવના :

૧. અનંત અનંત કાળમાં મનુષ્યપણું મળવું મોંઘુ છે. મનુષ્યપણામાં આવી સત્ય ધર્મની વાત સાંભળવા કોઈ જ વાર મળે છે. અત્યારે તો આ વાત લોકોને તદ્દન નવી છે. આવી સત્ય વાત સાંભળવા મળવી મહા દુર્લભ છે. આ થયું સત્ય ધર્મનું શ્રવણ.

૨. આવી વાત સાંભળ્યા પછી બુધ્ધિમાં તેનું ગ્રહણ થવું દુર્લભ છે. 'આ શું ન્યાય કહેવા માંગે છે' એમ જ્ઞાનમાં પકડાવું તે દુર્લભ છે. સાંભળતી વખતે સારું લાગે અને બહાર નીકળે ત્યાં બધું ભૂલી જાય તો તેને આત્મામાં ક્યાંથી લાભ થાય?

૩. ગ્રહણ થયા પછી તેની ધારણા થવી દુર્લભ છે. શ્રવણ કરીને વિચારે કે મેં આજે શું શ્રવણ કર્યું? નવું શું સમજ્યો? એમ અંતરમાં પ્રયત્ન કરીને સમજે તો આત્માની રુચિ જાગે ને તત્ત્વ સમજાય. તેને વારં વાર વિચારી-સ્વભાવમાં ધારી રાખે તે થઈ ધારણા.

પણ જેને સત્યના શ્રવણ-ગ્રહણ અને ધારણાનો જ અભાવ છે તેને તો સત્ સ્વભાવની રુચિ હોતી નથી. અને રુચિ વગર સત્ય સમજાય નહિ, ધર્મ થાય નહિ.

૪. શ્રવણ-ગ્રહણ-ધારણા કરીને પછી એકાંતમાં પોતે પોતાના અંતરમાં વિચારે, અંતરમાં મંથન કરીને સત્યનો નિર્ણય કરે એ દુર્લભ છે. અંતરમાં યથાર્થ નિર્ણય કરીને રુચિને પરિણામવાની આ વાત છે. આ અતિ દુર્લભ છે.

૫. યથાર્થ નિર્ણય કરીને તેને રુચિમાં પરિણમાવીને-તેનું સત્ય શ્રધ્ધાન કરી સમ્યગ્દર્શન પ્રગટ કરવું તે મહાન દુર્લભ અપૂર્વ છે.

૬. ભગવાને કહ્યું છે અથવા જ્ઞાનીઓ કહે છે માટે આ વાત સાચી છે-એમ પરના લક્ષે માને તો તે શુભ ભાવ છે. તે પણ સાચું જ્ઞાન નથી; પહેલાં દેવ-ગુરુના લક્ષે તેવો રાગ હોય છે, પણ દેવ-ગુરુના લક્ષને છોડીને પોતે પોતાના અંતર સ્વભાવમાં વળીને રાગ રહિત નિર્ણય કરે કે મારો આત્મ સ્વભાવ જ આવો છે તો તેના આત્મામાં સાચું જ્ઞાન થયું છે. એથી સત્સમાગમ કે શ્રવણ વગેરેનો નિષેધ નથી. સત્સમાગમે સત્ ધર્મનું શ્રવણ તો કરવું. શ્રવણાદિ પછી આગળ વધવા માટે, માત્ર શ્રવણ કરવામાં ધર્મ ન માનતા, ગ્રહણ, ધારણા, મંથન-નિર્ણય કરીને આત્મામાં રુચિથી પરિણમવું જોઈએ.

૭. જે જીવે કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રની માન્યતા છોડી દીધી છે અને જૈનના નામે

પણ જે કલ્પિત મિથ્યા માર્ગ ચાલે છે તેની શ્રદ્ધા છોડીને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, ઓળખાણ કરી છે અને તેમણે કહેલા આકાશ-કાળ વગેરે દ્રવ્યોના જ વિચારમાં અટકી રહ્યો છે પણ પોતાના સ્વભાવ તરફ વળતો નથી એવા પાત્ર જીવને માટે અહીં ઉપદેશ (માર્ગદર્શન) છે.

૮. હે જીવ ! પર દ્રવ્યો તરફ વળીને રાગ સહિત જે જ્ઞાન જાણે તે તારું સ્વરૂપ નથી, પણ ચૈતન્ય સ્વભાવમાં વળીને જ્ઞાનની જે અવસ્થા, ચૈતન્ય સ્વભાવમાં અભેદ વળીને તેમાં લીન થયેલો પર્યાય તે જ ચૈતન્યનું સર્વસ્વ છે.

૯. આ વાત આત્મ સ્વભાવની છે, કોઈ અન્ય સંપ્રદાયો સાથે કે લૌકિક વાત સાથે તેને જરાય મેળ મળે તેમ નથી, અને આ વાત અન્યત્ર જ્યાં ત્યાંથી મળે તેમ નથી. તથા જેને આત્મ કલ્યાણની દરકાર છે, ભવભ્રમણનો ડર છે એવા આત્માર્થી સિવાય બીજા જીવોને આ વાત બેસે તેમ નથી.

૧૦. આવા મનુષ્ય અવતારમાં આવ્યો અને પરમ દુર્લભ એવી સત્ય વાણી સાંભળવાનો જોગ મળ્યો, જો અત્યારે સ્વભાવની રુચિથી આ વાત નહિ સમજે તો પછી ક્યારે સમજશે? અનંત કાળે પણ આવી વાત સાંભળવા મળવી મુશ્કેલ છે.

૧૧. અહો ! આવા ભગવાન ચૈતન્ય સ્વભાવના સ્વીકારમાં કેટલો પુરુષાર્થ છે ! પોતાના મતિ-શ્રુતજ્ઞાનને સ્વભાવમાં એક કરીને સ્વભાવના આશ્રયે હું જ્ઞાતા દૃષ્ટા છું એમ જેણે સ્વીકાર્યું તેની જ્ઞાન ચેતના જાગૃત થઈ, તે આત્મા પોતે જાગૃત થયો, સાધક થયો અને હવે અલ્પ કાળમાં કેવળજ્ઞાન લેવાનો છે તેની આ વાત છે.

૧૨. આ આત્મ કલ્યાણની અપૂર્વ વાત છે. ઝટ ન સમજાય તો અરુચિ કે કંટાળો લાવવો નહિ, પણ વિશેષ અભ્યાસ કરવો. ''આ મારા આત્માની અપૂર્વ વાત છે, આ સમજવાથી જ મારું કલ્યાણ થશે'' એમ અંતરમાં તેનો મહિમા લાવીને રુચિથી શ્રવણ-મનન કરવું. બધા આત્મામાં આ સમજવાની તાકાત છે. ''હું જ્ઞાન સ્વરૂપ ભગવાન આત્મા છું - મને બધું સમજાય એવી મારી તાકાત છે'' એમ વિશ્વાસ કરીને સમજવાનો પ્રયત્ન કરવો. રુચિપૂર્વક પ્રયત્ન કરે તેને ન સમજાય એમ બને નહિ. અંતરમાં પોતાના આત્મ સ્વભાવનો ઉત્સાહ લાવી આ વાત સમજવાની છે.

# વિષય સૂચિ


૧. આત્મ પ્રસિદ્ધિ ........................................ ૧
૨. આત્માના 'જ્ઞાનમાત્ર' ભાવમાં ઉછળતી અનંત શક્તિઓ ...... ૫
૩. અનેકાન્તમૂર્તિ ભગવાન આત્માની ૪૭ શક્તિઓ ...............૯
૪. જીવના અસાધારણ ભાવો.................................. ૧૪
૫. જિજ્ઞાસુએ ધર્મ કેવી રીતે કરવો ? ..........................૧૭
૬. જીવનું કર્તવ્ય ............................................૨૪
૭. ભેદ વિજ્ઞાન ............................................ ૨૯
૮. મોક્ષમાર્ગ પ્રગટ કરવાનો ઉપાય "તત્ત્વ નિર્ણય" ............૩૭
૯. તત્ત્વનો નિર્ણય કરવા જીવે પ્રથમ શું કરવું ? ................. ૫૪
૧૦. સમ્યક્ત્વ પ્રાપ્ત કરનાર આત્માર્થી કેવો હોય ?..................૫૭
૧૧. અભિપ્રાયની ભૂલ.......................................... ૬૮
૧૨. આત્મા સન્મુખ જીવની સમ્યક્ત્વ સાધના..................૭૨
૧૩. નવ તત્ત્વનો સાર ......................................... ૮૩
૧૪. જૈન દર્શનનો સાર ........................................૯૧
૧૫. ધર્મનું સત્ સ્વરૂપ - સાર..................................૧૧૦
૧૬. કર્મની સાદી સમજ........................................૧૧૯
૧૭. સમ્યગ્જ્ઞાન .............................................. ૧૫૪
૧૮. નિશ્ચય અને વ્યવહાર ...................................... ૧૬૮
૧૯. ઉપાદાન-નિમિત્ત (વિશેષ) ................................ ૧૮૪
૨૦. ક્રમબદ્ધ પર્યાય (વિશેષ) ..................................૧૯૮

ફક્ત અંગત સ્વાધ્યાય માટે

## વિનંતી

મુદ્રણ દોષના શબ્દાર્થ તથા વ્યાકરણની કોઈ ભૂલને ગ્રહણ ન કરતાં તેના ભાવ પકડી આત્મહિતને કેમ ઉપયોગી થાય તેવું લક્ષ મુમુક્ષુઓ આપે એવી નમ્ર વિનંતી.

For Private Circulation Only

# ૧ આત્મ પ્રસિદ્ધિ

૧. હે જીવ! અનંત કાળથી અપ્રસિદ્ધ એવો જે તારો આત્મા તે કેમ પ્રસિદ્ધ થાય તેની આ વાત છે.

૨. પ્રસિદ્ધિ એટલે પ્ર + સિદ્ધિ = વિશેષપણે નિર્ણય, ઓળખાણ.

૩. આત્માના જ્ઞાન લક્ષણને ન ઓળખવાથી ''આત્મ પ્રસિદ્ધિ'' ન થઈ.

૪. જ્ઞાનને રાગની સાથે એકમેક માનીને તેં રાગની જ પ્રસિદ્ધિ કરી. રાગથી જ્ઞાન જુદું છે તેને જાણીને જ્ઞાન લક્ષણ વડે ભગવાન આત્માની પ્રસિદ્ધિ થાય તો ભવ ભ્રમણ ટળી જાય.

૫. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન થતાં આત્મા પ્રસિદ્ધ થાય છે. જ્ઞાનને અંતરમાં વાળવું તે એક જ ભગવાન આત્માની પ્રસિદ્ધિનું સાધન છે. રાગ તે આત્માની પ્રસિદ્ધિનું સાધન નથી.

૬. આત્માના આનંદના અનુભવપૂર્વક જેને આત્મ પ્રસિદ્ધિ કરવી હોય તેને અંતરમાં આ વાતનો મહિમા આવવો જોઈએ કે અહો! આ મારા આત્માની કોઈ અપૂર્વ વાત છે.

૭. અનંત શક્તિસંપન્ન મારા આત્માને આ વાત પ્રસિદ્ધ કરે છે કે જે 'આત્મ પ્રસિદ્ધિ' પરમ આનંદનું કારણ છે.

૮. જ્ઞાન લક્ષણથી અનેકાન્ત સ્વરૂપ આત્માની પ્રસિદ્ધિ થાય છે.

૯. આત્મામાં જ્ઞાનાદિ અનંત ધર્મો છે; તેને પર દ્રવ્યોથી અને પર ભાવોથી ભિન્ન ઓળખાવવા માટે ''જ્ઞાનમાત્ર'' કહેવાય છે.

૧૦. 'આત્મા ચૈતન્યમૂર્તિ જ્ઞાનમાત્ર છે, રાગાદિથી નિરાળો એકલો જ્ઞાયકભાવ છે' એમ ''જ્ઞાનમાત્ર'' કહેવાથી બીજા ધર્મોનો નિષેધ તો નથી થઈ જતો ને?

૧૧. લક્ષણની પ્રસિદ્ધિ વડે લક્ષ્યની પ્રસિદ્ધિ કરવા માટે આત્માને જ્ઞાનમાત્ર કહેવામાં આવે છે. જ્ઞાન છે તે આત્માનો અસાધારણ ગુણ છે તેથી તે આત્માનું લક્ષણ છે. તે જ્ઞાનલક્ષણ વડે આત્માની પ્રસિદ્ધિ થાય છે.

૧૨. 'જ્ઞાન' લક્ષણ છે અને 'આત્મા' લક્ષ્ય છે. જ્ઞાનલક્ષણ આત્માની પ્રસિદ્ધિ

કરે છે. કયું જ્ઞાન આત્માની પ્રસિદ્ધિ કરે છે? પર તરફ વળેલું જ્ઞાન નહિ પણ અંતર્મુખ થઈને આત્માને જે જ્ઞાન જાણે તે જ્ઞાન આત્માનું લક્ષણ છે. જે જ્ઞાન શુદ્ધ આત્માને ન જાણે અને રાગમાં જ એકાકાર થઈ જાય તેને ખરેખર જ્ઞાન જ કહેતા નથી, કેમ કે તેણે આત્માની પ્રસિદ્ધિ ન કરી, પણ રાગની કરી. જ્ઞાનનું કાર્ય આત્મ વસ્તુને પ્રસિદ્ધ કરવાનું છે, પણ તે વ્યવહારને-રાગને કે પરને પ્રસિદ્ધ નથી કરતું. આ રીતે આત્માને પ્રસિદ્ધ કરવા માટે તેને ''જ્ઞાનમાત્ર'' કહેવામાં આવ્યો છે.

૧૩. જગતમાં લક્ષણ દ્વારા લક્ષ્યને ઓળખવામાં આવે છે. આત્માનું લક્ષણ જ્ઞાન છે, તે જ્ઞાન લક્ષણ વડે જ આત્મા ઓળખાય છે. શરીરાદિ તેમજ રાગાદિ ભાવો આત્માના સ્વભાવથી અત્યંત જુદા છે. જ્ઞાન જ આત્માનો અસાધારણ વિશેષ ગુણ છે. જ્ઞાન ગુણ સ્વ-પરને જાણે છે, આત્મા સિવાય બીજા તો કોઈ દ્રવ્યમાં જ્ઞાન ગુણ નથી, અને આત્માના અનંત ધર્મોમાં પણ એક જ્ઞાન ગુણ જ સ્વ-પર પ્રકાશક છે. તેથી તે અસાધારણ છે. જ્ઞાન સિવાયના બીજા શ્રદ્ધા-ચારિત્ર-સુખ વગેરે ગુણો નિર્વિકલ્પરૂપ છે એટલે કે તેઓ પોતાને કે પરને જાણતા નથી, માત્ર જ્ઞાન ગુણ જ પોતાને અને પરને જાણે છે; માટે આત્મા ''જ્ઞાનમાત્ર'' છે.

૧૪. આત્મા લક્ષ્ય છે અને જ્ઞાન તેનું લક્ષણ છે-એ લક્ષણની પ્રસિદ્ધિથી શું પ્રયોજન? માત્ર લક્ષ્ય એવો આત્મા જ પ્રસિદ્ધ કરવા યોગ્ય છે. જેને લક્ષણ અપ્રસિદ્ધ હોય તેનો લક્ષ્યની પ્રસિદ્ધિ થતી નથી. આ રીતે લક્ષ્ય એવા આત્માની પ્રસિદ્ધિ માટે જ્ઞાન લક્ષણ ઉપદેશવામાં આવે છે.

૧૫. 'આત્મા તો જ્ઞાન સ્વરૂપ છે, જે જાણે છે તે આત્મા છે' એ પ્રમાણે લક્ષણને ઓળખે ત્યારે જ લક્ષ્યને પકડી શકે છે. 'જ્ઞાન લક્ષણ વડે આત્માની પ્રસિદ્ધિ થાય છે' એમ કહીને જે વ્યવહારના પક્ષવાળા- દેહની ક્રિયા કે પુણ્યની ક્રિયા તે આત્માને ઓળખવાનું સાધન માને છે તે વ્યવહારાભાસને ઉડાડ્યો છે. સીધા લક્ષ્યને માનવાવાળા નિશ્ચયાભાસી અજ્ઞાનીને સમજાવે છે કે ''જે લક્ષણને ન જાણે તે લક્ષ્યને પણ જાણતો નથી. લક્ષણને ઓળખવાથી જ લક્ષ્ય ઓળખી શકાય છે''. 'જ્ઞાન તે આત્મા' એવો જે લક્ષ્ય-લક્ષણનો ભેદ છે તે કાંઈ રાગને પ્રસિદ્ધ કરવા માટે નથી પણ આત્માને જ પ્રસિદ્ધ કરવા માટે છે.

અભેદ આત્માને લક્ષમાં લેતાં તે ભેદનો વિકલ્પ પણ તૂટી જશે, ને એકલા લક્ષ્યરૂપ આત્માનો અનુભવ રહી જશે-આ રીતે લક્ષણ વડે લક્ષ્યની પ્રસિદ્ધિ થાય છે.

લક્ષ્ય સાથે એકતા કરે તેને લક્ષણ કહ્યું, પણ લક્ષ્યને છોડીને પર સાથે એકતા કરે તેને લક્ષણ ન કહેવાય. સ્વ સન્મુખ થયેલું જ્ઞાન જ આત્માની પ્રસિદ્ધિ કરે છે.

જે જ્ઞાન આત્મા તરફ વળીને આત્માને લક્ષ્ય કરે-ધ્યેય કરે-સાધ્ય કરે-પ્રસિદ્ધ કરે તે જ્ઞાન આત્માનું લક્ષણ છે, ને તે જ્ઞાનની સ્વ-પર પ્રકાશક શક્તિ ખીલી ગઈ હોવાથી તે પરને પણ જાણે છે.

૧૬. દરેક આત્મા પોતે અનંત શક્તિનો પિંડ ચૈતન્ય પરમેશ્વર છે, તેને બતાવવાની આ વાત ચાલે છે. તે કઈ રીતે જણાય? તે જ્ઞાન લક્ષણથી જ જણાય છે. તે સિવાય બીજો કોઈ ઉપાય નથી. જ્ઞાનને સ્વમાં વાળી આત્માનું લક્ષણ કરવું અર્થાત્ જ્ઞાન વડે આખો આત્મા લક્ષમાં લેવો તે જ આત્માને જાણવાની રીત છે ને તે જ ધર્મ છે.

૧૭. જ્ઞાન લક્ષણ વડે આત્મા જણાય-એવા ભેદરૂપ જે વ્યવહાર અહીં કહ્યો છે તે નિશ્ચયપૂર્વકનો વ્યવહાર છે. એટલે કે અભેદ આત્માને જ્યારે લક્ષિત કર્યો ત્યારે લક્ષ્ય-લક્ષણના ભેદને વ્યવહાર કહ્યો. નિશ્ચય વગર વ્યવહાર કોનો? રાગ રહિત નિશ્ચય સ્વભાવને જાણ્યો ત્યારે જ મંદ કષાયરૂપ શુભ રાગમાં વ્યવહારનો આરોપ આવે છે. અભેદનું લક્ષ હોય તો જ ભેદને વ્યવહાર કહેવાય છે. વ્યવહારને વ્યવહાર તરીકે જાણનારું જ્ઞાન પોતે વ્યવહાર સાથે ભળીને નથી જાણતું પણ પોતે રાગથી જુદું પડીને એને ભેદનો આશ્રય છોડીને વ્યવહારને જાણે છે. અખંડ પરિપૂર્ણ આત્મ દ્રવ્યનું લક્ષ કરતાં શ્રદ્ધા વગેરે અનંત ગુણોની પ્રસિદ્ધિ થાય છે.

૧૮. 'લક્ષણને જાણ્યા વિના, થાય ન લક્ષનું જ્ઞાન' અહીં તો આત્મ સ્વભાવની બહુ નજીક લાવીને વાત કરી છે. 'જ્ઞાન તે આત્મા' એટલો ભેદ પાડીને અભેદ આત્માનું લક્ષ કરાવે છે.

૧૯. લક્ષણ અને લક્ષ્યની પ્રસિદ્ધિ એકી સાથે છે. જ્ઞાન અને આત્મા દ્રવ્યપણે અભેદ છે-એની ઓળખાણ માટે લક્ષ્ય-લક્ષણના ભેદથી કહ્યું હતું, પણ વસ્તુપણે તો અભેદ છે. જ્ઞાનને જ્યાં આત્મ સ્વભાવ તરફ વાળ્યું ત્યાં તો જ્ઞાન

અને આત્મા અભેદ જ છે. જે જ્ઞાનની પ્રસિદ્ધિ છે તે જ આત્માની પ્રસિદ્ધિ છે.

૨૦. જ્ઞાન પોતે સ્વ સંવેદનથી પ્રસિદ્ધ છે અને તે જ્ઞાન વડે આત્માને પ્રસિદ્ધ કરવામાં આવે છે. અજ્ઞાની પર સાથે જ્ઞાનની એકતા માનીને એકલા પરની પ્રસિદ્ધિ કરે છે તેથી તેને આત્મ પ્રસિદ્ધિ થતી નથી; માટે અહીં તે જ્ઞાનને સ્વ સન્મુખ કરીને આત્માની પ્રસિદ્ધિ કરવા માટે, આત્માનો અને જ્ઞાનનો લક્ષ્ય-લક્ષણ ભેદ પાડીને સમજાવ્યું છે, કે જો ભાઈ ! આ જ્ઞાન તે આત્માનું લક્ષણ છે, તે કાંઈ પરનું લક્ષણ નથી, માટે તે જ્ઞાનને અંતર્મુખ કરીને આત્માને તેનું લક્ષ્ય બનાવ, જેથી તને આત્માની પ્રસિદ્ધિ થાય. આત્માના વલણમાં રહીને સ્વ -પરને જાણે તેવી જ્ઞાનની તાકાત છે. જ્ઞાનને અંતરમાં વાળવું તે એક જ ભગવાન આત્માની પ્રસિદ્ધિનું સાધન છે.

## ૨ આત્માના 'જ્ઞાનમાત્ર' ભાવમાં ઊછળતી અનંત શક્તિઓ :

૧. જ્ઞાનથી લક્ષિત આત્મા માત્ર જ્ઞાનરૂપ નથી પણ અનંત ધર્મસ્વરૂપ છે. જ્ઞાન આત્માને પ્રસિદ્ધ કરે છે, તે આત્મા અનંત ગુણોનો સમુદાય સ્વરૂપ છે. જ્ઞાનની સાથે જ અનંત ગુણો રહેલાં છે, તે દરેક ગુણનું લક્ષણ જુદું જુદું છે છતાં દ્રવ્યપણે તે બધાં ગુણોનો એક જ ભાવ છે, એક દ્રવ્ય જ તે બધાં ધર્મોવાળું છે.

૨. જ્ઞાનનું લક્ષણ .............સ્વ-પર પ્રકાશપણું
સમ્યક્ત્વનું લક્ષણ ............ સ્વરૂપની નિર્વિકલ્પ પ્રતીતિ
ચારિત્રનું લક્ષણ .............સ્વરૂપમાં એકાગ્રતા
આનંદનું લક્ષણ ............ આહલાદ
સુખનું લક્ષણ .............અનાકુળતા
અસ્તિત્વનું લક્ષણ ............ હોવાપણું
પ્રભુત્વનું લક્ષણ ............સ્વતંત્રતાથી શોભિતપણું

એમ અનંતા ગુણોનું લક્ષણ જુદું છે, એટલે લક્ષણ ભેદે બધાં ગુણોનો પરસ્પર ભેદ છે, છતાં દ્રવ્ય તો બધાં ગુણોનો એકરૂપ પિંડ છે, જ્ઞાનમાત્ર આત્મામાં બધાય ધર્મો સમાઈ જાય છે. 'જ્ઞાન તે આત્મા' એમ કહેતાં જ અનંત ધર્મોનો એક સમૂહ લક્ષિત થાય છે તે આત્મા છે.

૩. જ્ઞાન લક્ષણથી અનંત ધર્મસ્વરૂપ આત્મા લક્ષિત થાય છે, રાગાદિ નહિ. જ્ઞાન નો સ્વભાવ સ્વ-પર પ્રકાશક હોવાથી તે પરને અને રાગાદિને જાણે ખરૂં; પણ પરને કે રાગને જાણતાં, જ્ઞાન લક્ષણ પરનું કે રાગનું થઈ જતું નથી, જ્ઞાન લક્ષણ તો આત્માનું જ રહે છે. એટલે કે પરને જાણતું જ્ઞાન પણ આત્મા સાથે એકતા રાખીને પરને જાણે છે, પર સાથે કે રાગ સાથે એકતા કરીને જાણતું નથી. જ્ઞાન બીજાને જાણે છે ખરૂં પણ બીજાનું લક્ષણ થતું નથી. અભેદ આત્માના લક્ષપૂર્વક ભેદને જાણનારૂં જ્ઞાન પણ અભેદ આત્માની જ પ્રસિદ્ધિ કરે છે. જ્યાં જ્ઞાને અભેદ આત્માને લક્ષમાં લીધો ત્યાં લક્ષણ અને લક્ષ્ય બંને એક થઈ ગયા-અભેદ થઈ ગયા, અને ત્યારે જ જ્ઞાન આત્માનું લક્ષણ થયું, તે જ્ઞાન લક્ષણે અનંત ધર્મવાળા આત્માને પ્રસિદ્ધ કર્યો. આનું જ નામ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન છે, અને એ જ્ઞાને સ્વરૂપમાં જ્યાં એકાગ્રતા કરી એ જ સમ્યગ્ચારિત્ર છે. આ જ પ્રથમ ધર્મ છે.

આત્મામાં અનંત શક્તિઓ છે, તે બધાને જાણનારૂં તો જ્ઞાન છે; તે જ્ઞાન એકેક શક્તિને જુદી જુદી રીતે પ્રસિદ્ધ નથી કરતું પણ અનંત શક્તિસંપન્ન એક આત્મા ને પ્રસિદ્ધ કરે છે. જ્ઞાન લક્ષણને ઓળખ્યા સિવાય આવો આત્મા અનુભવમાં - લક્ષમાં આવતો નથી.

૪. પરસ્પર ભિન્ન એવા અનંત ધર્મોના સમુદાયરૂપે પરિણમેલો જે એક જ્ઞપ્તિમાત્ર ભાવ છે તે આત્મા જ છે તેથી આત્માને જ્ઞાનમાત્રપણું છે; માટે જ્ઞાનમાત્ર એક ભાવમાં આવી જતી અનંત શક્તિઓ આત્મામાં ઊછળે છે.

૫. આત્મામાં અનંત ગુણો છે, તેઓ પરસ્પર ભિન્ન છે. જેમ આત્મા કદી જડરૂપ થતો નથી તેમ આત્માનો જ્ઞાનગુણ કદી દર્શનગુણરૂપે થતો નથી, કોઈ પણ ગુણ બીજા ગુણરૂપે થઈ જતો નથી. એ રીતે અનંત ગુણો પરસ્પર ભિન્ન છે; ગુણ અપેક્ષાએ અનંતતા અને દ્રવ્યપણે એકતા - એ રીતે આમાં અનેકાન્ત આવી જાય છે.

૬. એક દ્રવ્ય બીજા દ્રવ્યથી ભિન્ન; દ્રવ્યના અનંત ગુણોમાં દરેક ગુણ પરસ્પર ભિન્ન; તેમજ તે દરેક ગુણની એકેક સમયની પર્યાય પણ ભિન્ન ભિન્ન સ્વતંત્ર છે. વળી એકેક પર્યાયમાં અનંત અવિભાગ પ્રતિચ્છેદ અંશો છે, તેમાંનો એક અંશ બીજા અંશપણે નથી-વસ્તુ સ્વભાવની આવી સ્વતંત્રતા જૈનદર્શન બતાવે છે. આવા ગુણ-પર્યાય રૂપ ધર્મો આત્મામાં રહેલા છે. એકેક આત્મા અનંતધર્મની મૂર્તિ છે.

૭. ગુણો પરસ્પર ભિન્ન, તેમ પર્યાયો પણ પરસ્પર ભિન્ન છે. દરેક ગુણની અવસ્થા માં પોતાનું સ્વતંત્ર વીર્ય છે. દરેક પર્યાય પણ પોતે પોતાના સામર્થ્યથી જ પોતાની રચના કરે છે, એવો જ પર્યાય ધર્મ છે. પર્યાય પોતે જ પોતાનું કારણ છે. એક જ સમયમાં પોતે જ કારણ અને કાર્ય છે. દરેક દ્રવ્ય પોતાપણે સત્, દરેક ગુણ પોતાપણે સત્, એકેક સમયની દરેક પર્યાય પણ પોતપોતાના સ્વરૂપે સત્ છે. બસ ! છે તે જાણી લેવાનું છે.

૮. આમાં એકલો નિરપેક્ષ વીતરાગ ભાવ જ આવે છે. 'આમ કેમ ? અથવા આનું કારણ કોણ ?' એવા વિકલ્પને અવકાશ નથી, એકલું જ્ઞાતપણું જ રહે છે.

૯. આત્મા જ્ઞાનમાત્ર જ છે. જ્ઞાન શું કરે ? જેમ હોય તેમ ફક્ત જાણે. જાણવાના કાર્યમાં તો શાંતિ જ હોય. જાણવામાં આકુળતા શાની હોય? ન જ હોય. જ્ઞાનમાત્ર ભાવે પરિણમવું તેનું નામ મુક્તિ; તે જ્ઞાનમાત્ર ભાવે પરિણમતા

પણ આત્માની અનંત શક્તિઓ તેમાં ભેગી જ છે. અનંત ગુણથી અભેદ આત્માને દૃષ્ટિમાં લીધો ત્યાં અનંતી શક્તિઓ એક સાથે નિર્મળપણે પરિણમવા લાગે છે.

૧૦. આત્મામાં ગુણો એકી સાથે છે અને પર્યાયો ક્રમે ક્રમે થાય છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, અસ્તિત્વ, પ્રભુત્વ વગેરે ગુણો બધાય અક્રમ છે અને પર્યાયો ક્રમબદ્ધ છે. આવા ક્રમ અને અક્રમરૂપ વર્તતા અંનંત ધર્મો આત્મામાં છે,તેથી જ્ઞાનમાત્ર આત્મા અનંત ધર્મની મૂર્તિ છે.

૧૧. આત્મશક્તિનો એક પિંડ જે અભેદ આત્મા તેની સન્મુખ થઈને જ તેની શક્તિની ખરી ઓળખાણ થાય છે. અખંડ ચૈતન્યના આશ્રયપૂર્વક આ ત્રિકાળી શક્તિઓને જાણતાં પર્યાયમાં પણ તેમનો અંશ પ્રગટે છે; એ રીતે વર્તમાન પરિણમન સહિતની આ વાત છે. ત્રિકાળી શક્તિઓના પિંડને કબૂલે અને પર્યાયમાં તેનું બિલકુલ પરિણમન ન પ્રગટે-એમ બને નહિ. શક્તિ સાથે વ્યક્તિની સંધિ છે. ત્રિકાળી શક્તિને કબૂલતાં તેની વ્યક્તિની પણ પ્રતીત થઈ જાય છે એટલે કે સાધક દશાનું નિર્મળ પરિણમન શરૂ થઈ જાય છે.

૧૨. આ શક્તિની યથાર્થ કબૂલાત કોની સામે જોઈને થાય છે ?

૧. પરમાં તો આ શક્તિઓનો તદ્દન અભાવ છે, તેથી પર સામે જોઈને આ શક્તિની યથાર્થ કબૂલાત થતી નથી.

૨. વિકાર એક સમય પૂરતી પર્યાયમાં છે, તેના આશ્રયે પણ આ ત્રિકાળી શક્તિ રહેલી નથી, માટે તે વિકારની સામે જોઈને આ શક્તિની યથાર્થ કબૂલાત થતી નથી.

૩. નિર્મળ પર્યાય પણ એક સમય પૂરતી છે, તેના આશ્રયે પણ આ ત્રિકાળી શક્તિ રહેલી નથી, માટે તે પર્યાય સામે જોઈને પણ આ શક્તિની કબૂલાત થતી નથી.

૪. અનંત શક્તિઓનો પિંડ આત્મા છે તેના આશ્રયે દરેક શક્તિ રહેલી છે અનંત શક્તિના પિંડ આત્મામાંથી એક શક્તિનો ભેદ પાડીને તેની સામે જોવાથી પણ ભેદનો વિકલ્પ ઊઠે છે એટલે એકેક શક્તિના ભેદ સામે જોઈને પણ આ શક્તિની યથાર્થ કબૂલાત થતી નથી.

૫. અનંત ગુણનો પિંડ અભેદ ચૈતન્યમૂર્તિ આત્મા છે, તેની સન્મુખ જોઈને અનંતી શક્તિઓની યથાર્થ કબૂલાત થાય છે, અને અભેદ આત્માના આશ્રયે

અનંતી શક્તિઓની નિર્મળ પર્યાય પ્રગટી જાય છે.

૬. આત્માની અનંત શક્તિઓમાંથી કોઈ પણ શક્તિ નિમિત્ત, વિકાર, પર્યાય કે ભેદના આશ્રયે નથી, દરેક શક્તિ અભેદ આત્માના જ આશ્રયે છે. માટે અભેદ આત્માની દૃષ્ટિપૂર્વક જ આ શક્તિઓનું યથાર્થ જ્ઞાન થાય છે. અભેદ આત્માની દૃષ્ટિ સિવાય કોઈ પણ ભેદ, પર્યાય, વિકાર કે નિમિત્તના આશ્રયથી લાભ માને તો મિથ્યાત્વ થાય છે, તેને આ શક્તિઓનું નિર્મળ પરિણમન થતું નથી.

આ છ બોલ ખાસ મહત્વના છે. માટે તે બરાબર સમજવા અને દરેકે દરેક શક્તિના વર્ણનમાં લાગુ પાડવા.

# ૩ અનેકાન્તમૂર્તિ ભગવાન આત્માની ૪૭ શક્તિઓ

| | | |
|---|---|---|
| ૧. | જીવત્વ શક્તિ | ચૈતન્યભાવ તે જ આત્માના જીવનનું કારણ છે. |
| ૨. | ચિતિ | આત્માનું જીવન ચૈતન્યસ્વરૂપ છે. |
| ૩. | દશિ | આત્મા ચૈતન્ય દર્શનરૂપ છે. |
| ૪. | જ્ઞાન | આત્માની જ્ઞાન શક્તિ સાકાર ઉપયોગમયી છે. |
| ૫. | સુખ | અનાકુળતા જેનું લક્ષણ એવી ત્રિકાળ છે. |
| ૬. | વીર્ય | નિજ સ્વરૂપને રચવાનું સામર્થ્ય. |
| ૭. | પ્રભુત્વ | અખંડિત પ્રતાપવાળી સ્વતંત્રતા-સ્વાધીનતા. |
| ૮. | વિભુત્વ | વિભુતા છે કે અનંત ગુણોમાં વ્યાપીને રહ્યો છે. |
| ૯. | સર્વ દર્શિત્વ | આત્મામાં પૂર્ણતા ભરેલી છે-દર્શનનું પરિપૂર્ણ સામર્થ્ય. |
| ૧૦. | સર્વજ્ઞત્વ | સમસ્ત વિશ્વના વિશેષ ભાવોને જાણવારૂપે પરિણમેલી. |
| ૧૧. | સ્વચ્છત્વ | તારા ઉપયોગ દર્પણમાં લોકાલોક એક સાથે જણાઈ જાય. |
| ૧૨. | પ્રકાશ | પોતે પોતાના સ્વસંવેદનથી સ્પષ્ટ અનુભવમાં આવે. |
| ૧૩. | અસંકુચિત વિકાસત્વ | સંકોચ વગરનો વિકાસ થાય. |
| ૧૪. | અકાર્યકારણત્વ | આત્માનું કારણ પર નહિ અને પરનું કારણ આત્મા નહિ. |
| ૧૫. | પરિણમ્ય-પરિણામકત્વ | સ્વ-પરને સંપૂર્ણપણે જાણે એવું સ્વભાવ સામર્થ્ય |
| ૧૬. | ત્યાગોપાદાનશૂન્યત્વ | પર દ્રવ્યને ગ્રહતો નથી-નિજ સ્વભાવને છોડતો નથી. |
| ૧૭. | અગુરૂલઘુત્વ | દ્રવ્ય પોતાના સ્વરૂપમાં જ પ્રતિષ્ઠિત. |
| ૧૮. | ઉત્પાદ-વ્યય-ધ્રુવત્વ | પર્યાયો ઉત્પાદ-વ્યયરૂપ અને ગુણો ધ્રુવરૂપ છે. |
| ૧૯. | પરિણામ | સદશ અને વિસદશ જેનું રૂપ છે એવા એક અસ્તિત્વ માત્રમયી. |
| ૨૦. | અમૂર્તત્વ શક્તિ | આત્મા ત્રિકાળ વર્ણ-ગંધ-રસ-સ્પર્શ રહિત છે. |

| | |
|---|---|
| ૨૧. અકર્તૃત્વ શક્તિ | વિકાર ભાવો કરવાનો જ્ઞાનનો સ્વભાવ નથી. |
| ૨૨. અભોકર્તૃત્વ | વિકારના અભોક્તાપણરૂપ શક્તિ છે. |
| ૨૩. નિષ્ક્રિયત્વ | આત્મપ્રદેશોની નિષ્પંદતા સ્વરૂપ શક્તિ છે. |
| ૨૪. નિયત પ્રદેશત્વ | આત્માનું નિજક્ષેત્ર અસંખ્યપ્રદેશી છે. |
| ૨૫. સ્વધર્મ વ્યાપકત્વ | આત્મા પોતાના જ સ્વધર્મોમાં રહે છે. |
| ૨૬. સાધારણ-અસાધારણ-<br>સાધારણા-સાધારણ ધર્મત્વ | સ્વ પરના સમાનઅસમાન ભાવોના ધારણ<br>સ્વ પરના સમાનઅસમાન ભાવોના ધારણ સ્વરૂપ. |
| ૨૭. અનંત ધર્મત્વ | વિલક્ષણ અનંત સ્વભાવોથી ભાવિત એક ભાવ. |
| ૨૮. વિરૂદ્ધ ધર્મત્વ | તદ્રૂપમયપણું અને અતદ્રૂપમયપણું - વિરૂદ્ધ ભાવ. |
| ૨૯. તત્ત્વ | તદ્ રૂપ ભવનરૂપ-રહેવારૂપ અથવા પરિણમવારૂપ. |
| ૩૦. અતત્ત્વ | ચેતન મટીને જડરૂપ ન થવારૂપ શક્તિ. |
| ૩૧. એકત્વ | અનેક પર્યાયોમાં વ્યાપક એવા એક દ્રવ્યમયપણારૂપ એકત્વ. |
| ૩૨. અનેકત્વ | દ્રવ્યપણે એક હોવા છતાં અનેક પર્યાયપણે પણ પોતે જ થાય છે. |
| ૩૩. ભાવ | વિદ્યમાન અવસ્થાપણારૂપ ભાવશક્તિ છે. |
| ૩૪. અભાવ | અવિદ્યમાન અવસ્થાપણારૂપ અભાવશક્તિ છે. |
| ૩૫. ભાવઅભાવ | આત્મામાં વર્તતા પર્યાયના વ્યયરૂપ ભાવઅભાવ શક્તિ છે. |
| ૩૬. અભાવભાવ | આત્મામાં નહિ ભવતા પર્યાયના ઉદયરૂપ અભાવભાવ શક્તિ છે. |
| ૩૭. ભાવભાવ | ત્રિકાળી ભાવને આધારે વર્તમાન ભાવનું હોવાપણું-દ્રવ્ય-પર્યાયની એકતા. |
| ૩૮. અભાવઅભાવ | દ્રવ્ય પર્યાયની એકતામાં પરનો અને વિકારનો અત્યંત અભાવ. |
| ૩૯. ભાવ શક્તિ | આત્મા સ્વયં છ કારકરૂપ થઈને સુખરૂપ પરિણમવાના સામર્થ્યવાળો છે. |

| | |
|---|---|
| ૪૦. ક્રિયા શક્તિ | સ્વભાવના અવલંબને સ્વયં છ કારકરૂપ થઈને પોતાના ભાવોને કરે એવી ક્રિયા. |
| ૪૧. કર્મ | પોતાના સમ્યગ્દર્શનાદિ કર્મરૂપે(કાર્યરૂપે) પોતે પરિણમે. |
| ૪૨. કર્તૃત્વ | થવાપણારૂપ એવો જે સિદ્ધરૂપ ભાવ તેના ભાવકપણામયી. |
| ૪૩. કરણ | અંતર સ્વભાવનું અવલંબન લઈને પોતાના આત્માને જ તે સમ્યગ્દર્શનાદિનું સાધન બનાવે છે. |
| ૪૪. સંપ્રદાન | પોતાથી દેવામાં આવતો જે ભાવ તેના ઉપેયપણામય. |
| ૪૫. અપાદાન | ઉત્પાદ-વ્યયથી અલિગિત ભાવથી અપાય થવાથી હાનિ નહિ પામતા એવા ધ્રુવપણામયી અપાદાન શક્તિ. |
| ૪૬. અધિકરણ | આત્મા પોતે જ પોતાના ધર્મનો આધાર . |
| ૪૭. સંબંધ શક્તિ | પોતામાં જ સ્વ-સ્વામી સંબંધ બતાવીને પર સાથેનો સંબંધ તોડાવે છે -આત્મ સ્વભાવમાં એકતા કરાવે છે. |

અનંત શક્તિ સંપન્ન અને અસંખ્ય પ્રદેશી એવા આત્માને સર્વ પ્રકારે પ્રત્યક્ષ જાણીને સર્વજ્ઞ ભગવાન કહે છે કે અરે જીવ ! તારો આત્મા અસંખ્યપ્રદેશી અને અનંત શક્તિનો પિંડ છે, તે સ્વભાવ સન્મુખ જો.... પોતાથી જ તારી પરિપૂર્ણતા છે. તારા સ્વરૂપમાં જરા પણ કમીના નથી કે તારે બીજા પાસેથી લેવું જવું પડે ! તારામાં શું ખોટ છે કે તું બીજામાં ગોતવા જાય છે ?

આત્માની સ્વભાવ શક્તિમાં જે પૂર્ણ જ્ઞાન, આનંદ, પ્રભુતાનું સામર્થ્ય હતું તે જ અમે આત્મામાંથી પ્રગટ કર્યું છે, બહારથી નથી આવ્યું. તારા આત્મામાં પણ તેવું સામર્થ્ય છે તેને તું જાણ અને તેનો વિશ્વાસ કરીને તેની સન્મુખ થા, એટલે તારી આત્મશક્તિમાંથી પરિપૂર્ણ જ્ઞાન,આનંદ,પ્રભુતા ખીલી જશે.

હે જીવ ! તારો આત્મા નિજશક્તિથી સારી રીતે ભરેલો છે, વિકાર કે કર્મોથી તારો આત્મા ભરેલો નથી, તેનાથી તો જુદો છે. તેમાંથી કદી એક પણ

શક્તિ ઓછી થતી નથી. આત્મા પોતાના ' જ્ઞાનમાત્ર ' ભાવને કદી છોડતો નથી. માટે હે જીવ ! જ્ઞાનભાવ વડે તારા આત્માને લક્ષમાં લઈને આત્માની પ્રસિદ્ધિ કર, આત્માનો અનુભવ કર. હું જ્ઞાનમાત્ર ભાવપણે જ વર્તું છું- આવા નિર્ણયમાં જ્ઞાનસ્વભાવનો અનંત પુરૂષાર્થ છે.

**આત્માની સૂક્ષ્મ વાત :**

આત્માનું સ્વરૂપ સૂક્ષ્મ છે. એટલે સ્વરૂપની સમજણમાં ઘણી ઝીણી વાત આવે. આ ઝીણી વાત છે માટે આપણને નહિ સમજાય-એમ ન માની લેવું જોઈએ. આત્મા સૂક્ષ્મ છે તેથી આત્માની વાત પણ સૂક્ષ્મ જ હોય; અને સૂક્ષ્મમાં સૂક્ષ્મ વાતને સમજે તેવી તાકાત પણ આત્મામાં જ છે. ભાઈ ! તું સૂક્ષ્મ, તારી વાત પણ સૂક્ષ્મ અને તારૂં જ્ઞાન પણ સૂક્ષ્મને સમજવાના સ્વભાવ વાળું છે, માટે આત્માની રુચિ કરીને સમજ.

શરીરની ક્રિયાથી કે રાગથી ધર્મ થાય - એવા પ્રકારની જાડી - મિથ્યા વાત તો અનાદિથી પકડી છે પણ તેથી કલ્યાણ થયું નથી; માટે હવે કલ્યાણ કરવું હોય તો સૂક્ષ્મ એવા આત્માને સમજ્યે જ છૂટકો છે. જડ પદાર્થની વાત જાડી હોય પણ આત્માની વાત તો સૂક્ષ્મ જ હોય; કેમ કે આત્મામાં એક સૂક્ષ્મત્વ નામનો ગુણ અનાદિઅનંત છે. સૂક્ષ્મત્વ ગુણને લીધે આખો આત્મા સૂક્ષ્મ છે. દ્રવ્ય સૂક્ષ્મ, તેના ગુણો સૂક્ષ્મ અને તેની પર્યાયો પણ સૂક્ષ્મ. આવો આત્મા ઈન્દ્રિયગ્રાહ્ય થતો નથી, પણ અતીન્દ્રિય જ્ઞાનમાં તેને જાણવાનું સામર્થ્ય છે. જો આત્મા ઈન્દ્રિયગ્રાહ્ય થઈ જાય તો આત્માનો મહિમા રહે નહિ. જ્ઞાનને સૂક્ષ્મ એટલે કે ઈન્દ્રિયોથી પાર કરીને અંતર્મુખ કરે તો જ આત્મા જણાય છે - એવો જ આત્માના સ્વભાવનો મહિમા છે.

એક ઝીણું મોતી પરોવવું હોય તો ત્યાં પણ ધ્યાન આપવું (રાખવું) પડે છે; તે મોતી તો અનંત પરમાણુઓનો સ્થૂળ સ્કંધ છે; તો પછી અતીન્દ્રિય એવા આત્માને પકડવા માટે તેમાં બરાબર ધ્યાન પરોવવું પડે છે, એટલે કે ઉપયોગને અંતરમાં વાળવો જોઈએ.

આત્માની અનંત શક્તિઓ આત્માના જ્ઞાનમાત્ર ભાવમાં અંતઃપાતિની છે એટલે કે અભેદ આત્માનું લક્ષ કરતાં જ્ઞાનમાત્ર ભાવનું પરિણમન થયું તેમાં આ શક્તિઓ ઉછળે છે, પ્રગટે છે, વ્યક્ત થાય છે, પરિણમે છે પણ જ્ઞાનભાવની સાથે કાંઈ રાગ કે શરીર ઉછળતા નથી, તેમનો તો જ્ઞાનમાં અભાવ છે. ચૈતન્ય

:સ્વભાવમાં લક્ષ કરતાં જ્ઞાનમાત્ર ભાવનું જે પરિણમન થયું તેની સાથે અનંત શક્તિઓ ઉછળે છે-શુદ્ધતાપણે પરિણમે છે પણ તે જ્ઞાનના પરણિમનની સાથે કાંઈ રાગાદિ ભાવો નથી ઉછળતા, તેમનો તો અભાવ થતો જાય છે. 'રાગાદિ ભાવનો અભાવ થાય છે' તે પણ વ્યવહારથી છે; ખરેખર તો જ્ઞાનમાત્ર આત્મ સ્વભાવમાં રાગાદિ છે જ નહિ, તો પછી તેનો અભાવ થવાનું પણ ક્યાં રહ્યું? રાગ ટળ્યો એ વાત પર્યાયની અપેક્ષાએ છે. અહિં પર્યાય પર જોર નથી, સ્વભાવની અસ્તિ પર જોર છે.

# ૪ જીવના અસાધારણ ભાવો

સૂત્રઃ જીવના ઔપશમિક અને ક્ષાયિક ભાવ અને મિશ્ર તથા ઔદયિક અને પારિણામિક એ પાંચ ભાવો નિજ ભાવ છે. અર્થાત જીવ સિવાય બીજા કોઈમાં હોતા નથી.

૧. **ઔપશમિક :** આત્માના પુરૂષાર્થથી અશુદ્ધતાનું પ્રગટ ન થવું અર્થાત દબાઈ જવું તે; આત્માના આ ભાવને ઉપશમ ભાવ અથવા ઔપશમિક ભાવ કહે છે. આત્માના પુરૂષાર્થનું નિમિત્ત પામીને જડ કર્મનું પ્રગટરૂપ ફળ જડ કર્મમાં ન આવવું તે કર્મનો ઉપશમ છે. આ,જીવનો એક સમય પૂરતો પર્યાય છે, તે સમય સમય કરીને અંતર્મુહૂર્ત રહે છે પણ એક સમયે એક જ અવસ્થા હોય છે.

૨. **ક્ષાયિક ભાવ :** આત્માના પુરૂષાર્થથી કોઈ ગુણની શુદ્ધ અવસ્થા પ્રગટે તે ક્ષાયિક ભાવ છે. આત્માના પુરૂષાર્થનું નિમિત્ત પામીને કર્મ આવરણનો નાશ થવો તે કર્મનો ક્ષય છે. આ પણ જીવની એક સમય પૂરતી અવસ્થા છે. સમય સમય કરીને તે સાદી અનંત રહે છે. તો પણ એક સમયે એક અવસ્થા હોય છે. કેવળજ્ઞાન અવસ્થા ક્ષાયિક ભાવ છે.

૩. **ક્ષાયોપશમિક ભાવ અથવા મિશ્ર :** આત્માના પુરૂષાર્થનું નિમિત્ત પામીને કર્મનો સ્વયં અંશે ક્ષય અને સ્વયં અંશે ઉપશમ તે કર્મનો ક્ષયોપશમ છે અને ક્ષાયોપશમિક ભાવ તે આત્માનો પર્યાય છે. આ પણ આત્માની એક સમય પૂરતી અવસ્થા છે, તેની લાયકાત પ્રમાણેના ઉત્કૃષ્ટ કાળ સુધી પણ તે રહે છે પરંતુ સમયે સમયે બદલીને રહે છે. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ જ્ઞાન એ અવસ્થાઓ ક્ષાયોપશમિક ભાવ છે.

૪. **ઔદયિક ભાવ :** કર્મોદયના નિમિત્તે આત્મામાં જે વિકાર ભાવ આત્મા કરે છે તે ઔદયિક ભાવ છે. એક સમય પૂરતી અવસ્થા છે. કેવળજ્ઞાન પ્રગટ થયા પહેલાં જ્ઞાનના ઉઘાડનો જેટલો અભાવ છે તે ઔદયિક ભાવ છે.

૫. **પારિણામિક ભાવ :** 'પારિણામિક' એટલે સહજ સ્વભાવ. ઉત્પાદ-વ્યય વગરનો ધ્રુવ એકરૂપ કાયમ રહેનાર ભાવ તે આ છે. નિત્ય વર્તમાનરૂપ નિરપેક્ષપણું છે. આવી દ્રવ્યની પૂર્ણતા છે. જેનો નિરંતર સદ્‌ભાવ રહે તેને પારિણામિક ભાવ કહે છે.

**ભાવોના ભેદો :**

| | | |
|---|---|---|
| ૧. | ઔપશમિક ભાવ | ૨ |
| ૨. | ક્ષાયિક ભાવ | ૯ |
| ૩. | ક્ષાયોપમિક ભાવ | ૧૮ |
| ૪. | ઔદાયિક ભાવ | ૨૧ |
| ૫. | પારિણામિક ભાવ | ૩ |
| | કુલ | ૫૩ ભેદ છે. |

૧.ઔપશમિક ભાવના બે ભેદ છે.

૧. ઔપશમિક સમ્યક્ત્વ  ૨. ઔપશમિક ચારિત્ર

૨. ક્ષાયિક ભાવના નવ ભેદ આ પ્રમાણે છે.

| | |
|---|---|
| ૧. કેવળ જ્ઞાન | ૫. ક્ષાયિક દાન |
| ૨. કેવળ દર્શન | ૬. ક્ષાયિક લાભ |
| ૩. ક્ષાયિક સમ્યક્ત્વ | ૭. ક્ષાયિક ભોગ |
| ૪. ક્ષાયિક ચારિત્ર | ૮. ક્ષાયિક ઉપભોગ |

૯. ક્ષાયિક વીર્ય

આ નવ ક્ષાયિક ભાવને નવ લબ્ધિ પણ કહેવામાં આવે છે.

૩. ક્ષાયોપશમિકના અઢાર ભેદ આ પ્રમાણે છે.

| | |
|---|---|
| મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય એ ચાર જ્ઞાન | ૪ |
| કુમતિ, કુશ્રુત, કુઅવધિ એ ત્રણ અજ્ઞાન | ૩ |
| ચક્ષુ, અચક્ષુ, અવધિ એ ત્રણ દર્શન | ૩ |
| ક્ષાયોપશમિક દાન,લાભ,ભોગ,ઉપભોગ,વીર્ય એ પાંચ લબ્ધિ | ૫ |
| ક્ષાયોપશમિક સમ્યક્ત્વ, ચારિત્ર, સંયમાસંયમ એ ત્રણ | ૩ |
| કુલ | ૧૮ |

૪. ઔદયિક ભાવના એકવીસ ભેદ આ પ્રમાણે છે.

| | |
|---|---|
| તિર્યંચ, નરક, મનુષ્ય અને દેવ એ ચાર ગતિ | ૪ |
| ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાય | ૪ |
| સ્ત્રી વેદ, પુરૂષવેદ અને નપુંસક વેદ એ ત્રણ લિંગ | ૩ |
| મિથ્યાદર્શન, અજ્ઞાન, અસંયમ, અસિદ્ધત્વ | ૪ |
| કૃષ્ણ, નીલ, કાપોત, પીત, પદ્મ અને શુક્લ છ લેશ્યા | ૬ |
| કુલ | ૨૧ |

૫. પારિણામિક ભાવના ત્રણ ભેદ આ પ્રમાણે છે.

જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ એમ કુલ ત્રણ ભેદ.

**આ પાંચ ભાવ શું બતાવે છે ? :**

૧. જીવનો અનાદિ અનંત શુદ્ધ ચૈતન્ય સ્વભાવ છે એમ પારિણામિક ભાવ સાબિત કરે છે.

૨. જીવનો અનાદિ અનંત શુદ્ધ ચૈતન્ય સ્વભાવ હોવા છતાં તેની અવસ્થામાં વિકાર છે એમ ઔદયિક ભાવ સાબિત કરે છે.

૩. જડ કર્મની સાથે જીવને અનાદિનો સંબંધ છે અને જીવ તેને વશ થાય છે તેથી વિકાર થાય છે પણ કર્મના કારણે વિકાર ભાવ થતો નથી, એમ પણ ઔદયિક ભાવ સાબિત કરે છે.

૪. જીવ અનાદિથી વિકાર કરતો હોવા છતાં તે જડ થઈ જતો નથી અને તેના જ્ઞાન, દર્શન અને વીર્યનો અંશ ઉઘાડ તો સદા રહે છે એમ ક્ષાયોપશમિક ભાવ સાબિત કરે છે.

૫. આત્માનું સ્વરૂપ યથાર્થપણે સમજીને જ્યારે પોતાના પારિણામિક ભાવનો જીવ આશ્રય કરે છે ત્યારે ઔદયિક ભાવ ટળવાની શરૂઆત થાય છે અને પ્રથમ શ્રદ્ધા ગુણનો ઔદયિક ભાવ ટળે છે એમ ઔપશમિક ભાવ સાબિત કરે છે.

૬. સાચી સમજણ પછી જીવ જેમ જેમ સત્ય પુરૂષાર્થ વધારે છે તેમ તેમ મોહ અંશ ટળતો જાય છે એમ ક્ષાયોપશમિક ભાવ સાબિત કરે છે.

૭. જીવ જો પ્રતિહત ભાવે પુરૂષાર્થમાં આગળ વધે તો ચારિત્ર મોહ સ્વયં દબાઈ જાય છે (ઉપશમ પામે છે) એમ ઔપશમિક ભાવ સાબિત કરે છે.

૮. અપ્રતિહત પુરૂષાર્થ વડે પારિણામિક ભાવનો આશ્રય વધતાં વિકારનો નાશ થઈ શકે છે એમ ક્ષાયિક ભાવ સાબિત કરે છે.

૯. જો કે કર્મ સાથેનો સંબંધ પ્રવાહથી અનાદિનો છે તો પણ સમયે સમયે જુનાં કર્મ જાય છે અને નવા કર્મનો સંબંધ થતો રહે છે તે અપેક્ષાએ તેમાં શરૂઆતપણું રહેતું હોવાથી (સાદિ હોવાથી)તે કર્મ સાથેનો સંબંધ સર્વથા ટળી જાય છે એમ ક્ષાયિક ભાવ સાબિત કરે છે.

૧૦. કોઈ નિમિત્ત વિકાર કરાવતું નથી પણ જીવ પોતે નિમિત્તાધીન થઈને વિકાર કરે છે. જીવ જ્યારે પારિણામિક ભાવરૂપ પોતાના સ્વભાવ તરફનું લક્ષ કરીને સ્વાધીનપણું પ્રગટ કરે છે ત્યારે નિમિત્તાધીનપણું ટળી શુદ્ધતા પ્રગટે છે - એમ ઔપશમિક ભાવ, સાધકદશાનો ક્ષાયોપશમિક ભાવ અને ક્ષાયિક ભાવ એ ત્રણે સાબિત કરે છે.

# ૫ જિજ્ઞાસુએ ધર્મ કેવી રીતે કરવો ?

૧. જિજ્ઞાસુ કોને કહેવાય ?

જગતના જીવોને સુખ જોઈએ છે, સુખ કહો કે ધર્મ કહો. ધર્મ કરવો છે એટલે આત્મશાંતિ જોઈએ છે, સારૂં કરવું છે. સારૂં ક્યાં કરવું છે? આત્માની અવસ્થામાં દુઃખનો નાશ કરીને વીતરાગી આનંદ પ્રગટ કરવો છે. એ આનંદ એવો જોઈએ કે જે સ્વાધીન હોય, જેના માટે પરનું અવલંબન ન હોય, આવો આનંદ પ્રગટાવવાની જેને યથાર્થ ભાવના હોય તે જિજ્ઞાસુ કહેવાય.

૨. જે જીવ જિજ્ઞાસુ થઈ સ્વભાવ સમજવા માંગે છે તે સુખ લેવા અને દુઃખ ટાળવા માંગે છે. સુખ પોતાનો સ્વભાવ છે અને વર્તમાનમાં જે દુઃખ છે તે ક્ષણિક છે તેથી ટળી શકે છે. વર્તમાન દુઃખ અવસ્થા ટાળીને સુખરૂપ અવસ્થા પોતે પ્રગટ કરી શકે છે; આટલું તો જે સત્ સમજવા માંગે છે, તેણે સ્વીકારી લીધું જ છે.

૩. પ્રથમ શ્રુતજ્ઞાનના અવલંબનથી જ્ઞાન સ્વભાવી આત્માનો નિશ્ચય કરીને, પછી આત્માની પ્રગટ પ્રસિદ્ધિને માટે, પર પદાર્થની પ્રસિદ્ધિના કારણો જે ઈન્દ્રિયો દ્વારા અને મન દ્વારા પ્રવર્તતી બુદ્ધિઓ તેમને મર્યાદામાં લાવીને જેણે મતિજ્ઞાન-તત્ત્વ ને આત્મસન્મુખ કર્યું છે એવો, તથા નાના પ્રકારના પક્ષોના અવલંબનથી થતા અનેક વિકલ્પો વડે આકુળતા ઉત્પન્ન કરનારી શ્રુતજ્ઞાનની બુદ્ધિઓને પણ મર્યાદામાં લાવી શ્રુતજ્ઞાન-તત્ત્વને પણ આત્મ સન્મુખ કરતો, અત્યંત વિકલ્પ રહિત થઈને તત્કાળ પરમાત્મારૂપ આત્માને જ્યારે આત્મા અનુભવે છે તે વખતે જ આત્મા સમ્યક્પણે દેખાય છે (અર્થાત શ્રદ્ધાય છે) અને જણાય છે, તે જ સમ્યગ્દર્શન અને જ્ઞાન છે.

૪. શ્રુતજ્ઞાન કોને કહેવું ?

"પ્રથમ શ્રુતજ્ઞાનના અવલંબનથી જ્ઞાન સ્વભાવી આત્માનો નિર્ણય કરવો."

સર્વજ્ઞ ભગવાને કહેલું શ્રુતજ્ઞાન અસ્તિ- નાસ્તિ દ્વારા વસ્તુસ્વરૂપને સિદ્ધ કરે છે. અનેકાન્ત સ્વરૂપ વસ્તુને 'સ્વપણે છે અને પરપણે નથી' એમ જે વસ્તુને સ્વતંત્ર સિદ્ધ કરે છે તે શ્રુતજ્ઞાન છે. આત્મા સર્વ પર દ્રવ્યોથી જુદી વસ્તુ છે એમ પ્રથમ શ્રુતજ્ઞાનથી નક્કી કરવું જોઈએ.

૫. પોતાનો પૂર્ણાનંદ પ્રગટાવવાની ભાવનાવાળો જિજ્ઞાસુ પહેલાં એ જુએ કે એવો પૂર્ણાનંદ કોને પ્રગટ્યો છે?

પોતાની અવસ્થામાં અધર્મ-અશાંતિ છે તે ટાળીને ધર્મ-શાંતિ પ્રગટાવવી છે. તે શાંતિ પોતાને આધારે અને પરિપૂર્ણ જોઈએ છે. આવી જેને જિજ્ઞાસા થાય તે પ્રથમ એ નક્કી કરે છે કે હું એક આત્મા મારું પરિપૂર્ણ સુખ પ્રગટાવવા માંગુ છું, તો તેવું પરિપૂર્ણ સુખ કોઈને પ્રગટ્યું હોવું જોઈએ; જો પરિપૂર્ણ અને સ્વાધીન સુખ આનંદ જેને પ્રગટ્યો હોય તે જ સંપૂર્ણ સુખી છે; તેવા સર્વજ્ઞ છે. આ રીતે જિજ્ઞાસુ પોતાના જ્ઞાનમાં સર્વજ્ઞનો નિર્ણય કરે છે. એવા સર્વજ્ઞ ભગવાન છે તેમનો અને તેઓ શું કહે છે તેનો જિજ્ઞાસુએ નિર્ણય કરવો જોઈએ.

૬. પર દ્રવ્ય પ્રત્યેની સુખબુદ્ધિ અને રૂચિ ટાળી તે પાત્રતા, અને સ્વભાવની રૂચિ અને ઓળખાણ થવી તે પાત્રતાનું ફળ છે.

૭. પોતાના જ્ઞાનમાં રૂચિ અને પુરૂષાર્થથી આત્મકલ્યાણ થાય છે. પોતાનું કલ્યાણ કરવા માટે, જેઓને પૂર્ણ કલ્યાણ પ્રગટ્યું છે તે કોણ છે, તેઓ શું કહે છે, તેઓએ પ્રથમ શું કર્યું હતું-એનો પોતાના જ્ઞાનમાં નિર્ણય કરવો પડશે. એટલે કે સર્વજ્ઞનું સ્વરૂપ જાણીને તેમણે કહેલાં શ્રુતજ્ઞાનના અવલંબનથી પોતાના જ્ઞાન સ્વભાવ આત્માનો નિર્ણય કરવો પડશે,એ જ પ્રથમ કર્તવ્ય છે. કોઈ પરના અવલંબનથી ધર્મ પ્રગટ થતો નથી. છતાં જ્યારે પોતે પોતાના પુરૂષાર્થથી સમજે છે ત્યારે સામે નિમિત્ત તરીકે સત્ દેવ-ગુરૂ જ હોય છે. અને પોતે સમજે ત્યારે સાચા દેવ-ગુરૂ-શાસ્ત્રો જ નિમિત્તમાત્ર હોય છે. આત્માના નિર્ણયમાં સત્ નિમિત્તો જ હોય છે, પરંતુ કુદેવ-કુગુરૂ-કુશાસ્ત્ર એ કોઈ આત્માના નિર્ણયમાં નિમિત્તરૂપ થાય જ નહિ. જે કુદેવાદિને માને તેને આત્મનિર્ણય હોય જ નહિ.

'પ્રથમ શ્રુતજ્ઞાનના અવલંબન વડે આત્માનો નિર્ણય કરવો' આમાં ઉપાદાન- નિમિત્તની સંધિ રહેલી છે. જ્ઞાની કોણ છે; સત્ વાત કોણ કહે છે, - એ બધું નક્કી કરવા માટે નિવૃત્તિ લેવી જોઈએ. શ્રુતનું અવલંબન લેવાનું કહ્યું ત્યાં જ તીવ્ર અશુભ ભાવોનો ત્યાગ આવી ગયો, અને સાચા નિમિત્તોની ઓળખાણ કરવાનું પણ આવી ગયું.

૮. દુઃખનું મૂળ ભૂલ છે. જેણે પોતાની ભૂલથી દુઃખ ઉત્પન્ન કર્યું છે તે પોતાની ભૂલ ટાળે તો તેનું દુઃખ ટળે. બીજા કોઈએ ભૂલ કરાવી નથી તેથી બીજો કોઈ પોતાનું દુઃખ ટાળવા સમર્થ નથી. દુઃખના મુખ્ય ત્રણ કારણ છે

(૧) અજ્ઞાનતા (૨) મિથ્યાત્વ (૩) અસંયમ
આ ત્રણે આત્માની અવસ્થાના પરિણામ છે.

૯. તારે સુખ જોઈએ છે ને? જો તારે સુખ જોઈતું હોય તો તું પહેલાં સુખ ક્યાં છે અને તે કેમ પ્રગટ થાય તેનો નિર્ણય કર, જ્ઞાન કર. સુખ ક્યાં છે અને કેમ પ્રગટે છે તેના જ્ઞાન વગર સુકાઈ જાય તો પણ સુખ ન મળે - ધર્મ ન થાય. સર્વજ્ઞ ભગવાનના કહેલાં શ્રુતજ્ઞાનના અવલંબન વડે એ નિર્ણય થાય છે અને તે નિર્ણય કરવો એ જ પ્રથમ ધર્મ છે.

૧૦. જેને ધર્મ કરવો હોય તે ધર્મી ને તેઓ શું કહે છે તેનો નિર્ણય કરવા માટે સત્સમાગમ કરે. સત્સમાગમે જેને શ્રુતજ્ઞાનનું અવલંબન થયું કે અહો ! પરિપૂર્ણ આત્મવસ્તુ, આ જ ઉત્કૃષ્ટ મહિમાવંત છે, એવું પરમ સ્વરૂપ મેં અનંતકાળમાં સાંભળ્યું નથી - આમ થતાં તેની સ્વરૂપની રૂચિ જાગે અને સત્સમાગમ નો રંગ લાગે, એટલે તેને કુદેવાદિ કે સંસાર પ્રત્યેની રૂચિ હોય જ નહિ. જો વસ્તુને ઓળખે તો પ્રેમ જાગે અને તે તરફ નો પુરૂષાર્થ વળે. આત્મ સ્વભાવની વાત સાંભળતાં જિજ્ઞાસુ જીવોને સ્વભાવનો મહિમા આવે જ.

આમ સ્વરૂપની ઝંખના લાગે, રસ આવે, મહિમા જાગે અને એ મહિમાને યથાર્થપણે ઘૂંટતા સ્વરૂપનો નિર્ણય કરે.

આ રીતે જેને ધર્મ કરીને સુખી થવું હોય તેણે પ્રથમ શ્રુતજ્ઞાનનું અવલંબન લઈને આત્માનો નિર્ણય કરવો.

ભગવાનની શ્રુતજ્ઞાનરૂપી દોરીને દઢપણે પકડીને તેના અવલંબનથી સ્વરૂપમાં પહોંચી જવાય છે. શ્રુતજ્ઞાનનું અવલંબન એટલે સાચા શ્રુતજ્ઞાનનો જ રસ છે, સંસારની વાતોનો તીવ્ર રસ ટળી ગયો છે. આ રીતે શ્રુતજ્ઞાનના અવલંબન વડે જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરવા જે તૈયાર થયો છે તેને અલ્પકાળમાં આત્મજ્ઞાન થશે. 'પૂર્ણતાને લક્ષે શરૂઆત તે જ વાસ્તવિક શરૂઆત છે'. પૂર્ણતાને લક્ષે ઉપડેલી શરૂઆત પાછી ન ફરે; પૂર્ણતાને લક્ષે પૂર્ણતા જ થાય.

૧૧. શ્રુતજ્ઞાનના અવલંબનનું ફળ-આત્મ અનુભવ.

'હું આત્મા તો જ્ઞાયક છું, પુણ્ય-પાપની વૃત્તિઓ મારૂં જ્ઞેય છે, તે મારા જ્ઞાનથી જુદી છે.' આમ પહેલાં વિકલ્પ દ્વારા દેવ-ગુરૂ-શાસ્ત્રના અવલંબને યથાર્થ નિર્ણય કરવો. જેણે સ્વભાવના લક્ષે શ્રુતનું અવલંબન લીધું છે તે અલ્પકાળમાં આત્મઅનુભવ કરશે જ.

પ્રથમ વિકલ્પમાં એમ નક્કી કર્યું કે પરથી તો હું જુદો, પુણ્ય-પાપ પણ મારૂં સ્વરૂપ નહિ, મારા શુદ્ધ સ્વભાવ સિવાય દેવ-ગુરૂ-શાસ્ત્રનું પણ અવલંબન પરમાર્થે નહિ, હું તો સ્વાધીન જ્ઞાનસ્વભાવી છું; આમ જેણે નિર્ણય કર્યો તેને અનુભવ થયા વગર રહેશે જ નહિ.

૧૨. પુણ્ય-પાપ મારૂં સ્વરૂપ નથી, હું જ્ઞાયક છું-આવી જેણે નિર્ણય દ્વારા હા પાડી તેનું પરિણમન પુણ્ય-પાપ તરફથી પાછું ખસીને જ્ઞાયક સ્વભાવ તરફ ઢળ્યું એટલે તેને પુણ્ય-પાપનો આદર ન રહ્યો તેથી તે અલ્પકાળમાં પુણ્ય-પાપ રહિત સ્વભાવનો નિર્ણય કરીને અને તેની સ્થિરતા કરીને વીતરાગ થઈ પૂર્ણ થઈ જશે. પૂર્ણની જ વાત છે - શરૂઆત અને પૂર્ણતા વચ્ચે આંતરો પાડ્યો જ નથી, કેમ કે શરૂઆત થઈ છે તે પૂર્ણતાને લક્ષમાં લઈને જ થઈ છે. સત્ય સંભળાવનાર અને સાંભળનાર બંનેની પૂર્ણતા જ છે; જેઓ પૂર્ણ સ્વભાવની વાત કરે છે તે દેવ-ગુરૂ-શાસ્ત્ર એ ત્રણે તો પવિત્ર જ છે, તેના અવલંબને જેણે હા પાડી તે પણ પૂર્ણ પવિત્ર થયા વગર રહે જ નહિ.

પૂર્ણની હા પાડીને આવ્યો છે તે પૂર્ણ થશે જ... તારે ધર્મ કરવો છે ને ! તો તું તને ઓળખ.પહેલામાં પહેલો સાચો નિર્ણય કરવાની વાત છે. તું જ્ઞાન કરનાર જ્ઞાનસ્વભાવી છો. પરને ગ્રહનાર કે છોડનાર તું નથી, જાણનાર જ તું છો. આવો નિર્ણય જ ધર્મની પહેલી શરૂઆતનો - સમ્યગ્દર્શનનો ઉપાય છે.

આત્માની પ્રગટ પ્રસિદ્ધિ માટે ઈન્દ્રિય અને મનથી જે પર લક્ષ જાય છે તેને ફેરવીને તે મતિજ્ઞાનને સ્વમાં એકાગ્રતા કરતાં આત્માનું લક્ષ થાય છે એટલે કે આત્માની પ્રગટપણે પ્રસિદ્ધિ થાય છે; આત્માનો પ્રગટરૂપ અનુભવ થવો તે જ સમ્યગ્દર્શન છે અને સમ્યગ્દર્શન એ જ ધર્મ છે.

**તત્ત્વ નિર્ણયનો અવસર :**

૧. હે જીવ ! તારે જો તારું ભલું કરવું છે તો તું સર્વજ્ઞનો અને તેના કહેલાં તત્ત્વનો નિર્ણય કર ! કેમ કે તત્ત્વ નિર્ણય તે જ સર્વ સુખનું મૂળ કારણ છે.

૨. તારી બુદ્ધિ બીજી અત્યંત નકામી વાતોનો નિર્ણય કરવામાં તો પ્રવર્તે છે અને આત્મહિતના મૂળ આધાર અર્હતદેવ તથા તેમણે કહેલાં તત્ત્વો તેના નિર્ણયમાં તારી બુદ્ધિ પ્રવર્તતી નથી. એ મોટું આશ્ચર્ય છે.

૩. આત્મહિતને માટે તત્ત્વ નિર્ણય કરવા જેટલું (મતિ, શ્રુત) જ્ઞાન તો તને પ્રાપ્ત થયું છે, માટે હે જીવ ! તું આ અવસરને વૃથા ન ગુમાવ.

૪. પ્રમાદ, માન, મિથ્યા માન્યતા વગેરે છોડીને ઉદ્યમપૂર્વક તારા આત્માને તત્ત્વ નિર્ણયમાં લગાવ.

૫. તું કોણ છો? આત્માનું સ્વરૂપ શું છે? હેય-ઉપાદેય તત્ત્વો કયા? પદ શું છે અપદ શું છે? સર્વજ્ઞનું સ્વરૂપ શું? સાચા દેવ-ગુરૂ-શાસ્ત્રનું સ્વરૂપ શું? ઈત્યાદિ તત્ત્વોનો યથાર્થ નિર્ણય તે સર્વ મનોરથની સિદ્ધિનો ઉપાય છે. અને તેનો આ અવસર છે. માટે જે પ્રકારે તેની સિદ્ધિ થાય તે પ્રથમ કર, એવી શ્રી ગુરૂની શિક્ષા છે.

૬. હે જીવ ! તું મૂંઝા મા ! તારી ચૈતન્ય શક્તિ એવી ને એવી છે તેને તું દેખ. પર દ્રવ્યથી ભિન્ન તારું સ્વરૂપ (સ્વ તત્ત્વ) જ્ઞાનાનંદથી ભરપૂર છે-તેને તું દેખ. અંતરમાં તારા સ્વ તત્ત્વનું અવલોકન કરતાં તારી મૂંઝવણ મટી જશે અને તારો આત્મા પ્રસન્ન થશે.

૭. આમ સ્વ દ્રવ્ય દેખાડીને જ્ઞાની મૂંઝવણ મટાડે છે. નિશ્ચયથી જેવો સર્વજ્ઞનો સ્વભાવ છે તેવો જ આ આત્માનો સ્વભાવ છે. તેથી સર્વજ્ઞને ઓળખતાં આ આત્મા ઓળખાય છે.

૮. સર્વજ્ઞનો યથાર્થ નિર્ણય કરતાં આત્મસ્વભાવની સન્મુખતા થઈને મોહનો ક્ષય થઈ જાય છે. સર્વજ્ઞનો નિર્ણય કરનાર જીવ સર્વજ્ઞનો નંદન થઈ ને સર્વજ્ઞના પંથે ચાલ્યો જાય છે.

૯. જેમ પ્રાણ વગર જીવન હોતું નથી, તેમ સર્વજ્ઞના નિર્ણય વગર ધર્મ હોતો નથી. ધર્મનું મૂળ સર્વજ્ઞ છે.

૧૦. હે જીવ ! ચાર ગતિના દુઃખોથી છૂટવાનો અને પરમ આનંદરૂપ સિદ્ધપદની પ્રાપ્તિનો આ અવસર છે. માટે તારા ઉપયોગને અંતરમાં મૂકીને ચૈતન્યને નિહાળ રે નિહાળ ! અત્યારે જ અંતર્મુખ થા !

**જ્ઞાન સ્વભાવ ચૈતન્ય ભગવાન આત્મા :**

૧. વિશ્વ એટલે સમસ્ત પદાર્થો-લોકાલોક. અને જ્ઞાન સ્વભાવ ભગવાન આત્મા વિશ્વ ઉપર તરતો છે એટલે જ્ઞાયક પર જ્ઞેયને જાણે છતાં પર જ્ઞેયરૂપ થતો નથી. રાગ, શરીર, વાણી આદિ પર દ્રવ્યોને જ્ઞાયક જાણે છે છતાં તે પર દ્રવ્યરૂપ થતો નથી. પુણ્ય-પાપના ભાવો રાગ છે, અચેતન છે. તેમાં જ્ઞાન સ્વભાવનો અંશ પણ નથી. જ્ઞાન સ્વભાવ ચૈતન્ય ભગવાન છે.અનંત તેનો મહિમા છે. સર્વોત્કૃષ્ટ પદાર્થ છે.

૨. સમસ્ત પદાર્થોને-લોકાલોકને જાણે છતાં પણ તે-રૂપ નહિ થતો એવો ભિન્ન રહે છે અહાહા ...! આવો જ્ઞાન સ્વભાવ છે. ભાવશક્તિને કારણે જ્ઞાનગુણનું વિકાર રહિત જે નિર્મળ પરિણમન થાય છે તેમાં સમસ્ત વિશ્વ જાણવામાં આવે છે છતાં જ્ઞાનની પર્યાય વિશ્વરૂપ થતી નથી. કેવળજ્ઞાનની પર્યાય આખા લોકાલોકને જાણે છે. લોકાલોક છે માટે તે પર્યાય જાણે છે એમ નથી. પરંતુ પોતાની પર્યાયની એવી જ શક્તિ અને સામર્થ્ય છે. લોકાલોકને જાણે છતાં જ્ઞાનની પર્યાય જ્ઞેયરૂપ થઈ નથી અને જ્ઞેય છે તે જ્ઞાનની પર્યાયરૂપ થયું નથી. આવો જ વસ્તુનો સહજ સ્વભાવ છે. એના મહિમાની શી વાત !

૩. શ્રુતજ્ઞાનની પર્યાય પણ તેવી રીતે વિશ્વને જાણે છે, છતાં તે પર્યાય વિશ્વથી ભિન્ન રહે છે. શ્રુતજ્ઞાનની પર્યાય ભલે પરોક્ષપણે જાણે, પણ જાણવામાં કોઈ ચીજ બાકી ન રહે. કેવળજ્ઞાન અને શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષ-પરોક્ષનો ફેર છે, બીજો કોઈ ફેર નથી. બીજી રીતે કહીએ તો જે રાગની મંદતા છે તેને જ્ઞાન જાણે છે, છતાં જ્ઞાનનું પરિણમન રાગથી ભિન્ન રહે છે એટલે કે તે વિશ્વ ઉપર તરે છે.

૪. વળી તે જ્ઞાન સ્વભાવ પ્રત્યક્ષ ઉદ્યોતપણાથી સદાય અંતરંગમાં પ્રકાશમાન છે એટલે કે પર, મન કે રાગની સહાય વિના પોતાના અનુભવમાં તે પ્રત્યક્ષ થાય છે. અંતરંગમાં પ્રકાશમાન વસ્તુ ત્રિકાળ છે. તેથી એવો અનુભવ પર્યાયમાં થતાં તે પર્યાય પણ સદા પ્રકાશમાન રહે છે. શક્તિમાંથી વ્યક્તિ પ્રકાશમાનરૂપ જ હોય છે. જ્ઞાનસ્વભાવ પોતાથી પ્રાપ્ત થાય છે, રાગની મંદતાથી નહિ. આને એકાંત કહો તો એકાંત જ છે. સમ્યક્ એકાંત છે. સમ્યક્ એકાંત વિના અનેકાંત નું જ્ઞાન પણ યથાર્થ થતું નથી. સમ્યક્ એકાંતમાં આવ્યા વિના પર્યાય, રાગ કે નિમિત્તનું અનેકાંતપણું જ્ઞાન યથાર્થ થતું નથી. શ્રીમદ્ રાજચંદ્રે પણ કહ્યું છે કે- **'અનેકાંત પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ સિવાય અન્ય હેતુએ ઉપકારી નથી.'** ભાઈ ! આ કરવું સરળ છે કારણકે (પોતે) જે વસ્તુ છે તેને પ્રાપ્ત કરવી છે. રાગ પોતામાં નથી તેથી તે પ્રાપ્ત કરવો સુલભ નથી.

૫. આ જ્ઞાન સ્વભાવને જેણે જાણ્યો, અનુભવ્યો તેને તે કેવો જણાય છે? કે તે અવિનશ્વર છે. નાશ ન થાય એવો ત્રિકાળ શાશ્વત જ્ઞાન સ્વભાવ છે. તે સ્વતઃ સિદ્ધ છે, એટલે તેનો કોઈ કર્તા નથી. વળી તે પરમાર્થરૂપ છે. જેણે આવા આત્માને અનુભવમાં લીધો તેને તે આવો છે.

૬. પ્રભુ ! તું આવો જ છે. તારી જાત જ આવી છે. સહજ વસ્તુ આવી છે. જ્ઞાન સ્વભાવ સમસ્ત વિશ્વને જાણવામાં સમર્થ હોવા છતાં તેનાથી ભિન્ન રહે છે.

આવો અવિનશ્વર, સ્વતઃસિદ્ધ, પરમાર્થરૂપ, પરિપૂર્ણ ભગવાન જ્ઞાન સ્વભાવ છે. રાગથી ભિન્ન પડી તેનું ભાન થતાં, તેનો અનુભવ થતાં તે આવો છે એમ ખ્યાલમાં આવે છે. તેનું નામ જિનપણું તથા સમ્યગ્દર્શનાદિ ધર્મ છે.

૭. અહો ! અજૈનમાંથી જૈન થવાની આ અલૌકિક વાત છે, વિધિ છે. પર્યાયમાં રાગથી ભિન્ન પડીને ભગવાન જ્ઞાન સ્વભાવ અનુભવમાં આવ્યો ત્યારે જાણવામાં આવ્યું કે પોતે પરથી ભિન્ન થઈને ભગવાન પરિપૂર્ણ જ્ઞાન સ્વભાવી વસ્તુમાં અંતર એકાગ્ર થવું એ એક નિશ્ચય સ્તુતિ છે. એ કેવળીના ગુણની સ્તુતિ અને આત્માના ગુણની સ્તુતિ છે.

૮. શરીર પરિણામને પ્રાપ્ત દ્રવ્યેન્દ્રિય, ખંડ ખંડ જ્ઞાન રૂપ ભાવેન્દ્રિય અને ઈન્દ્રિયના વિષયભૂત પદાર્થો-કુટુંબ, પરિવાર, દેવ-શાસ્ત્ર-ગુરૂ ઈત્યાદિ બધાય પર જ્ઞેય છે, અને જ્ઞાયક સ્વયં ભગવાન આત્મા સ્વ જ્ઞેય છે. વિષયોની આસક્તિથી તે બંનેનો એક જેવો અનુભવ થતો હતો. નિમિત્તની રૂચિથી જ્ઞેય-જ્ઞાયકનો એક જેવો અનુભવ થતો હતો. પણ જ્યારે ભેદજ્ઞાન વડે ભિન્નતાનુ જ્ઞાન થયું ત્યારે જ્ઞેય-જ્ઞાયક સંકર દોષ દૂર થયો. ત્યારે 'હું તો એક ચૈતન્ય સ્વભાવી અખંડ જ્ઞાયક છું, અસંગ છું, જ્ઞેયની સાથે મારે કોઈ સંબંધ નથી.' આવું અંદરમાં (સ્વસંવેદન) જ્ઞાન થયું. આ જ અનુભવ છે, સ્વાનુભૂતિ છે, સમ્યગ્દર્શન છે, આત્મજ્ઞાન છે. બધું એક જ છે.

૯. જે ઈન્દ્રિયોને જીતીને જ્ઞાન સ્વભાવ વડે અન્ય દ્રવ્યથી અધીક આત્માને જાણે છે, જે નિશ્ચયનયમાં સ્થિત સાધુઓ છે તે ખરેખર જિતેન્દ્રિય છે. મોહની સેનાને તેમણે ખરેખર જીતી છે.

# ૬ જીવનું કર્તવ્ય

**જીવનું કર્તવ્ય :**

૧. જીવે તત્ત્વાદિકનો નિશ્ચય કરવાનો ઉદ્યમ કરવો, તેનાથી ઔપશમિકાદિ સમ્યક્ત્વ સ્વયં થાય છે.

૨. દ્રવ્યકર્મના ઉપશમાદિક તે તો પુદ્‌ગલની શક્તિ (પર્યાય) છે; જીવ તેનો હર્તા કર્તા નથી.

૩. પુરૂષાર્થપૂર્વક ઉદ્યમ કરવાનું કામ જીવનું છે; જીવે પોતે તત્ત્વ નિર્ણય કરવામાં ઉપયોગ લગાવવો જોઈએ.

૪. એ પુરૂષાર્થથી મોક્ષના ઉપાયની સિદ્ધિ આપોઆપ થાય છે.

૫. જીવ પુરૂષાર્થ વડે જ્યારે તત્ત્વ નિર્ણય કરવામાં ઉપયોગ લગાવવાનો અભ્યાસ રાખે છે ત્યારે તેને વિશુદ્ધતા વધે છે, કર્મોનો રસ સ્વયં હીન થાય છે અને કેટલાક કાળે જ્યારે પોતાના પુરૂષાર્થ વડે જીવમાં પ્રથમ ઔપશમિક ભાવે પ્રતીતિ પ્રગટે છે ત્યારે દર્શન મોહનો આપોઆપ ઉપશમ થાય છે.

૬. જીવનું કર્તવ્ય તો તત્ત્વના નિર્ણયનો અભ્યાસ છે.

૭. જીવ જ્યારે તત્ત્વ નિર્ણયમાં ઉપયોગ લગાવે ત્યારે દર્શન મોહનો ઉપશમ સ્વયં જ થાય છે, કર્મના ઉપશમમાં જીવનું કાંઈ જ કર્તવ્ય નથી.

૮. જિનમતમાં તો એવી પરિપાટી છે કે પહેલાં સમ્યક્ત્વ હોય પછી વ્રત હોય; હવે સમ્યક્ત્વ તો સ્વ-પરનું શ્રદ્ધાન થતાં થાય છે, માટે યથાર્થ શ્રદ્ધાન કરી સમ્યગ્દષ્ટિ થવું.

૯. પહેલાં ગુણસ્થાને જિજ્ઞાસુ જીવોને જ્ઞાની પુરૂષના ધર્મોપદેશનું શ્રવણ, નિરંતર તેમનો સમાગમ, સત્ શાસ્ત્રનો અભ્યાસ, વાંચન-મનન, દેવદર્શન, પૂજા, ભક્તિ, દાન વગેરે શુભ ભાવો હોય છે પરંતુ પહેલા ગુણસ્થાને સાચા વ્રત, તપ, સામાયિક, પ્રતિકમણ, પ્રત્યાખ્યાન વગેરે ક્રિયાઓ હોય નહિ કારણકે તે ક્રિયાઓ પ્રથમ પાંચમા ગુણસ્થાને શુભ ભાવરૂપે હોય છે.

૧૦. શુભ ભાવ જ્ઞાની અને અજ્ઞાની બંનેને થાય છે, પણ અજ્ઞાની જીવ માને છે કે- તેનાથી ધર્મ (આત્માનું કલ્યાણ) થશે, પણ જ્ઞાનીઓને તે હેય બુદ્ધિએ હોવાથી, તેનાથી ધર્મ થશે એમ તેઓ કદી માનતા નથી.

**વિશેષ માર્ગદર્શન :**

૧. ઉપદેશ બોધ અનુસાર જીવ પ્રાયઃ કર્તવ્ય અને અકર્તવ્યને સમજી વિચારી પ્રવર્તે છે. ત્યાં સ્વરૂપ લક્ષપૂર્વક પ્રવર્તવું યોગ્ય છે.

૨. સ્વરૂપ લક્ષ સ્વરૂપ ભાવભાસનથી ઉત્પન્ન હોય છે.

૩. મુમુક્ષુ જીવે સૌ પ્રથમ સ્વરૂપ નિર્ણયની દિશામાં જ પ્રયત્ન કરવા યોગ્ય છે.

૪. ત્રિકાળી સ્વભાવના લક્ષે પુરૂષાર્થ સહજ જ ઉત્પન્ન થતાં, ઉગ્ર થતાં ત્રિકાળી સ્વભાવનો આશ્રય સહજ થાય છે.

૫. અંતર જ્ઞાન અભ્યાસમાં 'જ્ઞાન તે જ હું છું ' એમ 'જ્ઞાન રસ'ને પ્રત્યક્ષ વેદતાં - સ્વાનુભવ ઊપજે છે.

૬. ' પર્યાય માત્ર હું નથી, હું તો ધ્રુવ પરમસ્વભાવ છું ' એમ અંતર્તત્ત્વ ઉપર જોર જતાં તે પર્યાય સ્વતઃ અંતર્મુખ વળી જાય છે.

૭. પોતાના સ્વરૂપને પામવાનો ઉપાય પોતાનો ઉપયોગ છે. આત્મા ઉપયોગ સ્વભાવી છે. તે વર્તમાન ઉપયોગથી સ્વભાવમાં આવતાં શુદ્ધ થાય છે. ઉપયોગ ની જેમ જેમ શુદ્ધિ વિશેષ થાય તેમ તેમ મોક્ષમાર્ગમાં વૃદ્ધિ થઈ ઉપર ચઢે છે.

૮. અંતર્મુખ થવું તે કળા છે. અને તે માત્ર નિજ અવલોકન દ્વારા જ સધાય છે. જ્ઞાન પોતામાં સ્વભાવના આધારે નિર્ણય કરે, ત્યારે અંતરની દિશા સૂઝ આવે છે.

૯. અંતરંગમાં અનુભવ દષ્ટિની સૂક્ષ્મતાપૂર્વક ' સ્વપણું ' થાય સ્વરસ ભાસે ત્યાં સ્વભાવ આવિર્ભૂત થાય - પ્રગટ થાય.

૧૦. મુમુક્ષુ જીવે વૈરાગ્યપૂર્વક, આત્મારુચિ સહિત ઉપયાગને (બોજાથી) નિવૃત્ત કરી, સ્વલક્ષે-સ્વતત્ત્વનું ચિંતન આદિ કરવા યોગ્ય છે કે જેથી અપૂર્વના પ્રગટે.

૧૧. રાગ અને જ્ઞાન વચ્ચે ભેદ જાણી ભેદ જ્ઞાન કરવું તે સૂક્ષ્મ જ છે તો પણ જે ભવ્ય આત્મા છૂટવાનો કામી છે તે નિજ અવલોકનનો સતત અભ્યાસ કરે છે. અને તેથી જ જ્ઞાનમાં પોતાનું સ્વકાર્ય કરવાની તીવ્ર રુચિ હોવાથી સૂક્ષ્મતા આવે છે. ત્યારે ભેદ જ્ઞાન થવાની ક્ષમતા આવે છે.

૧૨. ' આ હું પ્રત્યક્ષ આવો સિદ્ધ સ્વરૂપી છું ' તેવા ભાસનથી આત્મવીર્યની સ્ફુરણા થઈ આવે છે અને આત્મ-આશ્રયનું બળ વધતું જાય છે. તેમ તેમ જ્ઞાન સ્વરૂપને સ્પષ્ટપણે ગ્રહણ કરે છે.

**જીવનનું ખરું કર્તવ્ય શું છે ? :**

૧. મુક્તિનો એક જ માર્ગ છે. તે એક જ માર્ગે ચાલવાનું છે. ગુરૂદેવે એક માર્ગ બતાવ્યો છે. બધું કરી કરીને આત્માનું કરવાનું છે.

૨. તત્ત્વનું ચિંતન કરે છે. શાસ્ત્રાભ્યાસ કરે, દેવ-શાસ્ત્ર-ગુરૂની મહિમા કરે તે બધામાં એક આત્માનું જ ધ્યેય રાખવાનું છે. આત્માને ઓળખવો તે જ કરવાનું છે. આત્માનો સ્વભાવ કેવી રીતે પ્રગટ થાય? તેનો મૂળ સ્વભાવ જ જ્ઞાન-દર્શન-ચારિત્ર આદિ અનંતગુણોથી ભરેલો છે તે શુદ્ધરૂપે કેવી રીતે પરિણમે? જે અનાદિથી વિભાવ પર્યાય થઈ રહી છે તે પલટીને સ્વભાવ પર્યાય કેવી રીતે થાય? શુદ્ધ આત્મા શુદ્ધતારૂપે કેવી રીતે પરિણમે? આ પ્રયત્ન કરવાનો છે.

૩. વિભાવ તરફ દૃષ્ટિ કરવાથી વિભાવ પર્યાય થઈ રહી છે તે છૂટીને શુદ્ધરૂપે પરિણમન થાય તે તેના સમ્યક્ સ્વભાવની પ્રગટતા છે તે સ્વભાવ તેનું ઘર છે, રહેવાનું મૂળ સ્થાન છે. સમયસારમાં આવે છે ને? જ્ઞાયક જ સ્થાતાનું સ્થાન છે, રહેનારનું રહેઠાણ છે, તે સર્વસ્વ છે. પણ અજ્ઞાની, પોતાનો સ્વભાવ નથી, પોતાનું ઘર નથી અર્થાત્ જે પર ઘર છે ત્યાં બહારમાં ચાલ્યો ગયો છે.

૪. ચૈતન્યનું સ્વામીત્વ ચૈતન્યમાં છે, છતાં પરનું સ્વામીત્વ અજ્ઞાન અવસ્થાથી માન્યું છે. પરનું કરી શકું એમ માનવું તે અજ્ઞાનતા છે. તે પરનું કરી શકતો નથી અને પરનું કરવા મથી રહ્યો છે. પોતે ચૈતન્ય તરફ દૃષ્ટિ કરે તો પોતે પોતાનું કરી શકે છે. પોતાની પર્યાય શુદ્ધ રૂપે પરિણમે તે પોતે કરી શકે છે. આ બધું પર ઘર છે, તેનાથી ભેદ જ્ઞાન કરીને પોતાના સ્વભાવમાં દૃષ્ટિ સ્થાપે અને શુદ્ધ સ્વભાવમાંથી શુદ્ધ પર્યાય પ્રગટ થાય તે કરવાનું છે.

૫. આચાર્યદેવ કહે છે કે અહીં આવ..... અહીં આવ.... આ તારૂં રહેવાનું રહેઠાણ છે. આ તારૂં પદ છે. બીજું બધું અપદ છે. પોતાનું પદ તો ચૈતન્ય પદ છે, તેમાં તું આવ. તારે તે કરવાનું છે. બહારની વિભાવની પ્રવૃત્તિથી નિવૃત થઈ નિવૃત્તિ સ્વરૂપ આત્મામાં જ પરિણતિ પ્રગટ કરવા જેવી છે. પોતામાં જ પરિણતિ કરવી અને પર સાથેની પ્રવૃત્તિ તોડવી તે જીવનમાં કરવાનું છે. તેને માટે શાસ્ત્રાભ્યાસ, દેવ-ગુરૂ-શાસ્ત્રનો મહિમા આવવો જોઈએ. ચૈતન્યની પરિણતિ કેમ પ્રગટ થાય? શુદ્ધાત્મા તરફ લક્ષ કરી દ્રવ્યદૃષ્ટિ કેમ પ્રગટ થાય? અનુભૂતિ કેમ થાય? તે જીવનનું ખરૂ કર્તવ્ય છે.

**જીવનું કર્તવ્ય શું છે? :**

૧. જીવના રાગનું કાર્ય પરમાં થતું નથી. સ્ત્રી, પુત્ર વગેરે જ્યારે મરણ પથારીએ પડ્યા હોય ત્યારે, તે બચે તો સારૂં એમ પોતે ઘણો રાગ કરે છે, છતાં તે મરી જાય છે, પોતાના રાગને કારણે તેમાં કાંઈ થતું નથી, પોતે તો પરથી જુદો જ છે. પોતે પોતામાં રાગ કરી શકે પણ પરમાં કાંઈ ન કરી શકે.

૨. જો આમ યથાર્થપણે સમજે તો પર તરફથી પાછો ફરીને પોતાના જ્ઞાન સ્વભાવ તરફ વળે, ને રાગનો પણ કર્તા થાય નહિ. હે ભાઈ ! તને પ્રત્યક્ષ દેખાય છે કે તારો રાગ પરમાં કાંઈ જ કરી શકતો નથી. જેમ પરમાં તારો રાગ વ્યર્થ છે, તેમ તે રાગ આત્માને પોતાને પણ કાંઈ લાભ કરતો નથી. જો સ્ત્રી-પુત્ર-શરીર વગેરે પદાર્થો તારા હોય તો તેના પર તારો અધિકાર કેમ ન ચાલે? અને તારી ઈચ્છા પ્રમાણે જ તે પદાર્થો કેમ ન પરિણમે? માટે તું તારા જ્ઞાનમાં એમ નિર્ણય કર, કે મારૂં જ્ઞાનસ્વરૂપ બધાય પર પદાર્થોથી જુદું છે, પર પદાર્થો તરફના વલણથી રાગની ઉત્પત્તિ થાય તેનાથી પણ જુદું છે, ને પર તરફ વળીને રાગમાં જે જ્ઞાન અટકી જાય તેનાથી પણ જુદું છે; એમ જાણીને તારા જ્ઞાનસ્વરૂપ આત્મા તરફ વળ, તેનો જ અભ્યાસ કર, તેની રુચિ કર, તેનું મંથન કર, તેની શ્રદ્ધા કર, તેનો જ અનુભવ કર. નિરંતર તે જ એક નિશ્ચય કર્તવ્ય કરવા જેવું છે.

૩. જીવ જ એક જ્ઞાન છે, કારણ કે જીવ ચેતન છે, માટે જીવને અને જ્ઞાનને અવ્યતિરેક (અભિન્નતા) છે. જે જ્ઞાન જીવ સ્વભાવ તરફ ઢળીને જીવ સાથે અભેદ થાય તે જ્ઞાન જ ચેતન છે, અને તે પોતે જીવ છે. શરીર વગેરે વસ્તુઓ તો જડ છે. તેમાં જ્ઞાન નથી. પુણ્ય પાપના ભાવ પણ ચેતન નથી અને પર લક્ષે અટકીને થનારો જ્ઞાનનો વિકાસ તે પણ ચેતન નથી. જે જ્ઞાન આત્માને લક્ષે એકાગ્ર થતું નથી તે જ્ઞાન આત્માનું સ્વરૂપ નથી, તેથી પરમાર્થે તે જ્ઞાન આત્માથી જુદું છે. તે જ્ઞાનથી આત્માને કાંઈ લાભ નથી. જે જ્ઞાન રાગ સાથે એકતા કરે તે મિથ્યાજ્ઞાન છે, ને તે સંસારનું કારણ છે. સ્વભાવનો આશ્રય કરીને જે જ્ઞાન ખીલ્યું તે જ્ઞાન આત્મા સાથે જ અભેદ થાય છે. જે જ્ઞાન આત્માની સાથે એકતા કરીને આત્માને કેવળજ્ઞાન પમાડે તેને જ આત્માની ચૈતન્યકળા કહેવાય. આવી ચૈતન્યકળા પ્રાપ્ત કરી તું આત્માનો અનુભવ કર. આ જ એક કરવા જેવું કર્તવ્ય છે અને તે જ ધર્મ છે.

**" કર વિચાર તો પામ "**

શું વિચારવાનું છે? સુવિચારણાથી નિજ જ્ઞાન પ્રગટે છે.

૧. જીવને સ્વરૂપ પ્રાપ્તિની જિજ્ઞાસા કેમ ઉત્પન્ન થાય?
૨. સ્વરૂપની રુચિ કેમ થાય, લગની કેમ લાગે, ઊંડપ કેમ આવે, દઢતા કેમ વધે, કાર્યસાધકતાની કાળજી કેમ વધે?
૩. કાર્ય પૂર્ણ થયા વગર ચેન ન પડે એવી તીખી તમન્ના કેમ વધે?
૪. જ્ઞાન શું કાર્ય કરે?
૫. શ્રદ્ધા કેવી રીતે ગ્રહણ કરે?
૬. ચારિત્ર શું ક્રિયા કરે ? વીર્ય કેમ ફોરવાય?
૭. સુખનું સ્વરૂપ કેવું છે ? સુખ કેમ પ્રાપ્ત થાય?
૮. જ્ઞાની-અજ્ઞાનીની પરિણતિનો શું તફાવત છે?
૯. વસ્તુનું સ્વરૂપ દ્રવ્ય-ગુણ-પર્યાય યથાર્થ કેમ છે?
૧૦. ક્રમબદ્ધ પર્યાય અને પુરૂષાર્થનો કઈ રીતે સુમેળ છે?
૧૧. ઉપાદાન-નિમિત્ત અને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ શું છે?
૧૨. નિશ્ચય અને વ્યવહારની ઉપયોગીતા શું છે?
૧૩. જીવ-અજીવ એકત્વ-મમત્વ બુદ્ધિ કેમ છુટે?
૧૪. કર્તા-કર્મપણું, અકર્તાપણું શું છે? કતૃત્વ - ભોકતૃત્વ બુદ્ધિ કેમ છૂટે?
૧૫. જ્ઞેય-જ્ઞાયકપણું, સ્વ-પ્રકાશકપણું સાચુ સ્વરૂપ શું છે?
૧૬. જ્ઞાન-વૈરાગ્યની સંધિ કેવી હોય?
૧૭. ભેદ જ્ઞાન કેમ કરાય? કોનાથી કરાય?
૧૮. સ્વરૂપ મહિમા કેમ આવે?
૧૯. રાગથી વિરક્ત કેમ થાય?
૨૦. સ્વછંદતા ન થાય,પ્રમાદ ન થાય,ખોટી રીતે સંતોષ ન થાય એનો કેમ ઉપાય થાય?
૨૧. થોડા કાર્યને ઘણું ન મનાય-શિથિલતા ન આવે તે કેમ?
૨૨. ક્ષયોપશમ,મંદકષાય કે બાહ્ય ક્રિયામાં કોઈ પ્રકારે અધિકતા ન ભાસે એ કેમ થાય?
૨૩. પ્રત્યક્ષ સતપુરુષના યોગનું મહત્ત્વ સાધનામાં કેટલું છે? તેના પ્રત્યે સ્વાર્પણ બુદ્ધિ કેમ આવે?
૨૪. 'હું જ્ઞાયક છું,હું જ્ઞાયક છું ' એવો સુમધુર નાદ કેમ જાગૃત થાય? અને તે પુરૂષાર્થ ઉપાડવામાં અપ્રતિમ બળ અને પ્રેરણા કેમ મળે?

આ બધા ગહન વિષયો પર ગંભીરતાથી વિચાર કરી જીવને સ્વભાવ તરફ કેમ દોરવું એ જ પ્રથમ કર્તવ્ય છે.

# ૭ ભેદ વિજ્ઞાન

૧. આત્મા ઉપયોગ સ્વરૂપ છે, રાગાદિ પર ભાવોથી તે ભિન્ન છે. એમ ઉપયોગને અને રાગાદિને સર્વ પ્રકારે અત્યંત જુદા જાણીને રાગથી ભિન્નપણે અને ઉપયોગમાં એકતાપણે જ્ઞાન પરિણમેં તે ભેદ વિજ્ઞાન છે.

૨. ઉપયોગ કોને કહે છે? જીવના લક્ષણરૂપ ચૈતન્ય અનુવિધાયી પરિણામને ઉપયોગ કહે છે.

જીવનું લક્ષણ ઉપયોગ છે. ચૈતન્ય ગુણ સાથે સંબંધ રાખવાવાળા જીવના પરિણામને ઉપયોગ કહે છે. ઉપયોગને 'જ્ઞાન-દર્શન' પણ કહેવાય છે. તે બધા જીવોમાં હોય છે અને જીવ સિવાય બીજા કોઈ દ્રવ્યમાં હોતા નથી, તેથી તેને જીવનો અસાધારણ ગુણ અથવા લક્ષણ કહે છે. ચૈતન્ય તે આત્માનો સ્વભાવ છે, તે ચૈતન્ય સ્વભાવને અનુસરતો આત્માનો જે પરિણામ તેને ઉપયોગ કહેવામાં આવે છે.

૩. જીવ અને કર્મ-નોકર્મ (શરીર) એકક્ષેત્રે હોવા છતાં જીવ તેના ઉપયોગ-લક્ષણ વડે કર્મ-નોકર્મથી જુદો છે અને દ્રવ્યકર્મ-નોકર્મ તેમના સ્પર્શાદિ લક્ષણ વડે જીવથી જુદાં છે - એમ તેનો ભેદ જાણી શકાય છે.

૪. આત્મા પોતાના સ્વભાવ સામર્થ્યથી પૂર્ણ છે ને પરથી અત્યંત જુદો છે એમ સ્વ પરની ભિન્નતાને જાણીને સ્વદ્રવ્યના અનુભવથી આત્મા શુદ્ધતાને પામે તે ધર્મનો મર્મ છે.

૫. જિજ્ઞાસુ જીવે પહેલાં અનુમાનથી નક્કી કરવાનું છે કે આ પર તરફ વલણનો ભાવ છે તે વિભાવ છે અને અંદર તરફ વલણ કરવું તે સ્વભાવ છે. પર તરફના વલણ ના ભાવમાં આકુળતા ને દુઃખ છે અને અંતર વલણના ભાવમાં શાંતિ છે એમ સ્વભાવને પહેલા અનુમાનથી નક્કી કરે છે.

૬. અચ્છિન્નધારાથી ભેદ જ્ઞાન ત્યાં સુધી ભાવવું કે જ્યાં સુધી જ્ઞાન જ્ઞાનમાં જ ઠરી જાય. પહેલાં પરથી ભિન્ન શુદ્ધાત્માની ભાવના કરતાં કરતાં જ્ઞાન જ્ઞાનમાં ઠરતાં રાગાદિથી ભિન્ન થઈને સમ્યગ્જ્ઞાન થાય છે. આ ભેદજ્ઞાનની ભાવના તે રાગરૂપ નથી પણ શુદ્ધ અનુભવરૂપ છે.

**ભાવેન્દ્રિયનુ સ્વરૂપ :**

લબ્ધિ અને ઉપયોગને ભાવેન્દ્રિય કહેવામાં આવે છે.

૧. **લબ્ધિ :** લબ્ધિનો અર્થ પ્રાપ્તિ અથવા લાભ થાય છે. આત્માના ચૈતન્યગુણ નો ક્ષયોપશમ હેતુક ઉઘાડ તે લબ્ધિ છે.

૨. **ઉપયોગ :** ઉપયોગનો અર્થ ચૈતન્ય વ્યાપાર થાય છે. આત્માના ચૈતન્યગુણનો ક્ષયોપશમ હેતુક ઉઘાડ છે તેના વ્યાપારને ઉપયોગ કહે છે. આત્મા જ્ઞેય પદાર્થની સન્મુખ થઈને પોતાના ચૈતન્ય વ્યાપારને તે તરફ જોડે તે ઉપયોગ છે. ઉપયોગ ચૈતન્યનું પરિણમન છે.

૩. ઉપયોગ અને લબ્ધિ એ બંનેને ભાવેન્દ્રિય એ માટે કહે છે કે તે બંને આત્માના ધર્મ છે. આત્માના પરિણામ છે.

૪. પ્રયોજનભૂત જીવાદિ તત્ત્વોનું શ્રદ્ધાન કરવા યોગ્ય જ્ઞાનની ક્ષયોપશમ લબ્ધિ તો સર્વ સંજ્ઞી પંચેન્દ્રિય જીવોને હોય છે, પણ તે જીવ પરનું લક્ષ ટાળી સ્વ (આત્મા) તરફ ઉપયોગને વાળે તેને સમ્યગ્જ્ઞાન - આત્મજ્ઞાન થાય છે અને જે જીવ પર તરફ ઉપયોગને વાળે છે તેને મિથ્યાજ્ઞાન થાય છે.

૫. જીવને છદ્મસ્થ દશામાં જ્ઞાનનો ઉઘાડ અર્થાત્ ક્ષયોપશમ હેતુક લબ્ધિ ઘણી હોય તો પણ તે બધા ઉઘાડનો ઉપયોગ એક સાથે કરી શકતો નથી. કેમકે તેનો ઉપયોગ રાગમિશ્રિત છે તેથી રાગમાં રોકાઈ જાય છે. તે કારણે જ્ઞાનનો ઉઘાડ (લબ્ધિ) ઘણો હોય તો પણ વ્યાપાર (ઉપયોગ) તો અલ્પ હોય છે. જ્ઞાનગુણ તો દરેક જીવને પરિપૂર્ણ છે. વિકારી દશામાં જ્ઞાનગુણની પૂર્ણ પર્યાય ઉઘડતી નથી, એટલું જ નહિ પણ પર્યાયમાં જેટલો ઉઘાડ હોય તેટલો પણ વ્યાપાર તે એકી સાથે કરી શકતો નથી. આત્માનું લક્ષ પર તરફ હોય ત્યાં સુધી તેની આવી દશા હોય છે. માટે જીવે સ્વ અને પરનું યથાર્થ ભેદ જ્ઞાન કરવું જોઈએ. ભેદ જ્ઞાન થતાં જ તે પોતાનો પુરુષાર્થ સ્વ તરફ વાળ્યા કરે છે. તેથી ક્રમે ક્રમે રાગ ટળીને વીતરાગતા પ્રગટ થાય છે. યથાર્થ ભેદ જ્ઞાનનું ફળ સમ્યગ્દર્શન અને કેવળજ્ઞાન છે. દરેક મુમુક્ષુ જીવે યથાર્થ ભેદ જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ.

**ભેદ જ્ઞાનના અભ્યાસની વિધિ :**

શરીરાદિ અને રાગાદિથી અલગ - આત્માનો અનુભવ કરવા ભેદ જ્ઞાન કરવાનો અભ્યાસ કરવો, એની વિધિ આ પ્રમાણે છે.

૧. પહેલાં સુદૃષ્ટિ વડે પર પદાર્થોને આત્માથી જુદા કરવા.

૨. પછી સમજણ વડે બાહ્ય શરીરને આત્માથી જુદું કરવું.

૩. પછી તેજશ-કાર્મણરૂપ શરીરને આત્માથી જુદો ગણવો.

૪. અંદરમાં આઠ કર્મજનિત રાગાદિ ઉપાધી ભાવોને પણ જુદા ગણવાં.

૫. છેવટે ભેદ જ્ઞાનના વિકલ્પના વિલાસને પણ જુદો ગણવો.

૬. એ બધાની અંદર સૂક્ષ્મ ચૈતન્ય પ્રભુ (જ્ઞાયક) અખંડરૂપ બિરાજે છે. સ્વ સન્મુખ થઈ અંતરમાં દૃષ્ટિ કરવી.

૭. તેને મતિ-શ્રુત જ્ઞાનના પ્રમાણ વડે અંતરમાં ધારણ કરીને તેનો જ વિચાર કરવો તેમાં જ મગ્ન થવું, મગ્ન થતાં થતાં તેમાં જ લીન થવું.

૮. ભગવાન આત્મા અનંત અનંત ગુણ સંપન્ન જ્ઞાનાનંદ સ્વરૂપ છે એનો મહિમા લાવીને સ્વ સન્મુખ રહેવું - હું એ જ છું - એમાં અહમ્ સ્થાપવું.

૯. એ લીનતામાં હવે એક જ વાત બાકી રહે - હું જ્ઞાયક... જ્ઞાયક...જ્ઞાયક...એવી નિરંતર લગની લાગી જ રહે.

૧૦. જ્ઞાનાનંદ સ્વરૂપની લગની લાગતાં - એનો પ્રમોદ, પરિચય, પ્રીતિ, પ્રવૃત્તિ થતાં એની પ્રાપ્તિ થયા વગર રહે નહિ. એનો અનુભવ થાય જ.

આ નિજપદને પામવાની - સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાની વિધિ છે. આ જ સમ્યક્દશા છે. આ જ જ્ઞાન દશા છે.

**ભેદ જ્ઞાન વડે જ્ઞાન સ્વભાવના અનુભવનો ઉપદેશ :**

૧. સર્વ પર દ્રવ્યોથી જુદું અને પોતાના સ્વભાવથી અભેદ એવા શુદ્ધ જ્ઞાનને દેખવું, એવા શુદ્ધ જ્ઞાનને અનુભવવું, એમાં જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગ આવી જાય છે.

"હવે એ પ્રમાણે સર્વ પર દ્રવ્યો સાથે વ્યતિરેક વડે અને જ્ઞાન દર્શનાદિ જીવ સ્વભાવો સાથે અવ્યતિરેક (અભિન્નતા) વડે પરમાર્થરૂપ શુદ્ધજ્ઞાન એક અવસ્થિત દેખવું અર્થાત્ પ્રત્યક્ષ સ્વ સંવેદનથી અનુભવવું " .... આ જ ભેદ જ્ઞાન છે.

૨. આત્મા તરફ ઢળતાં નિર્મળ પર્યાયને અહીં જીવ સ્વભાવ કહ્યો છે કેમ કે તે પર્યાય સ્વભાવ સાથે અભેદ છે. આત્મ સ્વભાવમાં વળતાં જે સમ્યગ્દર્શન વગેરે નિર્મળ દશાઓ પ્રગટી તેનાથી જ્ઞાન જુદું નથી. એટલે જ્ઞાન સ્વભાવી આત્મા અને નિર્મળ પર્યાયો અભેદ છે.

૩. જો જીવ પોતાના જ્ઞાનને આત્મા સાથે એકતા અને પરથી ભિન્નતા માને તો જીવ પોતાના જ્ઞાનને પર લક્ષથી છોડાવી આત્મામાં એકાગ્ર કરે એટલે તેનું જ્ઞાન શુદ્ધ સ્વભાવરૂપે પરિણમે ને વિકારથી છૂટી જાય. પરથી જુદાપણું જ્ઞાન (ભેદજ્ઞાન) તે મુક્તિનો ઉપાય છે.

૪. શરીરાદિમાં જે સુખ માને છે તેને તે શરીરાદિ પર વહાલપ છે, તેથી તેનાથી તે પોતાને જુદો માનતો નથી. ત્યાં તો તેનાથી જુદો જ છે. છતાં નથી માનતો તે માન્યતા મિથ્યાત્વ છે, તે તો અજ્ઞાન છે.

૫. જેને સ્વભાવની રુચિ છે - સ્વભાવની વહાલપ છે તે નિર્મળ જીવ સ્વભાવના આધારે પ્રગટેલા નિર્મળ પર્યાયોથી પોતાને જુદો માનતો નથી; વિકારને પોતાથી જુદો માને છે. તે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયો પ્રગટ કરે છે.

૬. પોતાના જ્ઞાનને પરાધીન માન્યું છે, પર સાથે એકમેક માન્યું છે, તે તો અનાદિનો વિભ્રમ છે, તે અનાદિ વિભ્રમ પુણ્ય-પાપનું મૂળ છે અને તે જ સંસારનું મૂળ છે. પોતાના સ્વાધીન જ્ઞાનની પ્રતીત કરે તો તે અનાદિ વિભ્રમ ટળીને સમ્યક્ત્વ થાય છે. તે સમ્યક્ત્વ જ મોક્ષનું મૂળ છે. ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે. સંસારનું મૂળ મિથ્યાત્વ છે, ને મોક્ષનું મૂળ સમ્યક્ત્વ છે.

૭. વિકાર અને આત્માની એકત્વબુદ્ધિ તે અનાદિ વિભ્રમ છે, તે વિભ્રમ જ પુણ્ય-પાપનું મૂળ છે, અને પુણ્ય-પાપ પર સમય છે. જ્ઞાનીને સ્વભાવમાં એકતા છે, અજ્ઞાનીને પુણ્ય-પાપમાં એકતા છે. આત્માના સ્વભાવની શ્રદ્ધા કરીને તેમાં એકતા-અભેદતા થાય તે સ્વ સમય છે, અને તે પુણ્ય-પાપનો નાશ કરીને મોક્ષ પ્રગટ કરવાનું મૂળ છે. સ્વભાવની એકતા જેને ભાસતી નથી તે મિથ્યાદૃષ્ટિ છે. સ્વભાવની એકતા જેને ભાસે છે તે સમ્યગ્દૃષ્ટિ છે.

૮. શ્રદ્ધા-જ્ઞાને આત્માથી બહાર જતાં નથી અને શ્રદ્ધા જ્ઞાનથી આત્મા જુદો રહેતો નથી. શ્રદ્ધા-જ્ઞાનાદિ આત્માથી એકમેક છે અને પરથી જુદા છે. આમ પરથી જુદાપણું સમજે તેને પર સામે જોવાનું ન રહ્યું પણ પોતાના સ્વભાવમાં જ જોવાનું રહ્યું. તેને સ્વભાવના લક્ષે તે ક્ષણે જ્ઞાનની શુદ્ધતાની જ ઉત્પત્તિ થાય છે.

૯. શરીર-મન-વાણીનું અસ્તિત્વ મારાથી છે - એમ માને તે મિથ્યાદૃષ્ટિ છે. પુણ્ય-પાપનું જે ક્ષણિક હોવાપણું છે તે પુણ્ય-પાપને આત્માના સ્વભાવમાં માને તે મિથ્યાદૃષ્ટિ છે. જેને શુદ્ધ સ્વભાવની જ મુખ્યતા ભાસે છે તે સમ્યગ્દૃષ્ટિ છે. સમયે સમયે શુદ્ધતાનો પ્રતિભાસ થાય તેનું મૂળ સમ્યગ્દર્શન છે.

૧૦. હે ભાઈ ! એક વાર તું એમ તો માન કે ' હું જ્ઞાન સ્વરૂપ જ છું, રાગાદિ મારામાં છે જ નહિ. પર્યાયમાં રાગાદિ થાય તે મારા સ્વરૂપમાં નથી ને મારૂં જ્ઞાન તે રાગમાં એકમેક થઈ જતું નથી.' - એમ રાગ અને જ્ઞાનની ભિન્નતાને જાણીને એકવાર તો રાગથી જુદો પડીને આત્માના જ્ઞાનનો અનુભવ કર ! તારા જ્ઞાન સમુદ્રમાં એકવાર તો ડૂબકી માર !

૧૧. સ્વમાં એકતાનો અભિપ્રાય તે ધર્મ છે અને પરમાં એકતાનો અભિપ્રાય તે અધર્મ છે. સ્વના આશ્રયે જ ધર્મની ઉત્પત્તિ થાય છે. સ્વભાવની શ્રદ્ધાથી પર્યાયમાં સમયે સમયે જ્ઞાનની વિશુદ્ધતા થતી જાય છે.

૧૨. હે ભાઈ ! જે ક્ષણે પુણ્ય-પાપ છે તે સમયે આત્મ સ્વભાવ છે કે નથી? જો 'છે' તો તે વખતે તને તારૂં જ્ઞાન આત્મ સ્વભાવ તરફ વળેલું ભાસે છે કે પુણ્ય-પાપ તરફ વળેલું ભાસે છે? એક જ સમયમાં ત્રિકાળી સ્વભાવ અને ક્ષણિક પુણ્ય-પાપ એ બંને છે. તેમાં ત્રિકાળી સ્વભાવની હયાતિ સ્વીકારીને તેનો આશ્રય કરવો તે ધર્મનું મૂળ છે અને ત્રિકાળી સ્વભાવની હયાતિ ન કબૂલતાં પરની અને ક્ષણિક પુણ્ય-પાપની હયાતિને કબૂલવી તે મિથ્યાત્વ છે, તે પાપનું મૂળ છે. સ્વભાવમાં વળેલું જ્ઞાન તે સ્વસમય છે અને તે જ મોક્ષમાર્ગ છે. પરભાવમાં વળેલું જ્ઞાન તે પર સમય છે અને તે સંસારનું મૂળ છે.

**ભેદજ્ઞાન માટે ની પ્રેરણા :**

૧. આત્માને સર્વ પર દ્રવ્યોથી જુદો અનુભવવો. એ રીતે આત્માના જ્ઞાન સ્વભાવને સમસ્ત પર દ્રવ્યોથી ભિન્ન દેખવો. કઈ રીતે દેખવો? પૂરો જ્ઞાન સ્વભાવ તે હું છું, તે સિવાય અન્ય ભાવો હું નથી... એમ બરાબર જાણીને, પર તરફના પોતાના વળતા જ્ઞાનને સ્વભાવ તરફ વાળીને શુદ્ધ આત્માનો અનુભવ કરવો.

૨. હું ચિદાનંદ સ્વરૂપ છું, રાગાદિ કોઈ ભાવો મારા નથી, પર દ્રવ્યો કે પર ભાવોના આશ્રયે મારૂં જ્ઞાન નથી - એમ પરથી ભિન્નતા જાણીને - ત્યાંથી જ્ઞાનને ખસેડી ને આત્મ સ્વભાવના આશ્રયે જ્ઞાનને એકાગ્ર કરીને અનુભવ કરવો, તે અનંત કાળમાં નહિ કરેલો એવો અપૂર્વ આત્મધર્મ છે. ચોથા ગુણસ્થાને, મતિ-શ્રુતજ્ઞાનથી એવો અનુભવ થાય છે.

૩. દરેક વસ્તુ સ્વાધીનપણે જ પોતાનું કાર્ય કરી રહી છે. કદી કોઈ પણ વસ્તુ બીજા સાથે મળીને કાર્ય કરતી નથી. આ આત્મા કદી કોઈ પણ પર વસ્તુને લીધે નભતો નથી, પર દ્રવ્યોનો તો આત્મામાં અભાવ જ છે. અજ્ઞાની જીવને

સ્વ - પરમાં એકત્વ બુદ્ધિ હોવાથી, પર વસ્તુ વડે મને ન ચાલે એમ તે માને છે. પરંતુ એમ માનનાર અજ્ઞાની જીવ પણ ક્ષણે ક્ષણે પર પદાર્થ વગર જ ચલાવી રહ્યો છે. પૈસા, શરીર વગેરે પદાર્થ ન હોય તે વખતે શું આત્માનું પરિણમન અટકી જાય છે? કે આત્માનો નાશ થઈ જાય છે? એમ તો થતું નથી. આત્માનું જ્ઞાન તો સદાય પોતાના સ્વભાવથી જ પરિણમે છે, અને આત્મા સદાય જ્ઞાનથી જીવે છે. જો જ્ઞાન ન હોય તો આત્મા જ ન હોય, એટલે જ્ઞાન વગર આત્માને એક પળ પણ ચાલે નહિ. પર દ્રવ્ય અને રાગ વગર પણ આત્માને ચાલે છે. સિદ્ધ ભગવાનને કાંઈ પર દ્રવ્યનો સંયોગ કે રાગ નથી એકલા જ્ઞાનથી જ તેમનો આત્મા ટકેલો છે. દરેક આત્મા સદાય પોતાના જ્ઞાન સ્વભાવથી અને પરના અભાવથી જ ટકે છે. મારા જ્ઞાન સ્વભાવ તરફ વળીને સમ્યક્ શ્રદ્ધા-જ્ઞાન પ્રગટ કરૂં તે મારૂં સ્વરૂપ છે. પરથી છૂટો અને વિકારથી પણ છૂટો એવો મારો પરિપૂર્ણ જ્ઞાન સ્વભાવ છે, તે સ્વભાવના આશ્રયે જાણવાનું મારૂં સ્વરૂપ છે.

આમ પોતાના આત્માનો અનુભવ કરવો તે જ અનંત કાળના જન્મ-મરણોથી છૂટવાનો એક જ ઉપાય છે.

**વચનામૃત (આત્મભાવના) :**

૧. ભગવાન આત્મા જ્ઞાયકમૂર્તિ, આનંદમૂર્તિ છે. જેમ સાકરનો ગાંગડો ગળપણથી ભરેલો છે તેમ જ્ઞાયક આત્મા આનંદથી ભરેલો છે, શાશ્વત આનંદનું ધામ છે.

૨. શરીરથી આત્મા જુદો છે. જે જાણનાર છે તે આત્મા છે. વિકલ્પ આવે છે તે પણ આત્મા નહિ, વિકલ્પથી જુદો જે જાણનાર તે આત્મા. વિકલ્પની પાછળ જે જ્ઞાન ધારા છે, જ્ઞાયક છે તે આત્મા છે. તેમાં દૃષ્ટિ લગાવતા આનંદ આવે છે.

૩. હું જ્ઞાયક છું, જ્ઞાનનો પિંડ છું, અબદ્ધ છું, આવા વિચારો કરતા જો થાકી જવાય તો દેવ-ગુરૂના મહાન પ્રસંગો, તીર્થ યાત્રાના મહાન પ્રસંગો એવા પ્રસંગો યાદ કરવા. વિકલ્પની સાથે ' જ્ઞાન છું ' તે ધ્યાનમાં રાખવું; ' હું નિરાળો... નિરાળો છું. '

૪. તત્ત્વની રુચિ જ આત્માની નજીક લઈ જાય છે અને દર્શન મોહને તોડીને મંદ કરે છે. રુચિ યથાર્થ કરવી. વિકલ્પો તો અનંતા આવે.

૫. પરિણામની ધારા પલટાઈ જાય તો ફરી ફરી જ્ઞાયકના વિચાર કરવા. પેટમાં જે

દર્દ થાય છે તે હું નહિ, તેનો જાણનાર...જાણનાર તે હું છું. હું સ્વ પર પ્રકાશક છું. હું જ્ઞાયક...જ્ઞેયને જાણનાર છું. બહારનું બધું જણાય તે હોય અને જાણનાર તે જ હું છું. હું જ્ઞાયક છું. હું એક શુદ્ધ ભાવ છું.

૬. 'હું શુદ્ધ છું, જ્ઞાયક છું' એવા જે વિકલ્પ તેનાથી થાકી જવાય એ ખરું; જો કે "જ્ઞાયક છું" એવા સહજ પરિણમતા જ્ઞાનમાં થાક હોતો નથી.

૭. સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવાની તીવ્ર ભાવના છે તો પુરુષાર્થ કરવો. સમ્યગ્દર્શન પ્રાપ્ત ન થાય તેથી આકુળતા અને ઉતાવળ ન કરવી. રુચિ છે તે ભાવના છે તે સાથે ને સાથે જ રહે છે. વિકલ્પ બહાર જાય છે તેથી પણ બહુ ખેદ ન કરવો. એક સરખો વિકલ્પ મુનિઓને પણ રહેતો નથી. માટે ખેદ અને આકુળતા ન કરવી. રુચિ અને ભાવના વધારવી.

આત્મા જ્ઞાયકપિંડ, ચૈતન્યઘન છે. જાણનાર...જાણનાર...જાણનાર... બસ તે જ હું.

**વિશેષ સ્વાધ્યાય :**

૧. પોતાની વિચાર-ચિંતન ધારામાં, વર્તમાન વર્તતી અવસ્થાની ગૌણતા થવી આવશ્યક છે. અને એમ થાય ત્યારે જ દર્શનમોહનો અનુભાગ ઘટે છે.

૨. પર્યાયમાં સંતુષ્ટપણું એ પર્યાય બુદ્ધિ છે, તે દર્શનમોહને તીવ્ર કરે છે. માટે કોઈ પણ પ્રકારે 'તેમ થવાં યોગ્ય નથી.' પર્યાયમાં ઠીકપણું રહે ત્યાં સુધી મુમુક્ષુ જીવ સ્વભાવને અવલંબી શકે નહિ.

૩. સ્વભાવ પ્રત્યયી પુરુષાર્થ-એ જ સત્ય પુરુષાર્થ છે. હંમેશા સ્વભાવનું જ લક્ષ રહેવું જોઈએ - એની જ મુખ્યતા હોવી જોઈએ.

૪. ચાલતી વિકારી પર્યાય, અપૂર્ણ પર્યાયની અપેક્ષા વિના - એટલે કે પર્યાય માત્રની અપેક્ષા વગરનો, જે અનંત ગુણનું એકરૂપ દ્રવ્ય સ્વભાવ છે તેને જ સ્વ સ્વરૂપે ગ્રહણ કરવું છે તે દ્રવ્યદૃષ્ટિ છે.

૫. ત્રિકાળી શુદ્ધ સ્વરૂપનો અનુભવ એટલે શુદ્ધ 'જ્ઞાનમાત્ર' નું આસ્વાદન અર્થાત્ વેદન.

૬. જ્ઞાન અભ્યાસ થવા અર્થે, સ્વ સન્મુખ થવા અર્થે, જ્ઞાનની વ્યાપકતા, સ્વચ્છતા (સાકારપણું), વેદકતા અને પ્રત્યક્ષતા દ્વારા પરથી-રાગથી ભિન્ન અને પોતાના અભિન્ન જ્ઞાનમય આત્માનો નિરંતર આશ્રય કરવા યોગ્ય છે, જેથી અંતર્મુખ થવાય.

૭. સ્વભાવ ત્રિકાળ શક્તિરૂપ હોવાથી તેનું ભાવભાસન સીધું થતું નથી. પરંતુ વ્યક્ત જ્ઞાન પર્યાયમાં ખુલ્લો સ્વભાવ અંશ છે. તેનું અંતરંગ સૂક્ષ્મ અનુભવ દૃષ્ટિથી અવલોકન થતાં, અખંડ ત્રિકાળી અપરિણામી ધ્રુવ 'સ્વતત્ત્વ' સ્વપણે પ્રતિભાસે છે.

## ૮ મોક્ષમાર્ગ પ્રગટ કરવાનો ઉપાય "તત્ત્વ નિર્ણય"

૧. મોક્ષાર્થી જીવને મોક્ષ પ્રાપ્ત કરવાનો ઉપાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર રત્નત્રયી જ કહ્યો છે. મોક્ષમાર્ગ પ્રગટ કરવાનો ઉપાય માત્ર એક 'તત્ત્વ નિર્ણય સ્વરૂપ અભ્યાસ' જ છે. પુરૂષાર્થથી તત્ત્વ નિર્ણયમાં ઉપયોગ લગાવવાથી સ્વયમેવ જ મોહનો અભાવ થવાથી સમ્યક્ત્વાદિરૂપ મોક્ષ ઉપાયનો પુરૂષાર્થ બને છે, એટલા માટે મુખ્યતાથી 'તત્ત્વ નિર્ણયમાં ' ઉપયોગ લગાવવાનો પુરૂષાર્થ કરવો અને ઉપદેશ પણ આ પુરૂષાર્થ કરવાને અર્થે થાય છે.

૨. તત્ત્વ નિર્ણય કરવાની રુચિ માટે જિજ્ઞાસા અને પાત્રતા જરૂરી છે. જેને વર્તમાન પર્યાયમાં દુઃખ અર્થાત્ આકુળતા (રાગ-દ્વેષ)ની અનુભૂતિ થઈ રહી છે અને વર્તમાન દશામાં અસંતોષ અર્થાત્ દુઃખ દશા ભાસી રહી છે તે જ આત્માને એ દશા મિટાવી એના સ્થાન પર સુખ પ્રગટ કરવાની જિજ્ઞાસા ઉત્પન્ન થાય છે અને એ જ વ્યક્તિ માર્ગ શોધવા પુરૂષાર્થ કરે છે. એ વ્યક્તિ સત્સમાગમ અને શાસ્ત્ર અધ્યયન કરવામાં ઉત્સાહ બતાડે છે, અને આંતરિક રુચિ થાય છે.

૩. આગમમાં જે પદ્ધતિ બતાડવામાં આવી છે એ પદ્ધતિનો સારી રીતે સમજણપૂર્વક અંગીકાર કરી એ જ પદ્ધતિથી અધ્યયન કરવાથી યથાર્થ માર્ગની પ્રાપ્તિ થાય છે.

વર્તમાન કાળમાં ઘણાં બધા મતો હોવાને લીધે શાસ્ત્રોની સમજણમાં પૂર્વાપર ઘણી બધી વિરોધતા જણાય છે એ દૂર કરવા માટે શાસ્ત્રોના અર્થ કરવાની આગમમાં જે પદ્ધતિ બતાડવામાં આવી છે તે જ પદ્ધતિથી આગમનો અધ્યયન કરવો જોઈએ.

શાસ્ત્રોનો અધ્યયન કરવાનો ઉદ્દેશ્ય-તાત્પર્ય એક માત્ર 'વીતરાગતા' છે. જે કોઈ શાસ્ત્ર અથવા મત રાગ-દ્વેષની ઉત્પત્તિ અને વૃદ્ધિને પોષણ કરતો હોય તો આ વાત યથાર્થ નથી.

૪. 'વીતરાગતા અર્થાત્ નિરાકુલરૂપ સુખની અનુભૂતિ પ્રગટ થવી ' આ આત્માની પોતાની જ પર્યાય છે. એનાથી વિપરીત રાગ-દ્વેષાદિ આકુળતારૂપ દુઃખની અનુભૂતિ જે આ આત્માને વર્તમાનમાં વેદનમાં આવી રહી છે એ પણ આત્માની જ પર્યાય છે. સાધક જીવનું સાધ્ય પૂર્ણ મોક્ષ દશા-પૂર્ણ સુખની દશા વીતરાગતા

પ્રગટ કરવાનું છે કે જે આ જીવે અનંત કાળથી કોઈ ક્ષણ પ્રગટ કરી નથી. વર્તમાન અનુભૂતિમાં આવતી આકુળતાના ઉત્પત્તિ કારણો જાણી એ કારણોનો અભાવ કરવાથી આકુળતા જ ઉત્પન્ન નહિ થાય અર્થાત્ નિરાકુળતારૂપ સુખ કે જે આત્માની સ્વાભાવિક દશા છે તે જ ઉત્પન્ન થશે અને તે સ્વભાવના લક્ષે જ થાય છે.

૫. દુઃખની ઉત્પત્તિના મુખ્ય ત્રણ કારણો છે.

૧. અજ્ઞાનતા ૨. મિથ્યાત્વ ૩. અસંયમ

પ્રત્યેક આત્મા સર્વથા સર્વથી ભિન્ન એકલું પોતાનું અસ્તિત્વ સ્વતંત્રપણે ટકાવી પરિણમી રહ્યું છે અને બીજા દ્રવ્યની અસ્તિત્વ અને પરિણમનમાં ક્યાંય કોઈ જાતની દખલગીરી નથી કરી શકતું. એ માત્ર પોતાના સ્વભાવરૂપ ' માત્ર જાણવાનું કામ કરી શકે છે ' આવું જ્ઞાન અને શ્રદ્ધા છોડીને બીજા દ્રવ્યમાં કાંઈ પણ કરવાની અથવા ભોગવવાની ભાવના શ્રદ્ધા કરે છે કે જેનું હોવું અથવા ન હોવું એને આધિન નથી. જેના પરિણામે આકુળતા અને દુઃખ ઉત્પન્ન થાય છે. આનો અર્થ એ થયો કે જીવની જે બીજા દ્રવ્યમાં એકત્વ બુદ્ધિ, મમત્વ બુદ્ધિ, કર્તૃત્વ બુદ્ધિ, ભોકર્તૃત્વ બુદ્ધિ અને જ્ઞેયત્વબુદ્ધિ એ જ દુઃખની ઉત્પત્તિના કારણ છે, અન્ય દ્રવ્ય અથવા પોતાનો સ્વભાવ એ દુઃખનું કારણ નથી. બધા જ દ્રવ્યો નિર્દોષ છે કારણ કે એવો સિદ્ધાંત છે કે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકતું નથી, કરવાને માટે સમર્થ નથી.

૬. **સુખી થવાનો ઉપાય** : ' વસ્તુનો સ્વભાવ એ જ એનો ધર્મ છે.' આત્માનો સ્વભાવ એ જ એનો ધર્મ છે. પ્રત્યેક વસ્તુ પોતાના ધર્મ અર્થાત્ સ્વભાવમાં અનાદિ-અનંત રહી શકે છે, વિભાવમાં નહિ. તો પછી આત્માનો સ્વભાવ શું છે? 'જ્ઞાન અને સુખ ' આત્માના મુખ્ય સ્વભાવ છે. જ્ઞાન અને સુખની પૂર્ણતાને પર્યાયમાં પ્રાપ્ત કરવાનો ઉપાય જ આત્માને સુખી કરવાનો ઉપાય છે. એના સિવાય બીજા બધા ઉપાય આત્માને દુઃખી કરવાના કારણ છે. જાણવું એ જ એનો સ્વભાવ હોવાથી એ જ્ઞાતા જ બની રહે એ જ એનું કર્તવ્ય છે, એ કરવા એ સ્વાધીન પણ છે. આ પ્રકારે આત્માની અંદર માત્ર નિર્ણયપૂર્વક અખૂટ શ્રદ્ધાની સાથે સ્વાનુભૂતિરૂપ પરિણમન થવું એ જ આત્માનો ધર્મ છે, જે ધર્મ નું મૂળ છે. અને એની પૂર્ણ દશા એ જ મોક્ષ છે. માટે મોક્ષ એ જ આત્માના સુખનો ઉપાય છે.

૭. વસ્તુસ્થિતિ એમ છે કે જૈન આગમના કોઈપણ ગ્રંથ અપ્રમાણ નથી પરંતુ અધ્યયન કરવાવાળી વ્યક્તિના દૃષ્ટિકોણમાં અપ્રમાણતા હોય છે. એની દૃષ્ટિ ઠીક કરવા માટે આગમમાં શાસ્ત્રોના અધ્યયન કરવાની જે પદ્ધતિ બતાડવામાં આવી છે એનું સમજવું અત્યંત આવશ્યક છે.

૮. આ દૃષ્ટિ ઠીક કરવા આપ્તપુરૂષોએ બતાવેલ વિશ્વની અને વસ્તુની વ્યવસ્થતા સમજવી બહુ જરૂરી છે. છ દ્રવ્ય સ્વરૂપં આ લોકમાં બધા જ દ્રવ્યો પોતપોતાના ગુણ-પર્યાયમાં રહીને એટલે કે પોતાના ગુણોને ટકાવીને નિરંતર એક જ સમયે બધા ક્રમબદ્ધ પરિમણન કરી રહ્યા છે અને તે પણ પ્રત્યેક દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની મર્યાદા તોડીને તેની બહાર કાંઈ કરી શકતા નથી. એક દ્રવ્યનો બીજા દ્રવ્ય સાથે કોઈ પણ પ્રકારે કર્તા-કર્મ સંબંધ નથી, આ વાત બરાબર સમજવા જેવી છે.

૯. સૂત્ર તાત્પર્ય સમજવાના પાંચ પ્રકાર :

જૈન શાસ્ત્રોમાં અર્થ સમજવાની મુખ્ય પાંચ રીત છે.

૧.શબ્દાર્થ ૨.નયાર્થ ૩.મતાર્થ ૪.આગમાર્થ ૫.ભાવાર્થ.

૧. **શબ્દાર્થ :** શબ્દોની વાક્ય રચના જે ભાવોને પ્રગટ કરે છે તે ભાવો ને સમજવા એ શબ્દાર્થ સમજવું.

૨. **નયાર્થ :** કયા નયનું કથન છે. તેમાં ભેદ-નિમિત્તાદિનો ઉપચાર બતાવનાર વ્યવહાર નયનું કથન છે કે વસ્તુ સ્વરૂપ બતાવનાર નિશ્ચય નયનું કથન છે એ નક્કી કરી અર્થ કરવો તે નયાર્થ છે.

૩. **મતાર્થ :** કોઈ મત અર્થાત્ માન્યતાને સિદ્ધ કરવાની મુખ્યતાને લઈને અથવા નિરસન કરવાની મુખ્યતાને લઈને આ રચના કરવામાં આવી છે તે ભાવને સમજવું એ મતાર્થ છે. અન્ય મતના કથન કરવું તે મતાર્થ.

૪. **આગમાર્થ :** અનંત ગુણાત્મક સિદ્ધ પરમેષ્ઠી સંસારથી મુક્ત થયા એ સિદ્ધાંતનો અર્થ પ્રસિદ્ધ છે એ ભાવાર્થ.

૫. **ભાવાર્થ :** જે ભાવ શ્લોકમાં છુપાયેલો છે તે ભાવને નિજ કલ્યાણ માટે હેય અથવા ઉપાદેય કયા પ્રકારે છે એ સમજીને એને હૃદયગમ કરવું એ થયો ભાવાર્થ.

૧૦. **નયોનું યથાર્થ જ્ઞાન :** આ છ દ્રવ્યાત્મક લોકમાં અનંત વસ્તુઓ છે. આ બધી વસ્તુઓ સામાન્ય વિશેષાત્મક છે. આ સામાન્ય વિશેષાત્મક વસ્તુઓ જ

પ્રમાણનો વિષય છે. જ્ઞાનનો વિષય અથવા જ્ઞેય છે. આ બધાને સમ્યક્ જાણવાવાળો જ્ઞાન જ પ્રમાણ છે. સમ્યક્ પ્રમાણ છે અને ' નય ' પ્રમાણનો એક દેશ છે.

નયના મુખ્ય બે પ્રકાર છે. ૧. નિશ્ચય નય ૨. વ્યવહાર નય.

વસ્તુનું યથાર્થ નિરૂપણ કરનાર-સત્ય નિરૂપણ કરનાર નિશ્ચય નય છે. જ્યારે તેમાં ભેદ પાડીને અથવા બીજામાં મિલાવટ કરીને જે નિરૂપણ કરવામાં આવે, ઉપચારથી જે નિરૂપણ કરવામાં આવે તે વ્યવહાર નય છે.

**નયોના જ્ઞાનની આવશ્યકતા :** સમસ્ત જિન આગમ નયોની ભાષામાં નિબદ્ધ છે. આગમના ગહન અભ્યાસ માટે નયોનું સ્વરૂપ જાણવું અત્યંત આવશ્યક છે. જિન આગમના મર્મને સમજવા માટે નયોનું સ્વરૂપ સમજવું અનિવાર્ય છે. યથાર્થ વસ્તુ સ્વરૂપ સમજવા નયોનું જ્ઞાન જરૂરી નહિ અનિવાર્ય છે.

આત્માના સમ્યક્ અવલોકન અર્થાત્ અનુભવને માટે પણ નય વિભાગ દ્વારા ભેદ જ્ઞાન કરવું પરમ આવશ્યક છે. વસ્તુ સ્વરૂપના પ્રતિપાદનમાં નયોનો પ્રયોગ જૈન દર્શનની મૌલિક વિશેષતા છે. વસ્તુ સ્વરૂપના પ્રતિપાદનમાં 'નય' પ્રમાણિક છે.

નયો વસ્તુના સ્વરૂપનું અનેકાંતપણું બતાવી સમ્યક્ એકાંત એવાં ત્રિકાળી ધ્રુવ સામાન્ય દ્રવ્યનો આશ્રય કરાવે છે. અને તે જ નયોને જાણવાનું પ્રયોજન છે.

૧૧. **અનેકાંતનું સ્વરૂપ :** અનેકાંત એટલે શું ?

જે નિત્ય છે તે જ અનિત્ય છે. જે એક છે તે અનેક છે. જે અભેદ છે એમાં જ ભેદ છે. જે કર્તા છે એ જ અકર્તા છે. એ પ્રકારે એક જ વસ્તુમાં વસ્તુત્વને ઉપજાવનાર પરસ્પર વિરૂદ્ધ શક્તિઓનું પ્રકાશીત થવું એ અનેકાંત છે.

પરસ્પર વિરૂદ્ધ અનેક શક્તિઓ હોવા છતાં પણ એ બધા પોતાની વસ્તુની જ પ્રસિદ્ધિ કરે છે અને અન્યની નહિ. અને એ વાતની જાહેરાત કરે છે કે વસ્તુ સ્વરૂપ જ અનેકાંતાત્મક છે. સ્વ અપેક્ષાએ પોતાનું સ્વમાં અસ્તિત્વ છે તો પરની અપેક્ષાએ સ્વનું પરમાં નાસ્તિત્વ છે. અને આ અનેકાંતને રજુ કરવાની શૈલીને સ્યાદ્વાદ શૈલી કહેવામાં આવે છે.

૧૨. તત્ત્વ નિર્ણય જ સમ્યગ્દર્શનનું કારણ છે.

આવી રીતે સર્વ પ્રથમ તો વસ્તુ વ્યવસ્થાને યથાર્થ સમજવી એ અત્યંત

આવશ્યક છે. જ્યાં સુધી સમજણમાં જ સ્પષ્ટીકરણપૂર્વક યથાર્થતા નહિ આવે ત્યાં સુધી એ તરફ શ્રદ્ધા અને રુચિ ઉત્પન્ન થવાનો પ્રશ્ન જ ઉભો થતો નથી. અને એ રુચિ અને શ્રદ્ધાને શાસ્ત્રીય ભાષામાં સમ્યગ્દર્શન કહે છે કે જે મોક્ષમાર્ગનું પ્રથમ સોપાન છે. મોક્ષમાર્ગની પ્રથમ સીડી છે.

પ્રથમ તો જીવ સમ્યક્ત્વનો અધિકારી તત્ત્વ વિચાર થવા પર જ થાય છે. ખરેખર બધા જ જીવોનું મુખ્ય કર્તવ્ય તો તત્ત્વ નિર્ણયનો અભ્યાસ જ છે. એનાથી દર્શન મોહનો ઉપશમ સ્વયમેવ થશે અને જ્યારે દર્શન મોહનો ઉપશમ હોય ત્યારે જ તત્ત્વાર્થનું યથાવત્ પ્રતીતિ અથવા શ્રદ્ધાન થાય છે.

તત્ત્વ નિર્ણય મોક્ષમાર્ગ પ્રગટ કરવા અત્યંત આવશ્યક છે. તત્ત્વ નિર્ણય માટે અધ્યયનની પદ્ધતિ જાણવી આવશ્યક છે. શાસ્ત્ર અભ્યાસ પણ નિજહિત-સ્વ કલ્યાણ કરવાની દૃષ્ટિથી જ કરવું કે જેથી યથાર્થ વસ્તુ વ્યવસ્થાનું નિર્ણય થઈ જાય અને અનાદિ કાળથી જે પરના લક્ષે રાગાદિ ભાવો ઉત્પન્ન થાય છે તેનો ક્ષય થઈ પર્યાયમાં ' વીતરાગતા ' પ્રગટ થાય.

જ્યાં સુધી આ નિર્ણય સુસ્પષ્ટ ન થાય ત્યાં સુધી સત્સમાગમ અને સ્વાધ્યાય દ્વારા જેમ બને તેમ આ નિર્ણય સ્પષ્ટ થવો અત્યંત આવશ્યક છે. આ નિર્ણય કરવામાં પોતાનો પૂર્ણ પુરૂષાર્થ લગાવી દેવો જોઈએ. મોક્ષના ઉપાયમાં પુરૂષાર્થની જ મુખ્યતા છે.

આ રીતે સ્પષ્ટ નિર્ણયની સાથે તત્ત્વ નિર્ણય થવાથી જીવને આંતરિક પૂર્ણ શ્રદ્ધા આવ્યા વગર રહેશે નહિ. આ જ સ્વાનુભૂતિ છે-સમ્યગ્દર્શન છે.

**૧૩. નિશ્ચય અને વ્યવહાર (નય) :**

૧. જૈન શાસ્ત્રોના અર્થ સમજવા નયોનું જ્ઞાન અનિવાર્ય છે.

૨. વસ્તુના એક દેશ (ભાગ) ને જાણવાવાળા જ્ઞાનને નય કહે છે. પ્રમાણ દ્વારા ગ્રહણ કરેલા પદાર્થના એક ધર્મને મુખ્યતાથી જે અનુભવ કરાવે તે નય છે. શ્રુત જ્ઞાનમાં જ નયરૂપ અંશ પડે છે.

૩. નયના મુખ્ય બે પ્રકાર છે. (૧) નિશ્ચય (૨) વ્યવહાર

૪. અભેદ અને અનુપચારરૂપથી વસ્તુનું નિશ્ચય કરવું અથવા સાચા નિરૂપણને નિશ્ચય નય કહેવામાં આવે છે. ભેદ અને ઉપચારથી - અનેક દ્રવ્યના અનેક ભાવો-કારણ-કાર્યાદિને મેળવીને કથન કરે તેને વ્યવહાર નય કહેવામાં આવે છે.

૫. પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ અનાદિ કાળથી છે જ, અને એનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે. અને જિનવાણીમાં વ્યવહાર નયનો ઉપદેશ શુદ્ધ નયનો હસ્તાવલંબન (સહાયક) જાણી બહુ કર્યો છે; પરંતુ તેનું ફળ સંસાર જ છે. શુદ્ધ નયનો પક્ષ તો આવ્યો જ નથી અને તેનો ઉપદેશ પણ વિરલ છે. શાસ્ત્રોમાં કોઈ કોઈ ઠેકાણે જ છે. શુદ્ધ નયના ગ્રહણનું ફળ મોક્ષ જાણી તેનો ઉપદેશ ઉપકારી ગુરૂએ પ્રધાનતાથી આપ્યો છે. શુદ્ધ નય ભૂતાર્થ છે, સત્યાર્થ છે. એનો આશ્રય કરવાથી જીવ સમ્યગ્દષ્ટિ થઈ શકે છે.

૬. અમુક જીવો એમ માને છે કે પહેલા વ્યવહાર નય પ્રગટ થાય છે, પછી વ્યવહાર નયના આશ્રયે નિશ્ચય નય પ્રગટ થાય છે અથવા તો પ્રથમ વ્યવહાર ધર્મ કરતા નિશ્ચય ધર્મ પ્રગટ થાય છે. તો તે માન્યતા ઠીક નથી, કારણ કે નિશ્ચય - વ્યવહારનું સ્વરૂપ તો પરસ્પર વિરૂદ્ધ છે.

૭. વ્યવહાર વિના નિશ્ચયનો પ્રતિપાદન નથી થતો અને વ્યવહારના નિષેધ વિના નિશ્ચયની પ્રાપ્તિ થતી નથી. વ્યવહારનો પ્રયોગ નહિ કરીએ તો વસ્તુ સમજમાં નહિ આવે, અને જો વ્યવહારનો નિષેધ નહિ કરીએ તો વસ્તુની પ્રાપ્તિ નહિ થાય.

૮. જો જિનમતને પ્રવર્તના ઈચ્છો તો નિશ્ચય - વ્યવહારમાંથી એકને પણ ન છોડો. કારણ કે વ્યવહાર વગર તીર્થનો લોપ થઈ જશે અને નિશ્ચય વિના તત્ત્વનો લોપ થઈ જશે. તીર્થનો અર્થ છે ઉપદેશ અને તત્ત્વનો અર્થ છે શુદ્ધાત્માનો અનુભવ. ઉપદેશની પ્રક્રિયા પ્રતિપાદન દ્વારા સંપન્ન થાય છે તથા પ્રતિપાદન કરવું વ્યવહારનું કામ છે. શુદ્ધાત્માનો અનુભવ નિશ્ચય નયના વિષયભૂત અર્થમાં એકાગ્ર થવા પર થાય છે. ત્રિકાળી ધ્રુવ નિજ શુદ્ધાત્મ વસ્તુના આશ્રયથી મોક્ષમાર્ગની પર્યાય પ્રગટ થાય છે.

૯. મિથ્યાત્વની અવસ્થામાં કોઈ પણ જીવને કદી ' સમ્યગ્ શ્રુતજ્ઞાન ' હોતુ નથી. જેને 'સમ્યગ્ શ્રુતજ્ઞાન' પ્રગટ થયું હોય તેને જ 'નય' હોય છે, કારણ કે ' નય' જ્ઞાન તે સમ્યક્ શ્રુતજ્ઞાનનો એક અંશ છે. અંશી વિના અંશ કેવો ? ' સમ્યક્ શ્રુતજ્ઞાન ' (ભાવ શ્રુતજ્ઞાન) થતાં જ બંને નયો એકી સાથે હોય છે. પ્રથમ અને પછી નહિ.

૧૦. વસ્તુ સ્વરૂપ તો એમ છે કે ચોથા ગુણસ્થાનથી જ નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ થાય છે અને તે જ સમયે સમ્યક્ શ્રુતજ્ઞાન પ્રગટ થાય છે. સમ્યક્

શ્રુતજ્ઞાનમાં બંને નયોના અંશનો સદ્‌ભાવ એકી સાથે હોય છે, આગળ પાછળ નહિ. નિજ આત્માના આશ્રયે જ્યારે ભાવ શ્રુતજ્ઞાન પ્રગટ થયું ત્યારે પોતાનો જ્ઞાયક સ્વભાવ તથા ઉત્પન્ન થયેલ જે શુદ્ધ દશા તે આત્મા સાથે અભેદરૂપ છે તેથી તે નિશ્ચય નયનો વિષય છે. અને પોતાની પર્યાયમાં જે અશુદ્ધતા અને અલ્પતા બાકી છે તે વ્યવહાર નયનો વિષય છે. એ પ્રમાણે બંને નયો જીવને એકી સાથે હોય છે. તેથી પ્રથમ વ્યવહાર નય અથવા વ્યવહાર ધર્મ અને પછી નિશ્ચય નય અથવા નિશ્ચય ધર્મ આમ વસ્તુ સ્વરૂપ નથી.

૧૧. મોક્ષમાર્ગ તો બે નથી પણ મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારથી છે. જ્યાં સાચા મોક્ષમાર્ગને મોક્ષમાર્ગ નિરૂપણ કર્યો છે તે નિશ્ચય મોક્ષમાર્ગ છે. તથા જ્યાં જે મોક્ષમાર્ગ નથી પરંતુ મોક્ષમાર્ગનું નિમિત્ત છે વા સહચારી છે તેને ઉપચારથી મોક્ષમાર્ગ કહીએ તે વ્યવહાર મોક્ષમાર્ગ છે, કારણ કે નિશ્ચય વ્યવહારનું સર્વત્ર એવું જ લક્ષણ છે. અર્થાત્ સાચું નિરૂપણ તે નિશ્ચય તથા ઉપચાર નિરૂપણ તે વ્યવહાર. માટે નિરૂપણની અપેક્ષાએ બે પ્રકારે મોક્ષમાર્ગ છે. પણ એક નિશ્ચય મોક્ષમાર્ગ અને એક વ્યવહાર મોક્ષમાર્ગ છે; એમ બે મોક્ષમાર્ગ માનવા મિથ્યા છે. વળી તે નિશ્ચય - વ્યવહાર બંને ને ઉપાદેય માને છે તે પણ ભ્રમ છે કારણ કે નિશ્ચય - વ્યવહારનું સ્વરૂપ તો પરસ્પર વિરોધતા સહિત છે.

૧૨. આત્માનું હિત નિશ્ચયથી જ થાય. આત્માનું હિત વ્યવહારથી ન થાય - તેના વગર પણ ન થાય. જેની જેટલી કિંમત તેટલી જ ચૂકવવી પડે. વધુ પણ નહિ - ઓછી પણ નહિ. વ્યવહાર રત્નત્રયથી નિશ્ચય રત્નત્રય થતું નથી એ ક્યારેય પણ ભૂલવું નહિ. વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય ન થાય. વ્યવહારથી ધર્મ કહ્યો છે નહિ તો બધા સ્વચ્છંદ થઈ જાય. નિશ્ચયે વીતરાગભાવ જ મોક્ષમાર્ગ છે, વીતરાગ ભાવો અને વ્રતાદિકમાં કથંચિત્ કાર્ય-કારણપણું (નિમિત્ત - નૈમિત્તિક) છે માટે વ્રતાદિકને મોક્ષમાર્ગ કહે છે પણ તે કહેવા માત્ર જ છે.

**૧૪. સાધક જીવની દૃષ્ટિ : (નય પક્ષ)**

૧. અધ્યાત્મમાં હંમેશા નિશ્ચય નય જ મુખ્ય છે. તેના આશ્રયે ધર્મ થાય છે. શાસ્ત્રોમાં જ્યાં વિકારી પર્યાયોનું વ્યવહાર નયથી કથન કરવામાં આવે ત્યાં

પણ નિશ્ચય નયને જ મુખ્ય અને વ્યવહાર નયને ગૌણ કરવાનો આશય છે - એમ સમજવું.

૨. પુરૂષાર્થ વડે પોતામાં શુદ્ધ પર્યાય પ્રગટ કરવા અર્થાત્ વિકારી પર્યાય ટાળવા માટે હંમેશા નિશ્ચય નય જ આદરણીય છે. તે વખતે બંને નયોનું જ્ઞાન હોય છે પણ ધર્મ પ્રગટાવવા માટે બંને નયો કદી આદરણીય નથી. વ્યવહાર નયના આશ્રયે કદી ધર્મ અંશે પણ થતો નથી, પરંતુ તેના આશ્રયે તો રાગ - દ્વેષના વિકલ્પો ઉઠે છે.

૩. છ દ્રવ્યો, તેમના ગુણો અને તેમના પર્યાયોના સ્વરૂપનું જ્ઞાન કરાવવા માટે કોઈ વખતે નિશ્ચય નયની મુખ્યતા અને વ્યવહાર નયની ગૌણતા રાખીને કથન કરવામાં આવે, અને કોઈ વખતે વ્યવહાર નયને મુખ્ય કરીને તથા નિશ્ચય નયને ગૌણ રાખીને કથન કરવામાં આવે; પોતે વિચાર કરે તેમાં પણ કોઈ વખતે નિશ્ચય નયની મુખ્યતા અને કોઈ વખતે વ્યવહાર નયની મુખ્યતા કરવામાં આવે; અધ્યાત્મ શાસ્ત્રમાં પણ જીવનો વિકારી પર્યાય જીવ સ્વયં કરે છે તેથી થાય છે અને તે જીવનો અનન્ય પરિણામ છે એમ વ્યવહાર નયે કહેવામાં - સમજાવવામાં આવે પણ તે દરેક વખતે નિશ્ચય નય એક જ મુખ્ય અને આદરણીય છે એમ જ્ઞાનીઓનું કથન છે.

૪. શુદ્ધતા પ્રગટ કરવા માટે કોઈ વખતે નિશ્ચય નય આદરણીય છે અને કોઈ વખતે વ્યવહાર નય આદરણીય છે - એમ માનવું તે ભૂલ છે. ત્રણ કાળે એકલા નિશ્ચય નયના આશ્રયે જ ધર્મ પ્રગટે એમ સમજવું.

૫. સાધક જીવો શરૂઆતથી અંત સુધી નિશ્ચયની જ મુખ્યતા રાખીને વ્યવહારને ગૌણ કરતા જાય છે, તેથી સાધક દશામાં નિશ્ચયની મુખ્યતાને જોરે સાધકની શુદ્ધતાની વૃદ્ધિ જ થતી જાય છે અને અશુદ્ધતા ટળતી જ જાય છે.

એ રીતે નિશ્ચય નયની મુખ્યતાને જોરે પૂર્ણ કેવળજ્ઞાન થતાં ત્યાં મુખ્ય - ગૌણપણું હોતું નથી. નય ચોથાથી બારમા ગુણસ્થાન સુધી હોય છે.

**૧૫.અનેકાન્ત અને એકાંત :**

અનેકાન્ત = અનેક + અંત = અનંત ધર્મો
એકાન્ત = એક + અંત = એક ધર્મ.

અનેકાન્ત અને એકાંત એ બંનેના બે બે ભેદો છે.

| | |
|---|---|
| ૧. સમ્યક્ અનેકાંત | ૧. સમ્યક્ એકાંત |
| ૨. મિથ્યા અનેકાંત | ૨. મિથ્યા એકાંત |

સમ્યક્ અનેકાંત તે પ્રમાણ છે. મિથ્યા અનેકાંત તે પ્રમાણનાભાસ છે.

સમ્યક્ એકાંત તે નય છે. મિથ્યા એકાંત તે નયાભાસ છે.

૧. **સમ્યક્ અનેકાંતનું સ્વરૂપ :** પ્રત્યક્ષ, અનુમાન તથા આગમ જ્ઞપ્રમાણથી અવિરૂદ્ધ એક વસ્તુમાં જે અનેક ધર્મો છે તેને નિરૂપણ કરવામાં તત્પર છે તે સમ્યક્ અનેકાંત છે. દરેક વસ્તુ પોતાપણે છે અને પરપાણે નથી. આત્મા સ્વ સ્વરૂપ છે અને પર સ્વરૂપે નથી. પર તેના સ્વરૂપે છે અને આત્માના સ્વરૂપે નથી - આ પ્રમાણે જાણવું તે સમ્યક્ અનેકાંત છે.

૨. **મિથ્યા અનેકાંત :** તત્ અને અતત્ સ્વભાવની જે ખોટી કલ્પના કરવામાં આવે તે મિથ્યા અનેકાંત છે. જીવ પોતાનું કરી શકે અને બીજા જીવનું પણ કરી શકે - એમાં જીવનું પોતાથી અને પરથી એમ બંનેથી તત્પણું થયું તેથી તે મિથ્યા અનેકાંત છે.

૧. **સમ્યક્ એકાંત :** પોતાના સ્વરૂપે હોવાપણું અને પરરૂપે નહિ હોવાપણું - આદિ વસ્તુનું જે સ્વરૂપ છે તેની અપેક્ષા રાખીને પ્રમાણ દ્વારા જાણેલ પદાર્થના એક દેશનો (એક પડખાંનો) વિષય કરનાર નય તે સમ્યક્ એકાંત છે. ' સિદ્ધ ભગવંતો એકાંત સુખી છે ' એમ જાણવું તે સમ્યક્ એકાંત છે. ' સંમ્યગ્જ્ઞાન તે ધર્મ છે ' એમ જાણવું તે સમ્યક્ એકાંત છે.

૨. **મિથ્યા એકાંત :** કોઈ વસ્તુના એક ધર્મનો નિશ્ચય કરી તે વસ્તુમાં રહેલાં અન્ય ધર્મોનો નિષેધ કરવો તે મિથ્યા એકાંત છે. ' સર્વ જીવો એકાંત સુખી છે ' એમ જાણવું તો મિથ્યા એકાંત છે. કેમ કે તેમાં અજ્ઞાની જીવો વર્તમાનમાં દુઃખી છે તેનો નકાર થાય છે. ' સમ્યગ્દર્શન વિનાનો ત્યાગ તે જ ધર્મ છે ' એમ જાણવું તે મિથ્યા એકાંત છે કેમ કે તે સમ્યગ્જ્ઞાન વિનાનો હોવાથી મિથ્યા ત્યાગ છે.

પ્રમાણ અને નય તે યુક્તિનો વિષય છે. તત્ત્વોનું યથાર્થપણું યુક્તિ દ્વારા નક્કી કરવાથી તત્ત્વોના ભાવોનું યથાર્થ ભાસન થાય છે.

**અનેકાંત :**

વસ્તુનું સ્વરૂપ અનેકાંત છે. જેમાં અનેક અંત એટલે કે ધર્મ હોય તે અનેકાંત કહેવાય છે.

**અનેકાંત શું બતાવે છે ? :**

૧. અનેકાંત વસ્તુને પરથી અસંગ બતાવે છે. અસંગપણાની સ્વતંત્ર શ્રદ્ધા તે અસંગપણાની ખીલવટનો ઉપાય છે; પરથી જુદાપણું તે વસ્તુનો સ્વભાવ છે.

૨. અનેકાંત વસ્તુને ' સ્વપણે છે અને પરપણે નથી ' એમ બતાવે છે. પરપણે આત્મા નથી તેથી પર વસ્તુનું કાંઈ પણ કરવા આત્મા સમર્થ નથી; અને પર વસ્તુ ન હોય તેથી આત્મા દુઃખી પણ નથી.

' તું તારાપણે છો ' તો ' પરપણે નથી ' અને પર વસ્તુ અનુકુળ હોય કે પ્રતિકુળ હોય તે ફેરવવા તું સમર્થ નથી. બસ! આટલું નક્કી કર તો શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ તારી પાસે જ છે.

૩. અનેકાંત વસ્તુને સ્વપણે સત્ બતાવે છે. સત્‌ને સામગ્રીની જરૂર નથી; સંયોગની જરૂર નથી. પણ સત્‌ને સત્‌ના નિર્ણયની જરૂર છે કે, ' સત્‌પણે છું, પરપણે નથી '.

૪. અનેકાંત વસ્તુને એક-અનેક સ્વરૂપ બતાવે છે. ' એક ' કહેતા જ ' અનેક ' ની અપેક્ષા આવી જાય છે. તું તારામાં એક છો અને તું તારામાં અનેક છો. વસ્તુથી ' એક ' છો અને તારા ગુણ પર્યાયથી અનેક છો.

૫. અનેકાંત વસ્તુને એક-અનેક સ્વરૂપ બતાવે છે, તેવી જ રીતે ' નિત્ય-અનિત્ય સ્વરૂપ ' બતાવે છે. પોતે નિત્ય છે અને પોતે જ પર્યાયે અનિત્ય છે. તેમાં જે તરફની રુચિ તે તરફનો પલટો (પરિણામ) થાય. નિત્ય વસ્તુની રુચિ થાય તો નિત્ય ટકનારી એવી ' વીતરાગતા ' થાય અને અનિત્ય એવા પર્યાયની રુચિ થાય તો ક્ષણિક એવા રાગ-દ્વેષ થાય.

૬. અનેકાંત દરેક વસ્તુની સ્વતંત્રતા જાહેર કરે છે. વસ્તુ સ્વથી છે પરથી નથી, તેમાં સ્વ અપેક્ષાએ દરેક વસ્તુ પરિપૂર્ણ જ છે.

૭. અનેકાંત એકેક વસ્તુમાં અસ્તિ-નાસ્તિ આદિ બે વિરુદ્ધ શક્તિઓ બતાવે છે. એક વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી બે વિરુદ્ધ શક્તિઓ થઈને જ તત્ત્વની પૂર્ણતા છે. એવી બે વિરુદ્ધ શક્તિઓનું હોવું તે વસ્તુનો સ્વભાવ છે.

૧૬. **અનેકાંત અને સમ્યક્ એકાંત :**

| | | | | |
|---|---|---|---|---|
| અનેકાન્ત | = | (અનેક + અંત) | = | અનેક ધર્મો |
| એકાંત | = | (એક + અંત ) | = | એક ધર્મ. |

**સમ્યક્ અનેકાન્ત :** પ્રત્યક્ષ, અનુમાન તથા આગમ પ્રમાણથી અવિરૂદ્ધ એક વસ્તુમાં જે અનેક ધર્મો છે, તેને નિરૂપણ કરવામાં તત્પર છે તે સમ્યક્ અનેકાંત છે. દરેક ચીજ પોતાપણે છે અને પરપણે નથી. આત્મા સ્વ સ્વરૂપે છે અને પર સ્વરૂપે નથી; પર તેના સ્વરૂપે છે અને આત્માના સ્વરૂપે નથી - આ પ્રમાણે જાણવું તે સમ્યક્ અનેકાંત છે.

**સમ્યક્ એકાંત :** પોતાના સ્વરૂપે હોવાપણું અને પરરૂપે નહિ હોવાપણું- આદિ વસ્તુનું જે સ્વરૂપ છે તે તેની અપેક્ષા રાખીને પ્રમાણ દ્વારા જાણેલ પદાર્થના એક દેશનો (એક પડખાંનો) વિષય કરનાર નય તે સમ્યક્ એકાંત છે.

ભરૂચના એક ભાઈ અંતરદૃષ્ટિ વગરના બાહ્ય ક્રિયામાં વિધિ-નિષેધના આગ્રહી હતા, તેમના એક પત્રમાં શ્રીમદ્ લખે છે કે -

**' અનેકાંતિક માર્ગ પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ કરાવવા સિવાય બીજા અન્ય હેતુએ ઉપકારી નથી.'**

આ એક લીટીમાં શ્રીમદ્દે સર્વજ્ઞના હૃદયનો મર્મ ગોઠવ્યો છે,બધા શાસ્ત્રોનો છેવટ નો સાર આમાં બતાવી દીધો છે. પાત્ર જીવ હોય તો તેનું રહસ્ય સમજી જાય.

ઘણાં જીવો શાસ્ત્રમાં કહેલા વ્યવહાર વ્રત, તપ, ઉપવાસાદિ ક્રિયામાં તેમજ આ ખપે ને આ ન ખપે - આમ બાહ્ય વિધિ-નિષેધના આગ્રહમાં વળગી રહે છે, તે તેમાં જ સર્વસ્વ માની લે છે. પરંતુ તે વ્રતાદિકમાં પર તરફ જતી લાગણીનો ભાવ તેમજ દેવ-ગુરૂ-શાસ્ત્રની શ્રદ્ધાનો ભાવ તે બધો શુભ રાગ છે, વિકાર છે; તેમાં જ ધર્મ માનીને અટકી પડ્યા છે તેને શ્રીમદ્ આ એક લીટી દ્વારા કોરડો મારીને અંતરમાં વાળવા માંગે છે. આ એક લીટીમાં કેટલું રહસ્ય રહેલું છે તેનું માપ બહારથી ન આવે.

સર્વજ્ઞ ભગવાને જે અનેકાંત માર્ગ કહ્યો છે તે સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ માટે જ ઉપકારી છે. અન્ય કોઈ હેતુએ ઉપકારી નથી.

આ વાતને થોડી વિસ્તારથી સમજીએ.

**અનેકાંત એટલે શું ? :**

વસ્તુમાં નિત્ય-અનિત્ય, તત્-અતત્, શુદ્ધતા-અશુદ્ધતા, અભેદ-ભેદ, દ્રવ્ય સ્વભાવ-પર્યાય સ્વભાવ......વગેરે બબ્બે પરસ્પર વિરૂદ્ધ ધર્મો એકી સાથે રહેલા છે તેનું નામ અનેકાંત છે.

આત્મા સ્વભાવે શુદ્ધ છે અને અવસ્થાએ વર્તમાન અશુદ્ધ છે - ઈત્યાદિ પ્રકારે બબ્બે પડખાં જાણીને એક સ્વભાવ તરફ વળવું તે જ પ્રયોજન છે, અને તેનું નામ સમ્યક્ એકાંત છે.

આત્મા સ્વભાવે શુદ્ધ અને અવસ્થાએ વર્તમાન અશુદ્ધ છે - એમ બબ્બે પડખાં જાણીને તેના વિકલ્પમાં અટકી રહે અને શુદ્ધ સ્વભાવ તરફ વળી નહિ, તો તેને નિજપદની પ્રાપ્તિ થાય નહિ, અને તેણે ખરેખર અનેકાન્તને જાણ્યો ન કહેવાય.

| | **૧. ત્રિકાળી શુદ્ધ :** | **વર્તમાનમાં અશુદ્ધતા :** |
|---|---|---|
| | (શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન | (હે પ્રભુ ! હે પ્રભુ ! |
| | સ્વયં જ્યોતિ સુખધામ, | શું કહું દિનાનાથ દયાળ; |
| | અનંત દર્શન જ્ઞાન તું | હું તો દોષ અનંતનું, |
| | અવ્યાબાધ સ્વરૂપ) | ભાજન છું કરૂણાલ) |
| | આ છે દ્રવ્ય સ્વભાવ. | આ છે પર્યાય સ્વભાવ. |

આ પ્રમાણે બેઉ પડખાં જાણીને..... પર્યાય સ્વભાવને ગૌણ કરીને, મુખ્ય સ્વભાવ તરફ દૃષ્ટિ કરતાં, તે તરફ સન્મુખ થતાં તે સ્વભાવની ભાવના ભાવતાં (આત્મ ભાવના ભાવતા, જીવ લહે કેવળજ્ઞાન રે !) પર્યાયમાં જે અશુદ્ધતા છે તે શુદ્ધ દ્રવ્ય સ્વભાવના આશ્રયે દૂર થાય છે. આ એનું પ્રયોજન છે.

| | **૨. નિત્ય :** | **અનિત્ય :** |
|---|---|---|
| | આત્મા સ્વભાવે નિત્ય | પર્યાયમાં ક્ષણિક અનિત્ય છે. |
| | ધ્રુવ અચલ છે. | પર્યાયનું આયુષ્ય એક સમયનું છે. |
| | જ્ઞાતા દૃષ્ટા-આનંદ સ્વરૂપ છે. | પુણ્ય-પાપના (શુભ-અશુભ) |
| | નિત્ય એ જ સમસ્વરૂપ છે. | વિકારી ભાવ પર્યાયમાં જ છે. |

આ રીતે એક નિત્ય પડખું અને બીજું અનિત્ય પડખું. 'આત્મા દ્રવ્યે નિત્ય છે, પર્યાયમાં પલટાય' એમ આત્મસિદ્ધિમાં આવે છે. આમ બંને પડખાં

જાણવા તે સમ્યક્ અનેકાંત છે, અને પછી નિત્ય સ્વભાવ તરફ વળી તેમાં એકાગ્રતા કરવી સમ્યક્ એકાંત છે. એ નિત્ય સ્વભાવમાં એકાગ્રતા કરતાં જ સ્વાનુભૂતિ થાય છે.

૩. **ઉપાદાન :**

ઉપાદાન એટલે આત્માની સહજ શક્તિ-પ્રત્યેક કાર્ય ઉપાદાનની યોગ્યતાથી જ થાય છે. ઉપાદાનને નિજ શક્તિ અથવા નિશ્ચય કહે છે. જ્યાં જુઓ ત્યાં ઉપાદાનનું જ બળ છે. પ્રત્યેક વસ્તુ સ્વતંત્રપણે પોતાની અવસ્થાને પ્રાપ્ત કરે છે. નિશ્ચયથી ઉપાદાન વિના કોઈ કાર્ય થતું નથી.

**નિમિત્ત :**

જ્યાં ઉપાદાનની યોગ્યતા હોય ત્યાં નિયમથી નિમિત્ત હોય છે. જે પદાર્થ સ્વયં કાર્યરૂપ ન પરિણમે પરંતુ કાર્યની ઉત્પત્તિમાં અનુકૂળ હોવાનો જેના પર આરોપ આવી શકે તેને નિમિત્ત કહેવામાં આવે છે. હાજરી અવશ્ય હોય છે પણ નિમિત્ત કાંઈ કરતું નથી. નિમિત્ત સાચું કારણ નથી. તે ઉપચારમાત્ર - વ્યવહારકારણ છે.

આવું ઉપાદાન અને નિમિત્તનું,બંનેનું, એકી સાથે હોવું જાણીને એક ઉપાદાન સ્વભાવ સન્મુખ વળવું પ્રયોજન છે. ઉપાદાન છે અને નિમિત્ત પણ છે એમ જાણીને જો તેના લક્ષે રોકાય,ને નિમિત્તનું લક્ષ છોડી પોતાના ઉપાદાનની દૃષ્ટિ પ્રગટ ન કરે તો નિજપદની પ્રાપ્તિ થાય નહિ. પોતાના ઉપાદાન સ્વભાવ તરફની એકતા પ્રગટ કર્યા વિના અનેકાંતનું સાચું જ્ઞાન થાય નહિ.

૪. **નિશ્ચય :**

નિશ્ચય એટલે યથાર્થ - વસ્તુ સત્યાર્થપણે જેમ હોય તેમ જ કહેવું. નિશ્ચય એટલે નિત્ય અભેદ દ્રવ્ય-શુદ્ધ ભાવ - વીતરાગભાવ-ખરેખરું જે સ્વરૂપ છે તે નિશ્ચય.

**વ્યવહાર :**

વ્યવહાર એટલે કે,વસ્તુ સત્યાર્થપણે તેમ ન હોય પણ પર વસ્તુ સાથે સંબંધ બતાવવા-મેળવીને કે ભેદ કરી કથન કરવું. સાચા દેવ-ગુરૂ-શાસ્ત્રની શ્રદ્ધા શુભ રાગરૂપ વ્યવહાર છે.

હવે નિશ્ચય અને વ્યવહાર બંને એકી સાથે જ છે. આ રીતે નિશ્ચય અને વ્યવહાર બંનેને જાણવા એ સમ્યક્ અનેકાંત છે. એ જાણીને અભેદ સ્વભાવની શ્રદ્ધા કરીને સ્વાશ્રય ભાવ પ્રગટ કરવો તે જ ધર્મ છે. તે સમ્યક્ એકાંત છે. સ્વાશ્રય ભાવ પ્રગટ કર્યા વગર આત્માનો અનુભવ ન થાય. નિશ્ચય નય - શુદ્ધ

નય ભૂતાર્થ છે - વ્યવહાર નય અભૂતાર્થ છે. જે જીવ ભૂતાર્થનો આશ્રય કરે છે તે જીવ નિશ્ચયથી સમ્યગ્દષ્ટિ છે. એમ જાણ્યા વિના જ્યાં સુધી જીવ વ્યવહારમાં મગ્ન છે ત્યાં સુધી આત્માના જ્ઞાન-શ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યક્ત્વ થઈ શકતું નથી.

**૧૭. ઉપસંહાર :**

૧. જીવ સમજે ત્યારે વર્તમાન અવસ્થામાં અશુદ્ધતા હોવા છતાં તેના આશ્રયે કલ્યાણ થતું નથી,પણ શુદ્ધ સ્વભાવના આશ્રયે જ કલ્યાણ થાય છે. માટે અશુદ્ધતા (રાગ) નો આશ્રય છોડી શુદ્ધ આત્માનો આશ્રય કરવો.

૨. જીવ સમજે ત્યારે પર્યાય સ્વભાવ હોવા છતાં તેના આશ્રયે કલ્યાણ થતું નથી, પણ દ્રવ્ય સ્વભાવ જે નિત્ય છે તેના આશ્રયે જ કલ્યાણ થાય છે. માટે પર્યાય દૃષ્ટિ છોડી-નિત્ય દ્રવ્ય સ્વભાવનો આશ્રય કરવો.

૩. જીવ સમજે ત્યારે નિમિત્ત હોવા છતાં તેના આશ્રયે કલ્યાણ થતું નથી. પણ ઉપાદાન-સ્વભાવના આશ્રયે જ કલ્યાણ થાય છે. માટે નિમિત્તના આશ્રયને છોડીને ઉપાદાનનો આશ્રય કરવો.

૪. જીવ સમજે ત્યારે શુભરાગરૂપ વ્યવહાર હોવા છતાં તેના આશ્રયે કલ્યાણ થતું નથી. પણ રાગરહિત નિશ્ચય સ્વભાવના આશ્રયે જ કલ્યાણ થાય છે. માટે વ્યવહારનો આશ્રય છોડીને - નિશ્ચયનો આશ્રય કરવો.

**સાર :**

૧. અવસ્થામાં અશુદ્ધતા હોવા છતાં આત્મા સ્વભાવથી શુદ્ધ જ છે અને અશુદ્ધ અવસ્થામાં પણ ' હું શુદ્ધ છું ' એવો નિર્ણય થઈ શકે છે.

૨. પર્યાયમાં અનિત્યતા હોવા છતાં આત્મા સ્વભાવથી નિત્ય જ છે અને એ અનિત્ય પર્યાયમાં પણ ' હું નિત્ય છું ' એવો નિર્ણય થઈ શકે છે.

૩. પર નિમિત્ત હોવા છતાં આત્મા સ્વ સંવેદ્ય છે-ઉપાદાન પોતાની તાકાતથી-સહજ શક્તિથી સમજે તે વખતે પર નિમિત્ત હોય પણ નિમિત્ત કાંઈ કરે નહિ, નિમિત્તની હાજરી હોવા છતાં એવો નિર્ણય થઈ શકે છે,' કાર્ય ઉપાદાનથી જ થાય છે.'

૪. રાગરૂપ વ્યવહાર હોવા છતાં - નિશ્ચયના અવલંબને જ ધર્મ થાય છે. સમજવા ટાણે સાચા દેવ-ગુરૂ-શાસ્ત્રની શ્રદ્ધા વગેરે શુભ રાગરૂપ વ્યવહાર હોય પણ ધર્મ તો નિશ્ચય સ્વભાવના આશ્રયે જ થાય છે.

આ પ્રમાણે બબ્બે પડખાં હોવા છતાં અશુદ્ધતા, નિમિત્ત કે રાગ હું નહિ - શુદ્ધ,ઉપાદાન-નિશ્ચય સ્વભાવ તે હું ' એવી શ્રદ્ધા કરીને સ્વાશ્રય ભાવ પ્રગટ કરવો તે ધર્મ છે. અનેકાંતિક માર્ગ હોવા છતાં સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ માટે જ તે ઉપકારી છે.

**૧૮. દ્રવ્યના સ્વતંત્ર પરિણમનનો સિદ્ધાંત :**

૧. ખરેખર પરિણામ છે તે જ નિશ્ચયથી કર્મ છે.

૨. પરિણામ પોતાના આશ્રયભૂત પરિણામીનું જ હોય છે-અન્યનું નહિ.

૩. વળી કર્મ કર્તા વિના હોતું નથી.

૪. તેમજ વસ્તુની એકરૂપ સ્થિતિ હોતી નથી.

૫. માટે વસ્તુ પોતે જ પોતાના પરિણામરૂપ કર્મની કર્તા છે એ સિદ્ધાંત છે.

૬. વસ્તુ સહજ દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વરૂપ છે. પ્રતિ સમય પલટીને (પરિણમીને) કાયમ રહે એવો વસ્તુનો સહજ સ્વભાવ છે.

આ દ્રવ્યના સ્વતંત્ર પરિણમનથી એ સાર નીકળે છે :-

૧. પર દ્રવ્યનું કર્તા પર દ્રવ્ય ત્રણ કાળમાં નથી.

૨. પર દ્રવ્યનો કર્તા આત્મા ત્રણ કાળમાં નથી.

૩. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે નહિ.

| | |
|---|---|
| હું કોઈને સુખી ન કરી શકું | હું કોઈને દુઃખી ન કરી શકું. |
| મને કોઈ સુખી ન કરી શકે. | મને કોઈ દુઃખી ન કરી શકે. |

આ મૂળ વાત છે. તે સિવાય અન્ય જે પણ માનીએ એ મિથ્યાત્વ છે. અને મિથ્યાત્વ એ પાપનું-દુઃખનું મૂળ છે.

**વિશેષ :**

૧. જે પરિણમે છે તે કર્તા છે.(પરિણમનારનું)

૨. જે પરિણામ છે તે કર્મ છે.

૩. જે પરિણતિ છે તે ક્રિયા છે. એ ત્રણેય વસ્તુપણે ભિન્ન નથી.

આત્માના તથાવિધ પરિણામ તે જીવમયી ક્રિયા, કેમ કે સર્વ દ્રવ્યના પરિણામ લક્ષણ તે ક્રિયા છે. આત્માના પરિણામ તે આત્માની ક્રિયા હોવાથી જીવમયી ક્રિયા કહેવાય છે.

જે દ્રવ્યની જે પરિણામરૂપ ક્રિયા છે તેનાથી તે દ્રવ્ય તન્મય છે, એ કારણે જીવ પણ તન્મય હોવાથી તે જીવમય ક્રિયા તે જીવની (આત્માની) ક્રિયા છે.

સર્વ પદાર્થ અર્થક્રિયા સંપન્ન છે, કંઈને કંઈ પરિણામ ક્રિયા સહિત જ સર્વ પદાર્થમાં જોવામાં આવે છે; આત્મા પણ ક્રિયા સંપન્ન છે. આત્માના ગુણ છે જ્ઞાન અને દર્શન. તો આત્મા શું કરે બીજું? માત્ર જાણે અને દેખે ! આત્માની ક્રિયા માત્ર જાણવાની છે. તે જ્ઞાતા દૃષ્ટા છે.

વસ્તુની એવી જ મર્યાદા હોવાને લીધે ક્રિયા અને કર્તાનું અભિન્નપણું સદાય તપતું હોવાથી જીવ જેમ વ્યાપ્ય-વ્યાપક ભાવથી પોતાના પરિણામને કરે છે અને ભાવ્ય-ભાવક ભાવથી તેને જ ભોગવે (અનુભવે) છે.

પરંતુ જો વ્યાપ્ય-વ્યાપક ભાવથી પુદ્ગલ કર્મને જીવ કરે અને ભાવ્ય -ભાવકભાવ થી તેને જ ભોગવે તો તે જીવ-પોતાની અને પરની ભેગી મળેલી બે ક્રિયાથી અભિન્નપણાનો પ્રસંગ આવતા સ્વ-પરનો પરસ્પર વિભાગ અસ્ત થઈ જવાથી (નાશ પામવાથી), અનેક દ્રવ્ય સ્વરૂપ એક આત્માને અનુભવતો થકો મિથ્યા દૃષ્ટિપણાને લીધે સર્વજ્ઞના મનની બહાર છે.

બે દ્રવ્યોની ક્રિયા ભિન્ન જ છે. જડની ક્રિયા ચેતન કરતું નથી, ચેતનની ક્રિયા જડ કરતું નથી. જે પુરૂષ એક દ્રવ્યને બે ક્રિયા કરતું માને છે તે મિથ્યાદૃષ્ટિ છે. કારણ કે બે દ્રવ્યની ક્રિયા એક દ્રવ્ય કરે એમ માનવું તે જિનનો મત નથી.

" જ્ઞાનક્રિયાભ્યામ્ મોક્ષઃ " એ સૂત્રમાં જ્ઞાનનો અર્થ ' સમ્યગ્જ્ઞાન ' અને ક્રિયાનો અર્થ ' સ્થિરતારૂપ વર્તમાન વર્તતી ચારિત્રની અવસ્થા' થાય છે. અને એ રીતે સર્વ વિકારનો નાશ થાય છે તે પવિત્રતાનું નામ 'મોક્ષ' થાય છે.

જે કાંઈ પણ કાર્ય થાય છે તે ઉપાદાનની યોગ્યતાથી જ થાય છે. ત્યારે નિમિત્તની હાજરી હોય છે પણ નિમિત્ત કાંઈ કરતું નથી. આ સિદ્ધાંત છે. તે છતાં નિમિત્તને કર્તાપણાની ભૂલના કારણ શું ? તે આ પ્રમાણે છે.

૧. કાર્યની અનુકૂળતા (નિમિત્તની હાજરીમાં).

૨. અનિવાર્ય ઉપસ્થિતિ (પાંચ સમવાયમાં નિમિત્ત એક છે.).

૩. કાર્યની સન્નિકટતા (કાર્યની સન્મુખ જ હોય છે.).

૪. જિનવાણીમાં નિમિત્ત પ્રધાન કથનની બહુલતા (જીવને જલદી સમજાય એ પ્રયોજનથી).

૫. નિમિત્ત-નૈમિત્તિક સંબધોની ઘનિષ્ટતા તથા આગમમાં અને લોકમાં એવા કથનોની બહુલતા.

૬. કૃતજ્ઞા જ્ઞાપનની પ્રવૃત્તિ - (ઉપકારની પ્રવૃત્તિરૂપ ભાવના).

૭. પ્રેરક નિમિત્તોની અહંભાવના - (મારા થકી જ થયું ).

૮. અનાદિ કાળથી પર પદાર્થોમાં કતૃત્વ બુદ્ધિ.

૯. જે નિમિત્ત - ઉપાદાનના પૂર્વચર, ઉત્તરચર અને સહચર હોય છે તેમાં સહજ કર્તાપણાની ભ્રાંતિ થઈ જાય છે.

## ૯ તત્ત્વનો નિર્ણય કરવા જીવે પ્રથમ શું કરવું ?

૧. પહેલાં તત્ત્વ જ્ઞાનનો ઉપાય કરવો અને પછી કષાય ઘટાડવા પ્રયત્ન કરવો.

૨. જૈન ધર્મમાં તો એવો ઉપદેશ છે કે પહેલા તત્વજ્ઞાની થાય પછી જેનો ત્યાગ કરે તેના દોષ ઓળખે, ત્યાગ કરવાથી જે ગુણ થાય તેને જાણે અને પોતાના પરિણામોનો વિચાર કરે.

૩. તત્ત્વજ્ઞાન થયા પછી જ આચરણ કાર્યકારી છે.

૪. હેય-ઉપાદેય તત્ત્વોની પરીક્ષા કરવી યોગ્ય છે, ત્યાં જીવાદિ દ્રવ્યો તથા તત્ત્વોને પિછાણવાં, ત્યાગવા યોગ્ય મિથ્યાત્વ, રાગાદિ તથા ગ્રહણ કરવા યોગ્ય સમ્યગ્દર્શનાદિકના સ્વરૂપ જેમ છે તેમ પિછાણવાં; જે જાણવાથી મોક્ષમાર્ગની પ્રવૃત્તિ થાય તેને અવશ્ય જાણવાં, ' પ્રમાણ નયો વડે જાણવાં '.

૫. જીવનું કર્તવ્ય તો તત્ત્વ નિર્ણયનો અભ્યાસ જ છે અને ત્યારે દર્શન મોહકર્મનો ઉપશમ તો સ્વયં જ થાય છે.

૬. હવે સર્વ પ્રકારથી અવસર આવ્યો છે, આવો અવસર પામવો કઠણ છે. તેથી શ્રી ગુરૂ દયાળુ થઈ મોક્ષમાર્ગ ઉપદેશે છે, તેમાં ભવ્ય જીવોએ પ્રવૃત્તિ કરવી.

૭. પ્રથમ તો આજ્ઞાદિ વડે વા પરિક્ષા વડે કુદેવાદિની માન્યતા છોડી અરિહંત દેવાદિનું સ્વરૂપ જાણી તેનું શ્રદ્ધાન કરવું. પછી જિનમતમાં કહેલાં જીવાદિ તત્ત્વોનો વિચાર કરવો, પછી સ્વ-પરનું ભિન્નપણું જેથી ભાસે તેવા વિચારો કરવા કારણ કે એ અભ્યાસથી ભેદ જ્ઞાન થાય છે. ત્યાર પછી સ્વમાં સ્વપણું માનવા અર્થે વિચાર કર્યા કરવો, કારણ કે એ નિરંતર અભ્યાસથી આત્માનુભવની પ્રાપ્તિ થાય છે. એ અનુભૂતિ એ જ સમ્યગ્દર્શન છે, તે જ આત્મજ્ઞાન છે. અહીંયા શ્રદ્ધા ગુણની પર્યાય પૂર્ણરૂપે પરિણમી જાય છે અને જીવ પહેલા ગુણસ્થાને થી સીધો ચોથા ગુણસ્થાને પહોંચે છે અને એ શ્રદ્ધા ચૌદમા ગુણસ્થાનક સુધી એવી જ રહે છે.

૮. આત્મજ્ઞાની ગુરૂનો યોગ મળવા છતાં પણ જે જીવ જિનવાણી સાંભળતો નથી તે દૃષ્ટ ચિત્ત છે; અથવા જે સંસાર ભયથી શ્રી તીર્થંકર આદિક ભવ્ય જીવો કર્યા તે સંસાર ભયથી જે રહિત છે તે મોટો સુભટ છે.

૯. જીવનું મુખ્ય કર્તવ્ય તો આગમજ્ઞાન જ છે, એ થતાં તત્ત્વોનું શ્રદ્ધાન થાય છે, તત્ત્વ શ્રદ્ધાન થતાં સંયમ ભાવ થાય છે અને તે આગમથી આત્મજ્ઞાનની પણ

પ્રાપ્તિ પણ થાય છે કે જેથી સહજ મોક્ષની પ્રાપ્તિ થાય છે.

૧૦. જો અભ્યંતરને માટે પ્રયાસ નથી, તો સર્વ ક્રિયાકાંડ આડંબરમાં પરિણત થઈ જાય છે. સર્વ પ્રયત્નોનો ઉદ્દેશ સ્વાત્મ ઉદ્દેશ જ હોવો જોઈએ.

૧૧. સર્વ કાર્યની પહેલાં દઢતા સહિત સ્વાત્મ બોધ કરવો જોઈએ કે ' હું છું જ '. જ્યાં સુધી પોતાની સત્તાનો નિર્ણય ન થાય ત્યાં સુધી અંધકારનો નાશ મુષ્ટિથી કરવા મથવા જેવો મૂર્ખાઈવાળો છે.

૧૨. તેથી બને ત્યાં સુધી તે ઔપાધિક ભાવોનું યથાર્થ જ્ઞાન કરવું તે જ મોક્ષમાર્ગની પ્રથમ સીડી છે. ઔપાધિક ભાવોના ત્યાગ વગર આપણે સમ્યગ્દર્શનના પાત્ર થઈ શકતા નથી.

જીવ જ્યારે સુપાત્રપણું મેળવે છે ત્યારે જ શાસ્ત્રનો મર્મ તે સમજી શકશે. તેમાંથી સુવિચારણા પ્રગટ થઈ નિજ જ્ઞાન પ્રગટે છે. જ્યાં સુધી યથાર્થ જ્ઞાન-શ્રદ્ધાનની પ્રાપ્તિરૂપ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાં સુધી તો જેમનાથી યથાર્થ ઉપદેશ મળે છે એવા જિન વચનોનું સાંભળવું, ધારણ કરવું; શ્રી જિનગુરૂ ભક્તિ, જિનબિંબના દર્શન ઈત્યાદિ શુભ ભાવરૂપ વ્યવહાર માર્ગમાં પ્રવૃત થવું પ્રયોજનવાન છે. વ્યવહાર જાણવા જેવો છે પણ અનુસરવા લાયક નથી - શ્રદ્ધામાં તો તે હેય જ છે. અહીં વ્યવહારનું અવલંબન છોડાવી પરમાર્થે પહોંચાડે છે એમ સમજવું.

આત્માનું સ્વરૂપ સમજ્યા વિના કોઈ જીવે વ્રત કર્યા, અને તેનું ફળ સમ્યગ્દર્શન થયું એવો એક પણ દાખલો નથી કેમ કે બાળ વ્રતનું ફળ સમ્યગ્દર્શન હોઈ શકે નહિ. જે જીવોને વ્રત ન હતાં તેઓએ જ્ઞાની પુરૂષોનો યથાર્થ ઉપદેશ સાંભળી, તત્ત્વ વિચારી સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું એવા દાખલા મોજુદ છે,

જેમ કે :-

૧. શ્રી કૃષ્ણ-વાસુદેવ, કાંઈ પણ વ્રત નહોતું છતાં શ્રી નેમિનાથ ભગવાનનો ઉપદેશ સાંભળી સમ્યગ્દર્શન પામ્યા.

૨. શ્રી શ્રેણિક મહારાજા, કાંઈ પણ વ્રત નહોતું છતાં શ્રી મહાવીર ભગવાનના પાદમૂલ્યે ક્ષાયિક સમ્યગ્દષ્ટિપણું પામ્યા.

અનેક દ્રવ્યલિંગી ભવ્ય કે અભવ્ય મુનિઓ પાંચ મહાવ્રત પાળે છે, તેનું ફળ નવમી ગ્રૈવેયકે દેવ થાય એમ જાણાવ્યું છે, પણ સમ્યગ્દષ્ટિપણું જાણાવ્યું નથી.

આનો અર્થ એ નથી કે શુભ ભાવ જે હોય તે છોડી પાપ કરવાં, પણ તે શુભ ભાવ સમ્યગ્દર્શનનું કારણ નથી એમ સમજી, આત્માનું તત્ત્વ શું છે તે બરાબર સમજી સમ્યગ્દર્શન પ્રગટ કરવું. શુભ ભાવને ધર્મ માનવો એ શ્રદ્ધા ગુણની વિપરીત માન્યતા છે.

'બાહ્ય વ્રત વધારે લેવાથી મિથ્યાત્વ ગાળીશું' એમ જીવ ધારે પણ તેમ બને નહિ; જેમ પાડાને એક બંધનથી બાંધી જો ત્યારે આધીન થઈ જાય; તેમ મિથ્યાત્વરૂપી પાડાને આત્માના બળરૂપી બંધનથી બાંધીએ ત્યારે આધીન થાય, અર્થાત્ આત્માનું બળ વધે ત્યારે મિથ્યાત્વ ઘટે. વસ્તુનું જેવું સ્વરૂપ છે તેવું યથાર્થ જાણી તેનું શ્રદ્ધાન કરવાથી સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. પ્રથમ દર્શન મોહનીય તુટ્યાં પછી ચારિત્ર મોહનીય (રાગ) નો ક્રમે કરીને નાશ થાય છે અને પૂર્ણ વીતરાગતા પ્રાપ્ત થાય છે. આ જ ઉપાય છે.

# ૧૦ સમ્યક્ત્વ પ્રાપ્ત કરનાર આત્માર્થી કેવો હોય ?

જીવને યોગાનુયોગ અથવા પ્રયત્નપૂર્વક યથાર્થ સત્સંગનો યોગ હોય છે. તેમાંથી આત્મ ઉન્નતિની પરિણામ શ્રેણી શરૂ થાય છે. આ પરિણામ શ્રેણીની વિશેષતા એ છે કે તે પરિણામોની પ્રત્યેક ભૂમિકામાં દર્શનમોહ અધિક અધિક મંદ થઈ જ્ઞાનમાં નિર્મળતા વધતી જાય છે. આનો ક્રમ આ પ્રમાણે છે.

૧. **ચિંતના :** કોઈ પણ સાધક જીવ જ્યારે એવું જીવન જીવે કે અંતરંગમાં મોક્ષ સિવાય બીજી કોઈ પણ ઈચ્છા ન હોય ત્યારે તે સાધક ખરેખર મુમુક્ષુ કહેવાય. મતલબ કે અભિપ્રાયમાં મોક્ષની પ્રાપ્તિ સિવાય બીજું કાંઈ ન રહે, ત્યારે મુમુક્ષુતા પ્રગટે છે. હવે ભવભ્રમણનો નાશ કરવાની ચિંતના શરૂ થાય છે. અને તે ચિંતના ઉગ્ર થઈને વેદના અને ઝુરણા ઉત્પન્ન કરે છે. આ સ્થિતિ થવા પાછળ વિવેકપૂર્વક ની સુવિચારણા રહેલી છે. સહજ જ પરિભ્રમણથી મુક્ત થવાની જિજ્ઞાસા વેદનાપૂર્વક ઉત્પન્ન થાય છે.

૨. **ઉદાસીનતા :** સમસ્ત ઉદયના કાર્યોમાં સહજ જ નિરસપણું થઈ જાય છે. અને સહજ ઉદાસીનતાનો ક્રમ આ સ્તરે શરૂ થાય છે. પંચેન્દ્રિયના વિષયોમાં આસક્તિ અને રસના પરિણામ એકદમ ફીક્કા પડી જાય છે. સંસારની ઉપાસનાનો અભિપ્રાય અને સ્વછંદ શિથિલ થઈ જાય છે. પરિણામે કષાયો મંદ પડતા જાય છે-શાંત થતા જાય છે. જગતના બીજા દ્રવ્યો સાથે મારે ખરેખર કોઈ કર્તા-કર્મ સંબંધ નથી માત્ર જ્ઞાતા-જ્ઞેય કે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોવાથી- એવા નિર્ણયના આધારે જગત પ્રત્યે સહજ ઉદાસીનતા આવે છે.

૩. **માત્ર મોક્ષ અભિલાષ :** ઉદાસીનતાના કારણથી દેહાદિ સંયોગો જાળવવા અને વધારવાના કાર્યોમાં સાવધાની છૂટીને જીવ મુક્ત થવાના નિર્ણયમાં આવે છે અને પરિપૂર્ણ શુદ્ધ દશા પ્રાપ્ત કરવાનું ધ્યેય બાંધે છે. "હવે મારે આ જગતમાંથી કાંઈ પણ જોઈતું નથી, એક મારો આત્મા જ જોઈએ છે" એવી દૃઢ વૃત્તિથી જ અંતઃકરણની શુદ્ધિ થાય છે. " એક માત્ર મોક્ષ અભિલાષ " હોવાથી માત્ર મોક્ષને વિષે જ અભિપ્રાયપૂર્વક પ્રયાસ ચાલે છે. આ ભૂમિકામાં વિપરીત અભિપ્રાયોનો પલટો સારી રીતે થાય છે.

૪. **સંવેગપૂર્વક લગની :** હવે સ્વરૂપ પ્રાપ્તિની અપૂર્વ ભાવના અંતરના ઊંડાણમાંથી જાગે છે. માત્ર નિજ ચૈતન્યમાંથી જ ચૈતન્યની ભાવના ઉત્પન્ન થયેલી હોવાથી

જીવ સંવેગપૂર્વક પોતાના ધ્યેય પ્રત્યે પૂરી લગનીથી લાગે છે.

૫. **નિજ હિતની દષ્ટિ :** પૂર્ણતાનું લક્ષ નિરંતર રહેતું હોવાને લીધે, નિજ હિતના પ્રયોજનની દૃષ્ટિ અહીંથી પ્રાપ્ત થાય છે. આ દૃષ્ટિ તીક્ષ્ણપણે અને સૂક્ષ્મપણે પ્રવર્તતી થકી પોતાને અહિતથી બચાવે છે. ઉદય કાર્યોની પ્રવૃત્તિ કરવી પડે તેમાં થાક લાગે છે અને તેવો ઉદય જો લંબાય તો ત્રાસરૂપ અનુભવાય છે. જેથી સંસાર બળ ઘટતું જ જાય છે. સ્વરૂપની પ્રાપ્તિ સિવાય જગતના બધાં પદાર્થો હીન લાગે છે. મારૂં સુખ મારા આત્મામાં જ છે એ વાત નિશ્ચિત થઈ હોવાથી પરમાંથી સુખ બુદ્ધિ નીકળી જાય છે.

૬. **સત્પુરૂષની શોધ :** નિજ હિતના દષ્ટિકોણને લીધે એક અત્યંત મહત્ત્વપૂર્ણ અંતરસૂઝ ઉત્પન્ન થાય છે. જેને લીધે આત્મજ્ઞાની સત્પુરૂષના ચરણકમળના સાનિધ્યમાં રહેવાનો અભિપ્રાય થઈ આવે છે. વિવેકપૂર્વક તે જીવ માત્ર સત્પુરૂષ ને જ ઈચ્છે છે અને તેની શોધ કરે છે. અને તેની ઓળખાણ પડી જાય તો પરમ પ્રેમે તેને ચાહે છે. પૂર્ણ આજ્ઞાકારિતામાં રહીને - સ્વચ્છંદ નિરોધપણે ભક્તિ ભાવે સત્સંગને ઉપાસે છે. તેમના ગમે તેવા વચનોમાં સમ્યક્ પ્રતીતિ રહે છે. આ ભૂમિકામાં દર્શન મોહ અત્યંત મંદપણાને પામે છે. સત્પુરૂષના પ્રત્યક્ષ યોગનું મહત્વ અનુભવથી સમજાય છે. તેને અન્ય વિકલ્પે કરીને માર્ગ પ્રાપ્ત કરવાનો અવિચારી અભિપ્રાય થતો નથી. સત્પુરૂષનું શરણ લેવાથી સ્વછંદતા અને કર્તૃત્વ બુદ્ધિનો અભાવ થઈ જાય છે.

૭. **યર્થાથતા :** હવે સમજણની યથાર્થતા ઉત્પન્ન થાય છે. તેથી સત્પુરૂષના વચનો શાસ્ત્ર વચનો પ્રયોજન સિદ્ધ થાય તે પ્રકારે સમજાય છે. અધ્યાત્મ તત્ત્વનો રસ અને રુચિ વૃદ્ધિગત થતા જાય છે. દર્શનમોહનો અનુભાગ ઘટતાં મુમુક્ષુને યોગ્ય જ્ઞાનની નિર્મળતા પ્રાપ્ત થાય છે.

૮. **અવલોકન :** સ્વરૂપ પ્રાપ્તિની તીવ્ર ભાવના ઉત્પન્ન થઈ હોવાથી હવેની ભૂમિકામાં એક નવી જાગૃતિ આવી જાય છે. જેથી પોતાના સર્વ પરિણામોમાં અપક્ષપાતપણે (મધ્યસ્થ ભાવે) અવલોકન એટલે ચાલતા પરિણામોમાં થતા અનુભવને દેખવો. અવલોકનના અભ્યાસપૂર્વક ભાવો જ્યારે અનુભવ પદ્ધતિએ સમજાય છે ત્યારે તે તે ભાવોનું ઊંડાણ હાથમાં આવે છે. ઉદય ભાવોમાં આવતો વિભાવ રસ અવલોકન કાળે પકડવાથી તે યથાર્થપણે એકદમ મોળો પડે છે. તત્ત્વજ્ઞાનનો અભ્યાસ પણ અંતર અવલોકનપૂર્વક ચાલે છે. આ રીતે પ્રયોગપૂર્વક પ્રયોગની સરાળે ચડાવીને નિર્ણય થાય છે તે નિર્ણય યથાર્થ નિર્ણય હોય છે.

૯. **વૈરાગ્ય :** જો કે મૂળથી વૈરાગ્યની ક્રમિક શરૂઆત તો પરિભ્રમણની ઝુરણાકાળે સહજ થઈ ગઈ હોય છે પરંતુ અવલોકનના સ્તરે આ વૈરાગ્ય અને ઉદાસીનતા ક્રમના આગળના તબક્કામાં પ્રવેશે છે. સત્ સ્વરૂપની ઊંડી જિજ્ઞાસાને લીધે પોતાના પ્રયોજનભૂત વિષયને તો સૂક્ષ્મ ઉપયોગથી, ઊંડી રુચિથી અને ઊંડા મંથનપૂર્વક પકડતો હોય છે. વૈરાગ્ય સાથે મુમુક્ષુતાનો વિકાસ સહજ થાય તેવા પરિણામો સહજ આપોઆપ ઉત્પન્ન થાય છે. અહીંથી ભેદ જ્ઞાનની પૂર્વ ભૂમિકા ચાલુ થાય છે. વિકલ્પ માત્રમાં દુઃખ લાગે છે. સ્વકાર્ય કરવાની શીઘ્ર વૃત્તિ હોવાથી-સ્વકાર્યની તત્પરતાના પરિણામ ચાલુ રહે છે. અંતર-બાહ્ય નિવૃત્તિની ચાહનાપૂર્વક સ્વકાર્ય કરવાની ધગશ રહ્યા કરે છે. પાત્રતાના આનુષંગિક પરિણામોમાં બ્રહ્મચર્યની ચાહના રહે છે. જ્ઞાનમાં મધ્યસ્થતા અને નિર્માનતા કેળવાતી જાય છે. એકાંતપ્રિયતા અને અલ્પ પરિચયી વૃત્તિ રહે છે. રાગ-રસ મંદ થયો હોવાથી આહાર, વિહાર અને નિહારમાં નિયમિતતા રહે છે. સામાન્ય જગતના જીવથી અને સામાન્ય મુમુક્ષુથી વિશેષ યોગ્યતાવાળો હોવા છતાં પોતાના ગુણોને અને ગુરૂતાને ગોપવે છે. તથા પ્રકારની માન અને પ્રસિદ્ધિથી દુર રહેવા ચાહે છે. તેમ થવામાં ક્યાંય આડંબર કે કૃત્રિમતા ન થાય તેવી વિચક્ષણતા પણ રખાય છે. તત્ત્વ જ્ઞાનના અભ્યાસ કાળે ક્યાંય પૂર્વાપર વિરોધતા ભાસતી નથી કે અસમાધાન થતું નથી. નિઃશંકતા આવી જવાથી, આગામી ભવોમાં નીચ ગતિ સંબંધી પોતાને શંકા પડતી નથી. આવી નિઃશંકતાને જ્ઞાનીઓ એ મુક્તિના ભણકારા ગણાવ્યા છે.

**પાંચ લબ્ધિઓનું સ્વરૂપ (ક્રમબદ્ધ વિકાસ) :**

૧. જ્ઞાનનો ઉઘાડ ........................................ ક્ષયોપશમ લબ્ધિ

૨. કષાયની મંદતા-મોહનું મંદ થવું ..................... વિશુદ્ધિ લબ્ધિ

૩. સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું નિમિત્ત સાચો ઉપદેશ-સાત તત્ત્વોની યથાર્થ સમજણ.............. દેશના લબ્ધિ

૪. સુવિચારણા-યુક્તિનું અવલંબન-તત્ત્વનો નિર્ણય, નિજ જ્ઞાન-નય પ્રમાણનું જ્ઞાન ............ પ્રાયોગ્ય લબ્ધિ

૫. રુચિમાં પલટો ઉપયોગનો પલટો વીર્ય રુચિ અનુસાર સ્ફુરમાન થાય ................... કારણ લબ્ધિ

ભેદ જ્ઞાન-નિર્વિકલ્પ અવસ્થા

| એક બાજુ છે | વચ્ચે છે | બીજી બાજુ છે |
| --- | --- | --- |
| જ્ઞાયક-ત્રિકાળી ધ્રુવ<br>પરમ પારિણામિક ભાવ<br>(જીવ) | વર્તમાન વર્તતી પર્યાય | સંયોગો-પર દ્રવ્યો<br>પર પદાર્થો<br>(અજીવ) |

↓

ધર્મ ← → અધર્મ

સંવર-નિર્જરા | આશ્રવ-બંધ

↓ | ↓

પરિણામ - મોક્ષ (મુક્તિ) | સંસાર પરિભ્રમણ

**પાંચ લબ્ધિઓનું સ્વરૂપ :**

પાંચ લબ્ધિઓની પ્રાપ્તિ સમ્યક્ સન્મુખ જીવને ક્રમે થાય છે.

૧. ક્ષયોપશમ  ૨. વિશુદ્ધિ  ૩. દેશના  ૪. પ્રાયોગ્ય  ૫. કરણ લબ્ધિ

૧. **ક્ષયોપશમ** : જે શક્તિ વડે આત્મા પોતાના હિત-અહિત, કલ્યાણ-અકલ્યાણ તથા સુખ દુઃખનું યથાર્થ જ્ઞાન કરી શકે તથા આત્મજ્ઞાની સદ્ગુરૂના ઉપદેશને યથાર્થપણે ગ્રહણ કરી શકે તથા તે ઉપદેશને જેમ છે તેમ બરાબર સમજી શકે એવો જે જ્ઞાન ગુણનો નિર્મળ ક્ષયોપશમ પર્યાયમાં પ્રગટ થયો તે જ આ ક્ષયોપશમ લબ્ધિ છે.

સમ્યક્ત્વ પ્રગટાવવાની આકાંક્ષાયુક્ત તીવ્ર મુમુક્ષુ આત્મા પોતાના ક્ષયોપશમ જ્ઞાનને પાંચ ઈન્દ્રિયોના વિષયો જેવા કે સ્પર્શ-રસ-ગંધ-રૂપ-શબ્દાદિ વિષયોમાં આસક્ત થઈ, તેમાં ભમાવતા નથી. પરંતુ આત્માના કલ્યાણ માર્ગમાં પ્રેરે છે, અને તેમાં જ પોતાના આત્માનું હિત અને કલ્યાણ છે એવી દઢ પ્રતીતિ તેમને પ્રવર્તતી હોય છે.

એવા મુમુક્ષુ આત્મા ઉદય આવેલા અશુભ કર્મોનો દોષ કાઢતા નથી, ઉદય સાથે જોડાઈને તેમાં એક્ય કરતા નથી. તેઓ તો દઢપણે એમ માને છે કે આ ઉદય આવેલું દ્રવ્યકર્મ તો મારા પોતાના કરેલા અશુભ ભાવ કર્મનું નિમિત્ત પામીને, પુદ્ગલ દ્રવ્યની તે સમયની તથા પ્રકારની યોગ્યતાથી અને સ્વતંત્ર રીતે બંધાયું છે. તેનો 'અબાધા કાળ' પૂર્ણ થતાં અત્યારે ઉદયમાં આવ્યું છે.

તેથી દોષ તો મારા પોતાના જ પૂર્વના ભાવ કર્મનો મારી પોતાની જ અશુભ પ્રવૃતિનો, ખોટા અધ્યવસાયનો જ છે, તેથી તેને અબંધ પરિણમે ધૈર્યથી વેદી લઈ તેનાથી નિવૃત થઈ જાઉં.

વળી એવા આત્મલક્ષી મુમુક્ષુને પુણ્યકર્મનો ઉદય હોય તો પણ તે સંસાર ના સુખને જ સુખ માનતા નથી, કારણ કે મોહજન્ય સુખ તે સાચું સુખ જ નથી, સુખની ખોટી કલ્પના છે. સુખાભાસ છે, જીવનો મમત્વ ભાવ છે. જ્ઞાનના વિપરીત ક્ષયોપશમથી, મિથ્યાત્વ દશામાં, સંસારની ઈચ્છાવાળા જીવને તેમાં સુખાભાસ લાગે છે. જો સંસારમાં સુખ હોય તો પછી મોક્ષનો ઉપાય અને તેમાં તીવ્ર પુરુષાર્થ શા માટે કરવો? તે તો નિરર્થક બની જાય. પરંતુ એમ તો છે નહિ. મુમુક્ષુ આત્મા તો પોતાના જ્ઞાનના નિર્મળ ક્ષયોપશમથી આકુળતા રહિત અને વાસ્તવિક અર્થાત્ આત્માના આનંદ ગુણથી ઉત્પન્ન થયેલા નિર્મળ પર્યાયને સાચું સુખ માને છે અને તેને માટે ઉદ્યમ કરે છે.

આવી જેની નિર્મળ ક્ષયોપશમ લબ્ધિ છે અને જેના પરિણામ વિશુદ્ધ થયા છે એ દેશના લબ્ધિને યથાર્થપણે ગ્રહણ કરી શકે છે.

૨. **વિશુદ્ધ લબ્ધિ :** સમ્યગ્દર્શન પ્રગટાવવાના ભાવનાવાળો જીવ આ બીજી વિશુદ્ધ લબ્ધિમાં પ્રવેશે છે. તે સમયે પોતાના પરિણામોમાં એવા પ્રકારની વિશુદ્ધિ કરે છે. રોજિંદા જીવનમાં બનતા ઉદયના પ્રસંગોએ સામાન્ય કહી શકાય એવો સમતા ભાવ જોવામાં આવે છે. કષાયો શાંત પડવા લાગે છે. ઈચ્છાઓનું પ્રમાણ ઘણું ઘટી જાય છે. હવે માત્ર મોક્ષની જ અભિલાષા એટલે મુક્તિ સિવાય કાંઈ ખપતું નથી, એવી તીવ્ર ઝંખના રહે છે. અને જેટલા પણ ભવ કરવા પડે તેનો ખેદ રહે છે. જગતના બધા જીવો પ્રત્યે દયાનો ભાવ થાય છે. એને એ જણાય છે કે પર્યાયમાં જે મારા દોષો છે તેનો પરિહાર કરું. હું ક્યારેક સુખી અને ક્યારેક દુઃખી કેમ છું? મારી પર્યાયમાં શુભ-અશુભ પરિણામો થાય છે તે કારણે જ મને સુખ-દુઃખ પ્રાપ્ત થાય છે. તેથી એવા પરિણામો મારા પર્યાયમાં પણ પ્રવેશ ન પામે એવી પરિણામોની વિશુદ્ધ ધારા થવી આવશ્યક હોવાથી તે થવાનો પુરુષાર્થ થાય છે. સામાન્ય જીવન બહુ જ શાંત અને નિર્મળ થવા લાગે છે. જ્યાં જોડાવાથી રાગ-દ્વેષના પરિણામ થાય એવા નિમિત્તોથી સહજ દુર રહે છે. ખાવું-પીવું, બોલવું-ચાલવું, હરવું-ફરવું, પાંચેય ઈન્દ્રિયના વિષય-વ્યાપાર મંદ, શિથિલ થતાં જાય છે અને દિવસે દિવસે અભ્યાસથી જીવનમાં વિશુદ્ધ પરિણામો થાય છે. જીવન મોટે ભાગે મર્યાદામાં આવી સંયમીત બનતું જાય

છે.

૩. **દેશના લબ્ધિ :** ભવ્ય મુમુક્ષુ આત્મા સંસારથી ભયભીત બની આત્મ કલ્યાણની ભાવનાથી પ્રેરીત થઈ પોતાનો કલ્યાણનો માર્ગ સ્વયં ન જાણતો હોવાથી, શ્રી સદ્‌ગુરૂના ચરણો સમક્ષ ઉપસ્થિત થઈ, યથાવિધી વંદના કરી પરમ ભક્તિભાવ પૂર્વક સવિનયથી પ્રશ્ન કરે છે, ''હે પ્રભો ! મારા આત્માનું કલ્યાણ કેવી રીતે થાય? આ સંસારરૂપી દાવાનળથી કેવી રીતે છૂટી શકાય? તે કૃપા કરીને મને બતાવો.''

ત્યારે સદ્‌ગુરૂ આત્મ કલ્યાણનો માર્ગ દેશના દ્વારા બતાવે છે. ''હે ભવ્ય ! આગમમાં દર્શાવેલ છ દ્રવ્ય, નવ તત્ત્વાદિ, ભાવ કર્મ, દ્રવ્ય કર્મ, નો કર્મનું યથાર્થ સ્વરૂપ સમજી લે એ સર્વ પ્રથમ કર્તવ્ય છે. વિશ્વ વ્યવસ્થતા, વસ્તુ વ્યવસ્થતા, દ્રવ્યની સ્વતંત્રતા, ક્રમબદ્ધ પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય અને વ્યવહાર એ બધાના યથાર્થ જ્ઞાનની સંપ્રાપ્તિ વિના કેવળ બાહ્ય ક્રિયા, વ્રતાદિ વગેરેથી મોક્ષ માર્ગ ખૂલતો નથી કારણ કે બાહ્ય ક્રિયા, વ્રત, તપશ્ચરણ વગેરે ત્યારે જ સાર્થક થાય કે જ્યારે તે સંબંધીનું યથાર્થ જ્ઞાન આત્મ લક્ષે થાય. જ્ઞાન સહિત ક્રિયાથી મોક્ષ થાય છે.

સર્વ પ્રથમ ત્યાગ શેનો કરવાનો છે? જે વસ્તુએ જીવને અનાદિ કાળથી સંસાર પરિભ્રમણ કરાવ્યું છે તે 'દર્શન મોહ' અને 'અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભરૂપી કષાયો' નો ત્યાગ સર્વ પ્રથમ થવો આવશ્યક છે.

મિથ્યાત્વનું સ્વરૂપ સમજી એ કેમ ગળે, શ્રદ્ધા ગુણની પર્યાયનું પ્રથમ પરિણમન કરવાની જરૂર છે. અને આ સદ્‌ગુરૂના બોધથી એ દર્શન મોહ (વિપરીત માન્યતા) હણી શકાય છે. પ્રથમ અભિપ્રાયની ભૂલ સુધારવી એ ગુરૂનો પ્રથમ ઉપદેશ છે.

ગચ્છ-મતની જે કલ્પના છે તે રાગ-દ્વેષના પરિણામ ઊભા કરે છે માટે એ સદ્‌વ્યવહાર પણ નથી. તેનાથી પર થા.

પુણ્યથી ધર્મ ન થાય. એ પણ બંધનું કારણ છે. એ વાત બરાબર સમજ. પુણ્ય કરતાં કરતાં, વ્યવહાર કરતાં કરતાં નિશ્ચય ધર્મ પ્રગટ થાય એ વાત બરાબર નથી.

આવી દેશના જ્યારે સાંભળે અને લક્ષમાં લે, તેના લીધે વિચારોની સ્ફૂરણા થાય અને નિજ જ્ઞાન પ્રગટે, જે જ્ઞાનથી મોહનો નાશ થાય તેને દેશના લબ્ધિ કહે છે. પ્રત્યક્ષ સત્પુરૂષ એવી દેશના લબ્ધિનું ઉત્તમ નિમિત્ત છે.

૪. **પ્રાયોગ્ય લબ્ધિ :** દેશના લબ્ધિ પ્રાપ્ત થયા પછી ગુરૂની આજ્ઞા પ્રમાણે અનુશરણ થાય છે અને વસ્તુનું યથાર્થ જ્ઞાન થવાથી, સ્વરૂપ સમજવાથી જીવ અંતર્મુખ બની, જગત પ્રત્યે ઉદાસીન થઈ જાય છે. એના પરિણામો એટલા બધા વિશુદ્ધ થઈ જાય છે પૂર્વબદ્ધ કર્મોની સ્થિતિ સ્વયં ઘટીને અંતઃક્રોડાક્રોડી સાગરોપમ પ્રમાણ જ રહી જાય છે. અને નવા બંધાતા કર્મોની સ્થિતિ અંતઃક્રોડાક્રોડી સાગરોપમથી અંદર સંખ્યાતમાં ભાગ માત્ર બંધાય છે. આ નિમિત્ત-નૈમિત્તિક યોગથી બને છે. જીવના વિશુદ્ધ પરિણામ નિમિત્ત છે અને પુદ્‌ગલ વર્ગણાનો નવો અલ્પ કર્મ બંધ થવો નૈમિત્તિક છે. આવા આત્માના પરિણામો થવા એ ''પ્રાયોગ્ય લબ્ધિ '' છે.

૫. **કરણ લબ્ધિ :** હવે ભેદ જ્ઞાનના પ્રયોગ શરૂ થાય છે. કરણ લબ્ધિમાં 'કરણ' નો અર્થ આત્માના પરિણામ એવો થાય છે. કરણ લબ્ધિરૂપ આત્માના પરિણામ એ ઘણા સૂક્ષ્મ ભાવો છે. આ કરણલબ્ધિના ત્રણ તબક્કા છે.

૧. અધઃકરણ　　૨. અપૂર્વકરણ　　૩. અનિવૃત્તિકરણ.

અનિવૃત્તિકરણના કાળ પછી ઉદય આવવા યોગ્ય મિથ્યાત્વ-મોહનીય કર્મના નિષેકોનો ઉદય થયો નહિ હોવાથી, તે સમયમાં ઉપશમ સમકિતની સંપ્રાપ્તિ યોગ્ય જીવોને થઈ જાય છે.

કરણ લબ્ધિમાં થતા આત્માના ભાવોનું અનુમાન અવશ્ય થઈ જાય છે. આ કરણ લબ્ધિ રૂપ ભાવ જ્યારે થાય છે ત્યારે આત્મા નિયમથી સમ્યગ્દર્શન પ્રગટાવી લે છે.

આ રીતે આ ક્રમસર પાંચ લબ્ધિઓનું સ્વરૂપ યથાર્થ સમજવું.

**સમ્યક્ સન્મુખ જીવની દશા :**

સમ્યક્ સન્મુખ જીવની તત્ત્વ અભ્યાસ, સ્વરૂપ ચિંતન - મંથનની પરિણતિ કેવી હોય છે?

૧. ''હું પૂર્ણાનંદનો નાથ જ્ઞાયક પ્રભુ છું.'' એમ જ્ઞાયકના લક્ષે તે જીવ સાંભળે છે. તેને ચિંતવનમાં પણ હું પરિપૂર્ણ જ્ઞાયક છું-એમ જોર રહે છે. મંથનમાં પણ લક્ષ જ્ઞાયકનું રહે છે. આ ચૈતન્ય ભાવ પરિપૂર્ણ વસ્તુ છે-એમ એના જોરમાં રહે છે. એ જીવને અંદર એવી લગની લાગે છે કે હું જગતનો સાક્ષી છું, જ્ઞાયક છું. એવા દૃઢ સંસ્કાર અંદરમાં પાડે કે તેને સમ્યક્‌દર્શન થયે જ છૂટકો.

૨. આ વસ્તુ પ્રયોગમાં લાવવા માટે અંદર મૂળમાંથી પુરૂષાર્થનો ઉપાડ આવવો

જોઈએ, કે હું આવો મહાન પદાર્થ-એમ નિરાલંબનપણે કોઈના આધાર વિના અદ્ધરથી ધૂન ચાલતાં ચાલતાં એવો રસ આવે કે બહારમાં આવવું ગોઠે નહિ. હજુ છે તો વિકલ્પ પણ એમ જ લાગે કે આ હું...,આ હું.... એમ ઘોલનનું જોર ચાલતાં ચાલતાં એ વિકલ્પો છૂટીને અંદરમાં ઉતરી જાય છે.

૩. જુઓ, અહીં પ્રયોગની વાત કરી છે. એટલે કે માત્ર વિચાર કરવાની વાત કરી નથી. જો કે વિચાર દશા વિના જ્ઞાન દશા થતી નથી. તત્ત્વની વિચારણા માં પણ સ્થૂળ વિચારણા છોડીને સૂક્ષ્મ વિચારણા ચાલે, તે પછી જ્ઞાન દશા થવી સંભવે છે. તેવો ક્રમ છે. ખરેખર તો પ્રયોગ શરૂ થવો તે પુરૂષાર્થના તબક્કાનો પ્રારંભ છે. અર્થાત્ વીર્ય ગુણની પર્યાયમાં સ્વ કાર્ય કરવાની ઉત્તેજના થતાં વિચારનો વિષય માત્ર વિચારની મર્યાદામાં ન રહેતાં પ્રયોગમાં આવે છે, પલટાય છે. માત્ર વિચાર એટલે કે બહિર લક્ષી જ્ઞાન અને રાગની પ્રધાનતામાં રોકાવું, તેમાં કાંઈ પુરૂષાર્થનો ઉપાડ નથી. પરંતુ જે સ્વરૂપ જ્ઞાનની પ્રધાનતાથી નિશ્ચયમાં આવ્યું છે તેની મહાનતાની મહિમા અંતરંગમાં એટલે હદે વધતા પરિણામમાં તેની અસાધારણ અસર થાય કે... ''હું આવો મહાન છું'' આમ સ્વરૂપના અપૂર્વ મહિમાપૂર્વક નિજને અનુભવવાનો (ભાવમાં) પ્રયાસ થવો તે પ્રયોગ છે કે જે વિચારની ભૂમિકાથી આગળનો પ્રકાર છે.

૪. આ પ્રકારના નિજ સ્વરૂપના મહિમાના સદ્ભાવમાં જગતના સર્વ પદાર્થની કિંમત ઉડી જાય છે, અને અનાદિનું દીનપણું છે તેમાં મૂળમાંથી ફેર પડે છે. વિચારની સાથે અદ્ધરથી ધૂન ચાલે છે જેમાં કોઈ નિમિત્તનું અવલંબન તો નથી જ, પરંતુ રાગની મંદતા કે પૂર્વ પર્યાયનું અવલંબન પણ નથી. આ ધૂનમાં એક જ્ઞાયક સ્વભાવ માત્ર વિષય છે.

૫. હવે એવા પ્રકારે કે તેનું ધ્યાન બીજે રહેતું નથી, તે પોતાના જ વિષયમાં તીવ્ર જાગૃતિવાળો અને અન્ય સર્વથી ઉદાસીનતાવાળો ભાવ છે, કહેવા(બોલવા) માત્ર નથી. પરંતુ આવી ખરી ધૂન લાગે તો સ્વરૂપ પ્રગટ થયા વિના રહે નહિ, તેવી ખાત્રીની અનુભવી પુરૂષોએ પ્રસિદ્ધિ કરી છે.

૬. વળી આવા વિશિષ્ટ પરિણમનમાં જે રસ આવ્યો તેનું સ્વરૂપ જોતા જણાય છે કે તેને બહાર આવવું ગોઠે નહિ. રસ તો જીવને રુચિના વિષયમાં આવે છે. અને જ્યાં પોતાના પરમાત્મ દ્રવ્યની રુચિ, અનન્ય રુચિ થઈ, ત્યાં બહાર આવવું કેમ ગમે?

૭. આવા આત્માર્થી જીવને ઉદયમાં આવી પડેલા પ્રસંગોમાં જે કાર્યો કરવા પડે છે, તે બોજારૂપ લાગે છે. આવી પડેલી આફત જેવા લાગે છે. જો કે આત્માની રુચિ થવા છતાં હજુ અહીં વિકલ્પ છે. પરંતુ વિકલ્પ ઉપર વજન નથી, તેથી તેનું જોર નથી. પરંતુ આ હું... આ હું... એમ લાગે છે તે પ્રકારે સ્વભાવ ઉપર ઘોલનનું જોર છે. ઘોલનમાં સ્થૂલ વિકલ્પો રહેતા નથી. વિકલ્પો સૂક્ષ્મ થઈ જાય છે.

૮. અહીં નિજમાં નિજ બુદ્ધિ થતાં દ્રવ્ય સ્વભાવ પોતારૂપે પ્રથમ લાગે છે. લાગવું એટલે અસર થવી. અહીં માત્ર સામાન્ય લાગવું નથી. પરંતુ તેનું જોર વધતા- તદ્રૂપ સ્વીકાર પરિણમન થઈ જાય છે. તેમાં વિકલ્પ છૂટીને અંદરમાં ઉતરી જાય છે.

૯. આ રીતે નિર્વિકલ્પ સમ્યક્દર્શનની દશા ઉત્પન્ન થયાં પહેલા તેના કારણરૂપ (વ્યવહારથી) સ્વ સન્મુખ મતિ શ્રુત જ્ઞાનની દશા, અનન્ય રુચિ અને પુરૂષાર્થનું જોરવાળું પરિણમન થતાં સમસ્ત ગુણોના પરિણમનને સ્વ દ્રવ્યાકાર ભાવે પરિણમાવી સર્વગુણાંશ તે સમ્યક્ત્વને ઉત્પન્ન કરે છે કે જે પરિણામ અનંત ભવનું છેદક છે.

૧૦. પરથી ભિન્ન જ્ઞાયક સ્વભાવનો નિર્ણય કરી, વારંવાર ભેદ જ્ઞાનનો અભ્યાસ કરતાં કરતાં મતિ-શ્રુતના વિકલ્પો તૂટી જાય છે. ઉપયોગ ઊંડાણમાં ચાલ્યો જાય છે. અને ભોંયરામાં ભગવાનના દર્શન પ્રાપ્ત થાય, તેમ ઊંડાણમાં આત્મ ભગવાન દર્શન દે છે. આમ સ્વાનુભવની કળા હાથમાં આવતા, કઈ રીતે પૂર્ણતા પમાય તે બધી કળા હાથમાં આવી જાય છે. કેવળજ્ઞાન સાથે કેલી શરૂ થાય છે.

સમ્યક્દર્શન થયાં પહેલાં પૂર્વ પર્યાયનો આવો ક્રમ છે. અંતરંગ પરિણામો ની આવી સ્થિતિ થયા વિના કોઈને કદી નિશ્ચય સમ્યક્દર્શનની ઉત્પત્તિ બીજા પ્રકારે થતી નથી. તેમ સમજવા યોગ્ય છે.

**પાત્રતા :**

આત્માર્થી જીવને આત્માર્થિતાને બાધક એવા પરિણામોના પ્રકાર ન હોય એવા કેટલાક પ્રકારો લક્ષમાં લેવા યોગ્ય છે.

૧. અસરળતા, હઠાગ્રહ, જીદ, પૂર્વાગ્રહ અને મતાગ્રહ વગેરે પ્રકારના ભાવોનો અભાવ, મધ્યસ્થ વિચાર ધારાને લીધે વ્યક્તિગત પૂર્વાગ્રહનો અભાવ.

૨. જ્ઞાનના ક્ષયોપશમની વિશેષતાને લીધે પોતાને માન મળે તેવું ઈચ્છે નહિ.

૩. પરંપરા અને બાહ્ય ક્રિયાના આગ્રહનો અભાવ.

૪. શાસ્ત્રના કથનને અને જ્ઞાનીના વચનોનું કલ્પિત અર્થ ઘટન ન કરે કે જેથી વસ્તુ સ્વરૂપનું અન્યથાપણું થાય અથવા પરમાર્થથી દૂર જવાનું થાય.

૫. સત્પુરુષથી વિમુખ થવાનું કોઈ પણ ભોગે સ્વીકારે નહિ. અને તે માટે અપકિર્તી, અપમાન અને સમાજને ગૌણ કરે.

૬. પ્રમાદનો અભાવ હોવાથી સ્વકાર્યમાં ઉલ્લાસીત વીર્યથી આગળ વધે.

૭. શાસ્ત્ર અધ્યયન, તત્ત્વ શ્રવણ અને તત્ત્વ ચર્ચા વગેરેમાં એવો પ્રકાર ન હોય કે જેથી અધૂરો નિશ્ચય થાય, વિચારોની અપરિપકવતા રહે, શંકાશીલતા રહે અને તેથી વિકલ્પ વૃદ્ધિ થાય અથવા વિભ્રમ ઉત્પન્ન થઈ વિચારોમાં કુતર્ક અને ડામાડોળપણું રહે.

૮. લૌકિક અભિનિવેશ એટલે કે લોકમાં જે જે વસ્તુ અને વાતનું કે પ્રસંગનું મહત્ત્વ ગણાય છે તેથી મહાત્મ્ય બુદ્ધિનો અભાવ.

૯. પ્રત્યક્ષ સત્પુરુષના સત્સંગને ગૌણ કરી તેની સરખામણીમાં પોતાના શાસ્ત્ર અધ્યયનના ગણત્રી કરવી અથવા શાસ્ત્રને ઊંચા ગુણસ્થાન સ્થિત પુરુષના વચનો ગણી તેના ઉપર વધારે ભાર દેવો. આવો અપ્રશસ્ત શાસ્ત્રીય અભિનિવેશ તેવા જીવને ઉપજે કે જે લૌકિક પ્રયોજનવશ શાસ્ત્ર વાંચન કરતો હોય.

૧૦. નિશ્ચય-અભેદ આત્મ સ્વરૂપની રુચિનો અભાવ. જેને લીધે જ્ઞાનમાં ભેદ-પ્રભેદની રુચિ રહ્યા કરે કે જેથી ગુણભેદ, પર્યાયભેદ, અનેક પ્રકારના ન્યાયો, નય જ્ઞાન, કર્મના બંધ-ઉદય અને સત્તાના ભેદ-પ્રભેદોના જાણપણામાં રુચિ અને રસ રહે-એવા પ્રકારનો અભાવ.

૧૧. અતિ પરિણામીપણાનો અભાવ. અતિ પરિણામીપણાને લીધે શાસ્ત્રના બાહ્ય જ્ઞાનમાં જ્ઞાન પ્રાપ્તિ મનાઈ જવી અને વિકલ્પવાળા સમાધાનથી મંદ કષાય થવાથી જ્ઞાનથી પ્રાપ્ત લાભ મનાઈ જવો. તેમજ પરિણમનના અભાવમાં પણ પોતાને કોઈ માનાદિ આપે-તેનું ગમવાપણુ; તેમજ જાણપણારૂપ પોતાના જ્ઞાનનું પ્રદર્શન કરવાના ભાવ. આવા પ્રકારના ભાવનો અભાવ.

૧૨. બાહ્ય પ્રવૃતિ સંબંધી મિથ્યા આગ્રહ ન હોય કે જેથી અસત્ અભિમાન થાય અથવા દેહાત્મ બુદ્ધિ દૃઢ થાય. તેમજ લૌકિક માન અર્થે પણ વ્રતાદિ પાલન ન કરે. પુણ્યના ફળ સ્વરૂપે બાહ્ય અનુકૂળતાની અભિલાષાથી પણ વ્રત, તપ ન કરે.

ઉપરોક્ત યોગ્યતાપૂર્વક પોતાના ભાવોનું અવલોકન થવાથી આત્મ ભાવ

અને અન્ય ભાવોનો પરિચય થવાથી તેની જાતિ ઓળખાય છે. અને અન્ય ભાવોનો નિષેધ આત્મ ભાવના આદરપૂર્વક શરૂ થાય છે. આમ અવલોકનની ભૂમિકાનો પ્રયોગ થવાથી તેમાંથી ભેદ જ્ઞાનની પ્રયોગની ઉત્પત્તિ થાય છે. ભેદ જ્ઞાનથી જ્ઞાનમાં નિર્મળતા અને સૂક્ષ્મતા પ્રામ થતી જાય છે. આને લીધે જ્ઞાનોપયોગમાં રહેલો જે જ્ઞાન સ્વભાવ તેનું ભાવભાસન આવે છે, એટલે કે નિજ સ્વરૂપનું અસ્તિત્વ ગ્રહણ થાય છે. તેનાથી સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. અહીંથી સમ્યક્ સન્મુખ પુરુષાર્થની (ચૈતન્ય વીર્ય) સ્ફુરણા થાય છે. આ પુરુષાર્થ અને મહિમા દિન પ્રતિદિન વૃદ્ધિગત થાય છે અને તેની ધૂન ચડે છે; જેના ફળ સ્વરૂપે નિર્વિકલ્પ સ્વરૂપની નિર્વિકલ્પ સ્વાનુભૂતિ ઉત્પન્ન થાય છે. આ સ્વાનુભૂતિ તે જ સમ્યગ્દર્શન છે ત્યાંથી મોક્ષમાર્ગની શરૂઆત થાય છે.

**આત્મ સ્વરૂપનું ધ્યાન થવા અર્થેની ભૂમિકા :**

૧. વસ્તુ સ્વરૂપનું યથાર્થ જ્ઞાન એટલે કે આગમ-અધ્યાત્મનો સુમેળ(સંતુલન) હોય તેવી સમજણ.

૨. સહજ વૈરાગ્ય અર્થાત્ રાગથી વિરક્તપણું એટલે રાગમાં દુઃખનો અનુભવ હોય તેથી નિરસપણું વર્તતું હોય.

૩. ભેદ જ્ઞાનના પ્રયોગને લીધે જેને મન-ઈન્દ્રિયોની પરાધીનતા ન હોય.

૪. જેને સ્વરૂપ પ્રત્યે ઢળવાનું વલણ-સહજ પ્રયત્ન.

૫. ભય અને કુતૂહલ-વિસ્મયાદિ ન હોવાથી જેના ઉપયોગની ચંચળતા ઘટી ગઈ હોય.

૬. જેને ત્વરાથી નિજ કાર્ય કરવાની વૃત્તિ અને ધગશ હોય તેથી જેને પ્રમાદ ન હોય.

૭. ધૈર્યવાન અને ગંભીર હોય.

૮. એકમાત્ર મુક્તિનો ઈચ્છુક અને ઉદ્યમી હોય અર્થાત્ પૂર્ણતાનો લક્ષ જેને હોય.

૯. નિજ પરમપદનો અત્યંત અત્યંત મહિમા હોય (આત્માથી સૌ હીન). આત્માનો પ્રમોદ, પરીચય, પ્રીતિ, પ્રવૃત્તિ અને પ્રાપ્તિ એ વિધિથી જાણકાર હોય.

૧૦. એવી જેની ભૂમિકા છે તે મહાભાગ્ય સ્વરૂપમાં સ્થિર થવા ધ્યાન કરવાને સમર્થ છે.

**'પરમપદનું ધ્યાન પરમપદની પ્રાપ્તિનું કારણ છે.'**

# ૧૧ અભિપ્રાયની ભૂલ

૧. અધ્યાત્મના સિદ્ધાંતમાં દેવ-ગુરૂ-શાસ્ત્ર અને નિજ ભગવાન આત્મા બંને ભિન્ન છે. જેને વ્યવહારથી ધર્મ સાધનરૂપે કહેવામાં આવે છે તે પરમાર્થે(નિશ્ચયથી) બાધકરૂપ છે. જીવને અભિપ્રાયમાં આ બાહ્ય સાધનો (નિમિત્તો) સત્ય સાધનરૂપે માનવામાં આવવાથી તેની અધિકતા જ વર્તતી હોવાને લીધે તે ત્યાં અટકી જાય છે અને અંતર્મુખ થઈ શકતો નથી. આ અભિપ્રાયની ભૂલ ટાળવી ઘટે.

૨. ધર્મોપદેશનું શ્રવણ, વાંચન, વિચાર (વિકલ્પાત્મક), મનન, જ્ઞાનનો ક્ષયોપશમ એ પણ બધા વ્યવહારથી ધર્મ સાધનરૂપે કહેવામાં અને માનવામાં આવે છે- પણ જો તે આત્માના આશ્રયે કરવામાં ન આવે (સ્વરૂપના લક્ષે કરવામાં ન આવે) તો બહિર્લક્ષી હોવાથી ત્રિકાળી સ્વભાવ પ્રત્યે આવી શકાય નહિ. તેવા પ્રકારની અભિપ્રાયની ભૂલ ટાળવી.

૩. મુમુક્ષુ જીવને નિજ સ્વભાવથી અધિક અન્ય મુમુક્ષુ પ્રત્યે તથા ગુણાતિશયવાન સત્પુરૂષ, શ્રી ગુરૂ અને સત્‌દેવ પ્રત્યે સહજ બહુમાનનો ભાવ વર્તે છે, સ્ફુરે છે; ત્યાં ગુણ પ્રાપ્તિનો અભિપ્રાય તે યોગ્ય અભિપ્રાય હોવા છતાં અન્ય જીવ પદાર્થ પ્રત્યે રાગ કરવાનો અભિપ્રાય ઉચીત નથી, કરવા યોગ્ય નથી. સહજ રાગ થવો અને અભિપ્રાયપૂર્વક રાગ હોવો અથવા કરવો એમાં બહુ જ અંતર છે. એક ચારિત્રગુણની પર્યાય છે, જ્યારે બીજી શ્રદ્ધાગુણની પર્યાય છે. જેને અભિપ્રાયપૂર્વક રાગ થાય તેને 'રાગ રસ' ચડી જાય છે. વસ્તુતઃ અભિપ્રાયમાં પર પદાર્થની મહત્તા-મહાનતાનો સ્વીકાર થાય તો તે જ અનંત સામર્થ્યના અસ્વીકારરૂપ મોટો દોષ છે. જે સ્વરૂપ શ્રદ્ધાને પ્રતિબંધક છે. 'આત્માથી સૌ હીન' અથવા 'સહજ આત્મસ્વરૂપ પરમ ગુરૂ' અથવા 'અચિંત્ય તુજ મહાત્મનો' આ બધા સૂત્રો ભગવાન આત્માની મહત્તા સૂચવે છે.

૪. પર પદાર્થ તો જ્ઞેયમાત્ર છે. તેમાં ઈષ્ટ-અનિષ્ટપણું માનવું એ અનાદિથી વિપરીત અભિપ્રાય છે. સારૂં-નરસું લાગવું એ એક કલ્પના છે, ભ્રાંતિ છે. વસ્તુનું સ્વરૂપ તો જે છે તે જ છે. તેને જોવાની તારી દૃષ્ટિમાં ફેર છે. માટે ઈષ્ટ-અનિષ્ટની કલ્પના સ્વરૂપ વિપરીતતારૂપ અભિનિવેશ છે.

૫. પર પદાર્થમાં સુખ બુદ્ધિનો અભિપ્રાય મુમુક્ષુની ભૂમિકાની યોગ્યતાને રોકે છે,

આવિરત કરે છે, મલિન કરે છે. સુખ એ તો અનુભવની વસ્તુ છે અને મારા સુખનો ધામ નિજ ભગવાન આત્મા છે અને એ હું મારા આત્મા વડે જ અનુભવી શકું. આ અભિપ્રાયની ભૂલ ટાળવી ઘટે.

૬. 'હું કર્મજનિત પર્યાયવાળો છું' એ અભિપ્રાયમાં પણ મૂળ સ્વરૂપ ભાસતું નથી. ભગવાન ચૈતન્ય આત્મા અનંત શક્તિઓનો ભંડાર કાંઈ એક સમયની પર્યાય જેટલો નાનો થોડો છે. આવું માનનાર તો વ્યવહારાભાસી છે. આ અભિપ્રાયની મોટી ભૂલ છે.

૭. વળી જો પોતાને 'અબંધક-જ્ઞાયક સ્વરૂપે' કલ્પનામાં લ્યે અને વર્તમાન પર્યાયનો દોષ ખ્યાલમાં ન આવે અને સ્વછંદી બની જાય તો તેને નિશ્ચયાભાસની ઉત્પત્તિ થાય છે. આ પણ અભિપ્રાયની ભૂલ છે.

૮. જ્ઞાયક તત્ત્વની પર લક્ષી ધારણાપૂર્વક વિકલ્પ કે વાણીમાં 'હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું' એમ ગમે તેટલું જોર દેવાય તો પણ તે કૃત્રિમ પુરૂષાર્થ હોવાથી સ્વરૂપ શ્રદ્ધાની કાર્યસિદ્ધિ થતી નથી.

૯. જ્યાં અભિપ્રાયપૂર્વક શાતાના કારણો પ્રિય લાગે ત્યાં મુમુક્ષુતાની યોગ્યતા હણાય છે. તેથી તે નિજ શ્રેયના પંથે ગતિમાન થઈ શકતો નથી. અને સ્વયં પોતે જ નિરાવલંબ - નિરપેક્ષપણે અનંત અવ્યાબાધ, અચિંત્ય સુખસ્વરૂપ છે - તેમ તેને ભાસ્તું નથી. આ અભિપ્રાયની વિપરીતતા આત્મશ્રેયમાં અવરોધક છે. જ્યાં સુધી અભિપ્રાયપૂર્વક પરમાં સુખ અનુભવ છે ત્યાં સુધી પરિણામોની દિશા - વૃતિનો પ્રવાહ બહિર્મુખ જ રહે છે. માટે નિર્મળ ભેદજ્ઞાનના પ્રયોગ વડે નિજ ચૈતન્યમાં સુખનો અભિપ્રાય પ્રથમ કેળવાય તો પર વિષયોમાં સુખનો અભિપ્રાય નષ્ટ થાય. નિર્મળ ભેદ જ્ઞાનપૂર્વક-રાગ રહીત આત્મામાં સુખ બુધ્ધિ થવી જોઈએ. **'શુદ્ધ, બુદ્ધ, ચૈતન્યઘન, સ્વયં જ્યોતિ સુખ ધામ; અનંત દર્શન જ્ઞાન તું, અવ્યાબાધ સ્વરૂપ'** આ વાત નિશ્ચય શ્રદ્ધાની છે.

૧૦. તત્ત્વ જ્ઞાનનો અભ્યાસ કરનાર જીવને 'અભિપ્રાયની ભૂલ' રહે તો તેને વ્યવહારભાસીપણું અથવા નિશ્ચયાભાસીપણું અથવા પ્રમાણનો પક્ષ થઈ જાય છે. જેથી તત્ત્વ જ્ઞાન અભ્યાસ સમ્યક્ત્વની પ્રાપ્તિનું નિમિત્ત હોવા છતાં નિષ્ફળ જાય છે. માત્ર આત્મહિતના અભિપ્રાયથી તત્ત્વનો અભ્યાસ થાય તો આવી ભૂલ રહેતી નથી. તત્ત્વ અભ્યાસી જીવે અંતર સૂક્ષ્મ અવલોકનથી પોતાના

અભિપ્રાયને તપાસી લેવો જોઈએ, નહિ તો બુદ્ધિપૂર્વકની ભૂલ થવાથી મિથ્યાત્વ તીવ્ર થઈ જાય છે.

૧૧. મુમુક્ષુ જીવને નિર્વિકલ્પ દશા-મુનિ દશા-મોક્ષ દશા- અધ્યાત્મ શાંત દશાની ભાવના થાય છે. પરંતુ 'આ દશા ધ્રુવ સ્વરૂપના આશ્રયે સહજ થાય છે' તેવો યથાર્થ અભિપ્રાય હોય તો સહજ તેવી પર્યાયની યોગ્યતા થઈ જાય છે. નહીંતર પર્યાયની કર્તાબુદ્ધિ સહિત ભાવના થાય છે. તેમાં અભિપ્રાયની ભૂલ હોવાથી તે ભાવના સફળ થતી નથી. પરંતુ પર્યાય બુદ્ધિ તીવ્ર થઈ જાય છે. પર્યાય બુદ્ધિના નિષેધ અર્થે જ પરમાગમોમાં પર્યાય પ્રત્યે ઉદાસીનતા અને 'ક્રમબદ્ધ પર્યાય'ના ન્યાયોનું પ્રતિપાદન થયેલું છે. સ્વભાવ - પર્યાય જેટલો નાનો નથી
**' આત્મ ભાવના ભાવતાં જીવ લહે કેવળજ્ઞાન રે. '**

૧૨. શાસ્ત્રોમાં દરેક ગુણસ્થાને જીવની યોગ્ય ભૂમિકા અનુસાર યોગ્ય 'વ્યવહાર'ના પરિણામોનું નિરૂપણ થયેલું છે. ત્યાં નિશ્ચય રત્નત્રયરૂપ વીતરાગતા સદ્ભાવને લીધે જે તે કક્ષાનો રાગનો અભાવ થયો છે તેમ દર્શાવવાનો અભિપ્રાય રહેલો છે; જે સ્વયંની દશા સાથે મેળવવાના પ્રયોજન અર્થે હોવાથી તે જાણવો જરૂરી છે; પરંતુ ત્યાં રાગ પરિણામ કરવાનો અભિપ્રાય નથી. આવો અભિપ્રાય થાય તે અભિપ્રાયની ભૂલ છે.

૧૩. કોઈ પણ અન્ય જીવને દોષિત/વિરાધક પરિણામોની જ્યારે જાણતાં કે અજાણતાં અનુમોદના થઈ જાય છે ત્યારે તત્ત્વ સંબંધીત આસ્રવ શરૂ થઈ જાય છે. અનુમોદના અંગેના અભિપ્રાયમાં કર્તૃત્વ બુદ્ધિ રહેલી છે. તે અભિપ્રાય યથાર્થ પ્રકારે નિરસ્ત થવો જોઈએ. મન-વચન-કાયાએ અને કર્યું, કરાવ્યું અને અનુમોદ્યું એ નવે નવ કોટીએ કોઈ પણ દોષની અનુમોદનાનો અભિપ્રાય ટાળવો ઘટે.

૧૪. મિથ્યાદષ્ટિ જીવને પર્યાય અને સંયોગમાં ફેરફાર કરવાનો અભિપ્રાય હોવાથી કૃત્રિમ પુરૂષાર્થ કરતો રહે છે; છતાં 'જે થવાનું હશે તે થશે' એમ ધારણા માત્રથી કહે તો તે યથાર્થ પ્રકાર નથી. ' જો ઈચ્છો પરમાર્થ તો કરો સત્ય પુરૂષાર્થ '.

૧૫. મુમુક્ષુને 'અભિપ્રાયના દોષ' વિષેની અજ્ઞાનતાને લીધે પણ કાર્ય પદ્ધતિની વિધિની ભૂલ થાય છે જે અત્યંત ગંભીરપણે લક્ષગત કરવા યોગ્ય છે. કોઈ પણ શુભ ભાવની પ્રવૃત્તિ સહજ થઈ જાય છે તે એક પ્રકાર છે. અને તે પ્રવૃત્તિ કરવાનો અભિપ્રાય હોવો તે બીજો પ્રકાર છે. તેમાં ઘણો તફાવત છે. ખરેખર

તો દરેક પ્રવૃત્તિ સ્વ લક્ષે થતાં જ અંતર્મુખ થવાનો પ્રયાસ શરૂ થાય છે. અને સ્વરૂપની શ્રદ્ધા થાય છે. શુભ ભાવ એ આત્માની વિકારી પર્યાય હોવાથી અનંત જ્ઞાનીઓએ તેને બંધનું કારણ કહ્યું છે.

૧૬. શાસ્ત્ર વાંચન કે શ્રવણથી સમાધાન થશે એ અભિપ્રાય યોગ્ય નથી. કારણ કે 'સર્વ સમાધાનનો ભંડાર ત્રિકાળી ચૈતન્ય દ્રવ્ય વર્તમાનમાં જ હું છું' એવી અભેદ દૃષ્ટિ થતી નથી.

પર સત્તાવલંબી જ્ઞાનના વ્યાપારનો અભિપ્રાય પણ એકાંતે નિષેધ્ય જ છે.

અંતમાં 'અભિપ્રાય' ના દૃષ્ટિ બિંદુથી શ્રી જિનશાસનની તીર્થ પ્રવર્તનાનો વિચાર કરતા સમજાય છે કે : 'જે મહાભાગ્ય આત્માના આનંદામૃતના આસ્વાદ નો અનુભવ કરે છે, તે તેમાં જ, આત્માનંદમાં જ, નિમગ્ન રહેવા ચાહે છે. તેવા ધર્મી જીવનો બીજા સર્વ સંસારી જીવો પ્રત્યે એવો સહજ સ્વભાવિક અભિપ્રાય હોય છે કે-જગતના સર્વ જીવો આવા નિજાનંદને સંપ્રાપ્ત થાઓ, નિજાનંદના કારણને અને કારણના કારણને (સમ્યગ્દર્શન) પણ એક સમયના અનવકાશ પણે પ્રાપ્ત થાઓ.'

આ સિદ્ધાંતના મૂર્તિમંત સાક્ષી સ્વરૂપે ત્રિલોકીનાથ પરમાત્મા શ્રી ઋષભદેવાદિ સર્વ તીર્થંકર દેવો છે. આ કારણના વિશેષથી શ્રી જિનશાસન પ્રવર્ત્યું છે, પ્રવર્તી રહ્યું છે અને પ્રવર્તતું રહેશે.

**ૐ શાંતિ, શાંતિ, શાંતિ !**

**"ઉપજે મોહ વિકલ્પથી સમસ્ત આ સંસાર ;**
**અંતર્મુખ અવલોકતાં વિલય થતાં નહિ વાર"**

## ૧૨ આત્મા સન્મુખ જીવની સમ્યક્ત્વ સાધના :

૧. જૈન માર્ગને ભુલીને ભૌતિક પદાર્થોમાં સુખ માનનારા દુનિયાના ભોગ સન્મુખ દોડી રહેલા જીવો અશાંતિની આગમાં બળી રહ્યા છે. આવા દુષમ કાળમાં તેમાંથી કોઈક વિરલ જીવ કે જેને જ્ઞાની ગુરૂઓના પ્રતાપે આધ્યાત્મિક સુખની ભાવના જાગી છે, આત્માને ઓળખીને અપૂર્વ સુખની અનુભૂતિ જેને કરવી છે, જેને સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ સત્ય મોક્ષમાર્ગ પ્રગટ કરવો છે અને મુક્તિના મહાન સુખનો માર્ગ લેવો છે તેવા આત્મ સન્મુખ જીવની રહેણી કરણી અને વિચાર ધારા અનોખી હોય છે.

૨. સમ્યક્ત્વની પૂર્વ ભૂમિકામાં પ્રથમ તો પોતાના અપરિમિત, બેહદ જ્ઞાન સ્વભાવ નો મહિમા લક્ષમાં લ્યે છે; તેને તે સ્વભાવ તરફ ઢળતાં વિચારો, ચિંતવન હોય છે. કોઈ અમુક પ્રકારના જ વિચાર કે વિકલ્પ હોય એવો નિયમ નથી, પણ સમુચ્ચયપણે વિકલ્પનો રસ તૂટીને ચૈતન્યનો રસ ઘૂંટાય - એટલે તેની પરિણતિ સ્વભાવ તરફ ઉલ્લસતી જાય એવા જ પરિણામ હોય, કોઈને સિદ્ધ જેવું આત્મ સ્વરૂપ છે એવા વિચાર હોય, કોઈને આત્માની અનંત શક્તિના પિંડરૂપ ધ્યાવાના વિચાર હોય એમ અનેક પડખેથી જીવને પોતાના સ્વભાવ તરફ ઝુકવાના વિચાર હોય છે. પછી જ્યારે અંતરની કોઈ અદ્‌ભૂત ઉગ્ર ધારા સ્વભાવ તરફ ઉપડે છે ત્યારે વિકલ્પો શાંત થવા માંડે છે ને ચૈતન્યરસ ઘૂંટાતો જાય છે. તે વખતે વિશુદ્ધતા ના અતિ સૂક્ષ્મ પરિણામોની ધારા વહે છે, જીવના પરિણામો સ્વરૂપના ચિંતવન માં વધુ ને વધુ મગ્ન થતાં જાય છે. સ્વભાવનો મહિમા પુષ્ટ થતો જાય છે તે વખતે પણ સ્વભાવ પકડવા માટે જ્ઞાનની મહત્તા છે. તે જ્ઞાન વિકલ્પથી આઘું ખસીને, રાગથી અત્યંત છુટું પડીને સ્વભાવ તરફ અંદર ઢળે છે. એ જ્ઞાનમાં જીવને પોતાના સાચા સ્વરૂપની મહત્તા સમજાવાથી પોતે કોણ છે તેનું સાચું ભાન થાય છે-તે એમ જાણે છે કે-

**'' હું એક શુદ્ધ સદા અરૂપી જ્ઞાન-દર્શનમય ખરે;**
**કંઈ અન્ય તે મારું જરી પરમાણુ માત્ર નથી અરે !''.**

**'' શુદ્ધાત્મ હૈ મેરા નામ, માત્ર જાનના મેરા કામ;**
**મુક્તિપુરી હૈ મેરા ધામ, મિલતા જહાં પૂર્ણ વિશ્રામ''.**

૩. હું શુદ્ધ એક છું; રાગાદિ ભાવોથી અત્યંત જુદી મારી ચેતના છે. અગ્નિનો કણ

ભલે નાનો હોય પણ તે કાંઈ બરફની જાતનો તો ન જ કહેવાય ને? તેમ રાગાદિ ભાવો જ્ઞાનથી જુદા છે. એમ તે જીવ વિકલ્પ અને જ્ઞાનની જાતને તદ્દન જુદી સમજે છે. રાગ એ પોતે દુઃખ છે તેથી તેમાં એકતા બુદ્ધિ કરવી તે દુઃખનું મૂળ છે. એ આકુળતા છે. જ્યારે જ્ઞાનમય સ્વભાવ નિરાકુળ છે-અનંત સુખનો ધામ છે. તે વિચારે છે, " હું કોણ છું? ક્યાંથી થયો છું? મારું ખરું સ્વરૂપ શું છે? ક્યા કારણે મારે આ સંસારની પળોજણ છે? હું તેને કઈ રીતે તજું? " તેની સમજણમાં આ વાત બેસે છે કે પર પદાર્થ પ્રત્યેના મોહને લીધે જ હું મારા આત્મ સ્વરૂપને ભૂલ્યો છું; આ જગતનું એકેય પરમાણુ જરી પણ મારું નથી પણ અજ્ઞાનતા અને મિથ્યા માન્યતાને વશ હું એને મારા માનું છું પણ તેથી તે કાંઈ મારા થઈ નથી ગયા. તેમનું સ્વતંત્ર પરિણમન મને કેમ આધીન હોય? હું તો માત્ર જ્ઞાન-દર્શનમય એક શુદ્ધ દ્રવ્ય છું અને મારું કાર્ય પૂર્ણ કરવા સામર્થ્યવાન જ છું.

તેથી તે સૌથી પહેલા આત્મ સ્વરૂપને સમજી-મોહને શિથિલ કરવાના પુરૂષાર્થરૂપે એકાંતનો આશરો લઈ શાંત ચિત્તે આત્મ સ્વરૂપનું ચિંતવન કરે છે. અંદર એના જ વિચારોની ઘટમાળ ચાલે છે અને એનો મહિમા જણાય છે.

**" એના વિચાર વિવેકપૂર્વક શાંત ભાવે જો કર્યા;**
**તો સર્વ આત્મિક જ્ઞાનના સિદ્ધાંત તત્ત્વ અનુભવ્યા ".**

જ્ઞાનથી આત્માનું વેદન કરવાની વિધિ-ભેદ જ્ઞાન કરવાની પદ્ધતિ - સ્વાનુભૂતિ કરવાની રીત આ જ છે.

૪. પુણ્યમય શુભ ભાવોથી જીવને સ્વર્ગાદિની પ્રાપ્તિ થાય છે અને પાપમય અશુભ ભાવોથી જીવને નરકાદિની પ્રાપ્તિ થાય છે. સંસારની ચારે ગતિથી છૂટવા માટે મુમુક્ષુ પુણ્ય-પાપ બંનેથી રહિત એવા જ્ઞાન સ્વભાવનો નિર્ણય કરે છે. તે જાણે છે કે વિકલ્પથી થયેલ નિર્ણય તે સાચો નિર્ણય નથી; જ્ઞાનમાં વસ્તુ આવીને જે નિર્ણય થાય છે તે જ સાચો નિર્ણય છે. જ્ઞાન પર્યાય રાગથી જુદી થઈને પોતાના સ્વભાવને અખંડ સ્વરૂપે લક્ષમાં લ્યે ત્યારે જ આત્મ સ્વરૂપનો સાચો નિર્ણય થાય છે. આવા નિર્ણયપૂર્વક જ્ઞાનનો ઝુકાવ શુદ્ધાત્મા તરફ વળે છે. સિદ્ધપદની આરાધના આત્માની અંદર જ થાય છે.

૫. આત્મા પોતે જ્ઞાન-દર્શન-સુખ સ્વભાવી મહાન પદાર્થ છે. તેમાં કોઈ કલેશ નથી. અહા ! નીરાલંબી વસ્તુ સ્વભાવ ! એને સાધનાર સંતોની દશા અંતરમાં આવી નિરાલંબી જ હોય છે. હે જીવ ! તારે પરમેશ્વર થવું હોય તો પરમેશ્વરની

શોધ અંતરમાં જ કર. પરમેશ્વરપણું આત્મામાં જ છે. **'સહજ આત્મ સ્વરૂપ પરમ ગુરૂ'** આ રીતે સ્વભાવ સન્મુખ જીવ અંતર શોધમાં વર્તે છે.

૬. જીવાદિ પદાર્થોના સ્વરૂપની યથાર્થ શ્રદ્ધા કરનારૂં સમ્યગ્દર્શન તે ધર્મનું મૂળ છે. તેમાં જગતના બધા સુખ સમાઈ જાય છે; આ સંસારમાં તે જ પુરૂષ શ્રેષ્ઠ, કૃતાર્થ, પંડિત છે કે જેના હૃદયમાં નિર્દોષ સમ્યગ્દર્શન પ્રકાશે છે. મોક્ષ મહેલનું પ્રથમ પગથીયું સમ્યગ્દર્શન છે. તે જ દુર્ગતિના દ્વારને રોકનાર મજબૂત કમાડ છે, તે જ ધર્મના ઝાડનું સ્થિર મૂળિયું છે. મિથ્યાત્વની - સંસારની મોટી વેલને તે મૂળમાંથી ઊખેડી નાંખે છે. આવો સમ્યગ્દર્શનનો મહિમા આત્મ સન્મુખ જીવ જાણે છે તેથી તેને માટે તે અત્યંત પુરૂષાર્થ કરે છે. સમ્યગ્દર્શન થતાં અનંત સંસારનો અંત આવી જાય છે. સમ્યગ્દર્શન કહો, આત્મજ્ઞાન કહો, સ્વાનુભૂતિ કહો કે આત્માનુભૂતિ કહો બધું એક જ છે.

૭. ધર્મી જીવ ચૈતન્યના સ્વાદના બળે સમસ્ત પર ભાવોને જુદા જાણે છે; અનાદિથી રાગમાં જે કદી નહોતું આવ્યું એવું નવીન વેદન ધર્મીને ચૈતન્ય સ્વાદમાં આવે છે. તેને આત્માની અનુભૂતિમાં અતીન્દ્રિય ચૈતન્ય રસનો જે અત્યંત મધુર સ્વાદ આવ્યો તેમાં અનંત ગુણનો રસ સમાઈ જાય છે. રાગનો અને જ્ઞાનનો સ્વાદ અત્યંત સ્પષ્ટ જુદો જણાય છે. આનંદ પર્યાય સહિતના દ્રવ્યમાં વ્યાપેલો આત્મા તે હું જ છું - એમ ધર્મી જીવ અનુભવે છે. વિકલ્પો બધા તે અનુભૂતિથી જુદા રહી જાય છે. આત્મ સન્મુખ જીવ ચૈતન્ય સ્વાદના અનુભવમાં રાગને ભેળવતો નથી, તે આત્માને સ્વ રસમાં જ રાખે છે અને પર્યાય પણ તેવી જ થઈને પરિણમી રહે છે. મોહ જરા પણ મારો નથી, હું તો દ્રવ્યમાં તેમજ પર્યાયમાં સ્વતંત્ર એક ચૈતન્ય રસથી ભરેલો છું; સર્વ પ્રદેશે ચૈતન્ય પ્રકાશનો નિધાન છું - એમ તે અનુભવે છે.

૮. આવા ચૈતન્ય સ્વભાવને સ્વીકારતાં શ્રદ્ધા-જ્ઞાન તે રાગાદિ પર ભાવોથી જુદા ને જુદા જ રહે છે. અને તે અંદરના આનંદ અને અનંત ગુણની નિર્મળ પરિણતિ સાથે એકરસે પરિણમે છે. અનંત ગુણના સ્વાદથી એકરસ ભરેલો ચૈતન્ય રસ ધર્મીને સ્વાદમાં-અનુભવમાં-પ્રતીતિમાં આવે છે. રાગ-દ્વેષથી છૂટવા માટે આવી આત્મ ભાવના જ એક અપૂર્વ ઔષધ છે.

**"આત્મ ભાવન ભાવતા જીવ લહે કેવળજ્ઞાન રે!"**

૯. દુ:ખથી છૂટવા અને સુખ પામવા આત્મ સ્વભાવની આરાધના એ મુમુક્ષુ જીવનું

ધ્યેય છે. તે ધ્યેયની સફળતા માટે આરાધક - ધર્માત્માનો સત્સમાગમ કરીને તે પોતાની આત્માર્થિતાને પુષ્ટ કરે છે. એવા આરાધક જીવોને સત્સમાગમ પ્રાપ્ત થવો બહુ દુર્લભ છે કેમ કે જગતના જીવોમાં આરાધક જીવો અનંતમાં ભાગના જ છે; આમ છતાં આત્માને સાધવા માટે જાગેલા મુમુક્ષુને કોઈને કોઈ પ્રકારે તેનો માર્ગ બતાવનારા જ્ઞાની મળી જાય છે. રાગાદિથી ભિન્ન જ્ઞાન ચેતનારૂપે પરિણમેલા જ્ઞાનીને ઓળખીને તે તેનો સમાગમ કરે છે, ને તે જ્ઞાનીના જ્ઞાન ભાવોની ઓળખાણ થતાં તે આત્માર્થી જીવના પરિણામ આત્મ સ્વભાવ તરફ ઝૂકે છે. જ્ઞાનીના સાચા સમાગમનું આવું ફળ જરૂર આવે જ છે. મુમુક્ષુના નેત્રો જ્ઞાનીને ઓળખી લે છે.

**" આત્મભ્રાંતિ સમ રોગ નહિ, સદ્ગુરૂ વૈદ્ય સુજાણ;**
**ગુરૂ આજ્ઞા સમ પથ્ય નહિ, ઔષધ વિચાર ધ્યાન. "**

૧૦. આત્માર્થી જીવને મોંઘા સત્સમાગમની પ્રાપ્તિનો અને આત્માર્થીની પુષ્ટિ કરવાનો, શાંતિના વેદનનો આ સોનેરી અવસર છે. તેને એમ થાય છે કે હવે મારૂં એક જ કામ છે. બધામાંથી રસ છોડીને સમયે સમયે સ્વને યાદ કરીને બધા પ્રકારથી આત્મ વસ્તુનો મહિમા ઘૂંટી ઘૂંટીને રાગથી જુદા ચૈતન્ય ભાવનું અંતર વેદન કરવું. જેમ જેમ ઊંડે ઉતરતા, મારો આત્મા જે આનંદનો મહાસાગર છે તેમાં ડૂબકી મારીને તેના એક ટીપાંનો સ્વાદ લેતા, સમસ્ત રાગાદિ પર ભાવોનો સ્વાદ છૂટીને ચૈતન્યના આનંદનો કોઈ અપૂર્વ સ્વાદ વેદાય છે, તો આખા આનંદના દરિયાની શી વાત !

કોઈ ધગધગતા તાપમાંથી શીતળ પાણીના સરોવરમાં ડૂબકી મારે અને તેને ઠંડક અનુભવાય તેમ આ સંસારમાં અનાદિથી અજ્ઞાન અને કષાયના તાપમાં બળતો અજ્ઞાની જીવ ચૈતન્યનું ભાન કરીને શાંત સ્વભાવમાં ડૂબકી મારે છે ત્યાં તેને અપૂર્વ આનંદ-સુખ-શાંતિ અનુભવાય છે.

**" અનુભવ ચિંતામનિ રતન, અનુભવ હૈ રસકૂપ;**
**અનુભવ મારગ મૌખકોહ અનુભવ મોખ સ્વરૂપ. "**

**" વસ્તુ વિચારત ધ્યાવતૈ , મન પામે વિશ્રામ;**
**રસ સ્વાદત સુખ ઉપજૈ, અનુભવ તાકો નામ. "**

૧૧. ધર્મી જીવ ગમે તેવા અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગો વચ્ચે પણ પોતાના ચૈતન્ય તત્ત્વની શાંતિને ચૂકતા નથી. જેમ સોનુ અગ્નિમાં તપે છતાં સોનુ જ રહે છે, તેમ સંયોગ અને રાગ-દ્વેષ વચ્ચે પણ ધર્માત્માનું જ્ઞાન તે જ્ઞાન જ રહે છે. ધર્મી

જીવને ચૈતન્યના આનંદની એવી ખુમારી હોય છે કે, દુનિયા કેમ રાજી થશે અને દુનિયા મારા વિષે શું ધારશે અને શું બોલશે? તે જોવા રોકાતા નથી. લોક લાજને છોડીને એ તો પોતાની ચૈતન્યની સાધનામાં મશગૂલ છે. તેઓ નિર્ભય છે.

૧૨. જેમ આકાશની વચ્ચે અદ્ધર અમૃતનો કૂવો હોય તેમ મારૂં ચૈતન્યગગન નીરાલંબી ને આનંદમાં અમૃતથી ભરેલું છે, તે આનંદને સ્વાદ લેવામાં વચ્ચે રાગાદિના આલંબનની જરૂર રહેતી નથી. પોતાના કાર્ય માટે બીજાનું આલંબન માંગવું તે તો કાયરનું કામ છે. મોક્ષના સાધકો શૂરવીર હોય છે, સ્વાલંબને જ તેઓ પોતાના મોક્ષકાર્યને સાધે છે. પોતાનો સ્વયં પુરૂષાર્થ ઉપાડે છે.

૧૩. જેને આત્માની લગની લાગી છે એવા જીવને આત્માની અનુભૂતિ સિવાય બીજા કોઈ પર ભાવોમાં કે સંયોગોમાં ક્યાંય ચેન પડતું નથી. તેને પોતાના ચૈતન્યની જ ધૂન લાગેલી હોય છે. ઉદયના વિચિત્ર પ્રસંગો વખતે પણ એ પોતાના સ્વભાવને છોડતો નથી. એને એક આત્મ હિતની જ વાત મુખ્ય છે. તેને જ્ઞાન અને વિકલ્પની ભિન્નતા ભાસતી હોવાથી તેમાં વિકલ્પનો એક અંશ પણ મારા જ્ઞાનનું કાર્ય નથી એ શ્રદ્ધા કાયમ છે . આવા નિર્ણયના જોરે આત્માનો રંગ ચડી જાય તે જીવ રાગથી છૂટો પડીને જ્ઞાન સ્વભાવનો સાક્ષાત અનુભવ કરે છે. વિકલ્પોથી અત્યંત વિરક્ત થઈને જ્ઞાન સ્વભાવમાં તન્મયપણે પરિણમ્યો તે જીવ પોતાને પરમાત્માપણે અનુભવે છે. આવો અનુભવ કરનાર જીવ અલ્પ કાળમાં સાક્ષાત પરમાત્મા દશાને પામે છે એ નિઃશંક વાત છે.

૧૪. આવા આત્મસન્મુખ જીવની રહેણી-કરણી જુદી જાતની હોય છે. દુનિયાના વિષયોનો રસ છૂટીને તેને તો માત્ર આત્માની ધૂન લાગે છે " **ધ્રુવ ધામના ધ્યેયની ધખતી ધૂણી ધીરજથી અને ધગશથી ધગાવનાર ધર્મનો ધારક ધર્મી ધન્ય છે** ". પોતાના મહાન આત્મ તત્ત્વને લક્ષમાં લેવા સિવાય બીજા કોઈ કાર્યમાં આત્મશક્તિ વેડફવાનું તેને પોષાતું નથી. એટલે સર્વ શક્તિથી નિરંતર પોતાના પરિણામને તે તરફ વાળતો જાય છે. અનંતકાળથી મેં મારા આત્માનું અજ્ઞાનતાવશે અહિત જ કર્યું છે હવે આ ભવમાં બાજી સુધારી લેવાની છે.

**' જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત '**

હવે મને ભવ ભ્રમણનો થાક લાગ્યો છે અને આ અપૂર્વ સત્સમાગમનો અવસર હવે ખાલી ન જાય એમ વિચારી તે અંતર્મુખ થાય છે.

૧૫. હાલ વર્તમાનકાળમાં આવા આત્મ સન્મુખ જીવો જે સત્ય પુરૂષાર્થ કરી રહ્યા છે તે જરૂર આત્મ અનુભવ કરશે.

આવા આત્મ-સન્મુખ જીવો બીજા જિજ્ઞાસુ જીવોને અત્યારે પણ આત્માનો અપાર મહિમા સમજાવીને સાચો મુક્તિનો માર્ગ બતાવે છે અને જે જીવો એ પ્રમાણે પુરૂષાર્થ કરશે તો તેઓ પણ આત્મ અનુભવ કરશે જ.

અરેરે ! આ વિષમ દુષમ પંચમકાળમાં અત્યારે જ્યાં ત્યાં કુગુરૂઓ અનેક જાતની કુયુક્તિથી ભોળા જીવોને કુમાર્ગમાં ફસાવે છે. પોતાને સ્વરૂપનું ભાન નથી અને વિતરાગ માર્ગની વિપરીત પ્રરૂપણા કરી રહ્યા છે, તેમના પોતાના પરિણામોના ફળનું ભાન નથી. પોતે ડૂબશે અને ભોળા જીવો ને ડૂબાડશે. બધાનો મનુષ્ય ભવ લૂંટાઈ જશે.

આવા પરમ ઉત્કૃષ્ટ વીતરાગ માર્ગને પરમ બહુમાનથી આદરજો, તે જ એક પરમ હિતકર છે. પંચ પરમેષ્ઠીનું જ આલંબન શ્રેષ્ઠ છે. જિનવાણી જ સાચી માતા છે. સમ્યક્ત્વ પામવાનો આ સોનેરી અવસર રખે ચૂકી જતા !

**સમ્યક્ત્વ સન્મુખ મિથ્યાદષ્ટિનું નિરૂપણ :**

સંસારનું મૂળ મિથ્યાત્વ છે. પોતાના પરિણામ સુધારવાનો ઉપાય કરવો યોગ્ય છે, માટે સર્વ પ્રકારના મિથ્યાત્વ ભાવ છોડી સમ્યગ્દષ્ટિ થવું યોગ્ય છે. એક મિથ્યાત્વ અને તેની સાથે અનંતા અનુબંધીનો અભાવ થતાં એકતાલીસ કર્મ પ્રકૃતિઓનો બંધ તો મટી જ જાય છે, તથા સ્થિતિ અંતઃક્રોડાક્રોડી સાગરની રહી જાય છે, અને અનુભાગ પણ થોડો જ રહી જાય છે. માટે હર કોઈ ઉપાય વડે પણ સર્વ પ્રકારથી એ મિથ્યાત્વનો નાશ કરવો યોગ્ય છે.

કર્મ વગેરે પરને લીધે જીવના પરિણામો બગડતા-સુધરતા નથી, પણ પોતાના ઉદ્યમથી જ પરિણામ બગડે-સુધરે છે; તેથી એવો ઉપદેશ છે કે પોતાના પરિણામ સુધારવાનો ઉદ્યમ કરવો યોગ્ય છે.

માટે સર્વ પ્રકારના મિથ્યાત્વ ભાવ છોડી સ્વભાવ સન્મુખ થઈને સમ્યગ્દષ્ટિ થવું યોગ્ય છે. સમ્યગ્દર્શન જ પરમ હિતનો ઉપાય છે. સમ્યગ્દર્શન થતાં અલ્પ કાળમાં જીવ અવશ્ય મોક્ષ પદ પામે છે.

**સમ્યગ્દર્શનની સન્મુખ થયેલા જીવની પાત્રતા કેવી હોય ?**

૧. **કષાયની ઉપશાંતતા :** પ્રથમ તો મંદ કષાય થયો છે. ક્રોધ, માન, માયા, લોભના પરિણામ શાંત થયા છે. આત્માનું હિત કરવાની જિજ્ઞાસા થઈ

ત્યાં મંદ કષાય થઈ ગયો. તીવ્ર કષાયના ભાવમાં ડૂબેલા જીવને તો આત્માના હિતનો વિચાર જ ઊગતો નથી.

૨. **જ્ઞાનનો ક્ષયોપશમ** : મંદ કષાયથી જ્ઞાનાવરણાદિનો એવો ક્ષયોપશમ થાય છે કે તત્ત્વનો વિચાર અને નિર્ણય કરવા જેટલી જ્ઞાનની શક્તિ પ્રગટી છે; જુઓ તત્ત્વ નિર્ણય કરવા જેટલી બુદ્ધિ તે છે પણ જેને આત્માની દરકાર નથી તે જીવ તત્ત્વ નિર્ણયમાં પોતાની બુદ્ધિ જોડતો નથી ને બહારના વિષય કષાયમાં જ બુદ્ધિ લગાવે છે.

૩. **મોહની મંદતા** : જે સમ્યક્ત્વ સન્મુખ છે તે જીવને મોહની મંદતા થઈ છે તેથી તે તત્ત્વ વિચારમાં ઉદ્યમી થયો છે. દર્શનમોહની મંદતા થઈ છે તેમજ ચારિત્ર મોહમાં પણ કષાયોની મંદતા થઈ છે. પોતાના ભાવમાં મિથ્યાત્વાદિનો રસ ઘણો મંદ થઈ ગયો છે અને તત્ત્વના નિર્ણય તરફ ઝુકાવ થયો છે. સંસારના કાર્યોની લોલૂપતા ઘટાડીને આત્માનો વિચાર કરવામાં ઉદ્યમી થયો છે. જેના હૃદયમાંથી સંસારનો રસ ઉડી ગયો છે, અને જે આત્માના વિચારનો ઉદ્યમ કરે છે કે 'અરે ! મારે તો મારા આત્માનું સુધારવાનું છે. દુનિયા તો એમ ને એમ ચાલ્યા કરશે, દુનિયાની દરકાર છોડીને મારે તો મારૂં હિત કરવું છે.' આવા જીવની આ વાત છે.

૪. **સાચા દેવ-ગુરૂ-શાસ્ત્રની શ્રદ્ધા** : તે જીવને બાહ્ય નિમિત્ત તરીકે સાચા દેવ-ગુરૂ-શાસ્ત્રાદિ મળ્યા છે; તેને કુદેવ-કુગુરૂ-કુશાસ્ત્રની માન્યતા છૂટી ગઈ છે. તે સર્વજ્ઞ વીતરાગ દેવને જ માને છે. પંચ પરમેષ્ઠિ, જિન ધર્મ, જિન વાણી, જિન ચૈતાલ્ય અને જિન બિંબ - એ નવ દેવ તરીકે પૂજ્ય છે. દિગંબર સંત ભાવલિંગી મુનિ મળે તે ગુરૂ છે. તેમજ કોઈ પ્રત્યક્ષ જ્ઞાની સત્પુરૂષ નિમિત્ત તરીકે મળે તે પણ જ્ઞાન ગુરૂ છે. પાત્ર જીવને નિમિત્ત તરીકે જ્ઞાનીનો જ ઉપદેશ હોય છે.

૫. **દેશના લબ્ધિ** : વળી તે જીવને સત્ય ઉપદેશનો લાભ મળ્યો છે. આવા નિમિત્તનો સંયોગ મળવો તે તો પૂર્વના પુણ્યનું ફળ છે અને સત્ય તત્ત્વનો નિર્ણય કરવાનો ઉદ્યમ તે પોતાનો વર્તમાન પુરૂષાર્થ છે. નિમિત્ત તરીકે સત્ય ઉપદેશ મળવો જોઈએ. યથાર્થ મોક્ષમાર્ગ શું? નવ તત્ત્વોનું સ્વરૂપ શું? સાચા દેવ-ગુરૂ-શાસ્ત્ર કેવા હોય? સ્વ-પર, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, સમ્યગ્દર્શનાદિ હિતકારી ભાવો તથા મિથ્યાત્વાદિ અહિતકારી ભાવો-એ બધાનો ઉપદેશ યથાર્થ મળ્યો છે.

૬. **તત્ત્વ નિર્ણયના ઉદ્યમનો વિચાર :** જ્ઞાની પાસેથી યથાર્થ તત્ત્વનો ઉપદેશ મળ્યા પછી પોતે સાવધાન થઈને તેનો વિચાર કરે છે; એને ઉપદેશ સાંભળતાં બહુમાન આવે છે કે :

' અહો ! આ વાતની તો મને ખબર જ નથી, આવી વાત તો મેં કદી પૂર્વે સાંભળી જ નથી.'

જુઓ આ જિજ્ઞાસુ જીવની લાયકાત ! જેને પોતાના આત્માનું હિત કરવું હોય તે જગતનું જોવા રોકાય નહિ. તે આત્માના નિર્ણયનો ઉદ્યમ કરે છે. આ શરીર તો જડ અચેતન છે ને હું તો જ્ઞાન સ્વરૂપ છું. અહીં મને હિતના સર્વ નિમિત્તો મળ્યાં છે. માટે હું તત્ત્વ સમજીને મારા આત્માનો ઉદ્ધાર કરૂં - આમ વિચારીને તત્ત્વ નિર્ણયનો ઉદ્યમ કરે છે.

૭. **તત્ત્વ જ્ઞાનનો અભ્યાસ કરે :** ત્યાં ઉદ્દેશ, નિર્દેશ એટલે કે નામ જાણે, તથા લક્ષણ એટલે જેનું જે લક્ષણ હોય તે જાણે, તથા પરીક્ષા દ્વારા વિચારીને નિર્ણય કરે. જીવ, અજીવ વગેરે નામ શીખે. તેમના લક્ષણ જાણે અને પરીક્ષા કરીને નિર્ણય કરે. જે ઉપદેશ સાંભળ્યો તેનો નિર્ધાર કર્યો અને પછી અંતરમાં તેનો પોતે નિર્ણય કરે છે. ઉપદેશ અનુસાર નામ અને લક્ષણ જાણીને પોતે વિવેકથી નિર્ણય કરે છે.

૮. **તત્ત્વની યથાર્થ પ્રતીતિ :** જ્ઞાની પાસેથી સાંભળેલા ઉપદેશનો પોતે જાતે ઉદ્યમ કરીને નિર્ણય કરે છે. ' આ કઈ રીતે છે ' એમ પોતે તેના ભાવને ઓળખીને જાતે નિર્ણય ન કરે તો સાચી પ્રતીતિ થતી નથી. એકાંતમાં વિવેકપૂર્વક વિચાર કરી તેનો નિર્ણય કરે, ને અંતરમાં તેને પરિણામવવાનો પ્રયત્ન કરે. અહીં ચાર વાત છે. યથાર્થ ઉપદેશ સાંભળવો,યાદ રાખવો, વિચાર કરવો અને તેનો નિર્ણય કરવો. તત્ત્વનો નિર્ણય કરવાની શક્તિ પોતામાં હોવી જોઈએ. જાતે કાંઈ પણ વિચાર કરીને તત્ત્વ નિર્ણયમાં પોતાની શક્તિ ન લગાવે તો તેને યથાર્થ પ્રતીતિનો લાભ થાય નહિ.

૯. **તત્ત્વાર્થ શ્રદ્ધાનમ્ સમ્યગ્દર્શનમ્ :** તત્ત્વાર્થ - શ્રદ્ધાન સમ્યગ્દર્શનનું લક્ષણ છે. એ જ્ઞાનીનો ઉપદેશ સાંભળી, પછી પોતે જાતે એકાંતમાં બેસી વિચાર કરે કે જીવાદિ સાત તત્ત્વો કહ્યાં તેનું સ્વરૂપ શું છે? તેના શ્રદ્ધાનને સમ્યગ્દર્શનનું લક્ષણ કહ્યું તે કઈ રીતે ઘટે છે? એમ જાતે નિર્ણય કરે. સાત તત્ત્વોની પરીક્ષા કરીને ઓળખે. જ્ઞાનીએ કહ્યું તે જ્ઞાની પાસે રહ્યું, પણ પોતે

નિર્ણય ન કરે તો પોતાને તત્ત્વનો યથાર્થ લાભ થાય નહિ. માટે નામ અને લક્ષણ ઓળખીને નિર્ણય કરવો જોઈએ. નવ તત્ત્વોને, મોક્ષમાર્ગને વગેરેને ઓળખીને પોતે એકલો વિચાર કરે-એકાંતમાં વિચાર કરવાનું કહ્યું તેમાં વિચારની એકાગ્રતા બતાવે છે. અંદરના વિચારમાં એકાગ્ર થઈને જીવ સમ્યગ્દર્શન પામી જાય. યુક્તિ-અનુમાન-પ્રત્યક્ષ આદિથી ઉપદેશમાં આવેલાં તત્ત્વો એમ જ છે કે અન્યથા છે-તેનો નિર્ણય કરે.

૧૦. **દ્રવ્યની સ્વતંત્રતાનો વિચાર :** એક દ્રવ્ય બીજા દ્રવ્યના આધારે રહેતું નથી, એકમાં બીજાથી કિંચિત્ લાભ નુકસાન નથી-એમ દ્રવ્યની સ્વતંત્રતાનો ઉપદેશ આવે ત્યાં પણ બરાબર વિચારીને નિર્ણય કરે. વળી એક તત્ત્વ વિષે પરસ્પર વિરોધી બે દલીલો આવે ત્યાં કઈ યુક્તિ પ્રબળ છે અને કઈ યુક્તિ નિર્બળ છે? તેનો વિચાર કરે. ત્યાં પ્રબળ યુક્તિ ભાસે તેને સત્ય માને અને નિર્બળ યુક્તિ ભાસે તેને છોડી દે-આમ વિચારીને તત્ત્વનો નિર્ણય કરવો જોઈએ.

૧૧. વિકાર જીવનો તે સમયનો સ્વકાળ છે, કર્મને કારણે વિકાર નથી; સમ્યગ્દર્શનનું લક્ષણ નિર્વિકલ્પ પ્રતીતિ; સમ્યગ્જ્ઞાનનું લક્ષણ સ્વ-પર પ્રકાશકપણું; સમ્યગ્ચારિત્રનું લક્ષણ વીતરાગતા; જીવ તત્ત્વનું લક્ષણ જ્ઞાન સ્વભાવ, અજીવ તત્ત્વનું લક્ષણ જડત્વ; એ પ્રમાણે બધા તત્ત્વોના નામ અને લક્ષણ જાણે. આસ્રવ આત્માની વિકારી પર્યાય છે. તે પર્યાયમાં આત્માના દ્રવ્ય-ગુણ રહેલાં છે. કેમ કે ગુણ તો પોતાની સર્વ પર્યાયોમાં રહે છે; તેને બદલે વિકાર થયો તે કર્મને લીધે થયો એમ માને તો મિથ્યાત્વ. એ જ પ્રમાણે મિથ્યાત્વ ભાવ થયો એ જીવની પર્યાય છે. તે જડ મોહ કર્મને લીધે થયો નથી. મિથ્યાત્વ પર્યાયમાં જડ મોહ કર્મ નથી પણ તેમાં શ્રદ્ધા ગુણ રહે છે. કર્મમાં કોઈ એવી તાકાત નથી કે તે વિકારને કરાવે. આ પ્રમાણે તત્ત્વનો ભાવ ભાસીને એવી પ્રતીતિ કરે કે ઈંદ્ર ડગાવવા આવે તો ય ન ફરે. બધાં તત્ત્વોનો યથાર્થ નિર્ણય કરવાનો ઉદ્યમ કર્યા જ કરે. આ ચૈતન્ય વસ્તુ અપૂર્વ મહિમાવાળી વસ્તુ છે, તે અંતર્મુખ જ્ઞાનથી જ પકડાય તેમ ચૈતન્યને પકડવાનો ઉદ્યમ કરે !

૧૨. **સ્વાનુભવ પ્રગટ કરવા માટે પ્રેરણા :** પોતે વિચારી તત્ત્વનો બરાબર નિર્ણય કરે. તત્ત્વના નિર્ણયમાં ભૂલ હોય તો અનુભવ થાય નહિ. રૂચિ થઈ અને અંતરમાં અભ્યાસ કરે તો અલ્પકાળમાં અંતરમાં તેનો અનુભવ થયા વિના

રહે નહિ. તેથી સમ્યગ્દર્શન માટે અંતરમાં તત્ત્વનિર્ણય અને અનુભવનો ઉદ્યમ કરવો જોઈએ. તો સમ્યક્ત્વ 'સહજ' છે.

૧૩. **શુભ રાગથી સંસાર પરિમિત થતો નથી :** પર જીવની દયા પાળવાથી કે વ્રત, તપ આદિ દયા-દાનના શુભ રાગથી સંસાર પરિમિત થવાનું માને-મનાવે તો તે કલ્પિત તત્ત્વ છે. તે જૈન માર્ગ નથી. સનાતન સત્ય વીતરાગ માર્ગ મહાવિદેહમાં ચાલી રહ્યો છે. તેવો જ અહીં હોવો જોઈએ. જેવો ભાવ સર્વજ્ઞ ભગવાને કહ્યો છે તેવો જ ભાવ પોતાને ભાસવો જોઈએ. પોતાને નિર્ણય કરી ભાવભાસન થવું જોઈએ

૧૪. **ભાવભાસનપૂર્વક પ્રતીતિ તે જ સાચી પ્રતીતિ છે :** ભાવભાસન સાથે પ્રતીતિ થાય તે જ યથાર્થ પ્રતીતિ છે. ભાવભાસન પર ખાસ વજન છે. ભાવ ભાસ્યા વિના શ્રદ્ધા નિર્મળ થાય નહિ.

૧૫. **પરીક્ષા કરીને હેય, જ્ઞેય, ઉપાદેય તત્ત્વોને ઓળખવા :** આત્માની સંવર નિર્જરા-મોક્ષરૂપ નિર્મળ પર્યાય તે ઉપાદેય છે, મિથ્યાત્વાદિ આસ્રવ બંધ ભાવો તે હેય તત્ત્વો છે. નિશ્ચયમાં પોતાનો શુદ્ધ આત્મા જ ઉપાદેય છે. અન્ય જીવ - અજીવ તત્ત્વ જ્ઞેય છે. આમ નવે તત્ત્વોમાં હેય-ઉપાદેય તત્ત્વો નક્કી કરવા જોઈએ.

૧૬. પ્રયોજનભૂત હેય-ઉપાદેય તત્ત્વોની પરીક્ષા કરી બરાબર નિર્ણય કરવો. પ્રયોજનભૂત તત્ત્વનું જેવું સ્વરૂપ છે તેવું ઓળખ્યા વગર યથાર્થ શ્રદ્ધાન થાય નહિ. ' જિનેન્દ્રદેવે જે સૂક્ષ્મ તત્ત્વ કહ્યું છે તે બધુંય ભલા પ્રકારથી હું ઈષ્ટ કરૂં છું ' એ પ્રમાણે તે જીવ શ્રદ્ધાવાન થાય છે. જિનવર અને પોતાની પરીક્ષા એ બંનેની સમાનતા થાય ત્યારે જાણવું કે સત્ય પરીક્ષા થઈ છે.

૧૭. **અવશ્ય જાણવા યોગ્ય તત્ત્વો :** જીવાદિ દ્રવ્યો વા તત્ત્વોને જાણવાં. મિથ્યાત્વ-સમ્યગ્દર્શનાદિનું સ્વરૂપ જાણવું, નિમિત્ત-નૈમિત્તિક, ઉપાદાન-નિમિત્ત, સામાન્ય-વિશેષ, નિશ્ચય- વ્યવહાર બધાં જ પડખાંથી જાણવું જોઈએ અને જ્યાં સુધી તત્ત્વાર્થ શ્રદ્ધાન-અંતરંગ પ્રતીતિ ન થાય ત્યાં સુધી તેના જ અભ્યાસમાં સતત પ્રવૃત રહેવું. અંતરંગ પ્રીતિથી-ઉલ્લાસપૂર્વક આ કાર્ય કરતા રહેવું.

૧૮. **અહં બુદ્ધિની સ્થાપના :** ઉત્સાહપૂર્વક ઉદ્યમ કરતાં કરતાં કેવળ પોતાના આત્મા વિષે જ 'આ હું છું ' એવી અહં બુદ્ધિ થાય ત્યારે સમ્યગ્દષ્ટિ થાય

છે. ચૈતન્ય સ્વરૂપ આત્મામાં અહં બુદ્ધિ અનુભવપૂર્વક થાય ત્યારે જ સમ્યગ્દર્શન થાય છે. અંતરમાં અનૂભૂતિપૂર્વક વેદન થઈ ગયું છે કે 'હું તો જ્ઞાનમૂર્તિ આત્મા જ છું' આનું નામ સમ્યગ્દર્શન છે.

૧૯. તત્ત્વ વિચાર થતાં જ તે જીવ સમ્યક્ત્વનો અધિકારી થાય છે. સમ્યગ્દર્શનમાં તત્ત્વ વિચારની જ મુખ્યતા છે.

૨૦. **ચૈતન્યની નિર્વિકલ્પ અનુભૂતિ તે જ સમ્યગ્દર્શન છે :** સ્વરૂપ સન્મુખ થઈને નિર્વિકલ્પ અનુભૂતિ થાય-આનંદનું વેદન થાય ત્યારે જ યથાર્થ સમ્યગ્દર્શન થયું કહેવાય.

# ૧૩ નવ તત્ત્વનો સાર

જીવ, અજીવ, આસ્રવ (પુણ્ય અને પાપ), બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ નવ તત્ત્વ છે.

૧. **જીવ :** જીવ એટલે આત્મા. તે સદાય જાણનારો પરથી જુદો અને ત્રિકાળ ટકનારો છે. જ્યારે તે પર નિમિત્તના શુભ અવલંબનમાં જોડાય છે ત્યારે તેને શુભ ભાવ (પુણ્ય) થાય છે; અશુભ અવલંબનમાં જોડાય છે ત્યારે અશુભ ભાવ (પાપ) થાય છે; અને જ્યારે સ્વાલંબી થાય છે ત્યારે શુદ્ધ ભાવ (ધર્મ) થાય છે.

૨. **અજીવ :** જેમાં ચેતના-જાણપણું નથી; તેવા દ્રવ્યો પાંચ છે. તેમાં ધર્મ, અધર્મ, આકાશ અને કાળ તે ચાર અરૂપી છે. અને પુદ્ગલ રૂપી સ્પર્શ, રસ, ગંધ, વર્ણ સહિત છે.

અજીવ વસ્તુઓ જીવ (આત્મા)થી જુદી છે. તેમજ અનંત આત્માઓ પણ એક બીજાથી સ્વતંત્ર જુદા છે. પર લક્ષ વગર જીવમાં વિકાર થાય નહિ. પર તરફ વલણ કરતાં જીવને પુણ્ય-પાપની શુભાશુભ વિકારી લાગણી થાય છે.

૩. **આસ્રવ :** વિકારી શુભાશુભ ભાવપણે અરૂપી અવસ્થા જીવમાં થાય તે ભાવ આસ્રવ અને તે સમયે નવા કર્મ યોગ્ય રજકણોનું આવવું (આત્મા સાથે એકક્ષેત્રે રહેવું) તે દ્રવ્ય આસ્રવ છે. પુણ્ય અને પાપ એ બંને આસ્રવના ભાગ છે.

૪. **પુણ્ય :** દયા, દાન, ભક્તિ, પુજા, વ્રત વગેરેના શુભ ભાવ જીવની પયાર્યમાં થાય છે તે અરૂપી વિકાર ભાવ છે - તે ભાવ પુણ્ય છે અને તે સમયે કર્મ યોગ્ય જડ પરમાણુઓનો જથ્થો સ્વયં (પોતાના કારણે પોતાથી ) એક ક્ષેત્રાવગાહ સંબંધે જીવની સાથે બંધાય છે તે દ્રવ્ય પુણ્ય છે. (તેમાં જીવની અશુદ્ધ પર્યાય નિમિત્ત માત્ર છે.)

૫. **પાપ :** હિંસા, અસત્ય, ચોરી, અવ્રત વગેરેના અશુભ ભાવ તે ભાવ પાપ છે અને તે સમયે કર્મ યોગ્ય જડની શક્તિથી પરમાણુઓનો જથ્થો સ્વયં બંધાય તે દ્રવ્ય પાપ છે. (તેમાં જીવની અશુદ્ધ પર્યાય નિમિત્ત માત્ર છે) પરમાર્થે આ પુણ્ય-પાપ (શુભાશુભ ભાવ) આત્માને અહિતકર છે. આત્માની ક્ષણિક અશુદ્ધ દશા છે. આત્માનું અસલી સ્વરૂપ નથી. દ્રવ્ય પુણ્ય-પાપ પુદ્ગલ દ્રવ્યની અશુદ્ધ અવસ્થા છે તે આત્માનું હિત અહિત કરી શકે નહિ.

૬. **બંધ** : આત્માનું અજ્ઞાન, રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવમાં અટકી જવું તે ભાવ બંધ છે અને તે સમયે કર્મ યોગ્ય પુદ્‌ગલનું સ્વયં કર્મરૂપ બંધાવું તે દ્રવ્ય બંધ છે. (તેમાં જીવની અશુદ્ધ પર્યાય નિમિત્ત માત્ર છે.)

૭. **સંવર** : પુણ્ય-પાપના ભાવને (આસ્રવને) આત્માના શુદ્ધ ભાવ દ્વારા રોકવા તે ભાવ સંવર છે અને તે અનુસાર નવા કર્મ બંધાતા અટકે તે દ્રવ્ય સંવર છે.

૮. **નિર્જરા** : અખંડ આનંદ શુદ્ધ આત્મ સ્વભાવના અવલંબનના બળથી સ્વરૂપ સ્થિરતાની વૃદ્ધિ વડે અશુદ્ધ (શુભાશુભ) અવસ્થાનો અંશે નાશ કરવો તે ભાવ નિર્જરા અને તે સમયે ખરવા યોગ્ય જડ કર્મોનું અંશે ખરી જવું તે દ્રવ્ય નિર્જરા છે.

૯. **મોક્ષ** : સમસ્ત કર્મોના ક્ષયના કારણભૂત તથા નિશ્ચય રત્નત્રય સ્વરૂપ પરમ વિશુદ્ધ પરિણામો તે ભાવ મોક્ષ છે. અને પોતાની યોગ્યતાથી સ્વયં સ્વતઃ દ્રવ્ય કર્મોનો આત્મપ્રદેશોથી અત્યંત અભાવ થવો તે દ્રવ્ય મોક્ષ છે. જીવ અત્યંત શુદ્ધ થઈ જાય છે તે દશાને મોક્ષ તત્ત્વ કહે છે.

આ પ્રમાણે જેવું નવ તત્ત્વનું સ્વરૂપ છે તેવું જ જીવ શુભ ભાવથી વિચારે તેને શુદ્ધનું લક્ષ હોય તો તે વ્યવહાર સમકિત છે. વ્યવહાર શ્રદ્ધામાં કોઈ પડખે ભૂલ ન આવે તેમ નવ તત્ત્વોમાંથી શુદ્ધ નય વડે એકરૂપ અખંડ જ્ઞાયક સ્વભાવી આત્માને તારવી લેવો (તેનું લક્ષ કરવું) તે પરમાર્થ શ્રદ્ધા એટલે કે નિશ્ચય સમ્યગ્દર્શન છે.

**નવ તત્ત્વનું સ્વરૂપ :**

૧. **જીવ** : જીવ નામનો પદાર્થ તે સમય છે. તે આ પ્રમાણે છે.
   ૧. ઉત્પાદ-વ્યય-ધ્રુવયુક્ત સત્તાથી સહિત છે.
   ૨. દર્શન જ્ઞાન સ્વરૂપ પરિણમન સહિત છે.
   ૩. અનંત ધર્મોમાં રહેલા એક ધર્મીપણાને લીધે તેને દ્રવ્યપણું પ્રગટ છે.
   ૪. અક્રમવર્તી અને ક્રમવર્તી એવા ગુણ પર્યાયો સહિત છે.
   ૫. સ્વ-પર સ્વરૂપને પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી તેને સમસ્ત રૂપને પ્રકાશનારૂં એકરૂપપણું છે.
   ૬. અસાધારણ ચૈતન્ય ગુણના સદ્‌ભાવને લીધે તથા પર દ્રવ્યોના વિશેષ ગુણોના અભાવને લીધે પર દ્રવ્યોથી ભિન્ન છે.

૭. અન્ય દ્રવ્યોથી અત્યંત એકક્ષેત્રાવગાહ હોવા છતાં પોતાના ભિન્ન ક્ષેત્રપણે રહેતો એક ટંકોત્કીર્ણ ચૈતન્ય સ્વરૂપ જ રહેવાનો સ્વભાવ છે.

આ પ્રમાણે સાત બોલથી સમય સિદ્ધ કર્યો છે.

નિશ્ચયથી ત્રિકાળ, એકરૂપ, શુદ્ધ, બુદ્ધ સ્વભાવ જે છે એવા પ્રાણથી જીવે તે જીવ છે.

એકેન્દ્રિય, બે ઇન્દ્રિય, પંચેન્દ્રિય એ કાંઇ વાસ્તવિક જીવ નથી; અંદર જે જ્ઞાયક ભાવ છે તે જીવ છે. ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવમય એક જ્ઞાયક માત્ર છે. શરીરથી અન્ય જુદો ચિદાનંદ સ્વભાવી જીવ ભેદ જ્ઞાનીઓ વડે પ્રત્યક્ષ અનુભવાય છે.

દશ પ્રાણરૂપ જીવત્વ છે તે અશુદ્ધ પ્રાણ છે. જડ પ્રાણોથી જીવ જીવે છે એ તો વાત નહિ, પાંચ ઇન્દ્રિયો (ભાવેન્દ્રિયો), મન, વચન, કાયા, આયુષ્ય અને શ્વાસ - એવા દશ પ્રાણરૂપ જે અશુદ્ધ જીવત્વ તેનાથી જીવ જીવે છે એમ જે કહ્યું છે તે વ્યવહાર નયથી કહ્યું છે અને તે 'અશુદ્ધ પારિણામીક ભાવ' છે. ત્રિકાળી ધ્રુવ એક ચૈતન્ય સ્વભાવથી ભરેલો પરમ પારિણામીક ભાવ સ્વરૂપ છે.

આત્માનું લક્ષણ ઉપયોગ છે. તે લક્ષણથી લક્ષ્ય આત્મા જાણી શકાય છે.

૨. **અજીવ** : જેમાં સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ હોય તે પુદ્‍ગલ છે. દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, પૂજા, શીલ, સંયમ આદિ જે વિકલ્પો-શુભભાવો છે તે પુદ્‍ગલ દ્રવ્યના પરિણામમય કહેવામાં આવ્યા છે. ચિત્ત શક્તિથી શુન્ય બધા ભાવો પુદ્‍ગલના છે. રંગ રાગાદિ ભાવો બધાયમાં પુદ્‍ગલ જ નાચે છે. દુઃખનો અનુભવ છે તે જડ છે. વિકારી પરિણામ પુદ્‍ગલના પરિણામ છે. જેમ શીત -ઉષ્ણ અવસ્થા અચેતન છે તેમ રાગ-દ્વેષ અને સુખ-દુઃખની અવસ્થા પણ અચેતન છે.

૩. **આસ્રવ** : આસ્રવ થવા યોગ્ય અને આસ્રવ કરનાર - એ બંને આસ્રવ છે. પુણ્ય-પાપના ભાવપણે થવા લાયક જીવની પર્યાય એ ભાવ આસ્રવ અને તેમાં કર્મનું જે નિમિત્ત તે દ્રવ્ય આસ્રવ.

મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય અને યોગ જેમના લક્ષણ છે એવા જે પ્રત્યયો એટલે કે આસ્રવો - તે બધાય જીવને નથી. મલિન પર્યાયને - ભાવ આસ્રવને પુદ્‍ગલના પરિણામ કહ્યા છે. કેમ કે ચૈતન્યના અનુભવથી તેઓ

ભિન્ન રહી જાય છે. રાગથી ભિન્ન પડીને જ્યાં ત્રિકાળી શુદ્ધ દ્રવ્યને ઉપાદાન કર્યું ત્યાં રાગથી વિરૂદ્ધ શુદ્ધ ચૈતન્યમય પરિણમન થઈ ગયું. આ રીતે આત્મા આસ્રવથી નિવૃત થાય છે. જો આત્મા આસ્રવથી નિવૃત ન થાય તો તેને સાચું ભેદ જ્ઞાન થયું જ નથી. પુણ્ય-પાપના ભાવથી દષ્ટિ ખસી ગઈ તેનું જ નામ ભેદ જ્ઞાન છે. રાગ અને સ્વભાવનું જે ભેદ જ્ઞાન થયું તે જ્ઞાન આસ્રવોથી નિવર્તે છે. અભિપ્રાયમાં જે પુણ્ય-પાપના રસ-રૂચિ હતા તે મટી જાય છે અને તેને જ્ઞાન આસ્રવોથી નિવર્ત્યું એમ કહે છે.

આત્મા અખંડ, અનંત, પ્રત્યક્ષ ચિન્માત્ર જ્યોતિ વિજ્ઞાનઘન સ્વભાવપણા ને લીધે એક છે. તેની દષ્ટિ કરતાં મિથ્યાત્વનો આસ્રવ ટળી જાય છે. પુણ્ય પાપના વિકલ્પો તે આસ્રવો છે.

૪. **બંધ :** બંધાવા યોગ્ય અને બંધન કરનાર - એ બંને બંધ છે. બંધાવા યોગ્ય જીવ (પર્યાય) છે. રાગ-દ્વેષ, મિથ્યાત્વ, વિષયવાસના - એમાં અટકવા યોગ્ય, બંધાવા યોગ્ય લાયકાત જીવની પર્યાયની છે. તે ભાવ બંધ છે. સામે પૂર્વ કર્મનું નિમિત્ત છે એ બંધન કરનાર છે. પૂર્વ કર્મ જે નિમિત્ત થાય છે એને અહીં દ્રવ્ય બંધ કહ્યો છે. ભગવાન આત્મા તો અબદ્ધ - સ્પૃષ્ટ છે, પણ એની પર્યાયમાં બંધ યોગ્ય લાયકાત છે તે (જીવ) ભાવ બંધ છે અને બંધન કરનાર કર્મ નિમિત્ત છે તે દ્રવ્ય બંધ છે. આમ એ બંને બંધ છે. મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ, કષાય, યોગ એ પાંચ બંધના કારણ છે. બંધના કારણ વસ્તુના સ્વભાવમાં નથી. પણ એ બંધના કારણ પર્યાયમાં તો છે જ. જુઓ ! સ્વરૂપના ભાન વિના વિકારનો સ્વામી થઈ જીવ પોતે વિકાર કરે ત્યારે નવો કર્મબંધ થાય છે. જે કર્મ બંધાય છે તે સ્વયં સ્વતઃ પોતાના કારણે બંધાય છે. કર્મરૂપે બંધાવાની લાયકાતવાળા પરમાણુ સ્વયં પોતાથી કર્મરૂપે પરિણમે છે. ત્યાં જીવ અને કર્મનું એકક્ષેત્રાવગાહે રહેવું એ સંબંધ છે, પણ એકબીજાના કર્તા-કર્મપણે થવું એવો સંબંધ નથી.

રાગનું ઉપયોગમાં એકત્વ થવું એનું નામ બંધ તત્ત્વ છે. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યરૂપ છે. તેના ઉપયોગમાં - જ્ઞાનના વિકારનું - રાગનું એકત્વ થવું તે બંધ તત્ત્વ છે. જડ કર્મનો બંધ એ બાહ્ય નિમિત્ત છે.

એક સમયમાં ત્રણ વાત બને છે.

૧. દર્શનમોહ આદિ કર્મનો ઉદય - તે સ્વતંત્ર છે.
૨. તે જ સમયે નવા કર્મનો બંધ - તે પણ સ્વતંત્ર છે.

૩. તે જ સમયે અજ્ઞાની જીવ સ્વયં મિથ્યાત્વાદિ ભાવરૂપે પરિણમે છે તે. - તે પણ સ્વતંત્ર છે. બધું જ સ્વતંત્ર છે.

રાગ મારી ચીજ છે, મારૂં કર્તવ્ય-કાર્ય છે, એવા મિથ્યાદષ્ટિના ભાવ નવા કર્મ બંધમાં નિમિત્ત થાય ત્યારે જૂના કર્મને નવા કર્મ બંધનું નિમિત્ત કહેવામાં આવે છે.

૫. **સંવર :** સંવર થવા યોગ્ય સંવાર્ય એ જીવની પર્યાય છે. તે ભાવ સંવર છે. સંવર કરનાર સંવારક એ નિમિત્ત છે. સંવરની સામે જેટલો કર્મનો ઉદય નથી (અભાવરૂપ છે) એને દ્રવ્ય સંવર કહે છે. એ બંને સંવર છે - એક ભાવ સંવર અને બીજો દ્રવ્ય સંવર.

જેટલો ધર્મ પ્રગટ થાય તેટલો અધર્મથી નિવૃત થાય અને જેટલો અધર્મ આસ્રવથી નિવૃત થાય તેટલો ધર્મમાં સ્થિર થાય છે, તેટલા સંવર - નિર્જરા થાય છે. પુણ્ય પાપના વિષમ ભાવથી ભેદ જ્ઞાન થયા વિના સમતા જેનું મૂળ છે એવી સામાયિક કેમ થાય?

જ્ઞાન ભાવમાંથી જ્ઞાનમય જ ભાવ થાય છે એ ન્યાયે જ્ઞાનીને નવાં કર્મ આવવાનું જે નિમિત્ત એવા રાગ-દ્વેષ-મોહની સંતતિ- પરંપરાનો નિરોધ થાય છે. લ્યો, આ સંવર થયો. જ્ઞાનની ધારાવાહી એકાગ્રતાની પ્રગટતા અને રાગમય ભાવનો નિરોધ થયો એનું નામ સંવર છે. સંવર થતા શુદ્ધ આત્માનો ભેટો થાય છે, ભગવાન નિર્મળાનંદના આનંદનો અનુભવ થાય છે.

સ્વભાવ સન્મુખ દષ્ટિ છે અને રાગથી ભિન્નતા થઈ છે તેને ધારાવાહી નિર્મળતા - પવિત્રતા પ્રગટ થાય છે. એને વર્તમાન કર્મનો સંવર થાય છે અને સંવરપૂર્વક પૂર્વકર્મની નિર્જરા થાય છે.

અખંડ દષ્ટિનો વિષય જે ત્રિકાળી શુદ્ધ આત્મા તેને દષ્ટિમાં લઈ જે પરિણમ્યો તે અખંડ ધારાવાહી પોતાને શુદ્ધ જ અનુભવ્યા કરે છે. તેને રાગ-દ્વેષ-મોહરૂપી ભાવાસ્રવો રોકાય છે. અર્થાત્ પ્રગટતા નથી. તેથી તે શુદ્ધ આત્માને-શુદ્ધતાને પામે છે અને એનું નામ સંવર છે.

૬. **નિર્જરા :** નિર્જરવા યોગ્ય અને નિર્જરા કરનાર-બંને નિર્જરા છે. નિર્જરવા યોગ્ય અશુદ્ધતા અને થવા યોગ્ય શુદ્ધતા એ જીવની પર્યાય છે. એ ભાવ નિર્જરા છે. નિર્જરા કરનાર (દ્રવ્ય કર્મનું ખરી જવું) એ નિમિત્ત છે. એ દ્રવ્ય નિર્જરા છે. એ બંને નિર્જરા છે.

સંવરપૂર્વક અશુદ્ધતાનો નાશ થવો, શુદ્ધતાની વૃદ્ધિ થવી તથા તે કાળે દ્રવ્યકર્મનું સ્વયં ખરી જવું - નિર્જરી જવું તેને નિર્જરા કહે છે.

જે કર્મનો નાશ થાય છે તે સ્વયં તેના કારણે થાય છે; તે કાંઈ વાસ્તવિક નિર્જરા નથી; પર્યાયમાં અશુદ્ધતાનો નાશ થઈ, શુદ્ધિની વૃદ્ધિ થવી તે વાસ્તવિક નિર્જરા છે. સંવર એટલે આત્મામાં શુદ્ધિની ઉત્પત્તિ થવી અને નિર્જરા એટલે શુદ્ધિની વૃદ્ધિ થવી.

નિર્જરા એટલે ધર્મ કોને થાય? કે જેણે અંતરમાં હું જ્ઞાનાનંદમૂર્તિ પ્રભુ આત્મા છું એવી દૃષ્ટિ કરી છે તેને. પર દ્રવ્ય છેદાઓ વા ભેદાઓ, તે મારી ચીજ નથી; હું તો થવાવાળી ચીજ ને પોતાના જ્ઞાતા-દૃષ્ટાપણામાં રહીને જાણવાવાળો છું-લ્યો, આમ જાણવાવાળાને નિર્જરાને ધર્મ થાય છે.

પોતાના નિત્યાનંદ-પરમાનંદ સ્વરૂપમાં સ્થિર થતા-જામતા ઈચ્છાની ઉત્પત્તિ ન થાય તે ઈચ્છાનો નિરોધ છે, તે આનંદની પ્રાપ્તિ છે અને તેને ભગવાન તપ કહે છે અને એ તપ વડે નિર્જરા કહી છે.

૭. **મોક્ષ :** મોક્ષ થવા યોગ્ય અને મોક્ષ કરનાર એ બંને મોક્ષ છે. મોક્ષ થવા યોગ્ય જીવની પર્યાય છે. જીવની પર્યાયમાં મોક્ષ થવાની લાયકાત છે. ત્રિકાળી ચીજ છે એ તો મોક્ષ સ્વરૂપ જ છે. મોક્ષ થવા યોગ્ય જીવની પર્યાય તે ભાવ મોક્ષ છે. અને સર્વ કર્મના અભાવરૂપ નિમિત્ત તે મોક્ષ કરનાર દ્રવ્ય મોક્ષ છે. આમ એ બંને મોક્ષ છે.

અરાગી જ્ઞાયકભાવની દૃષ્ટિ થતાં પર્યાયમાં શુદ્ધતા પ્રગટ થાય છે અને અશુદ્ધતા નાશ પામે છે. અને તેથી કર્મ બંધાતા નથી અને સંસારની નિવૃત્તિ થઈ જાય છે. સ્વભાવમાં પ્રવૃત્તિ પુષ્ટ થતા વિકારી પરિણમનથી નિવૃત્તિ થઈ જાય છે અને આત્મા એકલો સિદ્ધ ભગવાન થઈ જાય છે.

અરે ભાઈ ! જ્ઞાયક તો સદા જ્ઞાયક જ છે. એ બંધનમાં કેમ આવે? અને એને વળી મુક્તિ કેવી? વસ્તુમાં - દ્રવ્યમાં બંધન અને મુક્તિ ક્યાં છે? જે સદા મુક્ત સ્વરૂપ છે તેમાં નજર સ્થિર કરતા તે મુક્ત જણાય છે; બસ આ જ મોક્ષ છે. કર્મથી પૂર્ણ છુટવું એ દ્રવ્ય મોક્ષ છે. અને ભાવથી-અપૂર્ણતા અને રાગથી પૂર્ણ છૂટી જવું એ ભાવ મોક્ષ છે.

૮-૯. **પુણ્ય-પાપ :** જેમ ઘંટીનાબે પડની વચ્ચે જે દાણો હોય તે પીસાઈ જાય છે તેમ આ સમસ્ત જીવ લોક અનાદિથી સંસારરૂપી ચક્ર કહેતાં પુણ્ય અને પાપ એ બે

ભાવ રૂપ ચક્રની મધ્યમાં પીસાઈ રહ્યો છે, દુઃખી દુઃખી થઈ રહ્યો છે.

દયા, દાન, વ્રત, તપ, પૂજા,ભક્તિના ભાવ એ શુભ ભાવ છે,તે ધર્મ નથી; એ તો સંસાર છે, રખડવાનો ભાવ છે. બંધનું કારણ છે.

હિંસા, જુઠ, ચોરી, પરિગ્રહ, કુશીલ, કષાય એ બધા અશુભ ભાવ છે, તે પણ ધર્મ નથી. એ સંસારના રખડવાના કારણ છે - પાપ ભાવ છે.

વર્તમાન પર્યાય તે વિકારી થવા યોગ્ય અને એમાં કર્મ નિમિત્ત તે વિકાર કરનાર એ બંને પુણ્ય છે. વિકારી થવા યોગ્ય છે તે ભાવ પુણ્ય અને કર્મનું નિમિત્ત છે તે દ્રવ્ય પુણ્ય - એમ બંને પુણ્ય છે. એ જ પ્રમાણે વિકારી થવા યોગ્ય જે જીવની પર્યાય તે ભાવ પાપ અને કર્મનું જે નિમિત્ત તે દ્રવ્ય પાપ - એમ બંને પાપ છે. દ્રવ્ય પાપ એ ભાવ પાપ થવામાં નિમિત્ત છે. વસ્તુ સ્વભાવ પોતે પુણ્ય - પાપનો કરનાર નથી. શુભ ભાવ થવા લાયક જીવ (પર્યાય) અને એનો કરનાર કર્મનો ઉદય તે અજીવ છે તેને દ્રવ્ય પુણ્ય કહીએ. એવી રીતે હિંસા, જૂઠ, ચોરી આદિ ભાવ પાપ થવા લાયક તો જીવ છે; પર્યાયમાં એવી લાયકાત છે અને કર્મનું જે નિમિત્ત છે તેને દ્રવ્ય પાપ કહીએ.

મોહ કર્મનો જે ઉદય છે એ તો પાપ જ છે. ઘાતી કર્મનો ઉદય જે છે એ તો એકલો પાપરૂપ જ છે. અહીં પુણ્ય ભાવપણે પરિણમ્યો છે એને ભાવપુણ્ય જીવ કહ્યો અને કર્મનો ઉદય (ઘાતી કર્મનો) જે અજીવ છે તેને દ્રવ્ય પુણ્ય કહ્યો.

પુણ્ય-પાપના ભાવને શાસ્ત્રમાં પુદ્‌ગલના કહ્યા છે, કારણ કે એમાં ચેતનનો જ્ઞાનનો અંશ નથી. રાગ ચૈતન્યના અભાવરૂપ છે. દયા, દાન, ભક્તિ, પૂજા ઈત્યાદિ વિકલ્પમાં ભગવાન ચૈતન્યની જાતિ નથી, તેથી પુદ્‌ગલના કહ્યા છે.

**''પાપરૂપને પાપ તો જાણે સહુ કોઈ,**
**પુણ્યતત્ત્વને પણ પાપ છે કહે અનુભવી બુધ કોઈ''**

અનુભવી સમ્યગ્દષ્ટિ તો પુણ્યને પણ પાપ કહે છે.

નિશ્ચય નયની અપેક્ષાએ વ્યવહાર રત્નત્રય (પુણ્યભાવ) એ પાપ છે, રાગ છે, મલિન છે, બંધ છે, સંસાર છે.

આ રીતે નવ તત્વનું સ્વરૂપ યથાર્થ જાણવું.

**નવ તત્વનો સાર :**

૧. આત્મા છે. આત્મા નિત્ય છે.
૨. આત્માનું પરિણમન (અવસ્થા) છે.
૩. વર્તમાનમાં પરિણમનમાં ભૂલ છે. (પર્યાય દૃષ્ટિ)
૪. ભૂલમાં નિમિત્ત કર્મ છે. (કર્મ ભૂલ કરાવતા નથી)
૫. પરિણમનમાં (પર્યાયમાં) જે ભૂલ છે તે ક્ષણિક છે.
૬. આત્માનો ત્રિકાળ સ્વભાવ શુદ્ધ પરિપૂર્ણ છે, તેમાં કોઈ ભૂલ નથી.
૭. તે સ્વભાવના ભાનથી (આશ્રયથી), તે સન્મુખ થવાથી તે ભૂલ ટળી શકે એમ છે. (દ્રવ્ય દૃષ્ટિ)
૮. તે ભૂલ ટાળવામાં સાચા દેવ-ગુરૂ-શાસ્ત્ર નિમિત્ત છે.
૯. આ ભૂલ ટળતાં કર્મનો સંયોગ સ્વયં ટળી જાય છે.

આ રીતે નવ તત્વનો સાર આ નવ પદમાં આવી જાય છે. આ નવ પદનો વિસ્તારથી વિચાર કરતાં વિશેષ ચિંતવન કરવાથી નિજજ્ઞાન પ્રગટે છે. નિજ જ્ઞાનથી મોહનો ક્ષાણ થઈ નિવાર્ણ પદ પ્રાપ્ત થાય છે. આ જ મોક્ષ પ્રાપ્ત કરવાની વિધિ છે.

# ૧૪ જૈન દર્શનનો સાર

૧. સ્વરૂપની રુચિ (અંતર્મુખ વલણની રુચિ).

૨. સ્વરૂપની યથાર્થ સમજણ (સાચા દેવ-ગુરૂ-શાસ્ત્ર નિમિત્ત, સાત તત્ત્વોનું યથાર્થ શ્રદ્ધાન).

૩. સ્વરૂપનો યથાર્થ નિર્ણય (ભેદ વિજ્ઞાન, વિતરાગ વિજ્ઞાન).

૪. સ્વરૂપની યથાર્થ શ્રદ્ધા - પ્રતીતિ - અનુભવ.

૫. સ્વરૂપ સન્મુખ થઈને નિર્વિકલ્પ અનુભૂતિ થાય - આનંદનું વેદન થાય ત્યારે જ યથાર્થ સમ્યગ્દર્શન થયું કહેવાય. અંતરમાં ચૈતન્ય સ્વભાવનો મહિમા લાવીને તેની નિર્વિકલ્પ અનુભૂતિ કરવી તે સમ્યગ્દર્શન છે.

૬. જેને જેની રુચિ હોય તે તેની વારંવાર ભાવના ભાવે છે અને ભાવનાને અનુસાર ભવન થાય છે. જેવી ભાવના તેવું ભવન. શુદ્ધ સ્વભાવની વારંવાર ભાવના કરવાથી તેનું ભવન -પરિણમન થઈ જાય છે. માટે જ્યાં સુધી આત્માની યથાર્થ જ્ઞાન-શ્રદ્ધા અને અનુભવ ન થાય ત્યાં સુધી સત્સમાગમે વારંવાર પ્રીતિપૂર્વક તેનું શ્રવણ, મનન અને ભાવના કર્યા જ કરવી. એ ભાવનાથી ભવનો નાશ થાય છે. "**આત્મ ભાવના ભાવતાં જીવે લહે કેવળજ્ઞાન**".

૭. સત્સંગ, સ્વાધ્યાય,ગુણ જીજ્ઞાસા,પ્રભુભક્તિ,આત્મભાવના, આત્મસાક્ષાત્કાર એ જ ઉન્નતિનો ક્રમ છે.

૮. હું જ્ઞાયક.... જ્ઞાયક.... જ્ઞાયક છું એમ અંદરમાં રટણ રાખ્યા કરવું.

૯. જ્ઞાયક સન્મુખ ઢળવું, જ્ઞાયક સન્મુખ એકાગ્રતા કરવી, પર્યાયને જ્ઞાયક સન્મુખ વાળવી અનંતો પુરુષાર્થ માંગે છે.

૧૦. પૂર્ણાનંદ નાથ પ્રભુ એની પ્રતીતિમાં, એના વિશ્વાસ ભરોસો આવવો જોઈએ કે અહો ! એક સમયની પર્યાય પાછળ આવડો મોટો ભગવાન 'તે હું જ છું'

**સમ્યગ્દષ્ટિ જીવ :**

૧. સમ્યગ્દષ્ટિ જીવને હું શક્તિએ શુદ્ધ છું એવી સમ્યક્બોધ ધારા નિરંતર વર્તે છે. આવી સમ્યક્બોધ ધારા જ્ઞાનીને રાગમાં એકાકાર બુદ્ધિ થવા દેતી નથી. સ્વ-પરને ભિન્ન જાણીને તે ભિન્ન જ્ઞાયકરૂપે જ રહે છે.

૨. સમ્યગ્દષ્ટિને નિજ સ્વરૂપનું ભાન અખંડ રહે છે. સમ્યગ્દષ્ટિ જ્ઞેયને જાણે ત્યારે તે કાળે જ તેનું સ્વ વસ્તુનું યથાર્થ લક્ષ હોય છે. જ્ઞાનીને પરથી ઉપેક્ષા બુદ્ધિ અને અખંડ આત્માના જ્ઞાતા-દષ્ટા સ્વભાવનું ભાન યુગપત્ નિરંતર વર્તે છે.

૩. સમ્યગ્દષ્ટિ થતાં તે જીવ દ્રવ્યમાં જ્ઞાન ગુણની જે શક્તિ સાક્ષાત્ પ્રત્યક્ષ થઈ તે આ રીતે પ્રવર્તી કે આ સ્થાનકમાં આ જ્ઞાન, આ આત્મ વસ્તુ પ્રમાણ તાદાત્મય વ્યાપ્ય-વ્યાપકરૂપ છે. આ જ્ઞાન શક્તિને જાણવાનું નામ સ્વ સંવેદન કહેવામાં આવે છે.

૪. જ્ઞાનીનું જ્ઞાન પર દ્રવ્યને અવલંબે છે પણ તેના જ્ઞાને ચેતન સ્વભાવની જ્ઞાતા-દષ્ટા લક્ષણમય મૂર્તિનું શક્તિરૂપ પ્રત્યક્ષ આસ્તિકય કરી રાખેલું છે.

૫. તે જ્ઞાન પર દ્રવ્યરૂપ જ્ઞેયોને દેખતાં જાણતાં જ્ઞાતા-દષ્ટામય ચેતન સ્વભાવના સૂરતને તેમાં મેળવી દેતું નથી, પર દ્રવ્યરૂપ જ્ઞેયોની સાથે એકમેક કરતું નથી, ચેતન સ્વભાવને જુદું જ રાખે છે.

૬. પરાવલંબન દુઃખ છે, સ્વાલંબન સુખ છે. આ પ્રત્યક્ષ લક્ષણને ઓળખીને સુખના ભંડારરૂપ પોતાને અવલંબવું. જ્ઞાનીને અભિપ્રાયમાંથી પરાવલંબન બુદ્ધિ સર્વથા છૂટી જાય છે. એકલી સ્વાલંબન બુદ્ધિ જ રહે છે.

૭. 'મૂળ ચેતના વસ્તુમાત્ર' આવી સ્વાલંબન પ્રતીતિ જ જીવને કાર્યકારી છે. એ પ્રતીતિ અને તેમાં જ સ્થિરતા તે વિકાર ટાળવાનો અને શુદ્ધ આત્માને અનુભવવાનો એક અમોઘ ઉપાય છે.

૮. જગતનું સ્વરૂપ અતિ સૂક્ષ્મ છે. એ સૂક્ષ્મ સ્વરૂપ યથાર્થ સર્વજ્ઞ દેવ જ જાણી શક્યા છે અને ઉપદેશી શક્યા છે. તેમણે દર્શાવેલા વસ્તુ સ્વરૂપની તુલના કરીને દેખતાં પોતાના જ્ઞાનમાં પણ તેવું જ વસ્તુસ્વરૂપ જણાશે.

**જીવની સાત મૌલિક ભૂલો : (મિથ્યાદષ્ટિ જીવ)**

દરેક જીવને સુખ જોઈએ છે અને એનો પ્રત્યેક પ્રયત્ન સુખ પ્રાપ્તિ માટે જ થાય છે. પરંતુ દુઃખ સિવાય એને કાંઈ પણ પ્રાપ્ત થતું નથી.

સાચું સુખ તો પોતાના આત્માને પોતાને સ્વરૂપ જોવું-જાણવું અને સ્વરૂપમાં સ્થિર થઈ જવું.

જીવના દુઃખના કારણ ત્રણ છે

૧.અજ્ઞાનતા ૨. મિથ્યાત્વ ૩. અસયંમ.

એને પરિણામે જીવ રાગ-દ્વેષ-મોહ અને કષાયરૂપ સ્વયં પરિણમે છે. આ વાતને શાસ્ત્રોમાં આ સાત મૌલિક ભૂલોથી બતાવવામાં આવી છે.

૧. જીવ પોતે અનંત ગુણવાળો, ચૈતન્યજ્ઞાન-આનંદ સ્વભાવી હોવા છતાં પોતે પોતાને એ સ્વરૂપે જાણતો-માનતો નથી. અને શરીર અને જગતના જડ પદાર્થોને પોતાના હોવા-પોતાના સ્વરૂપ માની રાખ્યું છે. જડ અને ચેતનનો એ ભેદ જાણતો નથી.

૨. જીવની બીજી અજ્ઞાનતા (ભૂલ) એ મિથ્યા માન્યતા પર આધારીત છે કે 'સુખ દુઃખ ' પરના લીધે આવે છે અને પર જ મને કષાય કરાવે છે.

ખરેખર વસ્તુસ્થિતિ એમ છે કે દરેક દ્રવ્ય સ્વતંત્ર છે અને એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકતું નથી.

ખરેખર તો દુઃખનું કારણ ઈચ્છાઓ છે. જીવ પોતે સ્વયં કષાયરૂપ પરિણમન કરે છે અને માને છે કે બીજા મને કષાય કરાવે છે. પોતાનો સુધાર-બગાડે તો પોતાને આધીન છે.

૩. જીવની ત્રીજી અજ્ઞાનતા પરમાં ' ઈષ્ટ-અનિષ્ટ ' કલ્પના કરી રાગ-દ્વેષ કરવાનું છે. જગતમાં દરેક પદાર્થ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર- કાળ-ભાવમાં રહી પોતાનું સ્વતઃ પરિણમન કરી રહ્યું છે. કોઈ ઈષ્ટ-અનિષ્ટ નથી.

૪. જીવની ચોથી અજ્ઞાનતા એની કર્તૃત્વ-ભોકર્તૃત્વ બુધ્ધિ છે.

આ આત્મા પોતે જ્ઞાન સ્વરૂપ જ્ઞાતા દૃષ્ટારૂપ રહેવા સિવાય તો કાંઈ પણ કરી શકતો નથી. પરંતુ એ સ્વયંને ઓળખતો નથી અને પોતાને બધાનો કર્તા-ભોકતા માને છે. જ્ઞાન સ્વભાવરૂપ રહેવાના પોતાના પુરુષાર્થને એ જાણતો નથી.

૫. જીવની પાંચમી અજ્ઞાનતા- મિથ્યા માન્યતા એ છે કે ભગવાનને જગતનો હર્તા-કર્તા માને છે.

પરંતુ ભગવાન તો જગતના જ્ઞાતા-દૃષ્ટા છે અને પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાંથી બહાર નીકળી કોઈનું કાંઈ કરી શકવા શક્તિમાન નથી. ભગવાન તો ' વીતરાગ ' છે. ભગવાનનું યથાર્થ સ્વરૂપ આ જીવને ખબર નથી.

૬. આ જીવની છઠ્ઠી ભૂલ વીતરાગી દેવ-ગુરૂ-શાસ્ત્ર સંબંધી છે.

સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનું યથાર્થ સ્વરૂપ જાણી તેની શ્રધ્ધા કરવાની છે. આચાર્યોએ સમ્યગ્જ્ઞાન - સમ્યગ્દર્શન - સમ્યગચારિત્રની એકતાને મોક્ષ માર્ગ

કહ્યો છે. દેવ પ્રત્યક્ષ મોક્ષ છે અને ગુરુ એ મોક્ષમાર્ગ છે. જે વીતરાગતાને પોષે એ સાચા શાસ્ત્ર છે - ધર્મ છે.

| | |
|---|---|
| પોતાનો પોતારૂપ જાણવું | - સમ્યગ્જ્ઞાન છે, |
| પોતાને પોતારૂપ માનવું | - સમ્યગ્દર્શન છે, |
| પોતાના સ્વરૂપમાં સ્થિર થઈ જવું | - સમ્યગ્ચારિત્ર છે. |

૭. જીવની સાતમી ભૂલ તત્ત્વજ્ઞાન સંબંધી છે. તત્ત્વજ્ઞાન યથાર્થ ન હોતાં અનંતાનુબંધી કષાય એને થાય છે.

જીવ-અજીવ-આશ્રવ-બંધ-સંવર-નિર્જરા અને મોક્ષ એ સાત તત્ત્વોનું યથાર્થ સ્વરૂપ એ જાણતો-માનતો નથી.

વિશ્વ વ્યવસ્થતા, વસ્તુ વ્યવસ્થતા, ક્રમબદ્ધ પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર એ બધા તત્ત્વોનું યથાર્થ સ્વરૂપ નહિ જાણવું એ જ દુઃખનું કારણ છે.

**મિથ્યાદર્શનની ટૂંકી વ્યાખ્યાઓ :**

૧. સ્વ-પર એકત્વ દર્શન (એકત્વ બુદ્ધિ).

૨. મનુષ્ય અને તિર્યંચ પ્રત્યે મમત્વ બુદ્ધિથી કરૂણા થવી તે.

૩. પરની કતૃત્વ બુદ્ધિ.

૪. પરની ભોકતૃત્વ બુદ્ધિ.

૫. પરને જાણવાની જ્ઞેયત્ત્વ બુદ્ધિ.

૬. પોતાના સ્વરૂપની ભ્રમણા.

૭. અતત્ત્વ શ્રદ્ધાન.

૮. અવિદ્યા.

૯. પર્યાય બુદ્ધિ.

૧૦. બહિરદષ્ટિ.

૧૧. વસ્તુ સ્વરૂપ ન હોય તેમ માનવું, હોય તેમ ન માનવું.

૧૨. વ્યવહાર મૂઢતા.

૧૩. વિપરીત-રુચિ.

૧૪. પરથી લાભ-નુકસાન થાય તેવી માન્યતા.

૧૫. જ્ઞેય પદાર્થોમાં ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિ.

૧૬. રાગથી - શુભ ભાવથી આત્માને લાભ થાય એવી બુદ્ધિ.

૧૭. વિપરીત અભિપ્રાય.

૧૮. જીવને જ ન માનવો.

૧૯. પર સમય.

૨૦. પર્યાય મૂઢ.

૨૧. પર દ્રવ્યોની વ્યવસ્થતા કરનાર તથા તેનો કર્તા-ભોકતા-દાતા હર્તા જીવને માનવો.

૨૨. શરીરની ક્રિયા કરી શકે એવી માન્યતા.

૨૩. અનાદિ અનંત ચૈતન્યમાત્ર ત્રિકાળી આત્માને ન માનવો. પણ વિકાર જેટલો જ આત્માને માનવો.

૨૪. નિમિત્તાધીન દષ્ટિ.

૨૫. પરાશ્રયે લાભ તેવી માન્યતા.

૨૬. શરીરાશ્રિત ક્રિયાથી લાભ થાય તેવી માન્યતા.

૨૭. સર્વજ્ઞની વાણીમાં જેવું આત્માનું પૂર્ણ સ્વરૂપ કહ્યું છે તેવા સ્વરૂપની અશ્રદ્ધા.

૨૮. શુભાશુભ ભાવનું સ્વામીત્વ.

૨૯. વ્યવહાર નય ખરેખર આદરણીય હોવાની માન્યતા.

૩૦. શુભ વિકલ્પથી આત્માને લાભ થાય એવી માન્યતા.

૩૧. શુભ સારા અને અશુભ ખરાબ એવી માન્યતા.

૩૨. વ્યવહાર રત્નત્રય કરતાં કરતાં નિશ્ચય રત્નત્રય પ્રગટે એવી માન્યતા.

**દર્શનમોહના લક્ષણો :**

૧. અનાત્મીય પદાર્થમાં આત્મ બુદ્ધિ (અજીવને જીવ માનવો).

૨. રાગાદિમાં કર્તા બુદ્ધિ- સુખ બુદ્ધિ.

૩. જ્ઞેય તત્ત્વોમાં ઈષ્ટ - અનિષ્ટ બુદ્ધિ.

૪. પર સત્તામાં - રાગમાં એકત્વ બુદ્ધિ- મમત્વ બુદ્ધિ.

૫. પરની મુખ્યતા- સ્વની ગૌણતા.

૬. વિભાવની રુચિ- સ્વભાવની અરુચિ.

૭. દુઃખમાં સુખની પ્રતીતિ- પર્યાયમાં સંતુષ્ટપણું.

૮. લોક સંજ્ઞા.

૯. ઓઘ સંજ્ઞા.

૧૦. કુસંગની રુચિ- સત્સંગની અરુચિ.

૧૧. સિદ્ધાંતની વિરૂદ્ધ પ્રરૂપણા.

૧૨. જ્ઞાનનો ઉઘાડ (ક્ષયોપશમ)ની રુચિ.

૧૩. મિથ્યા આગ્રહ.

૧૪. અહિતમાં હિત બુદ્ધિ.

૧૫. હિતરૂપ પ્રયોજન પ્રત્યે દુર્લક્ષ.

૧૬. અસરળતા (વક્રતા - હઠાગ્રહ).

૧૭. દોષનો પક્ષપાત.

૧૮. પર્યાયમાં એકત્વ- પર્યાય બુદ્ધિ.

૧૯. ઉદય ભાવમાં ચિકાશ - રસયુક્ત પરિણામ.

૨૦. ભેદ પ્રધાનતા વા ભેદની રુચિ.

૨૧. મતાગ્રહ.

૨૨. વિપરીત અભિનિવેશપૂર્વક તત્ત્વનો સ્વીકાર.

૨૩. કલ્પિત અધિષ્ઠાન, કલ્પિત ધ્યેય, કલ્પિત સાધનનો સ્વીકાર.

૨૪. સ્વછંદ.

૨૫. વ્યવહારનો પક્ષ.

૨૬. કુતૂહલવૃત્તિ.

૨૭. કુદેવાદિની શ્રદ્ધા.

૨૮. વીતરાગ દેવાદિનો નિષેધ.

૨૯. વિદ્યમાન સત્પુરૂષની વિમુખતા - ઉપેક્ષા - અવર્ણવાદ.

30. ગુણવાન પ્રત્યે માત્સર્ય.

૩૧.અધ્યાત્મનો વ્યામોહ.

૩૨. સુધર્મની અરુચિ.

**નિશ્ચય સમ્યક્ત્વનું સ્વરૂપ :**

૧. આત્મા તો અનાદિ-અનંત સચ્ચિદાનંદ સ્વરૂપ છે. તેનો નિર્ણય કર્યા વિના જીવ અનંત કાળથી ચોરાસી લાખ યોનિમાં જન્મ મરણરૂપ પરિભ્રમણ વડે મહા દુઃખી છે.

૨. મિથ્યાત્વ છે તે આડોડાઈ છે, વાસ્તવિક તત્ત્વથી વિપરીત શ્રદ્ધા છે. સમ્યગ્દર્શન એટલે સાચી પ્રતીતિ. ધર્મની શરૂઆત સમ્યગ્દર્શનથી થાય છે.

૩. આ આત્માને એટલે આ પ્રત્યક્ષ વિદ્યમાન આત્માને અન્ય દ્રવ્યોથી જુદો દેખવો (શ્રદ્ધવો) એને જ નિશ્ચયથી સમ્યગ્દર્શન કહેવામાં આવે છે.

૪. આમાં ત્રણ ન્યાય આવ્યા.
(૧) સ્વ દ્રવ્ય (૨) એનાથી અનેરા (ભિન્ન) દ્રવ્યો છે અને
(૩) રાગાદિ કષાય ભાવ છે.

ત્યાં પોતાથી ભિન્ન જે અનેરા દ્રવ્યો અને રાગાદિ ભાવ છે તેનાથી પૃથ્થક થઈને ભિન્ન પડીને એક નિજ આત્મ દ્રવ્યનો અનુભવ કરવો એ જ સમ્યગ્દર્શન છે.

૫. જે ત્રિકાળી જ્ઞાયક ભાવ સચ્ચિદાનંદ સ્વરૂપ ભગવાન આત્મા તે એકને જ દેખવો-તેની સમ્યક્ પ્રતીતિ કરવી - અનુભવવો એ જ સમ્યગ્દર્શન છે.

૬. શુદ્ધ નય આત્મ વસ્તુને ત્રિકાળ એકરૂપ અભેદ જ્ઞાયકમાત્ર ચૈતન્યઘન સ્વરૂપ દેખાડે છે અને તે સમ્યગ્દર્શનો વિષય છે. તેમાં એકાગ્ર થતાં સમ્યગ્દર્શન થાય છે.

૭. ભગવાન આત્મામાં જ્ઞાન-દર્શનાદિ અનંત ગુણો (શક્તિઓ) છે. તેની વર્તમાન સ્વાભાવિક અવસ્થાઓ તથા કર્મના નિમિત્તથી થતા દયા-દાન આદિ વા હિંસા, જુઠ આદિના ભાવો તે વિકારી અવસ્થાઓ છે. એ બધા પોતાના ગુણ-પર્યાયરૂપ ભેદોમાં આત્મા વ્યાપેલો છે, રહેલો છે, પ્રસરેલો છે. આવો આત્મા શુદ્ધ નયથી એક જ્ઞાયક માત્ર આત્મા દેખાડવામાં આવ્યો. તેને સર્વ દ્રવ્યો અને દ્રવ્યોના ભાવોથી ન્યારો દેખવો, શ્રદ્ધવો તે નિયમથી સમ્યગ્દર્શન છે.

૮. શરીર, મન, વાણી તથા કર્મ અને તેના નિમિત્તથી થતા જે પર્યાયગત ભાવો તે સર્વથી ભિન્ન અખંડ એક જ્ઞાયક માત્રની શ્રદ્ધા, પ્રતીતિ કરવી તે નિશ્ચય સમ્યગ્દર્શન છે.

૯. સાચા દેવ-ગુરૂ-શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વની શ્રદ્ધા, જ્ઞાયક દ્રવ્ય અને તેની વર્તમાન પર્યાય સહિત વસ્તુની શ્રદ્ધા એ બધુંય વ્યવહાર સમકિત છે. ત્યાં અનેક ભેદ પડે છે. ત્યાં દોષ છે. તેથી તે યથાર્થ સમ્યગ્દર્શન નથી. શ્રદ્ધાનો બાહ્ય વિકલ્પ અને નિર્વિકલ્પ શ્રદ્ધા બે જુદી જુદી ચીજ છે.

૧૦. ભગવાન આત્મા શરીર પ્રમાણ (શરીરપણે નહીં) હોવા છતાં પોતાના જ્ઞાન-દર્શનાદિ સામર્થ્યથી પરિપૂર્ણ છે. અનેક અવસ્થાઓમાં વ્યાપ્ત તે ચૈતન્ય સામાન્ય એક માત્ર ચૈતન્યપણે જ રહે છે. એ નિર્મળાનંદ ભગવાન આત્માની પ્રસિદ્ધિ કરવી હોય તે એના એકપણાની - સામાન્ય સ્વભાવની દષ્ટિ કરવી જોઈએ. ત્યારે જ તેની સાચી પ્રતીતિ અને સાક્ષાત્કાર થાય છે. તેને નિશ્ચય સમ્યગ્દર્શન કહે છે.

૧૧. નવ તત્ત્વમાં પ્રાપ્ત થયેલો આત્મા અનેકરૂપ દેખાય છે. જો તેનું ભિન્ન સ્વરૂપ વિચારવામાં આવે તો તે પોતાની ચૈતન્ય ચમત્કાર માત્ર જ્યોતિને છોડતો નથી. જેમ અગ્નિને છાણાનો અગ્નિ, લાકડાનો અગ્નિ, તરણાંનો અગ્નિ એમ કહેવાય, પણ અગ્નિ તો અગ્નિપણે જ છે. ભિન્ન ભિન્ન ઈંધનના આકારે અગ્નિ થયેલો હોય એમ ભલે દેખાય પણ એ અગ્નિનો જ આકાર છે, લાકડાં કે છાણાં વગેરે ઈંધનનો નથી. તેમ આત્મા જ્ઞાયક સ્વરૂપ પરના જાણવા કાળે અજીવને જાણે, રાગને જાણે, દ્વેષને જાણે, શરીરને પણ જાણે. ત્યાં જાણપણે જે પરિણમે તે પોતે પરિણમે છે.

જ્ઞાન સ્વરૂપ કાયમ રહીને પરિણમે છે. પરપણે, અજીવપણે, રાગપણે, દ્વેષપણે, શરીરપણે થઈને જાણતો નથી. આ બરાબર સમજવું. જ્ઞાન પરપણે થઈને પરિણમે છે એમ નથી, જ્ઞાન જ્ઞાનપણે રહીને પરને જાણે છે. પરને જાણતા પર-જ્ઞેયાકારે જ્ઞાન થયું એમ કહેવાય, પણ તે જ્ઞાનપણું છોડીને જ્ઞેયાકાર થઈ ગયું છે એમ નથી.

ભગવાન આત્મા જે પૂર્ણ ચૈતન્ય જ્યોતિ તેનું જ્ઞાન જ્ઞેય પદાર્થોના આકારે હોવા છતાં જ્ઞાન ગુણપણે જ રહે છે, પર જ્ઞેયપણે થતું નથી. એ પ્રમાણે યથાર્થ જાણી પૂર્ણ ચૈતન્ય સ્વરૂપ આત્માનું શ્રદ્ધાન કરવું તે સમ્યગ્દર્શન છે.

૧૨. ત્રિકાળી જ્ઞાયક ભાવને જ્ઞાયક...જ્ઞાયક...જ્ઞાયક... સામાન્યને શુદ્ધ નયથી જાણવો એ સમ્યગ્દર્શન છે.

નય છે તે શ્રુત પ્રમાણનો અંશ છે, તેથી શુદ્ધ નય પણ શ્રુત પ્રમાણનો અંશ થયો. જે જ્ઞાનની પર્યાય દ્રવ્ય-ગુણ-પર્યાય બધાને જાણે તે શ્રુત જ્ઞાન પ્રમાણ કહેવાય. એ પ્રમાણનો એક ભાગ શુદ્ધ નય છે.

તે ત્રિકાળી શુદ્ધ ધ્રુવ આત્માને જુએ છે. તેનો બીજો ભાગ વ્યવહાર નય છે. તે વર્તમાન પર્યાય, રાગાદિને જાણે છે. જે ધ્રુવ, નિત્યાનંદ જ્ઞાયક ભાવ તેને જોનાર શ્રુત જ્ઞાનના અંશને કહે છે. એ નય એકલા શુદ્ધ ત્રિકાળીને જુએ છે, તેથી શુદ્ધ નય કહેવાય છે.

શુદ્ધ નયની દૃષ્ટિ વડે જે ત્રિકાળ ધ્રુવ ચૈતન્યપૂર્ણને દેખે છે, શ્રદ્ધે છે તેને સાચું સમ્યગ્દર્શન છે.

આ રીતે બધી સર્વાંગતાથી નિશ્ચય સમ્યગ્દર્શનનું સ્વરૂપ સમજવું જોઈએ. અને સમ્યગ્દર્શન એ જ શાંતિનો ઉપાય છે - સુખની શરૂઆત એ અનુભવથી જ થાય છે. સંસારનો અભાવ સમ્યગ્દર્શનથી થાય છે.

**સમ્યગ્દર્શનનું સ્વરૂપ (વિશેષ) :**

૧. સમ્યગ્દર્શન પોતે આત્માના શ્રદ્ધા ગુણનો નિર્વિકારી પર્યાય છે. અખંડ આત્માના લક્ષે સમ્યગ્દર્શન પ્રગટે છે, સમ્યગ્દર્શનને કોઈ વિકલ્પનું અવલંબન નથી,પણ નિર્વિકલ્પ સ્વભાવના અવલંબને સમ્યગ્દર્શન પ્રગટે છે.

૨. 'હું જ્ઞાન સ્વરૂપ આત્મા છું, બંધ રહિત છું' આવો વિકલ્પ કરવો તે પણ શુભ રાગ છે. તે શુભ રાગનું અવલંબન પણ સમ્યગ્દર્શન નથી; તે શુભ વિકલ્પને અતિક્રમતાં સમ્યગ્દર્શન થાય છે.

૩. સમ્યગ્દર્શન પોતે રાગ અને વિકલ્પ રહિત નિર્મળ ગુણ છે,તેને કોઈ પ્રકારનું અવલંબન નથી પણ આખા આત્માનું અવલંબન છે - આખા આત્માને સ્વીકારે છે.

૪. એક વાર વિકલ્પ રહિત થઈને અખંડ જ્ઞાયક સ્વભાવને લક્ષમાં લીધો ત્યાં સમ્યગ્જ્ઞાન થયું. અખંડ સ્વભાવનું લક્ષ એ જ સ્વરૂપની શુદ્ધિ કાર્યકારી છે. વિકલ્પ રહિત થઈને અભેદનો અનુભવ કરવો તે જ સમ્યગ્દર્શન છે.

૫. 'આત્મા કર્મથી બંધાયેલો છે કે આત્મા કર્મથી બંધાયેલો નથી' એવા બે પ્રકારના

ભેદના વિચારમાં રોકાવું તે તો નયનો પક્ષ છે; 'હું આત્મા છું,પરથી જુદો છું' એવો વિકલ્પ તે પણ રાગ છે, એ રાગની વૃત્તિને, નયના પક્ષને ઓળંગે તો સમ્યગ્દર્શન પ્રગટે.

૬. 'હું અબંધ છું, બંધ મારૂં સ્વરૂપ નથી' એવા ભંગની વિચાર શ્રેણીના કાર્યમાં અટકવું તો અજ્ઞાન છે, અને તે ભંગના વિચારને ઓળંગીને અભંગ સ્વરૂપને સ્પર્શી લેવું ( અનુભવી લેવું) તે જ પહેલો આત્મધર્મ એટલે કે સમ્યગ્દર્શન છે.

૭. અનાદિથી આત્મ સ્વરૂપનો અનુભવ નથી, પરિચય નથી; તેથી આત્માના અનુભવ કરવા જતાં પહેલાં તે સંબંધી વિકલ્પ આવ્યા વગર રહેતા નથી. હું શુભાશુભ ભાવ રહિત છું એવા વિચારમાં અટકવું તે પણ પક્ષ છે. તેનાથી પેલે પાર સ્વરૂપ છે. સ્વરૂપ તો પક્ષાતિક્રાંત છે. એ જ સમ્યગ્દર્શનનો વિષય છે એટલે કે તેના લક્ષે સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. તે સિવાય બીજો સમ્યગ્દર્શનનો ઉપાય નથી.

૮. 'હું જ્ઞાયક છું' એવા વિચારમાં અટક્યો તે ભેદના વિચારમાં અટક્યો છે. પરંતુ સ્વરૂપ તો જ્ઞાતા દ્દષ્ટા છે. તેનો અનુભવ તે જ સમ્યગ્દર્શન છે.

૯. જે વસ્તુ છે તે પોતાથી પરિપૂર્ણ સ્વભાવે ભરેલ છે. આત્માનો સ્વભાવ પરની અપેક્ષા વિનાનો એકરૂપ છે. અપેક્ષાઓથી તે સ્વભાવનું લક્ષ થતું નથી. જો કે આત્મ સ્વભાવ તો અબંધ જ છે. પરંતુ 'હું અબંધ છું' એવા વિકલ્પને પણ છોડીને નિર્વિકલ્પ જ્ઞાતા દ્દષ્ટા નિરપેક્ષ સ્વભાવનું લક્ષ કરતાં જ સમ્યગ્દર્શન પ્રગટે છે.

૧૦. આત્માની પ્રભુતાનો મહિમા અંદર પરિપૂર્ણ છે, અનાદિથી તેની સમ્યક્ પ્રતીતિ વગર તેનો અનુભવ થયો નથી. અનાદિથી પર લક્ષ કર્યું છે પણ સ્વભાવનું લક્ષ કર્યું નથી. શરીરાદિ કે શુભ રાગમાં આત્માનું સુખ નથી અને 'શુભ રાગ રહિત મારૂં સ્વરૂપ છે' એવા ભેદ વિચારમાં પણ આત્માનું સુખ નથી. અભેદ જ્ઞાતા સ્વભાવનું લક્ષ કરવું તે જ સમ્યગ્દર્શન છે અને તેમાં જ સુખ છે.

૧૧. અભેદ સ્વભાવનું લક્ષ કહો, જ્ઞાતા સ્વરૂપનો અનુભવ કહો, સુખ કહો, ધર્મ કહો કે સમ્યગ્દર્શન કહો, તે આ જ છે.

૧૨. વિકલ્પને રાખીને સ્વરૂપનો અનુભવ થઈ શકે નહિ.

૧૩. સમ્યગ્દર્શન એક નિર્મળ પર્યાય છે, પણ 'હું એક નિર્મળ પર્યાય છું' એમ સમ્યગ્દર્શન પોતે પોતાને જાણતું નથી. સમ્યગ્દર્શનનો અખંડ વિષય એક દ્રવ્ય

જ છે. પર્યાય તે સમ્યગ્દર્શનનો વિષય નથી.

૧૪. સમ્યગ્દર્શનના વિષયમાં દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ નથી, દ્રવ્ય-ગુણ-પર્યાયથી અભેદ વસ્તુ તે જ સમ્યગ્દર્શનને માન્ય છે. અભેદ વસ્તુનું લક્ષ કરતાં જે નિર્મળ પર્યાય પ્રગટ્યો તે સામાન્ય વસ્તુ સાથે અભેદ થઈ જાય છે. એકલા જ્ઞાયકને જ સમ્યગ્દર્શન પ્રતીતમાં લ્યે છે.

૧૫. ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક કે ક્ષાયિક ભાવ એ કોઈ સમ્યગ્દર્શનનો વિષય નથી, કેમ કે તે બધા પર્યાય છે. સમ્યગ્દર્શનનો વિષય પરિપૂર્ણ દ્રવ્ય છે. પર્યાયને સમ્યગ્દર્શન સ્વીકારતું નથી, એકલી વસ્તુનું જ્યારે લક્ષ કર્યું ત્યારે શ્રદ્ધા સમ્યક્ થઈ.

૧૬. જો વ્યવહારતું લક્ષ કરે તો દૃષ્ટિ ખોટી ઠરે છે અને જો વ્યવહારને જાણે નહિ તો જ્ઞાન ખોટું ઠરે છે. જ્ઞાન નિશ્ચય-વ્યવહારનો વિવેક કરે છે ત્યારે તે સમ્યક્ છે. અને દૃષ્ટિ વ્યવહારનું લક્ષ છોડીને નિશ્ચય અંગીકાર કરે તો તે સમ્યક્ છે.

ત્રિકાળી અખંડ વસ્તુ છે તે જ મોક્ષનું નિશ્ચયકારણ છે. એકરૂપ અભેદ વસ્તુ જ સમ્યગ્દર્શનનો વિષય છે.સમ્યગ્દર્શન એ મોક્ષની પ્રથમ સીડી છે. સાચા સુખની શરૂઆત એ અનુભૂતિથી જ થાય છે.

અનંત કાળમાં અનંત જીવો સમ્યગ્દર્શન વડે પૂર્ણ સ્વરૂપનું ભાન કરીને મુક્તિ પામ્યા છે. તો હવે સિદ્ધનો પક્ષ ગ્રહણ કરી પોતાના સિદ્ધ સ્વરૂપને જાણીને સંસારનો અભાવ કરવાનો અવસર આવ્યો છે.

**સમ્યગ્દર્શન :**

ભૂમિકા:

૧. દરેક જીવને સુખ જોઈએ છે. દુઃખથી બધા ડરે છે. અને બધા જ જીવ ઉપાય પણ સુખના જ કરે છે. સુખ આત્માનો સ્વભાવ છે અને અક્ષય, અનંત સુખ ઉપાદેય છે. આ સ્વાભાવિક સમજાય એમ છે.

૨. સુખનું કારણ મોક્ષ છે. મોક્ષ એટલે દુઃખમાંથી મુક્તિ. કર્મની ભાષામાં સર્વ કર્મના ક્ષયને મોક્ષ કહે છે.

૩. મોક્ષનું કારણ સંવર-નિર્જરા છે.

૪. સંવર-નિર્જરાનું કારણ વિશુદ્ધ જ્ઞાન-દર્શન સ્વભાવી નિજ આત્મ સ્વરૂપના સમ્યક્ શ્રદ્ધાન-જ્ઞાન તથા આચરણ લક્ષણ સ્વરૂપ નિશ્ચય રત્નત્રય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતા એ જ મોક્ષમાર્ગ છે.

૫. એ મોક્ષમાર્ગમાં પ્રથમ 'સમ્યગ્દર્શન' આવે છે. મિથ્યાત્વના અભાવરૂપ જે શ્રદ્ધા ગુણની પરિણતી તે જ પ્રથમ થવી જોઈએ. સ્વરૂપની સાચી સમજણ થવી જોઈએ.

૬. **'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત'** સ્વરૂપની સમજણ એટલે જ્ઞાન અને શ્રદ્ધાની આ વાત છે. કર્મની અપેક્ષાથી જોઈએ તો પ્રથમ 'દર્શન મોહનીય' નો નાશ થવો જોઈએ પછી જ 'ચારિત્ર મોહનીય' નો ક્રમે ક્રમે નાશ થાય છે.

૭. અનંતાનુબંધીની કષાયની ચોકડી મિથ્યાત્વના નાશ સાથે પ્રથમ જાય છે. ક્રોધ, માન, માયા, લોભ ચાર કષાય છે. મિથ્યાત્વને અનુસરીને જે કષાય બંધાય છે તેને અનંતાનુબંધી કષાય કહેવામાં આવે છે.

૮. **ક્રોધ :** આત્માના શુદ્ધ સ્વરૂપની અરુચિ તે અનંતાનુબંધી ક્રોધ છે

**માન :** 'હું પરનું કરી શકું' એવી માન્યતાપૂર્વક જે અહંકાર તે અનંતાનુબંધી માન - અભિમાન છે.

**માયા :** પોતાનું સ્વાધીન સ્વરૂપ ન સમજાય એવી આડ મારીને વિકારી દશા વડે આત્માને ઠગવો તે અનંતાનુબંધી માયા છે.

૯. **લોભ :** પુણ્યાદિ વિકારથી લાભ માનીને પોતાની વિકારી દશાને વધાર્યા કરવી તે અનંતાનુબંધી લોભ છે.

**સમ્યગ્દર્શન શું અને તેને કોનું અવલંબન? :**

૧. સમ્યગ્દર્શન પોતે આત્માના શ્રદ્ધા ગુણનો નિર્વિકારી પર્યાય છે.

૨. અખંડ આત્મા(જ્ઞાયક)ના લક્ષે સમ્યગ્દર્શન પ્રગટે છે.

૩. સમ્યગ્દર્શનને કોઈ વિકલ્પનું અવલંબન નથી, પણ નિર્વિકલ્પ સ્વભાવના અવલંબને સમ્યગ્દર્શન પ્રગટે છે.

૪. સમ્યગ્દર્શન પોતે રાગ અને વિકલ્પ રહિત નિર્મળ હોવાથી તેને કોઈ વિકારનું અવલંબન નથી પણ આખા આત્માનું અવલંબન છે - આખા આત્માને એ સ્વીકારે છે.

૫. એક વાર વિકલ્પ રહિત થઈને અખંડ જ્ઞાયક સ્વભાવને લક્ષમાં લીધો ત્યાં સમ્યગ્ભાન થયું. અખંડ સ્વભાવનું લક્ષ એ જ સ્વરૂપની શુદ્ધિ માટે કાર્યકારી છે. વિકલ્પ રહિત થઈને અભેદનો અનુભવ કરવો તે સમ્યગ્દર્શન છે.

૬. 'હું જ્ઞાન સ્વરૂપ આત્મા છું, બંધ રહિત છું' આવો વિકલ્પ તે શુભ રાગ છે. તે શુભ રાગનું અવલંબન પણ સમ્યગ્દર્શનને નથી, શુભ વિકલ્પને અતિક્રમતા સમ્યગ્દર્શન થાય છે.

૭. 'આત્મા કર્મથી બંધાયેલો છે કે કર્મથી બંધાયેલો નથી' એવા બે પ્રકારના ભેદમાં રોકાવું તે તો નયનો પક્ષ છે. નયના પક્ષને ઓળંગે તો સમ્યગ્દર્શન પ્રગટે.

૮. 'હું અબંધ છું, બંધ મારૂં સ્વરૂપ નથી' એવા ભંગની વિચાર શ્રેણીના કાર્યમાં અટકવું તો અજ્ઞાન છે, અને તે ભંગના વિચારને ઓળંગીને અભંગ સ્વરૂપને સ્પર્શી લેવું (અનુભવી લેવું) તે જ પહેલો આત્મ ધર્મ - તે જ સમ્યગ્દર્શન છે.

૯. 'હું પરાશ્રય રહિત, અબંધ શુદ્ધ છું' એવા નિશ્ચય નયના પડખાંનો વિકલ્પ તે રાગ છે. અને તે રાગમાં રોકાય (રાગને જ સમ્યગ્દર્શન માની લે) પણ રાગ રહિત સ્વરૂપને ન અનુભવે તો તે મિથ્યા દૃષ્ટિ છે.

૧૦. અભેદ સ્વભાવનું લક્ષ કહો, જ્ઞાતા સ્વરૂપનો અનુભવ કહો, સુખ કહો, ધર્મ કહો કે સમ્યગ્દર્શન કહો, સ્વાનુભૂતી કહો તે આ જ છે.

**અનુભવ કેમ પ્રગટે ? :**

અનુભવી જીવ પરમ સુખી છે. એવો અનુભવ કેમ પ્રગટે? શુદ્ધ ચૈતન્ય વસ્તુમાં તન્મય થતાં અતીન્દ્રિય સુખનો સ્વાદ આવે છે. શાંત નિર્વિકલ્પ થઈને અનુભવ થાય છે. શુદ્ધતાના કે અશુદ્ધતાના વિકલ્પો કર્યા કરે કે, 'હું આવો છું - હું આવો છું' ત્યાં સુધી વિકલ્પના કતૃત્વમાં રોકાયેલા તે જીવને ચૈતન્યના સુખનો અનુભવ થતો નથી. અંતર્મુખ નિર્વિકલ્પ પરિણામ નથી થતાં ત્યાં સુધી વિકલ્પમાં સાચો આત્મા વિષયરૂપ થતો નથી. ઉપયોગ અંતરમાં વળે ત્યારે જ આત્મા યથાર્થ સ્વરૂપે વિષયરૂપ થાય છે. વિકલ્પમાં આકુળતા છે - દુઃખ છે, તેમાં નિર્વિકલ્પ સુખ અનુભવાતું નથી. વસ્તુ માત્રને જ્ઞાનમાં અનુભવતાં વિકલ્પ મટે છે અને પરમ સુખ થાય છે.

અનુભવમાં ચૈતન્ય વસ્તુનો સીધો સ્વાદ આવે છે ત્યાં કોઈ કલ્પના રહેતી નથી, વિકલ્પ રહેતા નથી. ઝીણું કહો કે સરળ કહો - વસ્તુ સ્વરૂપ આવું જ છે.

ભગવાને જેવો આત્મા જોયો તેવો આત્મા અંતરમાં જોવા આ જીવ જાય ત્યારે ગુણ ભેદના વિકલ્પો તેને રહેતા નથી; સમરસ સ્વરૂપ અતીન્દ્રિય આનંદના વેદન સહિત આત્મા દેખાય છે. વિકલ્પો વિષમ ભાવ છે; વિષમ ભાવમાં આત્મા દેખાતો નથી, શાંત ચિત્તરૂપ સમભાવમાં (નિર્વિકલ્પ ભાવ) આત્મા સાક્ષાત

દેખાય છે, અનુભવાય છે.

આત્માને પરમાત્મા થવામાં પોતાથી ભિન્ન બીજું સાધન નથી. પોતે પોતામાં જ નિર્વિકલ્પ લીનતા વડે પોતાના ધ્યાનથી જ પરમાત્મા થઈ જાય છે. નિજ સ્વરૂપને ધ્યાવી ધ્યાવીને જ અનંત જીવો સિદ્ધ પદ પામ્યા છે.

આત્માનો દ્રવ્ય સ્વભાવ ત્રિકાળ મોક્ષરૂપ છે, ને પર્યાયમાં મોક્ષ નવો પ્રગટે છે; એટલે 'દ્રવ્યમોક્ષ' ત્રિકાળ છે તેના આશ્રયે ભાવમોક્ષ પ્રગટી જાય છે. શક્તિના ધ્યાન વડે મુક્તિ થાય છે. ધ્યાતા, ધ્યાન અને ધ્યેય એક થઈ જાય છે. આત્મા પોતે જ ધ્યેય અને પોતામાં જ એકાગ્રરૂપ ધ્યાન. આવી અભિન્ન આરાધનાનું ફળ મોક્ષ છે.

**તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્ :**

તત્ત્વાર્થ એટલે શું? તત્ત્વના (વસ્તુના) સ્વરૂપ સહિત અર્થ - જીવાદિ પદાર્થોની શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શન છે. તત્ત્વોની સાચી (યથાર્થ) શ્રદ્ધાનું નામ સમ્યગ્દર્શન છે. 'અર્થ ' એટલે દ્રવ્ય-ગુણ-પર્યાય; 'તત્ત્વ ' એટલે તેનો ભાવ-સ્વરૂપ; સ્વરૂપ (ભાવ) સહિત પ્રયોજનભૂત પદાર્થોનું શ્રદ્ધાન્ તે સમ્યગ્દર્શન છે.

'હું આત્મા છું' એવું શ્રદ્ધાન કર્યું, પણ આત્માનું જેવું સ્વરૂપ છે તેવું શ્રદ્ધાન કર્યું નહિ, તો 'ભાવ'ના શ્રદ્ધાન વિના આત્માનું શ્રદ્ધાન ખરૂં નથી; માટે 'તત્ત્વ' અને તેના 'અર્થ'નું શ્રદ્ધાન હોય તો જ કાર્યકારી છે. સમ્યગ્દર્શન લક્ષ્ય અને તત્ત્વાર્થ શ્રદ્ધા તેનું લક્ષણ છે (વ્યવહારથી). નિશ્ચયથી શુદ્ધ આત્માનો પ્રતિભાસ તે સમ્યગ્દર્શનનું લક્ષણ છે. અભેદ દષ્ટિમાં આત્મા તે જ સમ્યગ્દર્શન છે.

જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ સાત તત્ત્વો છે. આ સાત તત્ત્વોનું જ્ઞાન કરી, ભેદ ઉપરનું લક્ષ ટાળી, જીવના ત્રિકાળી જ્ઞાયક ભાવનો આશ્રય કરવાથી જીવ શુદ્ધતા પ્રગટ કરી શકે છે.

જે વડે સુખ ઉપજે અને દુઃખનો નાશ થાય એ કાર્યનું નામ પ્રયોજન છે. જીવ અને અજીવના વિશેષો (ભેદ) ઘણા છે, તેમાં જે વિશેષો સહિત જીવ-અજીવનું યથાર્થ શ્રદ્ધાન કરતાં સ્વ-પરનું શ્રદ્ધાન થાય, રાગાદિક દૂર કરવાનું શ્રદ્ધાન થાય અને તેથી સુખ ઉપજે, તથા જેનું અયથાર્થ શ્રદ્ધાન કરતાં સ્વ-પરનું શ્રદ્ધાન ન થાય, રાગાદિક દૂર કરવાનું શ્રદ્ધાન ન થાય અને તેથી દુઃખ ઉપજે, એ વિશેષો સહિત જીવ-અજીવ પદાર્થ પ્રયોજનભૂત સમજવા. આસ્રવ અને બંધ દુઃખના કારણો છે તથા સંવર, નિર્જરા અને મોક્ષ સુખના કારણો

છે; માટે જીવાદિ સાત તત્ત્વોનું શ્રદ્ધાન કરવાની જરૂરીઆત છે. આ સાત તત્ત્વોની શ્રદ્ધા વગર શુદ્ધ ભાવ પ્રગટ થઈ શકે નહિ. 'સમ્યગ્દર્શન' તે જીવના શ્રદ્ધા ગુણની શુદ્ધ અવસ્થા છે; માટે તે શુદ્ધ ભાવ પ્રગટ કરવા માટે સાત તત્ત્વોના શ્રદ્ધા-જ્ઞાન અનિવાર્ય છે. જે જીવ આ સાત તત્ત્વોની શ્રદ્ધા કરે તે જ પોતાના જીવ એટલે શુદ્ધાત્માને જાણી તે તરફનો પોતાનો પુરૂષાર્થ વાળી સમ્યગ્દર્શન પ્રગટાવી શકે છે. આ સાત (અથવા પુણ્ય-પાપ સહિત નવ) તત્ત્વ સિવાય બીજા કોઈ 'તત્ત્વ' નથી એમ સમજવું. સમ્યગ્દર્શન તે શ્રદ્ધા ગુણનો શુદ્ધ પર્યાય છે તેનો વિષય આત્માનો ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય ભાવ છે. સમ્યગ્જ્ઞાન તે જ્ઞાન ગુણનો શુદ્ધ પર્યાય છે, તેનો વિષય આત્માનો ત્રિકાળી ચૈતન્ય ભાવ તથા વર્તમાન પર્યાય એ બંને છે. સમ્યક્ ચારિત્ર તે ચારિત્ર ગુણનો શુદ્ધ પર્યાય છે, તેનું કાર્ય સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક પોતાના સ્વરૂપમાં સ્થિરતા કરવી અને સિદ્ધ દશારૂપ કાર્યને ઉત્પન્ન કરવું. અને આ જ નિશ્ચય મોક્ષમાર્ગ છે.

**તત્ત્વની સાચી શ્રદ્ધા ક્યારે થઈ કહેવાય ? :**

૧. જૈન શાસ્ત્રોમાં કહેલા જીવના ત્રસ-સ્થાવર વગેરે ભેદોને ગુણસ્થાન - માર્ગણા વગેરે ભેદોને, જીવ-પુદ્‌ગલ વગેરેના ભેદોને તથા વર્ણાદિ ભેદોને તો જીવ જાણે છે, પણ અધ્યાત્મ શાસ્ત્રોમાં ભેદ વિજ્ઞાનના કારણભૂત અને વીતરાગ દશા થવાના કારણભૂત વસ્તુનું જેવું નિરૂપણ કર્યું છે તેવું જે જાણતો નથી તેને જીવ અને અજીવ તત્ત્વની યથાર્થ શ્રદ્ધા નથી.

૨. વળી કોઈ પ્રસંગથી ભેદ વિજ્ઞાનના કારણભૂત અને વીતરાગ દશાના કારણભૂત વસ્તુના નિરૂપણનું જાણવું માત્ર શાસ્ત્રાનુસાર હોય પરંતુ પોતાને પોતારૂપ જાણીને તેમાં પરનો અંશ પણ (માન્યતામાં) ન મેળવવો તથા પોતાનો અંશ પણ (માન્યતામાં) પરમાં ન મેળવવો - એવું સ્વ-પરનું યથાર્થ શ્રદ્ધાન જ્યાં સુધી જીવ ન કરે ત્યાં સુધી તેને જીવ અને અજીવ તત્ત્વની યથાર્થ શ્રદ્ધા નથી.

૩. જેમ અન્ય મિથ્યા દૃષ્ટિ નિર્ધાર વિના (નિર્ણય વગર) પર્યાય બુદ્ધિથી જાણપણા માં અહં બુદ્ધિ ધારે છે તેમ જે જીવ આત્માશ્રિત જ્ઞાનાદિમાં તથા શરીરાશ્રિત થતી ઉપદેશ, ઉપવાસાદિ ક્રિયામાં પોતાપણું માને છે તેને જીવ-અજીવ તત્ત્વની યથાર્થ શ્રદ્ધા નથી.

૪. વળી તે જીવ, કોઈ બીજાની જ વાતો કરતો હોય તેમ આત્માનું કથન કરતો હોય પરંતુ 'એ આત્મા હું જ છું' એવો ભાવ એને ભાસતો નથી, વળી જેમ

કોઈ બીજાને બીજાથી ભિન્ન બતાવતો હોય તેમ આ આત્મા અને શરીરની ભિન્નતા પ્રરૂપે છે; પરંતુ 'હું એ શરીરાદિકથી ભિન્ન છું' એવો ભાવ તેને ભાસતો નથી; તેથી તેને જીવ-અજીવની યથાર્થ શ્રદ્ધા નથી.

૫. પર્યાય (વર્તમાન દશા)માં જીવ-પુદ્દગલના પરસ્પર નિમિત્તથી અનેક ક્રિયા થાય છે, તે સર્વેને બે દ્રવ્યના મેળાપથી બનેલી માને છે, પણ 'આ જીવની ક્રિયા છે અને આ પુદ્દગલની ક્રિયા છે' એમ ભિન્ન ભિન્ન ભાવ તેને ભાસતો નથી. આવો ભિન્ન ભાસ્યા વિના તેને જીવ-અજીવનો સાચો શ્રદ્ધાની કહી શકાય નહિ, કારણ કે જીવ અજીવને જાણવાનું પ્રયોજન એ હતું; તે આને થયું નહિ.

૬. જ્યાં સુધી આવી યથાર્થ શ્રદ્ધા ન થાય ત્યાં સુધી જીવ સમ્યગ્દૃષ્ટિ થતો નથી. 'જીવ પોતે ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છે' અને જીવમાં થતો વિકાર પયાર્યમાં છે, જે જીવમાંથી ટાળી શકાય છે માટે તે પર છે. પર વસ્તુઓ અને આત્મા ભિન્ન હોવાથી કોઈ પરનું કાંઈ કરી શકે નહિ, આત્માની અપેક્ષાએ પર વસ્તુઓ અસત્ છે - નાસ્તિપણે છે, આમ યથાર્થ સમજે ત્યારે સત-અસત્‌ના વિશેષનું યથાર્થ જ્ઞાન જીવને થાય છે. જ્યાં સુધી એવું જ્ઞાન ન થાય ત્યાં સુધી જીવને મિથ્યાત્વરૂપ આસ્રવ ટળે નહિ; જ્યાં સુધી જીવ પોતાનો અને આસ્રવનો ભેદ જાણે નહિ ત્યાં સુધી તેનો વિકાર ટળે નહિ. સમ્યગ્દર્શન થાય નહિ.

**શ્રદ્ધા અને જ્ઞાન ક્યારે સમ્યક્ થયાં ? :**

૧. આત્માના અનુભવને શુદ્ધ ઉપલબ્ધિ કહેવામાં આવે છે, તે ચારિત્ર ગુણનો પર્યાય છે.

૨. સમ્યગ્દર્શન તે સામાન્ય શ્રદ્ધા ગુણનો નિર્વિકલ્પ શુદ્ધ પર્યાય છે - તે ક્રમે ક્રમે ખીલતો નથી પણ અક્રમપણે એક સમયમાં પ્રગટે છે.

૩. જ્યારે સમ્યગ્દૃષ્ટિ પોતાના શુદ્ધ ઉપયોગમાં જોડાયો હોય એટલે કે સ્વાનુભવરૂપ પ્રવર્તે ત્યારે તેને સમ્યક્ત્વ હોય છે; અને જ્યારે શુદ્ધ ઉપયોગમાં જોડાયો ન હોય ત્યારે પણ તેને જ્ઞાન ચેતના લબ્ધરૂપ હોય છે. સમ્યગ્દર્શન સાથે રહેતું જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે.

૪. જ્ઞાન ચેતના અનુભવરૂપ હોય ત્યારે જ સમ્યગ્દર્શન હોય છે અને અનુભવરૂપ ન હોય ત્યારે હોતું નથી - એમ માનવું તે ભૂલ છે. શ્રદ્ધા તો કાયમ જ છે.

૫. સમ્યગ્જ્ઞાનમાં તો હીનતા-અધિકતા હોય છે, પણ તેમાં વિભાવપણું હોતું નથી.

૬. ચારિત્ર ગુણ પણ ક્રમે ક્રમે ઉઘડે છે, તે અંશે શુદ્ધ અને અંશે અશુદ્ધ (રાગ-દ્વેષવાળો) નીચલી દશામાં હોય છે.

આ પ્રમાણે ત્રણેય ગુણના શુદ્ધ પર્યાયના વિકાસમાં તફાવત છે.

૭. દર્શન પાહુડની ૨૨મી ગાથામાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યે કહ્યું છે કે 'જો (અમે કહીએ છીએ તે) કરવાને સમર્થ હો તો કરજે, પણ જો કરવાને સમર્થ ન હો તો સાચી શ્રદ્ધા તો જરૂર કરવી, કેમ કે કેવળી ભગવાને શ્રદ્ધા કરવાવાળાને સમ્યક્ત્વ કહ્યું છે.'

૮. સમ્યગ્દષ્ટિ જીવને વિપરીત અભિનિવેશરૂપ આત્માનું શ્રદ્ધાન છે તે નિશ્ચય સમ્યગ્દર્શન છે; તથા દેવ-ગુરૂ-ધર્મનું શ્રદ્ધાન તે વ્યવહાર સમ્યગ્દર્શન છે. દેવ-ગુરૂ-ધર્મની શ્રદ્ધાનમાં પ્રવૃત્તિની મુખ્યતા છે, તત્ત્વ શ્રદ્ધાનમાં વિચારની મુખ્યતા છે. જે જ્ઞાનમાં જીવાદિ તત્ત્વોને વિચારે છે તેને તત્ત્વશ્રદ્ધાની કહેવામાં આવે છે. તે બંને સમજ્યા પછી કોઈ જીવ રાગનો અંશે અભાવ કરી સમ્યગ્દર્શન પ્રગટ કરે છે.

૯. મિથ્યાત્વ ભાવ દૂર થતાં સમ્યગ્દર્શન ચોથે ગુણસ્થાને પ્રગટે છે. તે શ્રદ્ધા ગુણનો શુદ્ધ પર્યાય હોવાથી નિશ્ચય સમ્યક્ત્વ છે. પરંતુ તે સમ્યગ્દર્શનની સાથેના ચારિત્ર ગુણના પર્યાયનો વિચાર કરવામાં આવે તો ચારિત્ર ગુણના રાગવાળો પર્યાય હોય અથવા તો સ્વાનુભવરૂપ નિર્વિકલ્પ પર્યાય હોય ત્યાં, ચારિત્ર ગુણના નિર્વિકલ્પ પર્યાય સાથેના નિશ્ચય સમ્યગ્દર્શનને વીતરાગ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે - અને સવિકલ્પ (રાગસહિત) પર્યાય સાથેના નિશ્ચય સમ્યગ્દર્શનને સરાગ સમ્યક્ત્વ કહેવામાં આવે છે.

૧૦. સ્વરૂપ તો જ્ઞાતાદષ્ટા છે તેનો અનુભવ તે જ સમ્યગ્દર્શન છે. જ્ઞાતાદષ્ટા નિરપેક્ષ સ્વભાવનું લક્ષ કરતાં જ સમ્યગ્દર્શન પ્રગટે છે.

૧૧. જ્ઞાનનો સ્વભાવ સામાન્ય વિશેષ સર્વેને જાણવાનો છે. જ્યારે જ્ઞાને આખા દ્રવ્યને, ઉઘડેલા પર્યાયને અને વિકારને જેમ છે તેમ જાણીને, 'પરિપૂર્ણ સ્વભાવ તે હું, વિકાર તે હું નહિ' એમ વિવેક કર્યો ત્યારે તે સમ્યક્ થયું છે.

૧૨. સમ્યગ્જ્ઞાન (૧) સમ્યગ્દર્શનરૂપ ઊઘડેલા પર્યાયને
(૨) સમ્યગ્દર્શનના વિષયભૂત પરિપૂર્ણ વસ્તુને
(૩) અવસ્થાની ઊણપને

- એ ત્રણને જેમ છે તેમ જાણે છે; અવસ્થાનો સ્વીકાર જ્ઞાનમાં છે.

આ રીતે સમ્યગ્દર્શન તો એક નિશ્ચયને જ (અભેદ સ્વરૂપને જ) સ્વીકારે છે, અને સમ્યગ્દર્શનનું અવિનાભાવી (સાથે જ રહેતું) સમ્યગ્જ્ઞાન નિશ્ચય અને વ્યવહારને બંનેને બરાબર જાણી વિવેક કરે છે. જો નિશ્ચય વ્યવહાર બંનેને ન જાણે તો જ્ઞાન પ્રમાણ (સમ્યક્) થતું નથી. જો વ્યવહારનું લક્ષ કરે તો દૃષ્ટિ ખોટી ઠરે છે. અને જો વ્યવહારને જાણે જ નહિ તો જ્ઞાન ખોટું ઠરે છે. જ્ઞાન નિશ્ચય-વ્યવહારનો વિવેક કરે છે ત્યારે સમ્યક્ છે અને દૃષ્ટિ વ્યવહારનું લક્ષ છોડી નિશ્ચયને અંગીકાર કરે તો તે સમ્યક્ છે.

**મોક્ષ માર્ગની આરાધના :**

૧. એક દ્રવ્ય બીજા દ્રવ્યને સ્પર્શતું નથી - એમ જાણીને પર દ્રવ્ય સાથે એકત્વ બુદ્ધિ છોડાવી.

૨. એક દ્રવ્ય બીજા દ્રવ્યને ગ્રહણ કે ત્યાગ કરતો નથી એમ જાણીને - બીજાની સાથે મમત્વ બુદ્ધિ છોડાવી.

૩. આત્મા પર દ્રવ્યનું કાંઈ કરી શકતો નથી તેમ જ ભોગવી શકતો નથી એમ જાણીને પર દ્રવ્યનું કર્તા-ભોક્તાપણું છોડીને સ્વ સન્મુખ થવાનું કહ્યું.

૪. વિકાર કર્તા કર્મ નથી (પર દ્રવ્ય નથી) તેમ કહીને કર્મ તરફની પરાધીન દૃષ્ટિ છોડાવી છે. દૃષ્ટિ સ્વ દ્રવ્યમાં વાળી છે.

૫. વિકાર કે નિર્મળ પર્યાયનો કર્તા ધ્રુવ દ્રવ્ય (ત્રિકાળી સ્વભાવ) નથી પણ પર્યાય જ પર્યાયનો કર્તા છે. આત્માને અકર્તા કહ્યો.

૬. પર્યાય-પર્યાયના ષટકારકથી સ્વતંત્ર થાય છે-એમ પર્યાયની સ્વતંત્રતા બતાવીને પર્યાય પરનું લક્ષ છોડાવી દૃષ્ટિને દ્રવ્ય સન્મુખ કરાવી છે.

૭. વિકાર તે સમયની યોગ્યતાથી થવાનો હતો તે જ થયો છે તેમ કહીને એક સમયના વિકારનું લક્ષ છોડાવી દૃષ્ટિને દ્રવ્ય તરફ દોરી છે.

૮. વિકાર પણ ક્રમબદ્ધમાં હતો તે થયો છે તેમાં તે ક્રમબદ્ધ પર્યાયના સ્વ કાળનું સત્ બતાવીને વિકારનું અકર્તાપણું બતાવીને જ્ઞાતા તરફ દૃષ્ટિ કરાવી છે.

૯. નિર્મળ પર્યાય પણ ક્રમબદ્ધ છે - તેમ બતાવી શુદ્ધ પર્યાયના એક અંશ ઉપરથી પણ લક્ષ છોડાવી - ત્રિકાળી ધ્રુવ પર લક્ષ કરાવ્યું છે.

૧૦. બંધ-મોક્ષ પરિણામને ધ્રુવ કરતું નથી - એમ બતાવીને પર્યાયની સન્મુખતા છોડાવી ધ્રુવની સન્મુખતા કરાવવી છે.

૧૧. ધ્રુવ જ્ઞાયક સત્ત્વ જેનું તળીયું છે એવા પ્રભુ ભગવાન આત્મામાં વર્તમાન પર્યાયને ઊંડાણમાં લઈ જઈને ત્રિકાળી ધ્રુવ સ્વરૂપની ઊંડાણમાંથી લગની લગાવે, તે તરફનો પુરૂષાર્થ કરે તો વસ્તુ મળ્યા વગર રહે નહિ.

૧૨. અનિત્ય પર્યાય છે તેને એવી ધીર, ગંભીર, સૂક્ષ્મ અને તીક્ષ્ણ બનાવ કે જેથી દ્રવ્ય સ્વભાવને પકડી લે. અંદરની લગની લાગે તો એ નિર્મળ જ્ઞાન અને અતીન્દ્રિય આનંદ પ્રગટ્યા વિના રહે જ નહિ.

## ૧૫ ધર્મનું સત્ સ્વરૂપ (સાર)

**૧. આત્મ અવલોકન :**

૧. યથાર્થ વસ્તુ સ્વરૂપ - વસ્તુ સ્થિતિ સમજવા માટે જેમની પાસેથી સમજવું છે એવાં દેવ-ગુરૂ-શાસ્ત્ર સાચા કોણ છે? તેનો પ્રથમ નિર્ણય કરવો પડશે. કારણ કે સાચા દેવ-ગુરૂ-શાસ્ત્ર સિવાય જેમણે વસ્તુનું યથાર્થ સ્વરૂપ જાણ્યું નથી એવા ખોટાં દેવ-ગુરૂ-શાસ્ત્ર દ્વારા વસ્તુનું સાચુ સ્વરૂપ સમજવું અશક્ય છે. સાચા દેવ તો તે જ કહેવાય કે જે નિર્દોષ હોય, વીતરાગ અને સર્વજ્ઞ હોય. સાચા ગુરૂ અને સાચા શાસ્ત્ર તે જ કહેવાય કે જે વીતરાગતાનું પ્રતિપાદન કરે.

૨. વીતરાગની મૂર્તિ દેખતાં એમ સ્પષ્ટ પ્રતીત થાય છે કે રાગાદિ કાંઈ આત્માનો મૂળ સ્વભાવ નથી. વિકાર ટળતાં નિજ શુદ્ધ સ્વભાવ પ્રગટે છે તેથી વીતરાગ પ્રતિમા જ સંસારી જીવોને નિજ રૂપ દેખાડવાનું નિમિત્ત છે. ભગવાન વીતરાગ થયા તે એમ દર્શાવે છે કે તેઓ પ્રથમ રાગી હતા. રાગ ટળતા પ્રભુ થયા, એમ જ આ જીવ શક્તિ અપેક્ષાએ તેમના જેવો હોવાથી રાગ ટળતાં તે અવસ્થાએ પોતે જ પ્રભુ બને છે.

૩. વળી જેઓ કેવળ એક વીતરાગપણાનો જ ઉપદેશ આપે તે જ સાચા ગુરૂ છે. તેમનો બીજો કશોય અભ્યાસ નથી, આ જ અભ્યાસ છે. પોતે પણ અંતરંગમાં પોતાને વીતરાગરૂપ અભ્યાસે છે.

૪. ખરેખર હું વીતરાગ, મારૂં નિજ સ્વરૂપ વીતરાગ છે એમ ભવ્ય જીવ માને છે અને પોતાનું નિજ સ્વરૂપ પ્રગટપણે પરિણમતા તે પોતાનું સ્વરૂપ વીતરાગરૂપે જાણે-દેખે-આચરે છે. તે 'વીતરાગતા' ને જ જીવ નિજ ધર્મરૂપે અનુભવે છે. અન્ય સર્વ ભાવોને અશુદ્ધ, ભિન્ન, અધર્મ જાણે છે. સર્વ શાસ્ત્રોનો સાર 'વીતરાગતા' જ છે.

૫. જીવ નિજ જાતિરૂપ પોતાના જ સ્વરૂપમાં પરિણમે તેને વિધિવાદ કહે છે. જીવ પોતાનું જ સ્વરૂપ જે જ્ઞાન-દર્શન-ચારિત્ર તે રૂપે પરિણમે છે, તે રૂપ પરિણમતા કર્મનો સંવર, નિર્જરા અને મોક્ષ થાય છે. જીવની સ્વરૂપ પરિણતિ વિધિ યોગ્ય છે કારણ કે જીવ તેથી સુખી થાય છે. અને જીવની જે પર ભાવરૂપ અશુદ્ધ પરિણતિ છે તે પરિણતિરૂપે પરિણમતા

કર્મનો આસ્રવ,બંધ થાય છે, પુણ્ય-પાપનો વિપાક થાય ત્યારે જ જીવ દુઃખી થાય છે. તો જીવની આવી અશુદ્ધ પરિણતિ જીવને અવિધિરૂપ છે-અયોગ્ય છે કારણ કે જીવ તેથી દુઃખી થાય છે.

૬. જીવને જેટલા કાંઈ તીવ્ર-મંદ શુભાશુભ પરિણામ થાય છે તે બધાય પરાચરણ છે કારણ કે મંદ કષાય કે તીવ્ર કષાય તે જીવનો વિકાર ભાવ જ છે. વિકાર વગરનો શુદ્ધ જીવ સ્વભાવ છે.

૭. આ જગતની જેવી સ્થિતિ છે તેવી સ્થિતિએ જ સદા રહે છે તેને યથા સ્થિતિ કહે છે.

જીવ, પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળ દ્રવ્યો છ છે એ શાશ્વત છ દ્રવ્યો પોતપોતાના જેવા ગુણો તે વડે, પોતપોતાના જેવા જેવા પર્યાયો તે વડે શાશ્વત સ્થિતિથી સ્થિત છે. પોતપોતાની ભિન્ન ભિન્ન સત્તાથી પોતપોતાની જેવી જેવી સ્થિતિ છે, તેવી તેવી સ્થિતિથી ક્યારેય ચલિત થતા નથી. સદાય જેવા ને તેવા જ રહે. તેનું નામ 'યથા સ્થિતિ ભાવ' કહેવાય છે.

૮. વસ્તુનો જે મૂળ સ્વભાવ હોય તે મર્યાદિત ન હોય, બેહદ હોય. આત્માનો સ્વભાવ જે જાણવાનો છે તો તે કોને ન જાણે? બધાને જાણે. સમસ્ત વસ્તુઓનો સ્વભાવ પ્રમેયત્વ ગુણને લીધે જાણાવા યોગ્ય છે, તો તે પણ બેહદ હોય. તો જ્ઞાનમાં કઈ વસ્તુ ન જણાય? તેથી આત્મા પૂર્ણ નિર્મળ જ્ઞાન વડે અનંત ધર્મોયુક્ત વસ્તુના સમસ્ત સ્વરૂપને જાણે છે અને પ્રત્યેક દ્રવ્યમાં પ્રમેયત્વ ગુણ હોવાથી અનંત ધર્મોયુક્ત પ્રત્યેક દ્રવ્યોનું સંપૂર્ણ સ્વરૂપ જ્ઞાનમાં જણાય છે.

જેટલા દ્રવ્ય-ગુણ-પર્યાય ભાવ છે, તેટલા બધાય ને તે સાક્ષાત જાણે છે. એવું જે કાંઈ છે તે બધાયનું જ્ઞાન ગુણના જાણનારને ગોચર થયું, તે થવું બધુંય જ્ઞેય નામ પામે છે. આગમમાં જ્ઞાન-ગોચરને જ્ઞેયના નામથી કથન ચાલે છે એમ જાણવું.

૯. આ આત્મા જેમ જેમ પોતાના નિજ જાતિરૂપે પરિણમે છે, વિશ્રામ લે છે, તેમ તેમ તે કાળે જે અશુદ્ધ ભાવ છે તે યત્ન વિના જ આપોઆપ જ ક્યાંય નાશ થઈ જાય છે. જે અશુદ્ધ ભાવ છે, અનિત્ય ભાવરૂપ છે તેને જિનવચનમાં 'હેય' ભાવ કહ્યો છે.

૧૦. સ્વ ચારિત્રની જે જે શક્તિ વિકારરૂપ થઈ રહી છે તે તે શક્તિ જેમ જેમ કાળ લબ્ધિ આવતી જાય છે તેમ તેમ તે સ્વ ચારિત્રનું નિજરૂપ પરિણામોના પરિણમનરૂપે થાય છે, તે સ્વરૂપ ગ્રહણનું કથન છે. અથવા એમ પણ કહો કે તે સ્વરૂપ આચરણરૂપે જ પ્રવર્તે છે. તે જ સ્વરૂપ આચરણ પરિણમનને 'ઉપાદેય' સંજ્ઞાની જિનદેવ કહે છે. આગમમાં તેને ઉપાદેય જાણવું. સર્વ પર આલંબન હેય કરવું. નિજ સ્વરૂપને જ અવલંબવું તે તે ઉપાદેય કરવું.

૧૧. પર્યાયના જેટલાય ભાવો છે તે બધા વ્યવહાર નય નામ પામે, વળી જેટલા એકના અનેક ભેદ કરીએ તે સર્વ વ્યવહાર નામ પામે. વળી બંધાવું, છુટવું એવા પર્યાયના જેટલા ભાવ તેટલા બધાય વ્યવહાર નય નામ પામે. વળી સ્વભાવથી જે અન્ય ભાવો છે તે બધા વ્યવહાર નામ પામે. તેને જિન આગમમાં વ્યવહાર કહ્યો છે.

૧૨. અનંત ગુણોનો સમુદાય, અનંત ગુણોનું એકત્વ તે વસ્તુ છે, તે વસ્તુને નિશ્ચય કહેવામાં આવે છે. નિજ વસ્તુ સાથે જે ભાવનો વ્યાપ્ય-વ્યાપક એકમેક સંબંધ હોય તેને નિશ્ચય જાણવો. જે જે નિજ અનંત ગુણો તેમનો આપસ આપસમાં જે એક જ સમૂહ પૂંજ તેને નિશ્ચયનું રૂપ જાણવું. વળી નિજ નિજ દ્રવ્ય, ગુણ અને પર્યાયનું જ જે કેવળ નિજ જાતિ સ્વરૂપ તેને પણ નિશ્ચયનું રૂપ જાણવું. જે એક દ્રવ્યના અનંત ગુણોને, એક ગુણની અનંત શક્તિ પર્યાયોના જે એક જ સ્વરૂપે ભાવ પ્રગટ થાય છે તેને પણ નિશ્ચય ભાવ જાણવો. વળી જે દ્રવ્ય-દ્રવ્ય પરિણામને જ પરિણમવાને આધીન જે ભાવ-તે, તે જ દ્રવ્યના પરિણામરૂપે પરિણમે, અન્ય પરિણામરૂપે ન પરિણમે તેને નિશ્ચય જાણવો.

૧૩. નિશ્ચયથી આત્માના અનંત ગુણો જ્યારે સર્વથા પોતાની નિજ જાતિરૂપ થયા ત્યારે આત્માનો પરમ સ્વભાવ કહેવામાં આવે છે. આત્માના દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણે સર્વથા સાક્ષાંત પરમ સ્વરૂપરૂપ જ થાય છે ત્યારે આ આત્માનો ધર્મ કેવળ નિજ જાતિ સ્વભાવરૂપ જ થાય છે.

૧૪. જે કાળે આત્માના ગુણો સર્વથા પર ભાવરૂપ થાય છે ત્યારે બહિર્ભાવ કહેવામાં આવે છે કારણ કે પર ભાવ કાંઈ પોતાની વસ્તુમાં થતો નથી, પણ વસ્તુ સમુદાયથી બહારનો ઉપરિભાવ થયો છે. જે કાળે આત્માના પર્યાયો

સર્વથા વિકારરૂપ થાય છે તે કાળે આ આત્માનો બહિરધર્મ કહેવામાં આવે છે.

૧૫. જે કાળે આત્માના ગુણો ધર્મ-અધર્મરૂપે (વિકાર-અવિકારભાવે) પરિણમે છે ત્યારે આત્માનો મિશ્ર ધર્મ કહેવામાં આવે છે.

આ જાણીને આત્માને માટે હિતકર-અહિતકર શું છે તેનો વિવેક કરવો. પર લક્ષ છોડી, સ્વ તરફ વળી, નિજ શુદ્ધ સ્વરૂપને જ અવલંબવું. સ્વ-પરના વિવેક વિના-ભેદ જ્ઞાન થયા વિના જીવનો વિકાર ભાવ કોઈ અન્ય ઉપાયોથી ટળે જ નહિ. "હું શુદ્ધ ચૈતન્ય ચમત્કાર માત્ર આત્મા છું" એવી શુદ્ધ આત્માની પ્રતીતિ થયે જ વિકાર ટળે છે. આ જ ધર્મ છે . મુક્તિનો ઉપાય છે.

**૨. વસ્તુ સ્વરૂપ :**

૧. કોઈ પણ વસ્તુ પોતપોતાની અવસ્થા વિના હોઈ શકે નહિ. વસ્તુ છે તો તેની અવસ્થા હોય ને હોય જ. છ યે દ્રવ્યો પોતાના નિજ જાતિ સ્વભાવથી ટકે છે, અને એમની અવસ્થા બદલે છે. અવસ્થાનું 'બદલવું' તે વસ્તુનો સ્વભાવ હોવાથી ઝડપથી એટલે કે એક જ સમયમાં અવસ્થા બદલે. એ રીતે છ યે દ્રવ્યો ટકીને બદલે છે. આ વસ્તુ સ્વભાવનો મૂળભૂત સિદ્ધાંત છે.

૨. ત્યાં જીવ અને પુદ્‌ગલ વિકારરૂપે કે અવિકારરૂપે પરિણમે છે તેથી સંસાર અને મોક્ષ બને છે. જો જીવ ટકતો ન હોય તો મોક્ષમાં સુખ કોણ ભોગવે? જો જીવની અવસ્થા બદલાતી ન હોય તો વિકાર ટળી મોક્ષરૂપ અવિકારી દશા ક્યાંથી થાય? જો મિથ્યાત્વી જીવમાં વિકારી અવસ્થા જ ન થતી હોય તો જીવને દુઃખ વેદાય છે ને તે શી રીતે વેદાય? માટે મિથ્યાત્વી જીવમાં વિકારી અવસ્થા થાય છે તેનું તેને દુઃખ વેદાય છે.

૩. 'આત્મ અવલોકન' કરવું તો જીવની અવસ્થા વિકારી, અવિકારી શી રીતે થાય છે તે પહેલાં જાણવું જોઈએ.

૪. જ્ઞાનનો સ્વભાવ સ્વ અને પર બંનેને જાણવાનો છે. જ્ઞાનનો જાણવાનો મૂળભૂત સ્વભાવ હોવાથી જ્ઞાનના જાણવાના પરિણામમાં પર વસ્તુઓ જણાય છે. ત્યાં જ્ઞાનમાં પર વસ્તુ જણાતાં, પરને પર ન માનતા અજ્ઞાની જીવ પરને પોતારૂપ માની લે છે, ત્યારે પોતે જ સુખરૂપ છે એવું ભાન ન કરતાં અજ્ઞાનને કારણે વિકારરૂપે પરિણમીને જીવ પરમાં ઈષ્ટ કે અનિષ્ટ બુદ્ધિ કરીને સુખી-દુઃખી થાય છે.

૫. પરને પોતારૂપ માનવાનું છોડીને જ્ઞાનના પરિણામ જ્યારે કેવળ એક શુદ્ધ જ્ઞાનરૂપે પરિણમે ત્યારે જીવની અવસ્થા શુદ્ધ થતાં કેવળજ્ઞાન અને પરમ સુખાદિ પ્રગટે.

૬. આ રીતે પરને જાણવું તે દોષ નથી પણ પરને પોતારૂપ્ માની રાગી-દ્વેષી થવું તે જ જીવનો મહાન દુઃખદાયક દોષ છે.

૭. આ લોક સ્થિતિ જ એવી છે કે એમાં સત્યનું ભાવન કરવું પરમ વિકટ છે. રચના બધી અસત્યના આગ્રહની ભાવના કરાવવાવાળી છે. નિમિત્તના સદ્ભાવમાં કાર્ય થતું દેખીને જીવ મિથ્યા બુદ્ધિથી એમ માની લે છે કે નિમિત્તથી કાર્ય થયું. ખરી હકીકત તો એ છે કે નિમિત્ત પર વસ્તુની અવસ્થામાં કાંઈ ફેરફાર કરી શકવા સમર્થ નથી. એટલે કે નિમિત્ત પર વસ્તુની અવસ્થામાં ફેરફાર કરવામાં અકિંચિત્કર છે, કારણ કે પર વસ્તુ સાથે નિમિત્તનો વ્યાપ્ય-વ્યાપક સંબંધ નથી.

૮. જ્યાં વ્યાપ્ય-વ્યાપકપણું હોય ત્યાં એકપણું હોય છે. જ્યાં એકપણું હોય છે ત્યાં કર્તા-કર્મપણું એકમાં ઠરે. જ્યાં વ્યાપ્ય-વ્યાપકપણું ન હોય ત્યાં જુદાપણું ઠરે. પોતપોતાની વસ્તુમાં કર્તા-કર્મ-ક્રિયા વ્યાપ્ય-વ્યાપક હોય છે, પરની સત્તામાં વ્યાપ્ય-વ્યાપક હોતા નથી.

૯. નિમિત્ત તો ઉપાદાનથી જુદું છે, તે પોતાની અવસ્થામાં જ સ્વતંત્રપણે ઉપાદાનથી જુદું પરિણમે છે, પર વસ્તુના કાર્યરૂપે તે પરિણમી શકતું જ નથી.

૧૦.જીવ અને પુદ્ગલમાં પોતપોતાનો વિકાર થવામાં પરસ્પર નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે પણ કર્તા કર્મ સંબંધ નથી. એટલે કે આવું જ્યાં નિમિત્ત હોય ત્યાં આવું કાર્ય થતું દેખવામાં આવે છે, પણ નિમિત્ત તે કાર્યનો ઉત્પાદક નથી. કાર્ય તો સ્વયં પોતાની વસ્તુમાં પોતાની શક્તિના બળથી જ થાય છે, ત્યાં કાર્ય થવામાં નિમિત્ત તદ્દન અકિંચિંત્કર છે.

૧૧.આ મહાન સિદ્ધાંતનો નિર્ણય કરીને આસ્તિક્ય કર્યા સિવાય કોઈ પણ જીવ સત્ય ધર્મને રસ્તે વળી શકે જ નહિ, કારણ કે મિથ્યા ભ્રાંતિ સેવતાં વિકારનું ટળવું અશક્ય જ છે.

૧૨.અનાદિ કાળથી જીવની પરિણતિ અશુદ્ધ થઈ રહી છે ત્યાં પુદ્ગલ કર્મ નિમિત્ત છે. પુદ્ગલ વ્યાપ્ય-વ્યાપક થઈને જીવને વિકારી બનાવતું નથી,

કારણ કે કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યમાં વ્યાપ્ય વ્યાપક થતું નથી. જો એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં વ્યાપ્ય વ્યાપક થાય તો બંને દ્રવ્યો એક થઈ જાય.

૧૩. વળી જીવ પુદ્‌ગલકર્મના નિમિત્ત વિના જ વિકારરૂપે પરિણમતો હોય તો વિકાર જીવનો નિજ સ્વભાવ થઈ જાય માટે ચિત્ત વિકારરૂપે તો જીવ પોતે જ પરિણમે છે, ત્યાં કર્મનું નિમિત્ત કહ્યું. ત્યાં કર્મને નિમિત્ત કહેવાનું પ્રયોજન એ છે કે જીવનો વિકારી ભાવ અનિત્ય છે એમ ઠર્યું : વિકાર અવસ્તુ સ્વભાવ ઠર્યો. વિકાર સ્વભાવ ન ઠર્યો. જીવને જે વિકાર થાય છે તે પર ભાવ છે, અનિત્ય છે અને તે જીવનો સ્વભાવ નથી. પણ જીવની અવસ્થામાં વિકાર થતી વખતે કર્મના નિમિત્તનો સદ્‌ભાવ છે.

૧૪. વસ્તુ જ્યાં સ્વતંત્રપણે પોતાના અહેતુક સ્વભાવથી જ પરિણમે છે ત્યારે નિમિત્ત પરના કાર્યને કરે છે એમ કહેવું તે વસ્તુના મૂળ સ્વભાવનો જ ઘાત કરવા જેવું છે.

૧૫. આ કર્તા કર્મનું રહસ્ય સમજીને જીવે પરનું પરિવર્તન કરવાની માન્યતા, અહંતાનો શુદ્ધ આત્માના ભાનપૂર્વક ત્યાગ કરવો જોઈએ. તે જીવ સંસારથી ભલી રીતે વિરક્ત થાય છે, તે સંસારથી ઉદાસીન થઈ જાય છે.

૧૬. પુણ્ય-પાપ વિકાર ભાવના ભેદ છે. તીવ્ર કષાય તે પાપના પરિણામ છે, મંદ કષાય તે પુણ્યના પરિણામ છે. પણ બંને પરિણામો વિકાર જ છે. તેથી જ્ઞાની પુણ્ય-પાપરૂપી બંનેય વિકારોને હેય જ જાણે છે. બંનેય બંધરૂપ છે તેથી જે પુણ્ય-પાપના પરિણામથી મોક્ષ થવાની ઈચ્છા રાખે તે અજ્ઞાની છે. જે પોતે બંધ સ્વરૂપ છે તેનાથી મોક્ષ કેમ થાય? ન જ થાય. આવી સાદી સીધી વાતનો પણ અજ્ઞાની જીવ સ્વીકાર કરતો નથી. બંધ ભાવ તો વિકારી અવસ્થા છે, જીવનો મૂળ સ્વભાવ નથી.

૧૭. સંવરપૂર્વક નિર્જરા થતાં થતાં જીવનો ગુણ વિકાર અને જીવનો પ્રદેશ વિકાર સર્વથા નાશ થઈ જાય છે. જ્યારે વિકાર ભાવ સર્વથા નાશ થઈ જાય છે ત્યારે મોક્ષ ભાવ કહેવામાં આવે છે.

૧૮. આ નવ તત્ત્વરૂપી ચિત્‌વિકારમાં વ્યાપ્ય-વ્યાપક તો એક (કેવળ) જીવ જ થયો છે, બીજું કોઈ દ્રવ્ય થયું નથી. જ્યાં સુધી આ જીવ વિકારરૂપે પ્રવર્તે છે ત્યાં સુધી જેવા પ્રકારના વિકારો પ્રગટે છે તે વિકારથી જીવ વ્યાપ્ય-વ્યાપક થાય છે. તે વિકાર અમૂર્તિક એકલા જીવના જ ભાવો છે. જીવથી

અભેદ છે. તાત્પર્ય એ છે કે તે બધા વિકાર જીવ જન્ય છે.

૧૯. જીવ જ્યારે પર્યાયમાં વિકારી થાય છે ત્યારે જીવનો મૂળ શુદ્ધ સ્વભાવ નાશ પામતો નથી. શક્તિપણે કાયમ રહે છે. જીવ તે શુદ્ધ સ્વભાવને ભૂલીને ચેતન વિકારનો કર્તા થાય છે. અને જીવ જ તે શુદ્ધ સ્વભાવનો આશ્રય કરીને ચેતન વિકારને ટાળે છે.

૨૦. પરિગ્રહાદિ જે પુદ્‌ગલ સ્કંધો છે તેમને આ જીવ ક્યારેય સ્પર્શતો નથી. તે પુદ્‌ગલો સ્વયં આવે છે, સ્વયં જાય છે. પુદ્‌ગલો પોતે જ ખેલ ખેલે છે. પણ આ જીવ વિકારરૂપે પરિણમીને 'આ સર્વ કામ મેં કર્યાં' એમ માને છે, કે જે પ્રત્યક્ષ જુઠું છે. તાત્પર્ય એ છે કે જ્ઞાનીને પોતામાં અને પર દ્રવ્યમાં કાંઈ પણ સંબંધ દેખાતો નથી. જ્ઞાનીને વસ્તુ સ્વરૂપની દૃઢ પ્રતીતિ વર્તે છે. જ્ઞાનીને અકર્તાપણાની બુદ્ધિ હોવાથી પર વસ્તુઓ પ્રત્યે નિરંતર ઉદાસીનતા વર્તે છે. હું જ્ઞાતા દૃષ્ટા છું એવા પોતાના જ્ઞાયક ભાવનું ભાન જ્ઞાનીને નિરંતર વર્તે છે. 'ધ્રુવ, શુદ્ધ, આત્મ સામાન્યનું જોર જ્ઞાનીને નિરંતર હોય છે.' શુદ્ધ આત્મ સ્વરૂપનું અવલંબન, આશ્રય, પ્રત્યે સન્મુખતા, પ્રત્યે વલણ, પ્રત્યે ઝોક, સ્વરૂપમાં એકાગ્રતા, લીનતા એ બધી એક જ વાત છે.

## ૩. આત્મ અનુભવ :

૧. જીવ વસ્તુની સિદ્ધિ આટલી જ કે 'મૂળ ચેતના માત્ર' મૂળ ચેતના કહેતાં જીવના અનંત ગુણોનું અખંડપણું એક સત્વ દર્શાવ્યું. ભેદ વિકલ્પથી મૂળ જીવ વસ્તુ અખંડપણે સિદ્ધ થાય નહિ. એક અખંડ ચેતનાથી જ જીવ વસ્તુ સિદ્ધ થાય.

૨. જ્ઞાન-દર્શનાદિ ગુણોનો સમુદાય તે જીવ દ્રવ્ય છે. આ જ્ઞાનાદિ ગુણો તો અનાદિથી જેમ છે તેમ જ છે. એમાં કાંઈ વધ ઘટ નથી.

૩. વિકારી ભાવનો દોષ આ જીવને અનાદિથી ઉપજ્યો છે. ત્યાં તે વિકારી પર્યાયો તે જીવની અવસ્થાઓ છે, મૂળ વસ્તુ નથી. તે વિકારી પર્યાયમાં જીવ તન્મય થાય છે તેથી તેની અજ્ઞાન દશા થઈ રહી છે.

૪. જીવમાં વિકારરૂપ પર ભાવ ટળે ત્યારે નિજ જાતિ સ્વભાવ પ્રગટે. આ પર ભાવો જીવના કોઈ નિજ જાતિ સ્વભાવ નથી.

૫. આ જીવનો જ્ઞાન ગુણ તો અજ્ઞાન પ્રવાહે કરીને પરિણમ્યો. જેટલી પર વસ્તુ છે તે સર્વેને પોતારૂપ જાણે છે પોતાને પરરૂપ જાણે છે. શ્રદ્ધા ગુણની પરિણતિ મિથ્યાત્વરૂપે પ્રવર્તી, સ્વની સ્વરૂપે પ્રતીતિ નથી, પરની પરરૂપે પ્રતીતિ નથી. 'પોતે નથી' એવા ભ્રમરૂપે પોતે થયો. ચારિત્ર વિભાવરૂપ પ્રવર્ત્યું. ત્યાં ચારિત્ર નિજ સ્વભાવની સ્થિરતા છોડીને પર પુદ્ગલના વિકાર ભાવમાં જ સ્થિરતા કરે છે.

૬. જ્યારે જ્ઞાન ગુણ સમ્યક્ પરિણમ્યો, કેવળ જાણવારૂપ પરિણમ્યો ત્યારે તે સ્વ-જ્ઞેય જાતિ ભેદ જુદો જાણે છે, પર જ્ઞેય જાતિ ભેદ જુદો જાણે છે. સમ્યક્ત્વનો ગુણ વિકાર રહિત થઈને પોતાના શુદ્ધ શ્રદ્ધાનરૂપે થઈ પ્રવર્ત્યો ત્યારે સ્વ જાતિનું સ્વ જાતિએ કરીને જુદું આસ્તિક્ય થયું. ચારિત્ર ગુણ કેવળ નિજ રૂપ થઈ પ્રવર્ત્યો, પર છોડ્યું. નિજ સ્વરૂપમાં સ્થિરતા કરી. આ સમ્યગ ભેદાભેદ વિકલ્પથી સમજાયું. આ ચેતના સમ્યગથી અભેદ છે. સમ્યગ ભાવ જીવને અન્ય સર્વ વિકલ્પોથી જુદો દર્શાવે છે. પોતાના સર્વ અનંત ગુણોનો પુંજ તેને વસ્તુ (દ્રવ્ય દલ) કહેવામાં આવે છે. તે વસ્તુને જ્ઞાન તો જાણે જ છે, દર્શન તો શ્રદ્ધે છે, ચારિત્ર તેમાં સ્થિર થઈને આચરે છે.

૭. આત્માનું સ્વરૂપ બીજાઓથી સાંભળવા છતાં જ્યાં સુધી સ્વ અને પર ભિન્ન છે એવી ભાવના જીવ પોતે વારંવાર ન ભાવે ત્યાં સુધી જીવ મોક્ષપાત્ર થઈ શકે નહિ. શ્રીમદ્ રાજચંદ્ર પણ કહે છે કે **'આત્મ ભાવના ભાવતા જીવ લહે કેવળજ્ઞાન રે'**.

૮. આત્મ ભાવના, 'હું દેહાદિ સ્વરૂપ નથી, અને દેહ, સ્ત્રી, પુત્રાદિ કોઈ પણ મારા નથી, શુદ્ધ ચૈતન્યરૂપ અવિનાશી એવો હું આત્મા છું' એમ આત્મ ભાવના ભાવતાં રાગ-દ્વેષનો-મોહનો ક્ષય થાય છે. હવે સ્વરૂપ ચિંતવન કેમ થાય છે.

'જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપ હું છું, આ વિકારરૂપ હું નથી. હું મારા એક સ્વરૂપને અનુભવું છું. આ સંસારથી જુદો થયો છું. હવે હું સ્વયં દેખું-જાણું છું. મેં હવે સમ્યગભાવ જુદો કર્યો. હું અમર છું' એ રીતે અનેક પ્રકારે મનમાં, વાણીમાં સમ્યગ્ભાવની સ્તુતિ ઉપજે છે. વારંવાર પોતાનું શુદ્ધ સ્વરૂપ ચિંતવે છે.

૯. પણ આ બધું ય મન-વચનના વિકલ્પરૂપ ચિંતવનનું પ્રવર્તવું છે. મન-વચનના વિકલ્પો છે પણ સમ્યગ્ભાવનું તાત્પર્ય આટલું જ છે- જ્ઞાન પરિણામ તો સમ્યગ્જ્ઞાન પરિણામરૂપ પ્રવર્તે છે, દર્શન પરિણામ તો કેવળ સમ્યગ્દર્શન પરિણામરૂપ પ્રવર્તે છે, ચારિત્ર પરિણામ તો કેવળ એક સમ્યગ્ સ્વ ચારિત્ર પરિણામરૂપ પ્રવર્તે છે. આ રીતે જ્ઞાનાદિ પરિણામ પોતપોતાના સ્વભાવરૂપ સાક્ષાત્ પ્રગટ થતાં થકા પ્રવર્તે છે. ત્યાં એક ચેતના જ એ સ્વભાવરૂપે પરિણમે છે. એ સમ્યગ્ભાવ ટંકોત્કીર્ણ નિશ્ચલરૂપ ધારણ કરીને પરિણમે છે. આનાથી જે કાંઈ અન્ય પ્રકારે કહેવામાં આવે તે બધામાં ય વિકલ્પ ઊપજે છે. તે સમ્યગ્ભાવના પ્રગટ પરિણમવામાં બીજો કોઈ વિકલ્પ નથી, આપોઆપ એક કેવલ સ્વરૂપ પરિણામ પ્રવાહ ચાલ્યો જાય છે. અન્ય કોઈ વિકલ્પ નથી. એવી સમ્યગ્ધારા સમ્યગ્દષ્ટિના દ્રવ્યમાં પ્રગટી છે.

૧૦. આ રીતે સાધક સાધ્યનો ભેદ ટાળી અભેદ સ્વભાવરૂપ થતાં આત્માનુભવ થાય છે. **"વસ્તુ વિચારત્ ધ્યાવતૈં; મન પાવે વિશ્રામ; રસ સ્વાદ સુખ ઉપજે; અનુભવ યાકોં નામ."**

૧૧. અનેકાંત દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વરૂપ વસ્તુને પ્રમાણભૂત યથાર્થ વસ્તુ સ્વરૂપને પ્રકાશે છે. જ્ઞાની અનેકાંત દૃષ્ટિયુક્ત સમ્યગ્ એકાંત દૃષ્ટિને સેવ્યા કરે છે. આત્મા અનંત ગુણનો દલ છે એમ અનેકાંત દૃષ્ટિથી જ્ઞાન દ્વારા જાણીને જીવ 'શુદ્ધ ચેતના માત્ર' એવી અભેદ સ્વ વસ્તુની શ્રદ્ધા કરે છે. પણ જો અનેકાંત દૃષ્ટિ થઈ વસ્તુ સ્વરૂપનો નિર્ણય કર્યા વિના જીવ એકાંત દૃષ્ટિથી અભેદ વસ્તુની શ્રદ્ધા કરવા જાય તો તેની સાચી શ્રદ્ધા બની શકતી નથી.

૧૨. જ્ઞાની પ્રમાણ જ્ઞાનથી વસ્તુના દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વરૂપ સંપૂર્ણ સ્વરૂપને જાણે છે,પણ શ્રદ્ધામાં તો કેવળ એક અખંડ શુદ્ધ મૂળ શુદ્ધ ચેતના વસ્તુ માત્રનો વિષય જ છે. જ્ઞાની કેવળ એક અખંડ, અભેદ, અસંગ ચેતના વસ્તુ માત્રને શ્રદ્ધી આત્માનો અનુભવ કરે છે.

સ્વાનુભૂતિ કરનારો ભાવ, જેનો સ્વાનુભવ કરવાનો છે એના જેવો શુદ્ધ થાય, એક જાતના થઈને બંને તદ્રૂપ થાય-તો સ્વાનુભૂતિ થઈ શકે-રાગ ભાવમાં વીતરાગની અનુભૂતિ ન હોય.

# ૧૬ કર્મની સાદી સમજ

આ જીવ નિરંતર કર્મ અનુસાર મનુષ્ય-દેવ-તિર્યંચ-નારકી નાટકીના ભાગ ભજવી રહ્યો છે. તે સ્વયં પોતાને જાણતો નથી કે હું ચૈતન્ય આત્મા છું અને પોતાને પ્રાપ્ત અવસ્થાઓને પોતાનું નિજ સ્વરૂપ માને છે અને એ વિપરીત મિથ્યા માન્યતાના કારણે-અજ્ઞાનતાના કારણે દુઃખી થાય છે અને પોતાના પરિણામ-ભાવો બગાડે છે અને નવા કર્મોનો સંચય કરે છે. જો સારા કર્મોનો સંચય કરે તો પુણ્યના હિસાબે સારા સંજોગો પ્રાપ્ત થાય છે અને ખોટા-બૂરાં કર્મો કરે તો પાપ ભાવના ફળરૂપે નારકી-તિર્યંચ આદિ અવસ્થાઓ પ્રાપ્ત કરે છે. આમાં તેની ઈચ્છા મુજબ કાર્યો થતાં નથી. પણ જેવા કર્મના ઉદય હોય તે પ્રમાણે પર્યાયો મળે છે.

આ જીવ પોતાને, નિજરૂપ મુજબ જાણતો નથી તેથી તે કર્મકૃત શરીરને પોતે છે તેવું માની લે છે અને પરિણામે તે શરીરના સગાં, પરિવાર, સંપત્તિમાં મારાપણાના ભાવ કરે છે. આ માન્યતાને વશ જ્યારે આ ચેતન-અચેતન વસ્તુઓ એની ઈચ્છા પ્રમાણે પરિણમતી નથી ત્યારે તે અત્યંત દુઃખી થાય છે. તેની વર્તમાન અવસ્થા પલટાય તેવું તે ઈચ્છે છે, તે પલટેવા પ્રયત્ન પણ કરે છે. પણ તે વિચારતો નથી કે આ બધી અવસ્થાઓ તો પૂર્વે સંચિત કર્મોના કારણે છે. સંયોગવશ તેની ઈચ્છા મુજબ અનુકૂળતા મળી જાય તો તે સુખ માને છે અને પ્રતિકુળતા આવી જાય તો વિષાદ કરે છે. આમ અહંકાર અને વિષાદયુક્ત પરિણામો દ્વારા નવા નવા કર્મોનું ઉપાર્જન કરે છે. અને ફરી ફરી એ કર્મોના ઉદયના નિમિત્તે નવા શરીરો અને સંજોગો મળ્યા કરે છે ને આ ચક્કર અનંત કાળથી ચાલ્યા કરે છે. આ ચક્કરને તોડવા પોતાનું અને કર્મનું સાચું સ્વરૂપ સમજી તેનો યથાર્થ નિર્ણય કરવો જોઈએ. કર્મ જડ છે તે કાંઈ જીવને દુઃખી કે સુખી કરતા નથી.

**કર્મનો સિદ્ધાંત :**

૧. આત્માનું હિત નિરાકુળ સુખ છે, તે આત્માના આશ્રયથી જ પ્રાપ્ત કરી શકાય છે. પણ આ જીવ પોતાના જ્ઞાન સ્વભાવી આત્માને ભૂલીને મોહ-રાગ-દ્વેષરૂપ વિકાર ભાવ કરે છે, તેથી દુઃખી થાય છે.

૨. દુઃખનું કારણ કર્મ નથી. જ્યારે આ આત્મા પોતાને ભૂલીને સ્વયં મોહ-રાગ-

દ્વેષ ભાવરૂપ વિકારી પરિણમન કરે છે, ત્યારે કર્મનો ઉદય તેમાં નિમિત્ત કહેવાય છે. કર્મ જબરજસ્તીથી આત્માને વિકાર કરાવતાં નથી.

૩. એ નિમિત્ત શું છે? જ્યારે પદાર્થ સ્વયં કાર્યરૂપ પરિણમે, ત્યારે કાર્યની ઉત્પત્તિમાં અનુકૂળ હોવાનો આરોપ જેના પર આવી શકે તેને નિમિત્તકારણ કહે છે. જ્યારે આત્મા પોતે પોતાની ભૂલથી વિકારાદિરૂપ (દુ:ખાદિરૂપ) પરિણમે, ત્યારે કર્મને નિમિત્ત કહેવામાં આવે છે.

૪. પોતાની ભૂલ શું છે? પોતાને ભૂલીને પરમાં ઈષ્ટ અને અનિષ્ટ કલ્પના કરીને મોહ-રાગ-દ્વેષરૂપ ભાવકર્મ (વિભાવ ભાવરૂપ પરિણમન) કરવા તે જ આત્માની ભૂલ છે.

૫. ભાવકર્મ શું છે? કર્મના ઉદયમાં આ જીવ મોહ-રાગ-દ્વેષરૂપી વિકારી ભાવરૂપ થાય છે તેને ભાવકર્મ કહે છે. અને તે મોહ-રાગ-દ્વેષ ભાવોનું નિમિત્ત પામીને કાર્મણ વર્ગણા (કર્મ રજ) કર્મરૂપે પરિણમીને આત્માના પ્રદેશો સાથે જોડાઈ જાય છે, તેને દ્રવ્ય કર્મ કહે છે.

૬. મૂળરૂપે આ કર્મ આઠ પ્રકારના છે. જ્ઞાનાવરણ, દર્શનાવરણ, મોહનીય અને અંતરાય એ ઘાતી કર્મ છે. અને નામ, આયુષ્ય, ગોત્ર અને વેદનીય એ ચાર અઘાતી કહેવાય છે.

૭. જીવના અનુજીવી ગુણોનો ઘાત કરવામાં જે કર્મ નિમિત્ત હોય તે ઘાતીકર્મ છે અને આત્માના અનુજીવી ગુણોના ઘાતમાં નિમિત્ત ન હોય તેને અઘાતી કર્મ કહે છે. આત્માના જ્ઞાન ગુણના ઘાતમાં જે કર્મનો ઉદય નિમિત્ત હોય તેને જ્ઞાનાવરણ કહે છે-એવી જ રીતે બધાનું સમજવું. જીવ પોતાનું સ્વરૂપ ભૂલીને અન્યને પોતાનું માને અથવા સ્વરૂપ આચરણમાં અસાવધાની કરે ત્યારે જે કર્મ ઉદય નિમિત્ત હોય તેને મોહનીય કર્મ કહે છે. એ બે પ્રકારનું છે.

(૧) દર્શન મોહનીય અને (૨) ચારિત્ર મોહનીય.

૮. જ્યારે આત્મા પોતે મોહ ભાવ વડે આકુળતા કરે છે ત્યારે અનુકૂળતા-પ્રતિકૂળતારૂપ સંયોગ પ્રાપ્ત થવામાં જે કર્મનો ઉદય નિમિત્ત હોય તેને વેદનીય કર્મ કહે છે. જીવ પોતાની યોગ્યતાથી કોઈ શરીરમાં રોકાઈ રહે ત્યારે જે કર્મનો ઉદય નિમિત્ત હોય તેને આયુષ્ય કર્મ કહે છે. શરીરાદિની રચનામાં જે કર્મનો ઉદય નિમિત્ત હોય તેને નામ કર્મ કહે છે. જીવને ઉંચ અથવા નીચ આચરવાળા કુળમાં જન્મ થવામાં જે કર્મનો ઉદય નિમિત્ત હોય તેને ગોત્ર કર્મ કહે છે.

**જૈન દષ્ટિએ કર્મનું સ્વરૂપ :**

આત્મા અને પર દ્રવ્યો તદ્દન જુદા છે, એકનો બીજામાં અત્યંત અભાવ છે. એક દ્રવ્ય તેના કોઈ ગુણ કે તેના કોઈ પર્યાય બીજા દ્રવ્યમાં, તેના ગુણમાં કે તેના પર્યાયમાં પ્રવેશ કરી શકતાં નથી; માટે એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરી શકે નહિ એવી વસ્તુસ્થિતીની મર્યાદા છે.

વળી દરેક દ્રવ્યમાં અગુરુ-લઘુત્વ ગુણ છે કેમ કે તે સામાન્ય ગુણ છે. તે ગુણને લીધે કોઈ કોઈનું કરી શકે નહિ. તેથી આત્મા પર દ્રવ્યનું કાંઈ કરી શકે નહિ, શરીરને હલાવી-ચલાવી શકે નહિ, દ્રવ્ય કર્મો કે કોઈ પણ પર દ્રવ્ય જીવને કદી નુકસાન કરી શકે નહિ, આ પ્રથમ નક્કી કરવું.

આ પ્રમાણે નક્કી કરવાથી જગતના પર પદાર્થોના કર્તાપણાનું જે અભિમાન આત્માને અનાદિથી ચાલ્યું આવે છે તે, માન્યતા(અભિપ્રાય)માંથી અને જ્ઞાનમાંથી ટળી જાય છે.

હવે શાસ્ત્રોમાં દ્રવ્ય કર્મો જીવના ગુણોનો ઘાત કરે છે એવું કથન આવે છે. તેથી તે કર્મોનો ઉદય જીવના ગુણોનો ખરેખર ઘાત કરે છે એમ ઘણાં માને છે અને તેનો તેવો અર્થ કરે છે, પણ તે અર્થ ખરો નથી. કેમ કે તે કથન વ્યવહાર નયનું છે - માત્ર નિમિત્તનું જ્ઞાન કરવાનું કથન છે.

તેનો ખરો અર્થ એવો થાય છે કે - જ્યારે જીવ પોતાના પુરુષાર્થના દોષ વડે પોતાના પર્યાયમાં વિકાર કરે છે - અર્થાત્ પોતાના પર્યાયનો ઘાત કરે છે ત્યારે તે ઘાતમાં અનુકૂળ નિમિતરૂપ જે દ્રવ્યકર્મ આત્મપ્રદેશોથી ખરવા તૈયાર થયું છે તેને 'ઉદય' કહેવાનો ઉપચાર છે એટલે કે તે કર્મ પર નિમિત્તનો આરોપ આવે છે.

અને જીવ પોતે પોતાના સત્ય પુરુષાર્થ વડે વિકાર કરતો નથી - પોતાના પર્યાયનો ઘાત કરતો નથી - તો દ્રવ્ય કર્મોના તે જ સમૂહને 'નિર્જરા' નામ આપવામાં આવે છે. આ રીતે નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું જ્ઞાન કરવા પૂરતો તે વ્યવહાર કથનનો અર્થ થાય છે. જો બીજી રીતે (શબ્દો પ્રમાણે) અર્થ કરવામાં આવે તો તે સંબંધને'નિમિત્ત-નૈમિત્તિકને બદલે કર્તા-કર્મનો સંબંધ માનવા બરાબર થાય છે. અર્થાત્ ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર એકરૂપ થઈ જાય છે. અથવા તો એક બાજુ જીવ દ્રવ્ય અને બીજી બાજુએ અનંત પુદ્ગલ દ્રવ્યો(કર્મો)-તે અનંત દ્રવ્યોએ મળી જીવમાં વિકાર કર્યો એમ તેનો અર્થ થઈ જાય છે - કે જે બની શકે નહિ.

આ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવવા કર્મના ઉદયે જીવને અસર કરી-નુકસાન કર્યું-પરિણમાવ્યો વગેરે પ્રકારે ઉપચારથી કહેવાય છે, પણ તેનો જો શબ્દ પ્રમાણે જ જો અર્થ કરવામાં આવે તો તે ખોટો છે.

સ્વ દ્રવ્ય અને પર દ્રવ્યની ભિન્નતા નક્કી કરી, પર દ્રવ્યો ઉપરનું લક્ષ છોડી સ્વ દ્રવ્યના વિચારમાં આવવું; ત્યાં આત્મામાં બે પડખાં છે તે જાણવાં. એક પડખું આત્માનું દરેક સમયે ત્રિકાળી અખંડ પરિપૂર્ણ ચૈતન્ય સ્વભાવરૂપ પણું દ્રવ્યે-ગુણે-પર્યાયે (વર્તમાન પર્યાય ગૌણ કરતાં) છે. આત્માનું આ પડખું 'નિશ્ચય નય'નો વિષય છે. આ પડખાંને નક્કી કરનાર જ્ઞાનનું પડખું તે 'નિશ્ચય નય' છે.

બીજું પડખું-વર્તમાન પર્યાયમાં દોષ છે-વિકાર છે, તે નક્કી કરવું. આ પડખું 'વ્યવહાર નય'નો વિષય છે.

આમ બે નય દ્વારા આત્માના બંને પડખાંને નક્કી કર્યા પછી, વિકારી પર્યાય ઉપરનું વલણ-લક્ષ છોડીને પોતાના ત્રિકાળી ચૈતન્ય સ્વરૂપ તરફ વળવું. એ રીતે ત્રિકાળી દ્રવ્ય તરફ વળતાં-તે ત્રિકાળી નિત્ય પડખું હોવાથી-તેના આશ્રયે સમ્યગ્દર્શન પ્રગટે છે.

જો કે નિશ્ચય નય અને સમ્યગ્દર્શન એ બંને જુદા જુદા ગુણોના પર્યાય છે તો પણ તે બંનેનો વિષય એક છે - અર્થાત્ તે બંનેનો વિષય એક અખંડ, શુદ્ધ, બુદ્ધ, ચૈતન્ય સ્વરૂપ આત્મા છે. તેને બીજા શબ્દોમાં 'ત્રિકાળી જ્ઞાન સ્વરૂપ' કહેવામાં આવે છે.

સમ્યગ્દર્શન કોઈ પર દ્રવ્ય, દેવ-ગુરુ-શાસ્ત્ર, નિમિત્ત, પર્યાય, ગુણભેદ કે ભંગ વગેરેને સ્વીકારતું નથી, કેમ કે તેનો વિષય ઉપર કહ્યા મુજબ 'ત્રિકાળી જ્ઞાયક સ્વરૂપ' આત્મા છે.

આ રીતે પુદ્ગલ અચેતન કર્મો, જીવ દ્રવ્ય જે ચેતન છે તેના કર્તા નથી અને જીવ દ્રવ્યની ક્રિયાના કર્મ પણ નથી-જ્યાં વ્યાપ્ય-વ્યાપક સંબંધ નથી ત્યાં કર્તા-કર્મ સંબંધ હોતો નથી-માત્ર નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોય છે.

**કર્તા-કર્મ સંબંધ વિષે આત્મસિદ્ધિ શું કહે છે? :**

**''ચેતન જો નિજ ભાનમાં કર્તા આપ સ્વભાવ**
**વર્તે નહિ નિજ ભાનમાં કર્તા કર્મ પ્રભાવ'' ........ગાથા ૭૮- આત્મસિદ્ધિ.**

**ભાવાર્થ :** જો જીવ પોતાના ભાનમાં રહે તો પોતાના શુધ્ધ સ્વભાવનો કર્તા થાય છે અને જો પોતાના શુધ્ધ સ્વભાવમાં ન વર્તે તો વિશેષ પ્રકારે ભાવ કર્મનો કર્તા થાય અથવા જડ કર્મનું નિમિત્ત થયો કહેવાય.

ગમે તેવા 'ઉદય' પ્રસંગે પોતાના સ્વભાવમાં રહેવું એ જીવની સ્વતંત્રતા છે. કર્મો જીવના પરિણામના કર્તા નથી-એમના પર નિમિત્તનો આરોપ આવે છે.

તેવી જ રીતે પોતાની ભૂલ(અજ્ઞાનતા,મિથ્યાત્વ અને અસંયમ)થી જીવ પોતાના પરિણામ બગાડે છે-વિકાર કરે છે. તે વખતે જડ કર્મનો બંધ થાય છે એ પોતાની સ્વતંત્ર સત્તાથી-તેમાં જીવના પરિણામ નિમિત્ત છે.

**''છૂટે દેહાધ્યાસ તો, નહિ કર્તા તું કર્મ,**
**નહિ ભોક્તા તું તેહનો, એ જ ધર્મનો મર્મ....ગાથા ૧૧૫. આત્મસિદ્ધિ.**

**ભાવાર્થ :** શરીર મારું છે એવી ભ્રમણા અર્થાત્ શરીરનું હું કાંઈ કરી શકું એવી ભ્રમણા છૂટે-જીવ જ્ઞાન ભાવે છોડે તો તું ભાવ કર્મનો કર્તા નથી અને તું તે ભાવ કર્મનો ભોગવનારો પણ નથી. અર્થાત્ તું તેનો જ્ઞાતા દૃષ્ટા છો. એ જ ધર્મનું રહસ્ય છે.

ઉદય પ્રસંગે જો જ્ઞાનદશા ઉભી થાય અને દેહ પ્રત્યે નો લગાવ જો છૂટી જાય તો એ ભાવ કર્મનો જીવ કર્તા-ભોક્તા થતો નથી-એટલે એ કર્મ જીવને લાભ-નુકસાન કરતા નથી. જીવ ત્યારે પોતાના સ્વભાવમાં લીન હોવાથી તેનો માત્ર જ્ઞાતા દૃષ્ટા જ છે અને એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.બરાબર એ જ સમયે એ કર્મોનું ખરવું પોતાની યોગ્યતા પ્રમાણે થાય છે અને કર્મો ખરી જતાં નિર્જરા થાય છે એમ કહેવાય છે. આવી રીતે કર્મોની નિર્જરા કરતો જીવ કર્મોથી પૂર્ણ મુક્ત થાય છે-એથી એમ કહેવાય છે એ જ ધર્મથી મોક્ષ છે. હકીકતે તો જીવ મોક્ષ સ્વરૂપ જ છે-માત્ર માન્યતાથી બંધાયો હતો.

**આસ્રવનું સ્વરૂપ :**

૧. આ જીવમાં રાગ-દ્વેષ અને મોહ એ આસ્રવો પોતાના પરિણામના નિમિત્તે થાય છેએટલે પોતાના પરિણામના આશ્રયે થાય છે તેથી તેઓ જડ નથી. આસ્રવો વાસ્તવિક ચૈતન્યનું સ્વરૂપ તો નથી, પણ તેઓ જીવની પર્યાયમાં ચિદ્વિકારપણે થાય છે. માટે તેઓ ચિદ્દાભાસ છે. (ચૈતન્યનો તેમાં ભાસ થાય છે.) પોતાના આશ્રયે થાય છે (પોતાના પરિણામના કારણે) એટલે તેઓ

કર્મના ઉદયને કારણે થાય છે એમ નથી. રાગ અને ચૈતન્યની પરિણતી છે માટે ચિદ્દાભાસ છે. ખરેખર તો જીવ વિકારના પરિણામ કરે તો કર્મને નિમિત્ત કહેવામાં આવે છે.

૨. મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ પુદ્‌ગલ પરિણામો જ્ઞાનાવરણાદિ પુદ્‌ગલના આસ્રવણના(આવવાના) નિમિત્ત હોવાથી ખરેખર આસ્રવો છે.

જૂના કર્મનો જે ઉદય છે એ નવા કર્મને આવવાનું નિમિત્ત છે માટે તેને આસ્રવ કહે છે. અસંજ્ઞ આસ્રવો તે જડના પરિણામ-જડના ભાવ છે. તે અજીવ પુદ્‌ગલ છે. દર્શનમોહ કર્મ, ચારિત્રમોહ કર્મ, કષાય તથા યોગનો જે ઉદય આવે છે તે જડના પરિણામ છે.

જૂના(પૂર્વના) જડ કર્મનો ઉદય નવા કર્મ જે બંધાય તેનું નિમિત્ત છે પણ એ જૂના કર્મ નવા કર્મના આસ્રવણનું નિમિત્ત થાય ક્યારે? ''જીવ રાગ, દ્વેષ, મોહના પરિણામ કરે ત્યારે.''

અને તેમને(મિથ્યાત્વાદિ પુદ્‌ગલ પરિણામોને) કર્મ આસ્રવના નિમિત્તપણાનું નિમિત્ત રાગ-દ્વેષ-મોહ છે-કે જેઓ અજ્ઞાનમય આત્માના પરિણામો છે.


વ્રત, ભક્તિ આદિ રાગ અને ક્રોધ, માન, માયા આદિ દ્વેષના ભાવ જે આસ્રવો છે તે જીવના પરિણામો છે. અને તે જીવના કારણે જીવમાં થાય છે, કર્મને લઈને નહિ.

૬. હવે આ અસંજ્ઞ આસ્રવો સ્વયં પ્રગટ થતાં, તે કાળે જૂના કર્મનો ઉદય છે તે નવા કર્મના આસ્રવનું નિમિત્ત થાય છે તેથી તે જૂના મિથ્યાત્વાદિ પુદ્‌ગલ પરિણામોને આસ્રવો કહે છે. અહીં ત્રણ વાત લીધી છે.

(૧) જીવના રાગ-દ્વેષ-મોહના પરિણામ પોતે પોતાના કારણે ઉત્પન્ન કરે છે, કોઈ કર્મના કારણે થાય છે એમ નહિ.

(૨) તે કાળે મિથ્યાત્વાદિ જડ પુદ્‌ગલના પરિણામ જે ઉદયરૂપે થાય છે તે કર્મના પોતાના કારણે થાય છે.

(૩) તે મિથ્યાત્વાદિ અજીવ પુદ્‌ગલના પરિણામને આસ્રવ કેમ કહીએ? તો કહે છે નવા કર્મના આસ્રવણમાં નિમિત્ત છે માટે. હવે તે નવા કર્મના આસ્રવણમાં નિમિત્ત ક્યારે થાય કે જૂનાં કર્મના ઉદય કાળે જીવ રાગ-દ્વેષ-મોહને ઉત્પન્ન કરે તો જૂનાં કર્મ નવા કર્મના આસ્રવણમાં નિમિત્ત થાય છે.




**સ્વતંત્રતાનો ઢંઢેરો :**

પ્ર. : જીવને જેવો જેવો કર્મનો ઉદય આવે તેવું થાય તેમાં પોતે શું કરી શકે?

ઉ. : બહારના સંયોગો મળવા, પૈસા મળવા, આ બધું મળવુ તેમાં પુણ્ય-પાપ કારણ છે. શુભોપયોગયુક્ત આત્મા તિર્યંચ, મનુષ્ય અથવા દેવ થઈને તેટલો કાળ વિવિધ ઈંદ્રિયસુખ પામે છે. પણ અંદરમાં જે રાગ-દ્વેષ, સંકલ્પ-વિકલ્પ થાય છે તે કર્મો નથી કરાવતાં, કર્મ તેમાં નિમિત્ત છે. જો રાગ-દ્વેષ કર્મ કરાવે તો પોતે પરાધીન થઈ ગયો. તો આપણે કોઈને એમ ન કહી શકીએ કે તું રાગ કર મા, દ્વેષ કર મા, તો ઉપદેશ કેવી રીતે અપાય કે તું દોષ કર મા? તું અહીંથી પાછો વળ, તું આમ કર મા, એમ કેવી રીતે કહી શકાય? પોતે જ સ્વતંત્ર રીતે દોષ કરે છે અને પોતે જ પાછો વળે છે. માટે પુરુષાર્થ કરવામાં પોતે સ્વતંત્ર છે. પોતાના પરિણામ જે થાય છે તે કરવામાં પોતે સ્વતંત્ર છે, પોતાના પરિણામ કેમ કરવા તે પોતાના હાથની વાત છે, પણ બહારમાં જે ઉદયો આવે-જેમ કે શરીરમાં રોગ આવે, અશાતા વેદનીય આવે, કોઈને ધન મળે - કોઈને ન મળે, તે બધાને પોતે ફેરવી નથી શકતો. કોઈને ધંધો સારો મળે, કોઈને ન મળે તે ફેરવી નથી શકતો; પણ પોતાના ભાવને પોતે કરી શકે છે. રાગ-દ્વેષ કેટલા કરવા અને કેમ કરવા તે પોતે કરી શકે છે. તો જેમ રાગ-દ્વેષ

કરી શકે છે તેમ પોતે શાંતિ પણ રાખી શકે છે. ગમે તેવા સંયોગો આવે તો પણ આકુળતા ન કરવી, બહુ ખેદ ન કરવો.

તેણે જેમ કરવું હોય તેમ તે કરી શકે છે. પોતે પોતાનો સ્વભાવ ઓળખવો, વિભાવથી છૂટું પડવું, આત્મામાં જવું, તે બધું પોતે સ્વતંત્ર કરી શકે છે. ભાવ કરી શકે છે પણ બહારનું નથી કરી શકતો. જો જીવ રાગ-દ્વેષ-મોહ, ક્રોધ-માન-માયા-લોભ પણ ટાળી ન શકે તો પરાધીન થઈ જાય. રાગ કર્મ કરાવે, દ્વેષ કર્મ કરાવે, હવે હું શું કરું? આમ જો પોતે કાંઈ ન કરી શકતો હોય તો ઉપદેશ નકામો જાય. આચાર્યો પણ એમ કહે છે કે તું રાગ-દ્વેષ કર મા, વિકલ્પ કર મા, તું શાંતિ રાખ. તે બધો ઉપદેશ વ્યર્થ જાય. માટે પોતે સ્વતંત્ર રીતે પરિણામ કરી શકે છે, પોતે શાંતિ રાખી શકે છે. કર્મ જ બધું કરાવતું હોય તો ઉપદેશ શાને માટે? કર્મ જીવના ભાવને કરાવી શકતું નથી. પોતે રાગ-દ્વેષમાં-અજ્ઞાનતા, મિથ્યાત્વ તથા અસંયમથી જોડાય છે તે પોતાના હાથની વાત છે કે જોડાવું કે ન જોડાવું? મૂળ સ્વભાવને ઓળખીને પુરુષાર્થ કરવામાં પોતે સ્વતંત્ર છે.

ભગવાનનો દિવ્ય ધ્વની કહે છે કે જીવો ! તમે સ્વતંત્ર છો.....સ્વતંત્ર છો.... સ્વતંત્ર છો, દ્રવ્યથી સ્વતંત્ર છો, ગુણથી સ્વતંત્ર છો અને પર્યાયથી પણ સ્વતંત્ર છો. પરાધીનતાને યાદ કરશો નહિ, તમારો વર્તમાન સમય તમારા હાથમાં છે. પૂર્વના વિકારનો તો વ્યય થઈ જાય છે, હવે વર્તમાન સમયને-વર્તમાન અવસ્થાને, વર્તમાન વર્તતી જ્ઞાનની પર્યાયને સ્વભાવ તરફ વાળવા તમે સ્વતંત્ર છો. તમારા સ્વભાવમાં ક્યારેય પણ જવું હોય તો તમને કોઈ સંજોગો રોકી શકતા નથી. તમારું સ્વરૂપ અવ્યાબાધ છે. તમારા કેવળજ્ઞાનની તૈયારી તમારા હાથમાં છે. તમે તમારા પરિપૂર્ણ સ્વભાવ તરફ વળો. વર્તમાનની અપૂર્ણતાનો આશ્રય કરશો નહિ, પૂર્વની વિકારી પર્યાયને યાદ કરશો નહિ, ભાવીની પર્યાયો ક્રમબદ્ધ છે, કેમ કે તેનો તો વર્તમાનમાં અભાવ છે. સંજોગો સામે જોશો નહિ, કેમ કે તેનો આત્મામાં ત્રિકાળ અભાવ છે.

આવા પરિપૂર્ણ અખંડ-અભેદ જ્ઞાયક સ્વભાવના આશ્રયનો ઉપદેશ સાંભળીને પાત્ર જીવો પોતાના સ્વભાવ તરફ વળીને સમ્યગ્દર્શન પામી જાય છે-આત્માની અનુભૂતી કરી લે છે. કર્મ તેને રોકવા શક્તિમાન નથી.

**સ્વતંત્રતાની ઘોષણા :**

ભગવાન સર્વજ્ઞ દેવે જોયેલો વસ્તુ સ્વભાવ કેવો છે, તેમાં કર્તા-કર્મપણું કઈ રીતે છે, તે સ્વભાવના નિર્ણયમાં કઈ રીતે મોક્ષમાર્ગ આવે છે એવું ભેદજ્ઞાન કરાવવાના આશયથી વીતરાગ માર્ગના રહસ્યભૂત સ્વતંત્રતાની ઘોષણા કરતાં કહેવામાં આવ્યું છે કે સર્વજ્ઞ દેવે કહેલા આ પરમ સત્ય વીતરાગ વિજ્ઞાનને જે જીવ સમજશે તેનું અપૂર્વ કલ્યાણ થશે.

વસ્તુ પોતે જ પોતાના પરિણામની કર્તા છે, ને બીજા સાથે તેને કર્તા-કર્મપણું નથી-એ સિદ્ધાંત નીચેના ચાર બોલથી સમજીએ :-

(૧) પરિણામ એટલે કે પર્યાય તે જ કર્મ છે, કાર્ય છે,

(૨) તે પરિણામ પોતાના આશ્રયભૂત પરિણામીના હોય છે, અન્યના નહિ; કેમ કે પરિણામ પોત પોતાના આશ્રયભૂત પરિણામી(દ્રવ્ય)ના આશ્રયે હોય છે, અન્યના પરિણામ અન્યના આશ્રયે હોતા નથી.

(૩) કર્મ કર્તા વગર હોતું નથી, એટલે કે પરિણામ વસ્તુ વગર હોતા નથી.

(૪) વસ્તુની સદા એકરૂપ સ્થિતિ(કૂટસ્થતા) હોતી નથી, કેમ કે વસ્તુ દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વરૂપ છે.

આ રીતે , આત્મા કે જડ બધીય વસ્તુઓ(આ જગતમાં છ વસ્તુઓ છે, આત્માઓ(જીવ) અનંત છે, પુદ્દગલ પરમાણુઓ(અજીવ) અનંતાનંત છે તથા ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ આમ છ પ્રકારની જે વસ્તુ) સ્વયં પોતે જ પોતાના પરિણામરૂપ કર્મની કર્તા છે-એ વસ્તુ સ્વરૂપનો વાસ્તવિક મહા સિદ્ધાંત છે.

**વિસ્તાર:**

(૧) પરિણામી વસ્તુના જે પરિણામ છે તે જ નિશ્ચયથી(ચોક્કસપણે) તેનું કર્મ છે. કર્મ એટલે કાર્ય; પરિણામ એટલે અવસ્થા; પદાર્થની અવસ્થા તે જ તેનું કર્મ-કાર્ય છે. પરિણામી એટલે આખી ચીજ, તે જે ભાવરૂપે પરિણમે છે તેને પરિણામ કહેવાય છે. પરિણામ કહો, કર્તવ્ય કહો, કાર્ય કહો, પર્યાય કહો કે કર્મ કહો-તે વસ્તુના પરિણામ જ છે.

જેમ કે આત્મા જ્ઞાનગુણ સ્વરૂપ છે, તેનું પરિણમન થતાં જ્ઞાનની જાણવાની પર્યાય થઈ તે તેનું કર્મ છે, તે તેનું વર્તમાન કાર્ય છે. રાગ કે

દેહની ક્રિયા તે કાંઈ જ્ઞાનનું કાર્ય નથી; પણ 'આ રાગ છે, આ દેહ છે' એમ તેને જાણનારું જ્ઞાન છે તે આત્માનું કાર્ય છે. આત્માના પરિણામ તે આત્માનું કર્મ છે ને જડના પરિણામ એટલે જડની અવસ્થા તે જડનું કાર્ય છે.

(૨) પરિણામ વસ્તુનું પોતાનું જ હોય છે, બીજાનું નહિ. જેમ કે શ્રવણ વખતે જે જ્ઞાન થાય છે તે જ્ઞાન કાર્ય છે-કર્મ છે. તે કોનું કાર્ય છે? તે કાંઈ શબ્દોનું કાર્ય નથી, પણ પરિણામી વસ્તુ જે આત્મા તેનું જ કાર્ય છે. પરિણામી વગર પરિણામ હોય નહિ. આત્મા પરિણામી છે-તેના વગર જ્ઞાન પરિણામ ન હોય-એ સિદ્ધાંત છે. એટલે આમાં પર સામે જોવાનું ન રહ્યું પણ પોતાની વસ્તુ સામે જોઈને સ્વ સન્મુખ પરિણમવાનું રહ્યું, તેમાં મોક્ષમાર્ગ આવી જાય છે.

આત્મા શું? જડ શું? તેની ભિન્નતાને સમજીને વસ્તુ સ્વરૂપના વાસ્તવિક સત્‌ને જાણ્યા વગર જ્ઞાનમાં સત્‌પણું થાય નહિ, એટલે સમ્યગ્જ્ઞાન થાય નહિ, વસ્તુ સ્વરૂપના સત્ય જ્ઞાન વગર રુચિ ને શ્રદ્ધા પણ સાચી થાય નહિ, સાચી શ્રદ્ધા વગર વસ્તુમાં સ્થિરતારૂપ ચારિત્ર પ્રગટે નહિ, શાંતિ થાય નહિ. સમાધાન કે સુખ થાય નહિ. વસ્તુ સ્વરૂપના સાચા જ્ઞાન વગર ક્યાંય કલ્યાણ નથી.

હોઠનું હલવું, ભાષાનું નીકળવું, તેની ઈચ્છા અને જ્ઞાન આ ચારેનો કાળ એક છતાં ચારે પરિણામ જુદા. હોઠ અને ભાષાનું પરિણમન જડના આશ્રયે અને ઈચ્છા અને જ્ઞાન એ બંને પરિણામ આત્માના આશ્રયે હોવા છતાં, બધા સ્વતંત્ર. તેમાં ઈચ્છા પરિણામને આશ્રયે જ્ઞાન નથી. ઈચ્છાને જાણનારું જ્ઞાન તે ઈચ્છાનું કાર્ય નથી. તેમજ જ્ઞાન ઈચ્છાને કરતું નથી. એક ગુણના આશ્રયે બીજા ગુણના પરિણામ નથી. તેવી જ રીતે એક જ ગુણની એક પર્યાય બીજી પર્યાયથી ભિન્ન. કેટલી સ્વતંત્રતા! આમાં પરના આશ્રયની તો વાત જ ક્યાં રહી? દ્રવ્ય-ગુણ-પર્યાય બધા સ્વતંત્ર !

૩. કર્તા વગર કર્મ હોતું નથી.

કર્તા એટલે પરિણમનારી વસ્તુ, ને કર્મ એટલે તેની અવસ્થારૂપ કાર્ય; કર્તા વગર કર્મ હોતું નથી એટલે વસ્તુ વગરની પર્યાય હોતી નથી; સર્વથા

શૂન્યમાંથી કોઈ કાર્ય ઉત્પન્ન થઈ જાય એમ બનતું નથી. પરિણામી વસ્તુની સત્તામાં જ તે કાર્ય થાય છે. આત્મા વિના સમ્યક્ત્વાદિ પરિણામ ન હોય. દરેક પદાર્થની અવસ્થા તે પદાર્થ વગર બને નહિ. અવસ્થા છે તે ત્રિકાળી વસ્તુને જાહેર કરે છે-પ્રસિદ્ધ કરે છે કે આ અવસ્થા આ વસ્તુની છે.

જેમ કે જડ કર્મરૂપે પુદ્‌ગલો થાય છે. તે કર્મ પરિણામ કર્તા વગર ન હોય. હવે તેનો કર્તા કોણ? તે પુદ્‌ગલ કર્મરૂપે પરિણમનારા રજકણો જ કર્તા છે. આત્મા તેનો કર્તા નથી. આત્મા કર્તા થઈને જડ કર્મને બાંધે-એવું વસ્તુ સ્વરૂપમાં નથી. જડ કર્મ આત્માને વિકાર કરાવે-એવું વસ્તુ સ્વરૂપમાં નથી. મંદ કષાયના પરિણામ સમ્યક્ત્વનો આધાર થાય-એવું વસ્તુ સ્વરૂપમાં નથી. શુભ ભાવથી ક્ષાયિક સમ્યક્ત્વ થાય-એવું વસ્તુ સ્વરૂપમાં નથી.

છતાં અજ્ઞાની એમ માને છે, એ તો બધા ઊંધા અન્યાય છે. ભાઈ, તારા એ અન્યાય વસ્તુ સ્વરૂપમાં સહન નહિ થાય. વસ્તુ સ્વરૂપને વિપરીત માનતા તારા આત્માને બહુ દુઃખ થશે-એમ સંતોને કરુણા આવે છે. જગતના બધા જીવો સત્ય સ્વરૂપ સમજે ને દુઃખથી છૂટીને સુખ પામે. વસ્તુનું જે સ્વરૂપ છે તે ત્રણ કાળમાં આઘુ પાછું નહિ ફરે. કોઈ સમજે કે ન સમજે, સત્ય તો સદાય સત્યરૂપ જ રહેશે.

મારી પર્યાયનો કર્તા બીજો નહિ, મારું દ્રવ્ય જ પરિણમીને મારી પર્યાયનું કર્તા છે-એવો નિશ્ચય કરતાં સ્વ દ્રવ્ય પર લક્ષ જાય અને ભેદ જ્ઞાન તથા સમ્યક્ત્વ થાય. સ્વ દ્રવ્યના લક્ષે મોક્ષમાર્ગરૂપ કાર્ય પ્રગટે.

૪. વસ્તુની સ્થિતિ એકરૂપે રહેતી નથી.

સર્વજ્ઞ દેવે જોયેલ વસ્તુનું સ્વરૂપ એવું છે કે તે કાયમ ટકીને ક્ષણે ક્ષણે નવી અવસ્થારૂપે પરિણમ્યા કરે. અવસ્થા બદલ્યા વગર એમ ને એમ કૂટસ્થ રહે-એવું વસ્તુનું સ્વરૂપ નથી. વસ્તુ દ્રવ્ય-ગુણ-પર્યાય સ્વરૂપ છે. એટલે એમાં સર્વથા એકલું નિત્યપણું નથી. પર્યાયથી પલટવાપણું પણ છે. વસ્તુ પોતે જ પોતાની પર્યાયરૂપે પલટે છે, કોઈ બીજો તેને પલટાવે એમ નથી. નવી નવી પર્યાયરૂપે થવું તે વસ્તુનો પોતાનો સ્વભાવ છે, તો બીજો તેને શું કરે? આ સંયોગોને કારણે આ પર્યાય થઈ-એમ

સંયોગોને લીધે જે પર્યાય માને છે તેણે વસ્તુના પરિણમન સ્વભાવને જાણ્યો નથી. ભાઈ! તું સંયોગથી ન જો, વસ્તુના સ્વભાવને જો. વસ્તુનો સ્વભાવ જ એવો છે કે તે કાયમ એકરૂપે ન રહે. દ્રવ્યપણે એકરૂપ રહે પણ પર્યાયપણે એકરૂપ ન રહે. પલટ્યા જ કરે-એવું વસ્તુ સ્વરૂપ છે. બરફના સંયોગથી પાણી ઠંડુ થયું ને અગ્નિના સંયોગથી પાણી ઊનું થયું-એમ અજ્ઞાની દેખે છે, પણ પાણીના રજકણમાં જ ઠંડી-ઊની અવસ્થારૂપે પરિણમવાનો સ્વભાવ છે તેને અજ્ઞાની દેખતો નથી. ભાઈ! અવસ્થાની એકરૂપે સ્થિતિ ન રહે એવું જ વસ્તુનું સ્વરૂપ છે. વસ્તુ કૂટસ્થ નથી પણ વહેતા પાણીની માફક દ્રવે છે-પર્યાયને પ્રવહે છે; તે પર્યાયનો પ્રવાહ વસ્તુમાંથી આવે છે, સંયોગમાંથી નથી આવતો. ભિન્ન પ્રકારના સંયોગને કારણે અવસ્થાની ભિન્નતા થઈ, કે સંયોગ બદલ્યા માટે અવસ્થા બદલાઈ એમ અજ્ઞાની ને ભ્રમ થાય છે, પણ વસ્તુ સ્વરૂપ એમ નથી-'આત્મા દ્રવ્યે નિત્ય છે પર્યાયે પલટાય.'

આવી રીતે આમ સ્પષ્ટતાથી વસ્તુનું સ્વરૂપ યથાર્થ સમજતા અને તેની યથાર્થ શ્રદ્ધા કરતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી મોક્ષમાર્ગ પ્રગટે છે અને જીવ મોક્ષ દશા પ્રાપ્ત કરે છે.

**મોહનીય કર્મ : વિશેષ સ્પષ્ટતા :**

પ્રથમ તો એ વાત ખાસ ખ્યાલમાં રાખવી કે જીવમાં થતાં વિકાર ભાવ પોતે પોતાની પુરુષાર્થની નબળાઈને લીધે કરે છે, ત્યારે કર્મનો ઉદય હાજરરૂપે નિમિત્ત છે. પણ તે કર્મના રજકણોએ જીવને કાંઈ પણ કર્યું કે અસર કરી એમ માનવું તે સર્વથા મિથ્યા છે. તેમ જ જીવ વિકાર કરે ત્યારે પુદ્ગલ કાર્મણ વર્ગણા સ્વયં કર્મરૂપે પરિણમે છે-એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. ઘણી વાર શાસ્ત્રોમાં એવા કથન આવે કે જીવને વિકારપણે અથવા કર્મને જીવ પરિણમાવે(બાંધે); એવા પ્રકારની નિમિત્તની મુખ્યતાથી નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવનારું વ્યવહાર કથન કહેવામાં આવે પણ તે વાત વ્યવહાર હોવાથી એ વાત સત્ય ન માનવી. નિશ્ચયથી તો જડને કર્મ તરીકે જીવ પરિણમાવી શકે નહિ, અને કર્મ જીવને વિકારી કરી શકે નહિ-એ વાત સમજવી.

જ્યારે જીવ પોતાનું નિજ સ્વરૂપ સ્વયં પ્રગટ ન કરે-સાંસારિક દશાને વધારે-ત્યારે મોહનીય કર્મ નિમિત્ત છે, પણ કર્મ જીવને કાંઈ કરી શકે તે માનવું તે મિથ્યાત્વ છે. સાંસારિક દશાનો અર્થ એ છે કે જીવમાં આકુળતા થાય,

અશાંતિ થાય, ક્ષોભ થાય. એમાં ત્રણ વિભાગ પડે છે.

(૧) અશાંતિરૂપ વેદનનું જ્ઞાન .....તે દુ:ખરૂપ વેદનનું જ્ઞાન તો જ્ઞાનગુણમાં ગર્ભિત થાય છે. તે જ્ઞાનના કારણમાં જ્ઞાનાવરણનો ક્ષયોપશમ નિમિત્ત છે.

(૨) તે વેદન તરફ જીવ ઝૂકે ત્યારે નિમિત્તકારણ ....... તે વેદન તરફ જીવ લાગે ત્યારે વેદનીય કર્મ તે કાર્યમાં નિમિત્ત છે.

(૩) અશાંતિરૂપ વેદન (દુ:ખનું વેદન) ............ જીવને જે દુ:ખનું વેદન થાય છે તેમાં મોહનીય કર્મ નિમિત્ત છે.

અશાંતિ, મોહ, આત્માથી પરાઙ્મુખતા તથા વિષયાસક્તિ એ સર્વ કાર્ય મોહના જ છે. કારણના નાશથી કાર્ય પણ નષ્ટ થઈ જાય છે તેથી વિષયાસક્તિ ઘટાડવા પહેલાં જ આત્મજ્ઞાન પ્રગટ કરવાનો ભગવાન ઉપદેશ આપે છે.

મોહના કાર્યને બે પ્રકારે વિભક્ત કરી શકાય છે.

(૧) દૃષ્ટિની વિમુખતા અને (૨) ચારિત્રની વિમુખતા.

બંનેમાં વિમુખતા સામાન્ય છે. તે બંને સામાન્યપણે 'મોહ' નામથી ઓળખાય છે. માટે તે બંનેને અભેદપણે એક કર્મ જણાવી તેના બે પેટા વિભાગ 'દર્શન મોહ' અને 'ચારિત્ર મોહ' કહ્યા છે.

દર્શન મોહ તે અપરિમિત મોહ છે અને ચારિત્ર મોહ પરિમિત મોહ છે. મિથ્યા દર્શન તે સંસારની જડ છે. સમ્યગ્દર્શન પ્રગટ થતાં જ મિથ્યા દર્શનનો અભાવ થાય છે. તે જ વખતે ચારિત્ર મોહનો એક પેટા વિભાગ જે અનંતાનુબંધી ક્રોધ-માન-માયા-લોભ છે તેનો એક સાથે અભાવ થાય છે. અને ત્યાર પછી ક્રમે ક્રમે વીતરાગતા વધતાં-પાંચમે ગુણસ્થાને શ્રાવકના બાર વ્રત લેતાં તથા છઠ્ઠા ગુણસ્થાને મુનીના સર્વસંગ પરિત્યાગ વ્રત લેતાં ચારિત્ર મોહનો પણ ક્રમે ક્રમે અભાવ થતો જાય છે.

મિથ્યાત્વના નાશની સાથે જ કષાયનો પૂર્ણ નાશ નથી થતો; કારણ કે મિથ્યાત્વ અને કષાય એ બંને જુદા જુદા ગુણની પર્યાય છે. એક શ્રદ્ધા ગુણની અને બીજી ચારિત્ર ગુણની. જ્યારે સમ્યક્ત્વ થાય ત્યારે બધા જ ગુણ અંશે પરિણમે છે પણ શ્રદ્ધા ગુણ પૂર્ણ પરિણમી જાય છે અને ચારિત્રમાં

અનંતાનુબંધી કષાયની પ્રથમ ચોકડીનો તદ્દન અભાવ થાય છે. જ્ઞાન પણ પૂર્ણ કેવળરૂપે નથી પરિણમતું માત્ર સમ્યક્ થાય છે. અને ચારિત્ર પણ સ્વરૂપ આચરણ હોય છે. હા, પણ જેવો મિથ્યાત્વનો નાશ થયો કે મૂળ કારણ ન રહેતાં ચારિત્ર મોહનીયનો ટકાવ પણ અધિક રહેતો નથી. દર્શન મોહનીયની સાથે નહિ પણ થોડાં જ વખતમાં ચારિત્ર મોહનીય પણ નષ્ટ પામી જાય છે.

મિથ્યાત્વ જ બધા દોષોમાં અધિક બળવાન દોષ છે; અને તે જ દીર્ઘ અને અસલી સંસારની સ્થાપના કરે છે; તેથી તેનો નાશ કર્યો કે સંસારનો કિનારો આવી ગયો. દર્શન મોહ અમર્યાદિત છે, ચારિત્ર મોહ મર્યાદિત છે, પરંતુ બંને સંસારના જ કારણો છે.

**''જ્ઞાનીના જ્ઞાનમાં પરનું નિમિત્ત-કર્તાપણું નથી'' :**

૧. હે ભાઈ ! તારું સ્વરૂપ કેવું છે તેનો તું વિચાર કર. તો તને ખ્યાલમાં આવશે કે આમાં પરનું કતૃત્વ કોઈ રીતે સમાઈ શકે તેમ નથી. અરે વિકારનું કતૃત્વ પણ જેમાં ન સમાય તેમાં પરના કતૃત્વની તો વાત જ કેવી?

વસ્તુ સ્વરૂપની સ્વતંત્રતા અને પરની ભિન્નતા સમજ્યા વગર એકેય વાત સાચી સમજાય નહિ.

૨. **જ્ઞાનીની વાત :**

(૧) ચૈતન્ય સ્વરૂપ આ આત્મા પર દ્રવ્યનો કર્તા કોઈ રીતે નથી.

(૨) જ્ઞાનીને જ્ઞાન ભાવમાં પર સાથે નિમિત્ત-કર્તાપણું નથી.

(૩) જ્ઞાન ભાવમાં વિકાર રહિત પોતાના શુદ્ધ ભાવનું કર્તાપણું છે.

**અજ્ઞાનીની વાત :**

(૧) અજ્ઞાની પણ પર દ્રવ્યનો કર્તા ક્યારેય પણ નથી.

(૨) અશુદ્ધ એવા યોગ અને ઉપયોગ કર્મમાં નિમિત્ત છે. તેથી અશુદ્ધ રાગાદિ ભાવોનો કર્તા અજ્ઞાની થાય છે.

(૩) પરનું નિમિત્ત-કર્તાપણું અજ્ઞાનીના ક્રોધાદિ ભાવોમાં છે.

૩. કર્તા-કર્મનું સ્વરૂપ સમજવા માટે વ્યાપ્ય-વ્યાપકપણાનો મહાન સિદ્ધાંત છે. તન્મયપણું હોય ત્યાં જ વ્યાપ્ય-વ્યાપકપણું હોય, ને જ્યાં વ્યાપ્ય-વ્યાપકપણું હોય ત્યાં જ કર્તા-કર્મપણું હોય. કર્તા પોતે પોતાના કાર્યમાં પ્રસરીને તે રૂપે થાય છે, તેથી તે તેનો કર્તા છે.

૪. પરિણામી વસ્તુના પરિણામ-તે તેનો ધર્મ છે. તે પરિણામનો કર્તા બીજો કોઈ હોઈ શકે નહિ. હવે જે પરિણામ થાય છે તેનો કર્તા ત્રિકાળી દ્રવ્ય અભેદપણે કહેવાય, પણ ખરેખર પર્યાય સ્વભાવથી જ તે પરિણામનું કર્તૃત્વ છે. જીવના પરિણામનો દાતા બીજો કોઈ નથી, તેમ પર્યાયનો કર્તા બીજો કોઈ નથી. પર્યાય પોતાની સ્વતંત્રતાથી જ તે પ્રમાણે પરિણમી રહી છે.

૫. પોતાની જ્ઞાન પર્યાયપણે ઉપજતો જીવ તે પોતાના પર્યાય સ્વભાવથી જ તે રૂપે ઉપજ્યો છે, ગુરુ તે કાંઈ તેની જ્ઞાન પર્યાયના દાતા નથી. ઉપકારની ભાષામાં ભલે એમ કહેવાય કે ગુરુએ જ્ઞાન આપ્યું; પણ સિદ્ધાંતમાં તેમ નથી.

જ્ઞાન સ્વરૂપી જીવ પોતે પોતાના સ્વરૂપથી જ ઉત્પાદ-વ્યયરૂપ પરિણમે છે. તે ઉત્પાદ-વ્યય ધર્મ, ધ્રુવને લીધે નથી અને પરને લીધે પણ નથી.

૬. ત્રિકાળી દ્રવ્યમાં પર સાથે નિમિત્ત-નૈમિત્તિકપણું પણ નથી. જો ત્રિકાળી દ્રવ્ય નિમિત્તપણે હોય તો તે કદી છૂટે નહિ, સદાય નિમિત્તપણે રહ્યા કરે એટલે તે સ્વભાવ થઈ જાય. તો તો જીવને કર્મનું નિમિત્તપણું કદી છૂટે નહિ, એટલે દ્રવ્યમાં પરનું નિમિત્તપણું માનનાર જીવને કદી સંસારથી છૂટકારો થતો નથી, કેમ કે તેને પર સન્મુખતા છોડીને સ્વ સન્મુખ થવાનો અવકાશ જ ન રહ્યો.

૭. હવે પર્યાયની વાત; પર્યાયમાં પણ યોગ અને ઉપયોગ(રાગાદિ અશુદ્ધ ભાવો)જે કર્મમાં નિમિત્ત છે; તે અશુદ્ધ યોગ ઉપયોગ ક્ષણિક છે તે ત્રિકાળ નથી. અને તે ક્ષણિક અશુદ્ધ યોગ-ઉપયોગનું કર્તૃત્વ અજ્ઞાનીને છે, જ્ઞાનીને તેનું કર્તૃત્વ નથી. માટે અજ્ઞાનીના જ યોગ અને રાગાદિ ભાવો કર્મમાં નિમિત્ત છે. ધર્મીને તો યોગ અને રાગાદિ ભાવો પોતામાં છે જ નહિ, તેને તો જ્ઞાન આનંદ સ્વરૂપ પોતાનો ભાવ છે, તેનો જ તે કર્તા છે; રાગાદિ ભાવો તો તેના જ્ઞાનથી જુદા પર જ્ઞેયમાં જાય છે.

**"ચેતન વર્તે નિજ ભાનમાં તો કર્તા આપ સ્વભાવ;**
**વર્તે નહિ નિજ ભાનમાં તો કર્તા કર્મ પ્રભાવ."**

૮. અજ્ઞાની અજ્ઞાનભાવે પણ માત્ર રાગાદિનો કર્તા થાય છે; પરની અવસ્થાને તે કરતો નથી; પરની સાથે નિમિત્તપણું પણ તેના રાગાદિમાં છે, પણ તે પરમાં તન્મય થઈને તેને કરતો નથી. અજ્ઞાન છૂટતાં નિમિત્ત-કર્તાપણું પણ રહેતું નથી.

૯. ધર્મીને પોતાની જ્ઞાન ચેતનામાં રાગાદિ કે પર ચીજો જ્ઞેયપણે નિમિત્ત છે. પોતે

તો તેનો કર્તાપણે નિમિત્ત નથી, પણ ઉલ્ટું તેઓ જ્ઞાનમાં નિમિત્ત છે. જ્ઞાન તેને જાણે છે કે આ કાળે આવા યોગ-ઉપયોગ જ્ઞાનથી ભિન્નપણે વર્તે છે; ને પરના કાર્ય પરમાં વર્તે છે. મારી જ્ઞાન પરિણતિ મારામાં વર્તે છે. પર સાથે કે રાગાદિ સાથે તેનો સંબંધ નથી. આમ જ્ઞાનીની પરિણતિ તો ઊંડે ઊંડે અંદર આત્મામાં ઉતરી ગઈ છે, તેમાં બહારનું નિમિત્તપણું પણ નથી.

૧૦. જ્યાં ભેદ જ્ઞાન થયું, પરથી ભિન્ન આત્મા જાણ્યો અને રાગાદિ અશુદ્ધ ભાવોથી પણ ભિન્ન જ્ઞાનાનંદ સ્વભાવ જાણ્યો ત્યાં અજ્ઞાન જનિત તે નિમિત્ત-કર્તાપણું પણ છૂટી જાય છે; ને નિર્મળ જ્ઞાનાદિ શુદ્ધ ભાવનું જ કર્તાપણું રહે છે.

આ વાત સમજી પોતાનું સ્વરૂપ સમજવાનો ઉદ્યમ કરવો. સમજવાનું જ આ છે અને એ સમજણથી સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે.

પ્ર. : જ્ઞાનનું સ્વરૂપ શું?

ઉ. : જાણવું તે. (જાણવામાં રાગ-દ્વેષ તે જ્ઞાનનું સ્વરૂપ નથી). 'હું આને જાણું છું' એમ બોલાય પણ ખરેખર પરને નહિ પણ પોતાની જ્ઞાનની પર્યાયને જાણે છે.

**કર્મ બંધન રોગનું નિદાન :**

૧. આ આત્માને કર્મ બંધન(અનાદિ કાળથી) છે, તે બંધન વડે દુ:ખી થઈ રહ્યો છે. દુ:ખ દૂર કરવાનો જ નિરંતર ઉપાય પણ રહે છે, પરંતુ ખરો ઉપાય પામ્યા વિના તે દુ:ખ દૂર થતું નથી તથા સહ્યું પણ જતું નથી અને તેથી જ આ જીવ વ્યાકુળ થઈ રહ્યો છે. એ પ્રમાણે જીવને સમસ્ત દુ:ખનું મૂળ કારણ કર્મ બંધન છે, તેના અભાવરૂપ મોક્ષ છે અને એ જ પરમ હિત છે.

૨. કર્મ બંધન હોવાથી અનેક પ્રકારના ઔપાધિક ભાવોમાં જીવને પરિભ્રમણપણું હોય છે, પણ એકરૂપતા રહેતી નથી. માટે કર્મ બંધન સહિત અવસ્થાનું નામ સંસાર અવસ્થા છે. અનંતા જીવ દ્રવ્યો અનાદિથી જ સંસાર અવસ્થામાં કર્મ બંધન સહિત છે. સર્વ કર્મનો ક્ષય થવાથી મોક્ષ અવસ્થા ઉત્પન્ન થાય છે.

૩. સંસારમાં એક જીવ દ્રવ્ય અને અનંતા કર્મરૂપ પુદ્ગલ પરમાણુ એ બંને અનાદિ કાળથી એક બંધાનરૂપ છે. તેમાંથી કોઈ પરમાણુ જુદા પડે છે તથા કોઈ નવા મળે છે. એ પ્રમાણે મળવું-વિખરાવું થયા કરે છે.

૪. જેમ મૂળથી જ જળ અને દૂધનો, સુવાર્ણ અને માટીનો, તુષ અને કણનો તથા તેલ અને તલનો અનાદિ સંબંધ જોવામાં આવે છે, તેનો નવીન મેળાપ થયો

નથી, તેમ જીવ અને કર્મનો સંબંધ પણ અનાદિથી જાણવો.

૫. હવે જીવ દ્રવ્ય તો દેખવા-જાણવારૂપ ચૈતન્ય ગુણનું ધારક છે, ઇન્દ્રિયગમ્ય ન હોવા યોગ્ય અમૂર્તિક છે, તથા સંકોચ વિસ્તાર શક્તિ સહિત અસંખ્યાત પ્રદેશી એક દ્રવ્ય છે. તથા કર્મ ચેતના ગુણ રહિત જડ, મૂર્તિક અને અનંત પુદ્‌ગલ પરમાણુઓનો પુંજ છે, માટે તે એક દ્રવ્ય નથી. એ પ્રમાણે એ જીવ અને કર્મનો અનાદિ સંબંધ છે તો પણ જીવનો કોઈ પ્રદેશ કર્મરૂપ થતો નથી, તથા કર્મનો કોઈ પરમાણુ જીવરૂપ થતો નથી પણ પોત પોતાના લક્ષણે ધરી બંને જુદા જુદા રહે છે. જેમ સુવર્ણ અને રૂપાનો એક સ્કંધ હોવા છતાં પીતાદિ ગુણોને ધરી સુવર્ણ જુદું જ રહે છે તથા શ્વેતાદિ ગુણોને ધરી રૂપું જુદું જ રહે છે તેમ એ બંને જુદાં જાણવાં.

૬. અમૂર્તિક આત્માથી મૂર્તિક કર્મોનો બંધ કેવી રીતે થાય છે?

જેમ વ્યક્ત ઇન્દ્રિયગમ્ય નથી એવા સૂક્ષ્મ પુદ્‌ગલો તથા વ્યક્ત ઇન્દ્રિયગમ્ય એવા સ્થૂલ પુદ્‌ગલોનું બંધાન હોવું માનીએ છીએ તેમ ઇન્દ્રિયગમ્ય ન હોવા યોગ્ય એવો અમૂર્તિક આત્મા તથા ઇન્દ્રિયગમ્ય હોવા યોગ્ય મૂર્તિક કર્મો-એ બંનેનું પણ બંધાન છે એમ માનવું. વળી એ બંધાનમાં કોઈ કોઈનો કર્તા તો છે નહિ, જ્યાં સુધી બંધાન રહે ત્યાં સુધી એ બંનેનો સાથ રહે, પણ છૂટા પડે નહિ; તથા પરસ્પર કાર્ય-કારણપણું તેઓને બન્યું રહે એટલું જ અહીં બંધાન જાણવું. હવે મૂર્તિક-અમૂર્તિકનું એ પ્રમાણે બંધાન થવામાં કોઈ વિરોધ નથી એ પ્રમાણે બધા જીવો સંબંધી માનવું.

૭. કર્મના પ્રકાર.

હવે તે કર્મ અનંત પ્રકારના છે. તેમાં મુખ્ય આઠ પ્રકાર છે. ત્યાં ચાર ઘાતી કર્મોના નિમિત્તથી જીવના સ્વભાવનો ઘાત થાય છે.

ક. **જ્ઞાનાવરણ :** જીવના જ્ઞાન સ્વભાવની વ્યકતતા થતી નથી.

ખ. **દર્શનાવરણ :** જીવના દર્શન સ્વભાવની વ્યકતતા થતી નથી. પણ એ કર્મોના ક્ષયોપશમ અનુસાર કિંચિત જ્ઞાન-દર્શનની વ્યકતતા રહે છે.

ગ. **મોહનીય કર્મ :** આ કર્મ વડે જીવના સ્વભાવ નહિ એવા મિથ્યા શ્રદ્ધાન અથવા ક્રોધ-માન-માયા અને લોભાદિક કષાયોની વ્યકતતા થાય છે.

ઘ. **અંતરાય કર્મ :** આ કર્મ વડે જીવનો સ્વભાવ દીક્ષા લેવાના સામર્થ્યરૂપ જે વીર્ય-તેની વ્યકતતા થતી નથી. પણ તેના ક્ષયોપશમ અનુસાર કિંચિત શક્તિ

રહે છે.

જીવમાં અનાદિથી જ એવી શક્તિ હોય છે કે જો કર્મનું નિમિત્ત ન હોય તો કેવળજ્ઞાનાદિ પોતાના સ્વભાવરૂપ પ્રવર્તે, પરંતુ અનાદિનો કર્મનો સંબંધ હોય છે તેથી એ શક્તિનું વ્યક્તપણું ન થયું. એટલે શક્તિ અપેક્ષાએ સ્વભાવ છે તેનો, વ્યક્ત ન થવા દેવાની અપેક્ષાએ ઘાત કર્યો એમ કહીએ છીએ.

વળી ચાર અઘાતિ કર્મોના નિમિત્તથી આત્માને બાહ્ય સામ્રગીનો સંબંધ બને છે.

ચ. **નામ** : આ કર્મ વડે ગતિ, જાતિ અને શરીરાદિક નીપજે છે.

છ. **ગોત્ર** : ગોત્ર કર્મ વડે ઉંચ-નીચ કુળની પ્રાપ્તિ થાય છે.

જ. **આયુ** : આયુ કર્મ વડે પોતાની સ્થિતિ સુધી પ્રાપ્ત થયેલ શરીરનો સંબંધ છૂટી શકતો નથી.

ઝ. **વેદનીય** : આ કર્મ વડે શરીરમાં અથવા શરીરથી બાહ્ય અનેક પ્રકારના સુખ-દુ:ખના કારણરૂપ પર સંયોગ જોડાય છે. એ પ્રમાણે અઘાતી કર્મો વડે બાહ્ય સામ્રગી એકઠી થાય છે, જે વડે મોહના ઉદયનો સાથ મળતાં જીવ સુખી-દુ:ખી થાય છે.

પ્ર. : કર્મ તો જડ છે, જરાય બળવાન નથી, તો એ વડે જીવના સ્વભાવનો ઘાત થવો વા બાહ્ય સામ્રગીનું મળવું કેમ સંભવે?

ઉ. : જો કર્મ પોતે કર્તા થઈ ઉદ્યમથી જીવના સ્વભાવનો ઘાત કરે, બાહ્ય સામ્રગી મેળવી આપે ત્યારે તો કર્મમાં ચૈતન્યપણું જોઈએ તથા બળવાનપણું જોઈએ, પણ એમ તો નથી. સહજ જ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. જ્યારે તે કર્મનો ઉદય કાળ હોય આત્મા પોતે જ સ્વભાવરૂપ પરિણમન કરતો નથી-વિભાવરૂપ પરિણમન કરે છે તથા જે અન્ય દ્રવ્યો છે તે તે જ પ્રમાણે સંબંધરૂપ થઈ પરિણમે છે. કર્મનો ઉદય કાળ એ એનું સ્વતંત્ર પરિણમન છે. અને આ બાજુ આત્માનું સ્વભાવરૂપ કે વિભાવરૂપ પરિણમન એ પણ સ્વતંત્ર જ છે-એક જ સમયે થાય છે એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે, કર્તા-કર્મ સંબંધ નથી.

૮. તો પછી કર્મનો નવીન બંધ કેવી રીતે થાય છે?

જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાયના નિમિત્તથી ઉપજેલા ભાવો નવીન કર્મબંધના કારણરૂપ નથી.

જીવનો જ્ઞાન-દર્શન-વીર્ય સ્વભાવ છે, તે જ્ઞાનાવરણ, દર્શનાવરણ-અંતરાયના નિમિત્તથી જેટલો પ્રગટ નથી તેટલાનો તો તે કાળમાં અભાવ છે અને એ કર્મોના ક્ષયોપશમથી જેટલો જ્ઞાન, દર્શન અને વીર્ય સ્વભાવ પ્રગટ વર્તે છે તે જીવના સ્વભાવનો જ અંશ છે, કર્મોદયજન્ય ઔપાધિક ભાવ નથી.હવે સ્વભાવ વડે નવીન કર્મોનો બંધ થતો નથી, કારણ કે નિજ સ્વભાવ જો બંધનું કારણ થાય તો બંધથી છૂટવું કેમ થાય? વળી એ કર્મના ઉદયથી જેટલાં જ્ઞાન-દર્શન અને વીર્ય અભાવરૂપ છે તે વડે પણ બંધ થતો નથી, કારણ કે જ્યાં પોતે જ અભાવરૂપ છે ત્યાં તે અભાવ અન્યનું કારણ કેમ થાય?

મોહનીય કર્મના ઉદય વડે જીવને અયથાર્થ શ્રદ્ધાનરૂપ મિથ્યાત્વ ભાવ થાય છે તથા ક્રોધ, માન, માયા અને લોભાદિક કષાય ભાવ થાય છે. તે જો કે જીવના અસ્તિત્વમય છે, જીવથી જુદા નથી, જીવ જ તેનો કર્તા છે અને જીવના પરિણામરૂપ જ એ કાર્ય થાય છે. તો પણ એનું હોવું મોહ કર્મના નિમિત્તથી જ છે, પણ કર્મ નિમિત્ત દૂર થતાં તેનો અભાવ જ થાય છે. માટે એ જીવનો **નિજ સ્વભાવ નથી પણ ઔપાધિક ભાવ છે તથા એ ભાવો વડે નવીન બંધ થાય છે. માટે મોહના ઉદયથી ઉત્પન્ન થયેલા ભાવો બંધના કારણરૂપ છે.**

અઘાતિ કર્મના ઉદયથી બાહ્ય સામગ્રી મળી આવે છે, તેમાં શરીરાદિક તો જીવના પ્રદેશોથી એક ક્ષેત્રાવગાહી થઈ એકબંધનરૂપ જ હોય છે તથા ધન કુટુંબાદિક આત્માથી ભિન્નરૂપ છે તેથી એ બધા બંધના કારણ નથી, કારણ કે પર દ્રવ્ય બંધનું કારણ હોઈ શકે નહિ. પણ તેમાં **આત્માના મમત્વાદિરૂપ મિથ્યાત્વાદિ ભાવ થાય છે, તે જ બંધનના કારણરૂપ જાણવાં.**

નામ કર્મના ઉદયથી શરીર-મન-વચન ઉપજે છે. તેની ચેષ્ટાના નિમિત્તથી આત્મપ્રદેશોનું ચંચળપણું થાય છે, તે વડે આત્માને પુદ્‌ગલ વર્ગણાઓથી એકબંધાનરૂપ હોવાની શક્તિ થાય છે, તેને યોગ કહે છે. તેના નિમિત્તથી સમયે સમયે કર્મરૂપ હોવા યોગ્ય અનંત પરમાણુઓનું ગ્રહણ થાય છે. એક સમયમાં ગ્રહણ થયેલાં પુદ્‌ગલ પરમાણુઓ જ્ઞાનાવરણાદિ મૂલ પ્રકૃતિ વા તેની ઉત્તર પ્રકૃત્તિઓમાં સિદ્ધાંતમાં કહ્યા પ્રમાણે સ્વયં વહેંચાઈ જાય છે, અને તે વહેંચણી અનુસાર તે પરમાણુઓ તે તે પ્રકૃત્તિઓરૂપ પોતે જ પરિણમી જાય છે. એ પ્રમાણે યોગના નિમિત્તથી કર્મનું આગમન થાય છે માટે યોગ તે આસ્રવ છે. એટલે આત્માના મમત્વાદિરૂપ મિથ્યાત્વાદિ ભાવ થાય છે તે જ બંધના કારણરૂપ જાણવા.

૯. યોગથી થવાવાળા પ્રકૃત્તિબંધ અને પ્રદેશબંધ :

યોગ બે પ્રકારના છે, શુભ યોગ અને અશુભ યોગ. ત્યાં ધર્મોના અંગોમાં મન-વચન-કાયાની પ્રવૃત્તિ થતાં તો શુભ યોગ હોય છે તથા અધર્મના અંગોમાં તેની પ્રવૃત્તિ થતાં અશુભ યોગ હોય છે. હવે શુભ યોગ હો વા અશુભ યોગ હો, પરંતુ સમ્યક્ત્વ પામ્યા વિના ઘાતિયા કર્મોની સર્વ પ્રકૃત્તિઓનો નિરંતર બંધ થયા જ કરે છે. કોઈ પણ સમય કોઈ પણ પ્રકૃત્તિનો બંધ થયા વિના રહેતોજ નથી. અઘાતિ પ્રકૃત્તિઓમાં શુભ યોગ હોય તો સાતા વેદનીય આદિ પુણ્ય પ્રકૃત્તિઓનો તથા અશુભ હોય તો અસાતા વેદનીયાદિ પાપ પ્રકૃત્તિઓનો તથા મિશ્ર યોગ હોય તો કોઈ પુણ્ય પ્રકૃત્તિઓનો તથા કોઈ પાપ પ્રકૃત્તિઓનો બંધ થાય છે. એ પ્રમાણે યોગના નિમિત્તથી કર્મનું આગમન થાય છે. માટે યોગ છે તે આસ્રવ છે. વળી એ યોગ દ્વારા ગ્રહણ થયેલાં કર્મ પરમાણુઓનું નામ પ્રદેશ છે. તેઓનો બંધ થયો અને તેમાં મૂળ ઉત્તર પ્રકૃત્તિઓનો વિભાગ થયો **તેથી યોગ વડે પ્રદેશબંધ વા પ્રકૃત્તિબંધ થાય છે એમ સમજવું.**

૧૦. કષાયથી સ્થિતિ બંધ થાય છે.

વળી મોહના ઉદયથી મિથ્યાત્વ ક્રોધાદિરૂપ ભાવ થાય છે તે સર્વનું સામાન્યપણે 'કષાય' એ નામ છે. તેનાથી કર્મ પ્રકૃત્તિઓની સ્થિતિ બંધાય છે. ત્યાં જેટલી સ્થિતિ બાંધી હોય તેમાં અબાધા કાળ છોડી તે પછી જ્યાં સુધી બંધ સ્થિતિ પૂર્ણ થાય ત્યાં સુધી સમયે સમયે તે પ્રકૃત્તિઓના ઉદય આવ્યા જ કરે છે. ત્યાં દેવ, મનુષ્ય અને તિર્યંચ આયુ વિના બાકીની સર્વ ઘાતી-અઘાતિ પ્રકૃત્તિઓનો અલ્પ કષાય હોય તો થોડો સ્થિતિ બંધ તથા ઘણો કષાય હોય તો ઘણો સ્થિતિ બંધ થાય છે. તથા દેવ, મનુષ્ય અને તિર્યંચ એ ત્રણ આયુનો અલ્પ કષાયથી ઘણો અને ઘણો કષાય હોય તો થોડો સ્થિતિબંધ થાય છે.

વળી એ કષાય વડે જ તે કર્મ પ્રકૃત્તિઓમાં અનુભાગ શક્તિના(ફળ દાન શક્તિના) ભેદો થાય છે. ત્યાં જેવો અનુભાગ બંધ થાય તેવો જ ઉદય કાળમાં એ પ્રકૃત્તિઓનું ઘણું વા થોડું ફળ નીપજે છે.

હવે કર્મ પ્રકૃત્તિઓના ઘણાં પરમાણુ હોવા છતાં તેમાં થોડા કાળ સુધી થોડું ફળ દેવાની શક્તિ હોય તો તે કર્મ પ્રકૃત્તિ હીનપણાને પ્રાપ્ત થાય છે તથા કર્મ પ્રકૃત્તિઓના થોડા પરમાણુ હોય છતાં તેમાં ઘણા કાળ સુધી ઘણું ફળ દેવાની શક્તિ હોય છે તો તે કર્મ પ્રકૃત્તિ અધિકપણાને પ્રાપ્ત થાય છે. માટે યોગ

વડે થયેલો પ્રકૃત્તિ બંધ- પ્રદેશ બંધ બળવાન નથી, પરંતુ કષાય વડે કરેલો સ્થિતિ બંધ-અનુભાગ બંધ જ બળવાન છે. એટલા માટે મુખ્યપણે 'કષાય' જ બંધ નું કારણ જાણવું. **જેઓને બંધ ન કરવો હોય તેઓ કષાય ન કરે.**

પ્ર. : પુદ્ગલ પરમાણુઓ તો જડ છે તેમને કાંઈ જ્ઞાન નથી તો તેઓ યથા યોગ્ય પ્રકૃત્તિરૂપ થઈ કેવી રીતે પરિણમે છે?

ઉ. : જેમ ભૂખ લાગતાં મુખદ્વાર વડે ગ્રહણ કરેલો ભોજનરૂપ પુદ્ગલ પિંડ માંસ, વીર્ય, રૂધિરાદિ ધાતુરૂપ પરિણમે છે, એ ભોજનના પરમાણુઓમાં યથા યોગ્ય કોઈ ધાતુરૂપ થોડા વા કોઈ ધાતુરૂપ ઘણાં પરમાણુઓ હોય છે, તેમાં પણ કોઈ પરમાણુઓનો સંબંધ ઘણા કાળ સુધી તથા કોઈનો થોડા કાળ સુધી રહે છે. વળી પરમાણુઓમાં કોઈ તો પોતાનું કાર્ય નીપજાવવાની ઘણી શક્તિ ધરાવે છે અને કોઈ અલ્પ શક્તિ ધરાવે છે, હવે એમ થવામાં કોઈ ભોજનરૂપ પુદ્ગલ પિંડને તો જ્ઞાન નથી કે ''હું આમ પરિણમું'' તથા અન્ય પણ કોઈ પરિણમાવનારો નથી, પરંતુ એવો જ નિમિત્ત-નૈમિત્તિક ભાવ બની રહ્યો છે જે વડે એ જ પ્રમાણે પરિણમન થાય છે. તેમ કષાય થતાં યોગદ્વાર વડે ગ્રહણ કરેલો કર્મ વર્ગણારૂપ પુદ્ગલ પિંડ જ્ઞાનવરણાદિ પ્રકૃત્તિરૂપ પરિણમે છે. એ કર્મ પરમાણુઓમાંથી યથા યોગ્ય કોઈ પ્રકૃત્તિરૂપ થોડા વા કોઈ પ્રકૃત્તિરૂપ ઘણાં પરમાણુઓ હોય છે, તેમાં પણ કોઈ પરમાણુઓનો સંબંધ ઘણો કાળ રહે છે તથા કોઈનો થોડો કાળ રહે છે, એ પરમાણુઓમાં કોઈ પોતાનું કાર્ય નિપજાવવાની ઘણી શક્તિ ધારે છે ત્યારે કોઈ થોડી શક્તિ ધારે છે, એમ થવામાં કોઈ કર્મ વર્ગણારૂપ પુદ્ગલ પિંડને તો જ્ઞાન નથી કે ''હું આમ પરિણમું'' તથા અન્ય કોઈ પરિણમાવનારો પણ નથી, પરંતુ એવો જ કેવળ નિમિત્ત-નૈમિત્તિક ભાવ બની રહ્યો છે જે વડે એ જ પ્રકારે પરિણમન થાય છે. લોકમાં પણ એવા નિમિત્ત-નૈમિત્તિક ભાવ ઘણાય બની રહ્યા છે. જેમ મંત્રના નિમિત્તથી જલાદિકમાં રોગાદિક દૂર કરવાની શક્તિ હોય છે. તેમ જીવ ભાવના નિમિત્ત વડે પુદ્ગલ પરમાણુઓમાં જ્ઞાનાવરણાદિરૂપ શક્તિ થાય છે. એ પ્રમાણે જડ પરમાણુનું યથા યોગ્ય પ્રકૃત્તિરૂપ પરિણમન જાણવું.

૧૨. કર્મોની બંધ, ઉદય, સત્તારૂપ અવસ્થા કેમ થાય છે?

હવે જે પરમાણુ કર્મરૂપ પરિણમ્યા છે તેનો જ્યાં સુધી ઉદય કાળ ન આવે ત્યાં સુધી તે જીવના પ્રદેશોથી એકક્ષેત્રાવગાહરૂપ બંધાન રહે છે. ત્યાં જીવ ભાવના નિમિત્તથી કોઈ પ્રકૃત્તિઓની અવસ્થાનું પલટાવું પણ થઈ જાય છે. કોઈ

અન્ય પ્રકૃત્તિઓના પરમાણુ હતા તે સંક્રમણરૂપ થઈ અન્ય પ્રકૃત્તિના પરમાણુ થઈ જાય છે. વળી કોઈ અન્ય પ્રકૃત્તિઓનો સ્થિતિ વા અનુભાગ ઘણો હતો તેનું અપકર્ષણ થઈ થોડો થઈ જાય છે તથા કોઈ પ્રકૃત્તિઓની સ્થિતિ વા અનુભાગ થોડો હતો તેનું ઉત્કર્ષણ થઈ ઘણો થઈ જાય છે. એ પ્રમાણે પૂર્વે બાંધેલા પરમાણુઓની અવસ્થા પણ જીવ ભાવનું નિમિત્ત પામીને પલટાય છે. નિમિત્ત ન બને તો ન પલટાય, જેમ ની તેમ રહે. એવી રીતે સત્તારૂપ કર્મો રહે છે. વળી જ્યારે તે કર્મ પ્રકૃત્તિઓનો ઉદય કાળ આવે ત્યારે તે પ્રકૃત્તિઓના અનુભાગ અનુસાર સ્વયં કાર્ય બની જાય છે. પણ કર્મ તેના કાર્યને નિપજાવતું નથી, એનો ઉદય કાળ આવતાં તે કાર્ય સ્વયં બની જાય છે. એટલો જ અહીં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જાણવો.

વળી જે સમયમાં જે ફળ નીપજ્યું તેના અનંતર સમયમાં એ કર્મરૂપ પુદ્‌ગલોની અનુભાગ શક્તિનો અભાવ થવાથી કર્મપણાનો પણ અભાવ થાય છે, તે પુદ્‌ગલો અન્ય પર્યાયરૂપ પરિણમી જાય છે. એનું નામ જ સવિપાક નિર્જરા છે. એ પ્રમાણે સમય સમય ઉદય થઈ કર્મો ખરી જાય છે. કર્મપણું નાશ પામતાં તે પરમાણુ તે જ સ્કંધમાં રહો વા જુદા થઈ જાઓ, તેનું કાંઈ પ્રયોજન જ નથી.

આનો સાર એટલો જ છે-સંસારી જીવને સમયે સમયે અનંત પરમાણુ બંધાય છે. ત્યાં એક સમયમાં બાંધેલા પરમાણુઓ આબાધા કાળ છોડી પોતાની સ્થિતિના જેટલા સમય હોય તે સર્વમાં ક્રમથી ઉદય આવે છે. વળી ઘણા સમયમાં બાંધેલા પરમાણુ કે જે એક સમયમાં ઉદય આવવા યોગ્ય છે તે બધા એકઠા થઈ ઉદય આવે છે, તે સર્વ પરમાણુઓનો અનુભાગ મળતાં જેટલો અનુભાગ થાય તેટલું ફળ તે કાળમાં નીપજે છે. વળી અનેક સમયમાં બાંધેલો પરમાણુ બંધ સમયથી માંડી ઉદય સમય સુધી કર્મરૂપ અસ્તિત્વને ધારી જીવથી સંબંધરૂપ રહે છે. એ રીતે કર્મોની બંધ, ઉદય, સત્તારૂપ અવસ્થા જાણવી.

૧૩. **દ્રવ્ય કર્મ અને ભાવ કર્મ :** કર્મ છે તે પરમાણુરૂપ અનંત પુદ્‌ગલ દ્રવ્યોથી નીપજાવેલું કાર્ય છે, તેથી તેનું નામ દ્રવ્ય કર્મ છે. તથા મોહના નિમિત્તથી મિથ્યાત્વ ક્રોધાદિરૂપી જીવના પરિણામ છે તે અશુદ્ધ ભાવથી નિપજાવેલું કાર્ય છે, તેથી તેનું નામ ભાવ કર્મ છે. દ્રવ્ય કર્મના નિમિત્તથી ભાવ કર્મ થાય છે તથા ભાવ કર્મના નિમિત્તથી દ્રવ્ય કર્મોનો બંધ થાય છે. ફરી પાછો દ્રવ્ય કર્મથી ભાવ કર્મ

અને ભાવ કર્મથી દ્રવ્ય કર્મ-એ જ પ્રમાણે પરસ્પર કારણ-કાર્ય ભાવ વડે સંસાર ચક્રમાં પરિભ્રમણ થાય છે.

૧૪. **નો કર્મ :** વળી નામ કર્મના ઉદયથી શરીર થાય છે તે દ્રવ્ય કર્મવત્ કિંચિત્ સુખ-દુઃખનું કારણ છે, માટે શરીરને નો કર્મ કહીએ છીએ.

૧૫. હવે એ કર્મબંધનરૂપ રોગના નિમિત્તથી જીવની જ્ઞાન-દર્શનાવરણ, મિથ્યાત્વરૂપ, અંતરાયરૂપ તેમજ વેદનીય કર્મોદયજન્ય, આયુકર્મોદયજન્ય, નામકર્મોદયજન્ય તથા ગોત્રકર્મોદયજન્ય એમ જુદી જુદી અવસ્થાઓ થાય છે અને મોહના ઉદયથી આત્મા સુખી-દુઃખી થાય છે.

**કર્મ બંધનરૂપ રોગના નિમિત્તથી થતી જીવની અવસ્થાઓ :**

પ્રથમ તો આ જીવનો સ્વભાવ ચૈતન્ય છે. એટલે સર્વ દ્રવ્યોના સામાન્ય વિશેષ સ્વરૂપને પ્રકાશવાવાળો છે. જેવું એમનું સ્વરૂપ હોય તેવું પોતાને પ્રતિભાસે છે એનું જ નામ ચૈતન્ય છે. ત્યાં સામાન્ય સ્વરૂપ પ્રતિભાસનનું નામ દર્શન છે તથા વિશેષ પ્રતિભાસનનું નામ જ્ઞાન છે. હવે એવા સ્વભાવ વડે ત્રિકાળવર્તી સર્વ ગુણ-પર્યાય સહિત સર્વ પદાર્થોને પ્રત્યક્ષ યુગપત્ સહાય વિના દેખી-જાણી શકે એવી શક્તિ આત્મામાં સદા કાળ છે.

૧. **જ્ઞાન-દર્શનાવરણ કર્મોદયજન્ય અવસ્થા :** પરંતુ અનાદિથી જ જ્ઞાનાવરણ-દર્શનાવરણનો સંબંધ છે, જેના નિમિત્તથી એ શક્તિનું વ્યક્તપણું થતું નથી, એ કર્મોના ક્ષયોપશમથી કિંચિત્ મતિજ્ઞાન વા શ્રુતજ્ઞાન વર્તે છે, તથા કોઈ વેળા અવધિજ્ઞાન પણ હોય છે. વળી કોઈ વેળા અચક્ષુદર્શન હોય છે તો કોઈ વેળા ચક્ષુદર્શન વા અવધિદર્શન પણ હોય છે. એ બધામાં મતિ, શ્રુત, અવધિજ્ઞાનની પરાધીન પ્રવૃત્તિ જ જોવા મળે છે.

૨. **અંતરાય કર્મોદયજન્ય અવસ્થા :** અંતરાય કર્મના ઉદયથી જીવ ઈચ્છે છે તે થતું નથી. દાન આપવા ઈચ્છે પણ આપી શકે નહિ, વસ્તુની પ્રાપ્તિ ઈચ્છે પણ થાય નહિ, ભોગ ભોગવવા ઈચ્છે પણ ભોગવી શકે નહિ, ઉપભોગ લેવા ઈચ્છે પણ લેવાય નહિ, અને પોતાની જ્ઞાનાદિ શક્તિને પ્રગટ કરવા ઈચ્છે પણ તે પ્રગટ થઈ શકે નહિ. એ પ્રમાણે અંતરાય કર્મના ઉદયથી પોતે જે ઈચ્છે છે તે થતું નથી.

૩. અઘાતિ કર્મો વેદનીય, નામ, ગોત્ર અને આયુષ્યના ઉદયથી-જુદા જુદા શરીર માં બાહ્ય સુખ-દુઃખના કારણો નીપજે છે. શરીરમાં રોગીપણુ, નિર્બળપણુ,

ક્ષુધા, તૃષા, રોગ, ખેદ, પીડા ઇત્યાદિ સુખ દુઃખના કારણો મળે છે. આયુ કર્મના ઉદયથી મનુષ્યાદિ પર્યાયની સ્થિતિ રહે છે. જ્યાં સુધી આયુ કર્મનો ઉદય રહે છે ત્યાં સુધી રોગાદિક અનેક કારણો મળવા છતાં પણ શરીરથી સંબંધ છૂટતો નથી. જ્યારે આયુનો ઉદય ન હોય ત્યારે અનેક ઉપાય કરવા છતાં પણ શરીરનો સંબંધ રહેતો નથી. એ સંસારમાં જન્મ, જીવન અને મરણનું કારણ આયુ કર્મ જ છે.

નામ કર્મના ઉદયથી આ જીવને મનુષ્યાદિ ગતિઓ પ્રાપ્ત થાય છે. તે પર્યાયરૂપ પોતાની અવસ્થા થાય છે. એ વડે મોહ અનુસાર આત્મા સુખી દુઃખી થાય છે. અને ગોત્ર કર્મથી નીચ-ઉંચ કુળોમાં ઉપજવું થાય છે. ત્યાં પોતાનું હીન-અધિકપણું પ્રાપ્ત થાય છે. મોહના નિમિત્તથી આત્મા સુખી-દુઃખી પણ થાય છે.

**૪. મિથ્યાત્વરૂપ જીવની અવસ્થા :**

વળી આ જીવને મોહના ઉદયથી મિથ્યાત્વ તથા કષાય ભાવ થાય છે.

(૧) ત્યાં દર્શન મોહના ઉદયથી મિથ્યાત્વ ભાવ થાય છે, જેથી આ જીવ અન્યથા પ્રતીતિરૂપ અતત્ત્વ શ્રદ્ધાન કરે છે. જેમ છે તેમ માનતો નથી, પણ જેમ નથી તેમ માને છે. અમૂર્તિક પ્રદેશોનો પુંજ, પ્રસિદ્ધ જ્ઞાનાદિ ગુણોનો ધારક અનાદિ નિધન વસ્તુ પોતે છે, તથા મૂર્તિક પુદ્ગલ દ્રવ્યોનો પિંડ પ્રસિદ્ધ જ્ઞાનાદિ રહિત નવીન જ જેનો સંયોગ થયો છે એવા શરીરાદિ પુદ્ગલ કે જે પોતાનાથી પર છે-એના સંયોગરૂપ અનેક પ્રકારના મનુષ્ય-તિર્યંચાદિ પર્યાયો હોય છે તે પર્યાયોમાં આ મૂઢ જીવ અહં બુદ્ધિ ધારી રહ્યો છે, સ્વ-પરના ભેદ કરી શકતો નથી. જે પર્યાય પામ્યો હોય તેને જ પોતાપણે માને છે; તથા એ પર્યાયોમાં પણ જે જ્ઞાનાદિક ગુણો છે તે તો પોતાના ગુણ છે અને રાગાદિક છે તે પોતાને કર્મ નિમિત્તથી ઔપાધિક ભાવ છે, વળી વર્ણાદિક છે તે પોતાના ગુણો નથી પણ શરીરાદિ પુદ્ગલનાં ગુણો છે, શરીરાદિમાં પણ વર્ણાદિનું વા પરમાણુઓનું પલટાવું અનેક પ્રકારરૂપ થયા કરે છે, એ સર્વ પુદ્ગલની અવસ્થાઓ છે, પણ તે બધાને આ જીવ પોતાનું સ્વરૂપ જાણે છે. સ્વભાવ-પરભાવનો વિવેક થઈ શકતો નથી.

વળી મનુષ્યાદિ પર્યાયોમાં પોતાનાથી પ્રત્યક્ષ ભિન્ન ધન-કુટુંબાદિનો

સંબંધ થાય છે; અને તે પોતાને આધીન પરિણમતા નથી તો પણ તેમાં આ જીવ મમકાર કરે છે કે "આ બધા મારા છે". પણ એ કોઈ પણ પ્રકારથી પોતાના થતાં નથી. માત્ર પોતાની માન્યતાથી જ તેને પોતાના માને છે. વળી મનુષ્યાદિ પર્યાયોમાં કોઈ વેળા દેવાદિ અને તત્ત્વોનું જે અન્યથા સ્વરૂપ કલ્પિત કર્યું તેની તો પ્રતીતિ કરે છે, પણ જેવું યથાર્થ સ્વરૂપ છે તેવું પ્રતીતિ કરતો નથી. એ પ્રકારે દર્શન મોહના ઉદયથી જીવને અતત્ત્વ શ્રદ્ધાનરૂપ મિથ્યા ભાવ થાય છે. તેમાં જ્યારે તેનો તીવ્ર ઉદય હોય છે ત્યારે સત્યાર્થ શ્રદ્ધાનથી ઘણું વિપરીત શ્રદ્ધાન થાય છે તથા જ્યારે મંદ ઉદય હોય છે ત્યારે સત્યાર્થ શ્રદ્ધાનથી થોડું વિપરીત શ્રદ્ધાન થાય.

તે સિવાય પર પદાર્થોને પરિણમાવાની કતૃત્વ બુદ્ધિ અને ભોગવવાની ભોક્તૃત્વ બુદ્ધિ એ પણ મિથ્યા ભાવ છે. અને સ્વને જાણ્યા વગર પરને હું જાણું છું એ પ્રકારની જ્ઞેયત્વ બુદ્ધિ પણ મિથ્યા ભાવ જ છે .

(૨) ચારિત્ર મોહના ઉદયથી આ જીવને કષાય ભાવ થાય છે ત્યારે પોતે દેખતો-જાણતો છતાં પણ પર પદાર્થોમાં ઈષ્ટ-અનિષ્ટપણું માની ક્રોધાદિ કરે છે.(ક્રોધ,માન, માયા લોભ(ઈચ્છારૂપ) પરિણમવું)

ક્રોધનો ઉદય થતાં પદાર્થો પ્રત્યે અનિષ્ટપણું ચિંતવી તેનું બુરું થવું ઈચ્છે છે. વળી પોતે વા અન્ય ચેતન-અચેતન પદાર્થ કોઈ પ્રકારે પરિણમતા હોય અને પોતાને તે પરિણમન બુરું લાગે તો તેને અન્ય પ્રકારે પરિણમાવવા કરીને તે પરિણમનનું બુરું ઈચ્છે છે. એ પ્રમાણે ક્રોધથી બુરું થવાની ઈચ્છા તો કરે , પણ બુરું થવું તે ભવિતવ્ય આધીન છે.

માનનો ઉદય થતાં અન્ય પદાર્થો પ્રત્યે અનિષ્ટપણું માની તેને નીચો પાડવા અને પોતે ઊંચો થવા ઈચ્છે છે. મળ, ધૂળ આદિ અચેતન પદાર્થોમાં જુગુપ્સા અને નિર આદર આદિ વડે તેની હીનતા તથા પોતાની ઉચ્ચતા ઈચ્છે છે. તથા અન્ય પુરુષાદિ ચેતન પદાર્થોને પોતાની આગળ નમાવવા વા પોતાને આધીન કરવા ઈચ્છે છે. એ પ્રમાણે માન વડે પોતાની મહંતતાની ઈચ્છા તો ઘણી કરે, પણ મહંતતા થવી ભવિતવ્ય આધીન છે.

માયા કષાયનો ઉદય થતાં કોઈ પદાર્થને ઇષ્ટ માની તેને અર્થે અનેક પ્રકારના છલ પ્રપંચ વડે તેની સિદ્ધિ કરવા ઇચ્છે છે. અચેતન-ચેતન પદાર્થોની સિદ્ધિ અર્થે અનેક છળ કરે. બીજાને ઠગવા માટે પોતાની અનેક પ્રકારે અછતી અવસ્થાઓ કરે-છળ વડે પોતાનો અભિપ્રાય સિદ્ધ કરવા ઇચ્છે છે. એ પ્રમાણે માયા વડે ઇષ્ટ સિદ્ધિ અર્થે અનેક પ્રકારના છળ તો કરે છતાં ઇષ્ટ સિદ્ધિ થવી ભવિતવ્ય આધીન છે.

લોભ કષાયનો ઉદય થતાં અન્ય પદાર્થોને ઇષ્ટ માની તેની પ્રાપ્તિ કરવા ઇચ્છે. વસ્ત્ર, ધન અચેતન પદાર્થો તથા સ્ત્રી-પુત્રાદિ સચેતન પદાર્થોની તૃષ્ણા થાય છે. વળી પોતાનું વા અન્ય અચેતન-સચેતન પદાર્થોનું કોઇ પરિણમન હોવું ઇષ્ટરૂપ માની તેને તે પ્રકારના પરિણમનરૂપ પરિણમાવવા ઇચ્છે છે. એ પ્રમાણે લોભથી ઇષ્ટ પ્રાપ્તિની ઇચ્છા તો ઘણી કરે, પરંતુ ઇષ્ટ પ્રાપ્તિ થવી ભવિતવ્ય આધીન છે.

એ પ્રમાણે ચાર પ્રકારના ક્રોધ, માન, માયા અને લોભના ઉદયથી આત્મા પરિણમે છે. ત્યાં એ કષાય ચાર ચાર પ્રકારના છે. અનંતાનુબંધી, અપ્રત્યાખાનાવરણી, પ્રત્યાખાનાવરણી અને સંજ્વલન.

હવે અનાદિ સંસાર અવસ્થામાં એ ચારેય કષાયોનો નિરંતર ઉદય હોય છે. મોક્ષમાર્ગ પ્રાપ્ત થતાં એ ચારમાંથી ત્રણ, બે અને એકનો ઉદય રહી અનુક્રમે ચારેય નો અભાવ થાય છે.

વળી ચારિત્ર મોહના ઉદયથી નોકષાય થાય છે. રતિ, અરતિ,હાસ્ય, શોક, ભય, જુગુપ્સા, પુરુષવેદ, સ્ત્રીવેદ, નપુસંકવેદ.

૧. રતિના ઉદયથી કોઇને ઈષ્ટ માની તેનાથી પ્રીતિ કરે છે. ત્યાં આસક્ત થાય છે.

૨. અરતિના ઉદયથી કોઇને અનિષ્ટ માની તેનાથી અપ્રીતિ કરે છે ત્યાં ઉદ્વેગરૂપ થાય છે.

૩. હાસ્યના ઉદયથી કોઈ ઠેકાણે ઇષ્ટપણું માની પ્રફુલ્લિત થાય છે-હર્ષ માને છે.

૪. શોકના ઉદયથી કોઇમાં અનિષ્ટપણું માની દિલગીર થાય છે-ખેદ માને છે.

૫. ભયના ઉદયથી કોઈને અનિષ્ટ માની તેનાથી ડરે છે. તેનો સંયોગ ઈચ્છતો નથી.

૬. જુગુપ્સાના ઉદયથી કોઈ પદાર્થને અનિષ્ટ માની તેની ઘૃણા-તિરસ્કાર કરે છે. તેનો વિયોગ થવા ઈચ્છે છે.

૭. પુરુષ વેદના ઉદયથી સ્ત્રી સાથે રમવાની ઈચ્છા થાય છે.

૮. સ્ત્રી વેદના ઉદયથી પુરુષ સાથે રમવાની ઈચ્છા થાય છે.

૯. નપુસંક વેદના ઉદયથી એક સાથે બંનેની સાથે રમવાની ઈચ્છા થાય છે.

આ પ્રમાણે આ નવ નોકષાય છે. ક્રોધાદિ જેવા એ બળવાન નથી, તેથી એને ઈષત્ કષાય અર્થાત્ નોકષાય કહેવામાં આવે છે. એ નોકષાયનો ઉદય ક્રોધાદિકની સાથે યથા સંભવ હોય છે.

એ પ્રમાણે ઉપર કહેલા દર્શન તથા ચારિત્ર મોહના ઉદયથી મિથ્યાત્વ ભાવ તથા કષાય ભાવ થાય છે. એ જ સંસારના મૂળ કારણ છે. વળી વર્તમાન કાળે પણ જીવ એનાથી દુઃખી છે, તથા ભાવી સંસારના કારણરૂપ કર્મબંધનનું મૂળ કારણ પણ એ જ છે. એનું જ બીજુ નામ મોહ તથા રાગ-દ્વેષ છે. ત્યાં મિથ્યાત્વનું નામ મોહ છે, કારણ કે ત્યાં આત્મ સાવધાનતાનો અભાવ હોય છે. વળી માયા-લોભ એ બે કષાય તથા હાસ્ય, રતિ અને ત્રણ પ્રકારના વેદ એ બધાનું નામ રાગ છે, કારણ કે ત્યાં ઈષ્ટ બુદ્ધિ થઈ અનુરાગ પ્રવર્તે છે. તથા ક્રોધ-માન એ બે કષાય અને અરતિ, શોક, ભય, જુગુપ્સા એ બધાનું નામ દ્વેષ્ર છે, કારણકે ત્યાં અનિષ્ટ બુદ્ધિ થઈ દ્વેષ વર્તે છે.

સામાન્યપણે એ રાગ-દ્વેષ અને મોહ એ બધાનું નામ મોહ છે, કારણ કે એ બધાયમાં સર્વત્ર આત્માની અસાવધાનતા જ હોય છે.

એ પ્રમાણે મિથ્યાત્વના ઉદય અનુસાર આત્માની અવસ્થા થાય છે. હે ભવ્ય ! તારા અંતરંગમાં તું વિચાર કરીને જો કે એમ જ છે કે નહિ? વિચાર કરતાં તો તને એમ જ પ્રતિભાસશે. જો એમ જ છે તો તું એમ જ માન કે ‘‘મને અનાદિ સંસાર રોગ છે તેના નાશનો મારે ઉપાય કરવો આવશ્યક છે’’ એ વિચારથી તારું કલ્યાણ થશે.

**દુઃખનું મૂળ કારણ :**

૧. મિથ્યાદર્શન  ૨. અજ્ઞાન  ૩. અસંયમ

સર્વ દુ:ખોનું મૂળ કારણ મિથ્યા દર્શન, અજ્ઞાન અને અસંયમ છે. દર્શન મોહના ઉદયથી થયેલા અતત્ત્વ શ્રદ્ધાન-મિથ્યા દર્શન છે, તેનાથી વસ્તુ સ્વરૂપની યથાર્થ પ્રતીતિ ન થતાં અન્યથા પ્રતીતિ થાય છે. વળી એ મિથ્યા દર્શનના નિમિત્તથી ક્ષયોપશમરૂપ જ્ઞાન છે તે અજ્ઞાન બની રહ્યું છે, જેથી વસ્તુ સ્વરૂપનું યથાર્થ પ્રકારે જાણવું ન થતાં અન્યથા જ જાણવું થાય છે. ચારિત્ર મોહના ઉદયથી થયેલો કષાય ભાવ તેનું જ નામ અસંયમ છે, જે વડે જેનું વસ્તુનું સ્વરૂપ છે તેવું ન પ્રવર્તતા અન્યથા પ્રવર્તે છે. એ પ્રમાણે એ મિથ્યા દર્શનાદિક છે તે સર્વ દુ:ખોનું મૂળ કારણ છે.

**મિથ્યાત્વનું સ્વરૂપ** : મિથ્યા દર્શનાદિકથી જીવને સ્વ-પરનો વિવેક થઈ શકતો નથી. પોતે એક આત્મા તથા અનંત પુદ્ગલ પરમાણુમય શરીર-એના સંયોગરૂપ મનુષ્યાદિક પર્યાય નીપજે છે, તે પર્યાયને જ પોતાનું સ્વરૂપ માને છે. આત્માના જ્ઞાન-દર્શનાદિ સ્વભાવ છે તે વડે કિંચિત્ જાણવું-દેખવું થાય છે, કર્મ ઉપાધિથી થયેલા ક્રોધાદિ ભાવરૂપ પરિણમન થાય છે, અને શરીરનું સ્પર્શ, રસ, ગંધ, વર્ણ સ્વભાવ છે તે પ્રગટ છે તથા સ્થૂલ-કૃષાદિક-સ્પર્શાદિક-પલટવારૂપ અનેક અવસ્થાઓ થાય છે તે સર્વને પોતાનું સ્વરૂપ જાણે છે. જ્ઞાન-દર્શનની પ્રવૃત્તિ ઈન્દ્રિય અને મન દ્વારા થાય છે. તેથી આ જીવ એમ માને છે કે ત્વચા, જીભ, નાસિકા, નેત્ર, કાન અને મન એ બધાં મારા અંગ છે, એ વડે હું દેખું-જાણું છું, એવી માન્યતાથી ઈન્દ્રિયોમાં પ્રીતિ હોય છે.

**મોહજનિત વિષય અભિલાષા** : મોહના આવેશથી તે ઈન્દ્રિયો દ્વારા વિષય ગ્રહણ કરવાની ઇચ્છા થાય છે, ત્યાં એ વિષયોનું ગ્રહણ થતાં એ ઇચ્છા મટવાથી નિરાકુલ થાય છે એટલે આનંદ માને છે. આ જીવ વિષયોને જાણે છે તેથી પોતાનું જ્ઞાન પ્રવર્તે છે તેનો સ્વાદ લઈ એમ માનવા લાગે કે "આ વિષયનો સ્વાદ છે", પણ વિષયમાં તો સ્વાદ છે જ નહિ. પોતે જ ઇચ્છા કરી હતી તેને પોતે જ જાણી પોતે જ આનંદ માન્યો, પરંતુ "હું અનાદિ-અનંત જ્ઞાન સ્વરૂપ આત્મા છું" એવો નિ:કેવલ(પરથી કેવળ ભિન્ન) જ્ઞાનનો અનુભવ છે જ નહિ. પરંતુ મેં નૃત્ય દીઠું, રાગ સાંભળ્યો, ફૂલ સુંઘ્યું, પદાર્થ સ્પર્શ્યો, સ્વાદ જાણ્યો તથા મેં શાસ્ત્ર જાણ્યા, મારે આ જાણવું જોઈએ" એ પ્રકારના જ્ઞેય મિશ્રિત જ્ઞાનના અનુભવ વડે વિષયોની તેને પ્રધાનતા ભાસે છે. એ પ્રમાણે મોહના નિમિત્તથી આ જીવને વિષયોની ઇચ્છા હોય છે.

હવે ઇચ્છા ત્રિકાલવર્તી સર્વ વિષયોને ગ્રહણ કરવાની છે કે ,"હું સર્વને

સ્પર્શું, સર્વને સ્વાદું, સર્વને સુંઘું, સર્વને દેખું, સર્વને સાંભળું અને સર્વને જાણું'' એટલી બધી ઇચ્છા હોવા છતાં શક્તિ તો એટલી જ છે કે ઇન્દ્રિયોના સન્મુખ થયેલા વર્તમાન સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દમાંથી કોઇને કિંચિત્ માત્ર ગ્રહણ કરે છે વા સ્મરણાદિક વડે મનથી કિંચિત્ જાણે, અને તે પણ બાહ્ય અનેક કારણ મળતાં જ સિદ્ધ થાય. તેથી કોઈ કાળે એની ઇચ્છા પૂર્ણ થતી નથી. કારણ કે એવી ઇચ્છા તો કેવળજ્ઞાન થતાં જ સંપૂર્ણ થાય પણ ક્ષયોપશમરૂપ ઇન્દ્રિય દ્વારા તો કદી પણ ઇચ્છા પૂર્ણ થાય નહિ, અને તેથી મોહના નિમિત્તથી એ ઇન્દ્રિયોને પોતપોતાના વિષય ગ્રહણની નિરંતર ઇચ્છા રહ્યા જ કરવાથી આ જીવ આકુળ-વ્યાકુળ બની દુ:ખી થઈ રહ્યો છે.

એવો દુ:ખી થઈ રહ્યો છે કે કોઇ એક વિષયના ગ્રહણ અર્થે પોતાના મરણને પણ ગણતો નથી. મરણ થવાં કરતાં પણ ઇન્દ્રિયોના વિષય સેવનની પીડા અધિક જણાય છે. એ ઇન્દ્રિયોની પીડાથી સર્વ જીવો પીડિત બની નિર્વિચાર થઈ વિષયોમાં ઝંપલાવે છે. અનેક પ્રકારના કષ્ટ વડે ધન ઉપજાવે અને વિષયને અર્થે તેને ગુમાવે. વિષયોની પ્રાપ્તિ અર્થે જ્યાં મરણ થતું જાણે ત્યાં પણ જાય, નરકાદિના કારણરૂપ જે હિંસાદિક કાર્ય તેને પણ કરે વા ક્રોધાદિક કષાયો ઉપજાવે. બીચારો શું કરે? ઇન્દ્રિયોની પીડા ન સહન થવાથી તેને અન્ય કાંઇ વિચાર આવતો નથી. એ પીડાથી પીડિતથઈ ઇન્દ્રાદિક દેવો પણ વિષયોમાં અતિ આસક્ત બની રહ્યા છે.

જેમ ખાજના રોગથી પીડિત થયેલો પુરુષ આસક્ત બની ખજવાળવા લાગે છે, પીડા ન થતી હોય તો શા માટે ખજવાળે? તેમ ઇન્દ્રિય રોગથી પીડિત થયેલા ઇન્દ્રાદિક દેવો આસક્ત બની વિષય સેવન કરે છે. પીડા ન હોય તો શા માટે વિષય સેવન કરે? એ પ્રમાણે જ્ઞાનાવરણ-દર્શનાવરણ ક્ષયોપશમથી થયેલું ઇન્દ્રિયાદિક જનિત જ્ઞાન છે મિથ્યા દર્શનાદિકના નિમિત્તથી ઇચ્છા સહિત બની દુ:ખનું કારણ થયું છે. એ દુ:ખ દૂર કરવા આ જીવ જૂઠા ઉપાયો કરે છે.

**દુ:ખની નિવૃત્તિના ઉપાયોનું જૂઠાપણું :**

૧. ઇન્દ્રિયો વડે વિષયોનું ગ્રહણ થતાં મારી ઇચ્છા પૂર્ણ થશે એમ જાણી પ્રથમ તો અનેક પ્રકારના ભોજનાદિક વડે ઇન્દ્રિયોને પ્રબળ કરે છે, તથા એમ જાણે છે કે જો ઇન્દ્રિયો પ્રબળ રહે તો મારી વિષય ગ્રહણ કરવાની શક્તિ વધે.

૨. તેમાં અનેક બાહ્ય કારણોની જરૂર હોવાથી તેનું નિમિત્ત મેળવે છે.

૩. અનેક પ્રકારના વસ્ત્રાદિક, ભોજનાદિક, પુષ્પાદિક, આભૂષણાદિક, ગાયન-વાજિંત્રાદિકનો સંયોગ મેળવવા માટે ઘણો જ ખેદ ખિન્ન થાય છે.

૪. વિષયોને પોતાને આધીન રાખવાનો ઉપાય કરે છે, અને શીઘ્ર શીઘ્ર તેનું ગ્રહણ કર્યા કરે છે.

૫. વળી ઇન્દ્રિયો વડે તો એક કાળમાં કોઈ એક જ વિષયનું ગ્રહણ થાય છે, પણ આ જીવ ઘણાં વિષયો ગ્રહણ કરવા ઇચ્છે છે તેથી ઉતાવળો બની જલદી જલદી એક વિષયને છોડી અન્યને ગ્રહણ કરે છે, વળી તેને છોડી અન્યને ગ્રહણ કરે છે.

૬. એ પ્રમાણે વિષયોને અર્થે વલખાં મારે છે અને પોતાને જે ભાસે તેવા ઉપાય કર્યા કરે છે, પણ એ ઉપાય જૂઠા છે, કારણ કે એ બધાનું એ જ પ્રમાણે થવું પોતાને આધીન નથી, મહા કઠણ છે.

૭. ભોજનાદિક વડે ઇન્દ્રિયો પુષ્ટ કરવાથી કાંઈ સિદ્ધિ થતી નથી, પરંતુ કષાયાદિક ઘટાવાથી કર્મનો ક્ષયોપશમ થતાં જ્ઞાન-દર્શન વધે છે અને ત્યારે જ વિષય ગ્રહણની શક્તિ વધે છે.

૮. વળી વિષયોનો સંયોગ મેળવે છે, પણ તે ઘણા વખત સુધી ટકતો નથી અથવા સર્વ વિષયોનો સંયોગ મળતો જ નથી, એથી એને આકુળતા રહ્યા જ કરે છે.

૯. વળી એ વિષયોને પોતાને આધીન રાખી જલદી જલદી ગ્રહણ કરવા ઇચ્છે છે પણ તે પોતાને આધીન રહેતા નથી, કારણ કે એ જુદા જુદા દ્રવ્ય પોત પોતાને આધીન પરિણમે છે અથવા કર્મોદય આધીન પરિણમે છે.

૧૦. આવી રીતે અનેક ઉપાય કરવા છતાં પણ કર્મના નિમિત્ત વિના સામગ્રી મળતી નથી. છતાં આ જીવ અતિ વ્યાકુળ બની સર્વ વિષયોને યુગપત્ ગ્રહણ કરવા માટે વલખાં મારે છે. તેમ સર્વ ગ્રહણની જેને ઇચ્છા છે તેને કોઈ એક વિષયનું ગ્રહણ થતાં ઇચ્છા કેમ મટે? અને ઇચ્છા મટ્યા વિના સુખ પણ થાય નહિ. માટે એ બધાં ઉપાય જૂઠા છે.

**દુઃખ નિવૃત્તિનો સાચો ઉપાય :**

એ પ્રમાણે આ સંસારી જીવે સુખ માટે કરેલા ઉપાયો જૂઠા જાણવા. તો સાચો ઉપાય શો છે?

જ્યારે ઇચ્છા દૂર થાય અને સર્વ વિષયોનું એક સાથે ગ્રહણ રહ્યા કરે તો એ દુઃખ મટે. હવે ઇચ્છા તો મોહ જતાં જ મટે અને સર્વનું એક સાથ ગ્રહણ કેવળજ્ઞાન થતાં જ થાય. તેનો એક જ ઉપાય છે. મોક્ષમાર્ગ...સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યગ્ચારિત્રની એકતારૂપ મોક્ષમાર્ગ. એ જ સાચો ઉપાય જાણવો.

જે જીવોને દુઃખોથી છૂટવું હોય તેમણે ઇચ્છા દુર કરવાનો ઉપાય કરવો અને ઇચ્છા ત્યારે જ દૂર થાય જ્યારે મિથ્યાત્વ, અજ્ઞાન અને અસંયમનો અભાવ થઈ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિ થાય. માટે એ જ કાર્યનો ઉદ્યમ કરવો યોગ્ય છે.

એ પ્રમાણે સાધન કરતાં જેટલી જેટલી ઇચ્છા મટે તેટલું તેટલું દુઃખ દૂર થતું જાય અને મોહના સર્વથા અભાવથી જ્યારે ઇચ્છાનો સર્વથા અભાવ થાય ત્યારે જ દુઃખ મટી સત્ય સુખ પ્રગટે.

વળી જ્યારે જ્ઞાનાવરણ-દર્શનાવરણ-અંતરાયનો અભાવ થાય ત્યારે ઇચ્છાના કારણરૂપ ક્ષાયોપશમિક જ્ઞાન-દર્શનનો વા શક્તિહીનપણાનો પણ અભાવ થાય છે, અનંત જ્ઞાન-દર્શન-વીર્યની પ્રાપ્તિ થાય છે, તથા કેટલાક કાળ પછી અઘાતિ કર્મોનો પણ અભાવ થતા ઇચ્છાના બાહ્ય કારણોનો પણ અભાવ થાય છે. કારણ કે મોહ ગયા પછી કોઈ કાળમાં એ કારણો કિંચિત્ ઇચ્છા ઉપજાવવા સમર્થ નથી. મોહના અસ્તિત્વમાં જ એ કારણ હતાં તેથી તેને કારણ કહ્યા. તેનો પણ અભાવ થતાં તે સિદ્ધપદને પ્રાપ્ત થાય છે.

હવે દુઃખનો વા દુઃખના કારણોનો સર્વથા અભાવ હોવાથી સદા કાળ અનુપમ અખંડિત સર્વોત્કૃષ્ટ આનંદ સહિત અનંત કાળ બિરાજમાન રહે છે.

એ પ્રમાણે સિદ્ધોને સર્વ કર્મોનો નાશ થવાથી સર્વ દુઃખોનો પણ નાશ થયો છે. દુઃખનું લક્ષણ આકુળતા છે. હવે આકુળતા તો ત્યારે જ હોય કે જ્યારે કંઈક ઈચ્છા હોય. એ ઈચ્છા અને ઈચ્છાના કારણોનો સર્વથા અભાવ થવાથી તેઓ સર્વ દુઃખ રહિત નિરાકુળ અનંત સુખ અનુભવે છે.

**પુરુષાર્થથી જ મોક્ષ પ્રાપ્તિ :**

૧. આત્માનું પરમ હિત મોક્ષ જ છે. સ્વતંત્ર પરિપૂર્ણ શુદ્ધ દશા પ્રગટ કરવી તે જ પરમ હિત છે, માટે તેનો જ ઉપાય કર્તવ્ય છે, નિમિત્તને લાવવા કે પુણ્ય કરવું

તે કર્તવ્ય નથી. આત્માના શ્રદ્ધા-જ્ઞાન ને રમણતા એ એક જ કર્તવ્ય છે.

૨. સુખને જીવો ઈચ્છે છે પણ સુખના કારણોને ઈચ્છતો નથી ને દુ:ખને ઈચ્છતો નથી પણ દુ:ખના હેતુમાં નિરંતર રચ્યો પચ્યો રહે છે. પણ સુખના સાચા ઉપાયને જાણતો નથી.

૩. બીજાની હીનતા કરવી ને પોતાની ઉચ્ચતા કરવી તે જ ઉપાય માને છે. અંતરમાં આનંદ છે તેની રુચિ કરતો નથી. જેના નિમિત્તથી દુ:ખ થાય તેને દૂર કરવા માંગે ને જેના નિમિત્તથી સુખ થતું જાણે તેને રાખવાનો ઉપાય કરે છે.

૪. સુખ અંતરમાં વ્યાપી રહેલું છે એવી અંતર પ્રતીતિ વિના સુખ થાય નહિ. આત્મા અરૂપી ચિદ્દ્ઘન છે, તેથી કબૂલાત વિના ઉપાયો નિરર્થક છે.

૫. મોક્ષની પર્યાય હિતરૂપ છે. સંસાર પર્યાય અહિતરૂપ છે. એવો નિર્ણય કરવામાં બધું આવી જાય છે. પુરુષાર્થ કરતાં બધા કારણો મળી રહે છે. ક્રમબદ્ધ પર્યાયના નિર્ણયમાં એકલો પુરુષાર્થ છે. જે સમયે જે થવાનું છે તે થવાનું છે. તેવો નિર્ણય સ્વભાવના નિર્ણયથી થાય છે અને તેમાં અનંત પુરુષાર્થ છે. પરનું બનવાનું હોય તેમ બને એમ માનનાર પરથી ઉદાસ થઈ ગયો ને સ્વ તરફ વળ્યો.

૬. જ્ઞાનાનંદસ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર દશા પ્રગટે છે તે મોક્ષનો ઉપાય છે, ત્યાં કાળલબ્ધિ, ભવિતવ્યતા અને કર્મનો ઉપશમાદિ(નિમિત્ત) અને પુરુષાર્થ મળી રહે છે. જે જીવ આત્માના શ્રદ્ધા, જ્ઞાન અને આચરણ કરતો નથી તેને એકે કારણ હોતાં નથી.

૭. સ્વભાવ સન્મુખ પુરુષાર્થ કરે તે આત્માનું કાર્ય છે અને આત્મા તે કરી શકે છે. હું શુદ્ધ ચિદાનંદ છું એવી શ્રદ્ધા પોતે કરે છે તે આત્માનું કાર્ય છે, માટે પુરુષાર્થપૂર્વક ઉદ્યમ કરવાનો ઉપદેશ છે. દેહની ક્રિયામાં અને પુણ્યમાં ધર્મ માન્યો છે તે ઊંધો પુરુષાર્થ છે, તેને છોડી સ્વ તરફ વાળવાનું કહેવામાં આવે છે. પરના કાર્ય જીવના પુરુષાર્થથી થતાં નથી. આત્માનું કાર્ય પુરુષાર્થથી થાય છે. પુરુષાર્થ આત્માનો કર્યો થાય છે. કર્મ જડ છે તે આત્માનું કાંઈ કરતા નથી અને આત્મા કર્મને બાંધે કે છોડે તે આત્માના અધિકારની વાત નથી.

૮. હું જ્ઞાયક છું, પુણ્ય-પાપ વિકાર છે, શરીરાદિ જડ છે, હું શુદ્ધ છું એમ અંદર પુરુષાર્થ કરવો તે કાર્ય છે. જે આત્માનું કાર્ય હોય તે કરવાનું કહેવામાં આવે છે. શરીરાદિનું કાર્ય કે કર્મનું કાર્ય આત્માનું નથી, કર્મને મટાડવાનું આત્માને આધીન

નથી. શુદ્ધ ચૈતન્ય સ્વભાવની પ્રતીતિ ને જ્ઞાન કરી શકે છે માટે તે કહેવામાં આવે છે.

૯. જે કારણથી કાર્યની નિષ્પત્તિ થાય તે કારણ સેવે તો જરૂર કાર્ય થાય. જ્યાં પુરુષાર્થ હોય ત્યાં અન્ય કારણો અવશ્ય મળે જ. જે જીવ તેનાં શ્રદ્ધા-જ્ઞાન કરે છે ત્યાં પાંચેય સમવાય એક સાથે હોય છે. આત્માના સ્વભાવનો પુરુષાર્થ કરે તેને સર્વ કારણો આવી મળે છે. પુરુષાર્થ કરનારને સર્વ સિદ્ધિ થાય છે-એમ નિશ્ચય કરવો.

૧૦. પૈસા મેળવવા તે પુરુષાર્થને આધીન નથી, પણ પૂર્વ પુણ્યને આધીન છે. અને મોક્ષ અંતરના પુરુષાર્થને આધીન છે. પુરુષાર્થ કર્યો ત્યાં બધું આવી જાય છે. "આત્માની અંતર રમણતા તે ધર્મ છે. ચારિત્રનું મૂળ દર્શન છે અને દર્શનનું મૂળ આત્મા છે." એમ જે કહેનાર છે તેવા દેવ-ગુરુ-શાસ્ત્રનો ઉપદેશ સાંભળે અને અંતર પુરુષાર્થ કરે-આત્મામાં પુરુષાર્થપૂર્વક શ્રદ્ધા કરી લીનતા કરે છે તેને સર્વ કારણો આવી મળે છે.

૧૧. મોક્ષમાર્ગની ઈચ્છા તે રાગ છે. બહારનો વેશ તે ચારિત્ર નથી. બાહ્ય ક્રિયા અને રાગમાં ધર્મ માને તે મિથ્યાત્વનો પુરુષાર્થ છે, ઊંધો પુરુષાર્થ છે. જિનેશ્વરની આજ્ઞા અનુસાર પુરુષાર્થ નથી. વિકાર અને નિમિત્તની ઉપેક્ષા કરી, સ્વભાવની અપેક્ષા કરે તે જિનેશ્વરના ઉપદેશ અનુસાર છે. મિથ્યા દષ્ટિ મુનિ સહન કરે તે ઊંધો પુરુષાર્થ છે. પાંચ મહાવ્રતના પરિણામ રાગ છે, તેનું પાલન કર્યું પણ આત્માની ઓળખાણ કરી નહિ તેથી તે બધો ઊંધો પુરુષાર્થ કર્યો, તેનાથી ફળની સિદ્ધિ ન થાય.

૧૨. સ્વભાવનો નિર્ણય કરવો એ જ પુરુષાર્થ છે. તીર્થંકરે ઉપદેશ કર્યો કે 'અમોએ જે દ્રવ્ય-ગુણ-પર્યાયના નિયમથી આત્માનું જ્ઞાન કર્યું, તેનો નિર્ણય તમે કરો તો આત્મજ્ઞાન થશે.' જ્ઞાન સ્વભાવ સિવાય આત્માનું બીજું કાંઈ કાર્ય નથી-એમ નિર્ણય કરવો એ જ પુરુષાર્થ છે. ક્રમબદ્ધ બેઠું હોય તેને સ્વભાવની શ્રદ્ધા હોય અને વિભાવને વિભાવ જાણે પણ અજ્ઞાની વિભાવને સ્વભાવ માને છે. સ્વભાવને સમજતો નથી તેથી ઊંધો પુરુષાર્થ કરે છે, શુભથી મોક્ષ ઇચ્છે છે. જે પુરુષાર્થપૂર્વક નિર્ણય કરે છે તે સર્વજ્ઞને માને છે.

૧૩. જ્ઞાનીને સ્વ-પર પ્રકાશક સ્વભાવ ખીલ્યો છે તેથી તે જાણે છે કે પોતાની અવસ્થા ક્રમબદ્ધ છે અને મિથ્યા દષ્ટિની પણ પર્યાય ક્રમબદ્ધ છે. દ્રવ્યલિંગીએ

અન્યથા પુરુષાર્થ કર્યો છે, સ્વભાવનો પુરુષાર્થ કર્યો નથી પણ વિભાવનો કર્યો છે. દયા, દાનાદિ, પૂજા-ભક્તિ આદિ વ્યવહાર સાધન કરે છે તેને ક્રમબદ્ધ પર્યાય બેઠું નથી. ક્રમ તો વસ્તુનો સ્વભાવ છે પણ મિથ્યા દષ્ટિની માન્યતામાં ક્રમ આવ્યો નથી. ક્રમ માનેલ હોય તો પુણ્યથી ધર્મ માને નહિ પણ સ્વભાવની શ્રદ્ધા કરે.

૧૪. તીર્થંકર ભગવાને સ્વભાવનો, વિભાવનો, ક્રમબદ્ધ પર્યાયનો, નિશ્ચય-વ્યવહારનો, ઉપાદાન-નિમિત્તનો ઉપદેશ આપ્યો છે. સાચા ઉપદેશથી નિર્ણય થતાં ભ્રમ દૂર થાય છે, કર્મ નડતું નથી. સાંભળનાર નિર્ણય કરે છે કે જ્ઞાન સ્વભાવી આત્મા છે, જાણવું-દેખવું તેનું કાર્ય છે, પરમાં ફેરફાર કરવો તે તેનું કાર્ય નથી. આમ સાચો નિર્ણય કરે તો ધર્મ થાય. પણ આ જીવ આવો પુરુષાર્થ કરતો નથી તેથી ભ્રમ દૂર થતો નથી. નિમિત્ત અને વિકાર ઉપરની દષ્ટિ છોડી સ્વભાવ તરફ દષ્ટિ કરે તો ભ્રમ ટળે પણ અજ્ઞાની જીવ તે પ્રકારનો પુરુષાર્થ કરતો નથી. નિર્ણય કરે તો મોહ કર્મ સ્વયં ટળે. હું જ્ઞાન સ્વભાવી આત્મા છું એવો નિર્ણય કરવાથી મોહની સ્થિતિ અનુભાગ ઘટી જાય છે.

૧૫. આત્મા જ્ઞાન સ્વભાવી છે, વિકાર ઉપાધિ છે, સંયોગ પર છે એવો નિર્ણય કરવો એ જ સત્ય પુરુષાર્થ છે. જ્ઞાન સ્વભાવી આત્મામાં ઉપયોગ લગાવતો નથી એ પોતાનો દોષ છે. કર્મનો કાંઈ દોષ નથી. આત્મામાં અંતર વલણ કરવું અને બાહ્ય વલણ છોડવું તે પુરુષાર્થ છે.

૧૬. આત્મા સંયોગને લાવનાર કે ટાળનાર નથી. ઈચ્છા તોડી સ્વભાવમાં લીનતા કરે તો પવિત્ર દશા પ્રગટ થાય, ત્યારે કર્મ સ્વયં ટળી જાય છે. જીવ-અજીવ આદિ સાત તત્ત્વ છે. તત્ત્વનો નિર્ણય કરવામાં પુરુષાર્થ કરવો. જીવ જ્ઞાન સ્વભાવી છે, શરીર અજીવ સ્વભાવી છે, પુણ્ય-પાપ, આસ્રવ-બંધ વિકાર સ્વભાવી છે. આત્માના આશ્રયે સંવર-નિર્જરા અને મોક્ષ પ્રગટે છે. ઉપદેશ સ્વભાવનો નિર્ણય કરવા માટે છે. ઉપાદાન-નિમિત્ત શું? વ્યવહાર-નિશ્ચય શું? દ્રવ્ય-ગુણ-પર્યાય શું? ક્રમબદ્ધ પર્યાય શું? એનો નિર્ણય કરવામાં પુરુષાર્થ લગાવે તો મોક્ષના ઉપાયમાં પુરુષાર્થની સિદ્ધિ થાય. જ્યાં ઉપયોગ લગાવે ત્યાં નિર્ણય થઈ શકે છે. સ્વમાં લગાવે તો સ્વનો અને પરમાં લગાવે તો પરનો નિર્ણય થઈ શકે છે.

૧૭. પ્રથમ વસ્તુના નિર્ણયપૂર્વક યથાર્થ શ્રદ્ધા કરવી જોઈએ, તેને બદલે વ્રત-તપાદિ કરવા માંડે ને તેમાં ધર્મ માની લ્યે તો અધર્મ થાય. વળી તત્ત્વ નિર્ણય કરવામાં

કાંઈ કર્મનો દોષ નથી, પણ પોતાના પુરુષાર્થનો દોષ છે. અજ્ઞાની જીવ પોતાને મહાત્મા માને છે અને કર્મ ખસે ત્યારે ધર્મ થાય એમ માની કર્મને ખસેડવા પ્રયત્ન કરે છે અને તેને પુરુષાર્થ માને છે પણ તે ઊંધો પુરુષાર્થ છે.

૧૮. ભગવાને તો કર્મનું જ્ઞાન કરાવ્યું છે પણ કર્મ નડે છે એમ તેઓએ કહ્યું નથી. અજ્ઞાની જીવને મિથ્યાત્વાદિ ભ્રમણામાં રહેવું છે અને પુણ્ય-પાપમાં ઉપયોગ લગાવે છે માટે આવું જૂઠું બોલે છે. અજ્ઞાની ઊંધો પુરુષાર્થ કરે છે. વિકારની રુચિ કરે છે પણ આત્માની રુચિ કરતો નથી, મોક્ષની એટલે કે આત્માની પૂર્ણ પવિત્ર દશાની અભિલાષા હોય તે કર્મનો દોષ કાઢે? અજ્ઞાની કર્મનો દોષ કાઢે છે.

૧૯. અજ્ઞાની જીવને મોક્ષની વાત બેસતી નથી, તે વેપાર આદિ તેમજ સંસારની બીજી પ્રવૃત્તિઓમાં વીર્ય રોકે છે પણ આત્મામાં યુક્તિ લગાવી સમજતો નથી. સ્વરૂપ સમજવામાં પુરુષાર્થ લગાવવો એ જ સાચો પુરુષાર્થ છે. જે **સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુ:ખ અનંત.....** એ વાત એને બેસતી નથી. જ્યાં રુચિ છે ત્યાં પુરુષાર્થ વળે છે. જો મોક્ષમાર્ગમાં રુચિ હોય તો તે તરફ પુરુષાર્થ વળ્યા વગર રહે નહિ.

૨૦. અજ્ઞાની ધર્મમાં થવું હશે તેમ થશે એમ કહીને સ્વચ્છંદ સેવે છે માટે કેવળજ્ઞાનની કે સર્વજ્ઞતાની એને શ્રદ્ધા નથી. જો કેવળજ્ઞાનનો નિર્ણય હોય તો પોતાના તરફ વળ્યા વિના રહે નહિ.

અહો ! આત્મા જ્ઞાન સ્વભાવી છે. જ્ઞાન જ્ઞેયને જાણે, રાગને તથા નિમિત્તને પણ જાણે, એવો સ્વભાવ સન્મુખ પુરુષાર્થ છે તેને રાગ અને નિમિત્ત તરફની દૃષ્ટિ ખસી ગઈ હોય છે અને સ્વભાવ તરફની દૃષ્ટિ થઈ છે તેનો ક્રમબદ્ધનો નિર્ણય સાચો છે.

આ રીતે પુરુષાર્થ શબ્દની સાચી પરિભાષા સમજી તત્ત્વ નિર્ણયમાં પુરુષાર્થ લગાવવો એ જ આત્માનું હિત છે. હું જ્ઞાન સ્વભાવી ભગવાન આત્મા છું એવો નિર્ણય કરવો એ જ સત્ય પુરુષાર્થ છે જેનાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે.

## ૧૭ સમ્યગ્જ્ઞાન

**સુખી થવાની સાચી રીત :**

૧. મોક્ષ વગર સંપૂર્ણ સુખ હોઈ શકે છે? .................... ના

૨. મુનિ દશા વગર મોક્ષ હોઈ શકે છે? ...................... ના

૩. આત્મજ્ઞાન વગર મુનિ દશા થાય? ........................ ના

૪. જ્ઞાન સ્વભાવના નિર્ણય વગર આત્મજ્ઞાન થાય? ........ ના

૫. સર્વજ્ઞના નિર્ણય વગર જ્ઞાન સ્વભાવનો નિર્ણય થાય?.... ના

**માટે,** જેને સુખી થવું હોય તેણે......

૧. સર્વજ્ઞને ઓળખીને તેમના જેવા પોતાના જ્ઞાન સ્વભાવનો નિર્ણય કરવો..... (સ્વરૂપની સમજણ) (જ્ઞાન)

૨. જ્ઞાન સ્વભાવનો નિર્ણય કરીને સ્વાનુભૂતિથી સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન કરવું... (શ્રદ્ધા)

૩. સમ્યગ્દર્શન-જ્ઞાન કરીને વૈરાગ્યપૂર્વક શુદ્ધોપયોગ વડે મુનિદશા પ્રગટ કરવી.... (ચારિત્ર)

૪. મુનિદશા પ્રગટ કરી આત્મસ્વરૂપમાં લીનતા વડે કેવળજ્ઞાન અને મોક્ષદશા પ્રાપ્ત કરવી..... (મોક્ષ)

૫. સિદ્ધ દશા પ્રાપ્ત થવાથી પછી કેવળ અક્ષય સુખ......સુખ....... અને સુખ (સુખ)

આ જ સાચો વીતરાગ માર્ગ છે. સર્વ શાસ્ત્રોનો સાર વીતરાગતા જ છે. વીતરાગ પ્રભુએ પૂર્ણ દશા પ્રાપ્ત કરી વીતરાગ માર્ગની પ્રરૂપણા કરી છે અને તે જ પૂર્ણ સત્ય છે. તને જો પૂર્ણ સુખ દશા પ્રાપ્ત કરવી હોય તો એ માર્ગે ચાલ-પૂર્ણતાને લક્ષે શરૂઆત એ જ વાસ્તવિક શરૂઆત છે.

**સમ્યક્** - આ શબ્દ પ્રશંસાવાચક છે, તે યથાર્થપણું સૂચવે છે. વિપરીત આદિ દોષોનો અભાવ તે 'સમ્યક્' છે.

**જ્ઞાન** - એટલે જાણવું.

પદાર્થના સ્વરૂપને યથાર્થ જાણવાનું નામ સમ્યગ્જ્ઞાન છે. તે પદાર્થ અનેકાંત સ્વભાવને ધારણ કરે છે. અનેક = ઘણાં, અંત = ધર્મ. એમ પોતાના અનંત ધર્મને-સ્વભાવને ધારણ કરે છે, તેનું જાણપણું અવશ્ય કરવું જોઈએ. કેવું છે જ્ઞાન? સંશય, વિપર્યય અને અનધ્યવસાય (વિમોહ)રહિત પોતાના આત્માનું તથા પરનું યથાર્થ જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન.

**સંશય :** ' આ પ્રમાણે છે કે આ પ્રમાણે છે ' એવું જે પરસ્પર વિરુદ્ધતાપૂર્વક બે પ્રકારરૂપ (વિરુદ્ધ બે તરફનું) જ્ઞાન હોય તેને સંશય કહે છે; જેમ કે આત્મા પોતાના કાર્યને કરી શકતો હશે કે જડના કાર્યને કરી શકતો હશે ! એવું જાણવું તે સંશય છે. જેમ રાત્રે કોઈને જોઈને સંદેહ થયો કે આ પદાર્થ માણસ પણ પ્રતિભાસે છે અને વ્યંતર જેવો પણ પ્રતિભાસે છે.

**વિપર્યય :** વસ્તુ સ્વરૂપથી વિરુદ્ધતાપૂર્વક 'આમ જ છે' એવું એકરૂપ જ્ઞાન તેનું નામ વિપર્યય છે. અન્યથા (વિપરીત)રૂપ એક તરફનું જ્ઞાન હોય તેને વિપર્યય કહે છે. જેમ કે 'શરીરને આત્મા જાણવો' તે વિપર્યય છે. જેમ કે મનુષ્યમાં વ્યંતરની પ્રતીતિ કરવી.

**અનધ્યવસાય (વિમોહ) :** 'કાંઈક છે' એવો નિર્ધાર રહિત વિચાર તેનું નામ અનધ્યવસાય છે. 'કાંઈક છે' એટલું જ જાણપણું હોય, વિશેષ વિચાર ન કરે તેને અનધ્યવસાય (અથવા વિમોહ) કહે છે. જેમ કે ગમન કરતાં તૃણના સ્પર્શનું જ્ઞાન થાય તે.

આ ત્રણ ભાવથી રહિત યથાર્થ જ્ઞાનનું નામ સમ્યગ્જ્ઞાન કહીએ.

પ્રશસ્ત અનેકાન્તાત્મક અર્થાત્ અનેક સ્વભાવવાળા તત્ત્વો અથવા પદાર્થોમાં નિર્ણય કરવા યોગ્ય છે અને તે સમ્યગ્જ્ઞાન સંશય, વિપર્યય અને વિમોહ રહિત આત્માનું નિજ સ્વરૂપ છે.

અનેકાન્ત છે સ્વભાવ જેનો એવા પદાર્થોમાં જાણપણું કરવું યોગ્ય છે. તે સમ્યગ્જ્ઞાન આત્માનું સ્વરૂપ છે, કારણ કે જે આ સાચું જ્ઞાન ઉત્પન્ન થયું છે તે કેવળજ્ઞાનમાં મળી શાશ્વત રહેશે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણે મળીને મોક્ષમાર્ગ બને છે. અર્થાત્ મોક્ષની પ્રાપ્તિનો ઉપાય છે.

જેમણે સમ્યક્ત્વનો આશ્રય લીધો છે તેવા આત્માના હિતકારી પુરુષોએ સર્વદા જિનાગમની પરંપરા અને યુક્તિ અર્થાત્ પ્રમાણ-નયના અનુયોગ વડે વિચારીને પ્રયત્નપૂર્વક સમ્યગ્જ્ઞાનનું સારી રીતે સેવન કરવું યોગ્ય છે. જે પદાર્થનું

સ્વરૂપ જિનાગમની પરંપરા સાથે મળતું આવે તેને પ્રમાણ નય વડે પોતાના ઉપયોગમાં બરાબર ગોઠવી, યથાર્થ જાણે તેનું નામ સમ્યગ્જ્ઞાન સેવવું.

**પ્રમાણ-નયનું સંક્ષેપ સ્વરૂપ :**

સમ્યગ્દર્શનાદિ રત્નત્રય અને જીવાદિ તત્ત્વોનું જ્ઞાન પ્રમાણ અને નયોથી થાય છે.

૧. **પ્રમાણ :** સાચા જ્ઞાનને-નિર્દોષ જ્ઞાનને અથવા સમ્યગ્જ્ઞાનને પ્રમાણ કહે છે. અનંત ગુણ યા ધર્મના સમુદાયરૂપ પોતાનું તથા પર વસ્તુનું સ્વરૂપ પ્રમાણ દ્વારા જાણવામાં આવે છે. પ્રમાણ વસ્તુના સર્વ દેશને (બધાં પડખાંને) ગ્રહણ કરે છે-જાણે છે.

૨. **નય :** પ્રમાણ દ્વારા નક્કી થયેલી વસ્તુના એક દેશને જે જ્ઞાન ગ્રહણ કરે તેને નય કહે છે. પ્રમાણ દ્વારા નક્કી થયેલ અનંત ધર્માત્મક વસ્તુના એક એક અંગનું જ્ઞાન મુખ્યપણે કરાવે તે નય છે. વસ્તુઓમાં ધર્મ અનંત છે, તેથી તેના અવયવો અનંત સુધી થઈ શકે છે, અને તેથી અવયવના જ્ઞાનરૂપ નય પણ અનંત સુધી થઈ શકે છે. શ્રુત પ્રમાણના વિકલ્પ, ભેદ કે અંશને નય કહેવામાં આવે છે. પ્રમાણ વડે જે પદાર્થ જાણ્યો હતો તેના એક ધર્મને મુખ્ય કરીને અનુભવ કરાવે તેને નય કહીએ. શ્રુતજ્ઞાનમાં જ નયરૂપ અંશ પડે છે. જે નય છે તે પ્રમાણ સાક્ષેપરૂપ હોય છે. (મતિ, અવધિ કે મનઃપર્યય જ્ઞાનમાં નયના ભેદ પડતા નથી.)

૩. **યુક્તિ :** પ્રમાણ અને નય યુક્તિનો વિષય છે. સત્શાસ્ત્રનું જ્ઞાન તે આગમ જ્ઞાન છે. આગમમાં જણાવેલા તત્ત્વોનું યથાર્થપણું યુક્તિ દ્વારા નક્કી કર્યા સિવાય તત્ત્વોના ભાવોનું યથાર્થ ભાસન થાય નહિ.

૪. **અનેકાંત અને એકાંત :** અનેકાંત = (અનેક+અંત) અનેક ધર્મો.
એકાંત = (એક + અંત) એક ધર્મ.

તે બંનેના બે બે ભેદ છે.

સમ્યક્ અનેકાંત : આ પ્રમાણ છે. - વસ્તુના ધર્મોને નિરૂપણ કરનાર.

મિથ્યા અનેકાંત : આ પ્રમાણ આભાસ છે- ખોટી કલ્પના કરવામાં આવે તે

સમ્યક્ એકાંત : આ નય છે. એક પડખાંનો વિષય કરનાર નય.

મિથ્યા એકાંત : આ નયાભાસ છે. - એક ધર્મનો નિશ્ચય કરી વસ્તુમાં રહેલા અન્ય ધર્મોનો નિષેધ કરવો.

**સમ્યગ્જ્ઞાનના ભેદ :**

૧. મતિ  ૨. શ્રુત  ૩. અવધિ  ૪. મન:પર્યય  ૫. કેવળજ્ઞાન.

એ પાંચ જ્ઞાન છે.

**મતિ :** પાંચ ઈન્દ્રિયો અને મન દ્વારા (પોતાની શક્તિ અનુસાર) જે જ્ઞાન થાય તે મતિજ્ઞાન છે.

**શ્રુતજ્ઞાન :** મતિ જ્ઞાન દ્વારા જાણવામાં આવેલ પદાર્થને વિશેષરૂપથી જાણવો તે શ્રુતજ્ઞાન છે.

**અવધિજ્ઞાન :** જે ઈન્દ્રિય કે મનના નિમિત્ત વિના રૂપી પદાર્થોને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની મર્યાદા સહિત પ્રત્યક્ષ જાણે તે અવધિજ્ઞાન છે.

**મન:પર્યયજ્ઞાન :** જે ઈન્દ્રિય કે મનના નિમિત્ત વિના જ અન્ય પુરુષના મનમાં સ્થિત રૂપી પદાર્થોને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની મર્યાદા સહિત પ્રત્યક્ષ જાણે તે મન:પર્યયજ્ઞાન છે.

**કેવળજ્ઞાન :** જે સર્વ દ્રવ્યોને અને સર્વ પર્યાયોને યુગપત્ (એક સાથે) પ્રત્યક્ષ જાણે તે કેવળજ્ઞાન છે.

જ્ઞાન ગુણ એક છે અને તેના પર્યાયના આ પાંચ પ્રકાર છે. આ પાંચમાંથી એક સમયે એક જ જ્ઞાનનો પ્રકાર ઉપયોગરૂપ હોય છે.

સમ્યગ્જ્ઞાન સમ્યગ્દર્શનપૂર્વક હોય છે; જિનેન્દ્ર દેવ સમ્યગ્જ્ઞાનને કાર્ય અને સમ્યગ્દર્શનને કારણ કહે છે. તેથી સમ્યક્ત્વ પછી તરત જ જ્ઞાનની આરાધના થાય છે.

મતિજ્ઞાન પદાર્થને તો જાણતું હતું, પરંતુ સમ્યક્ત્વ વિના તેનું નામ કુમતિ અને કુશ્રુતજ્ઞાન હતું. તે જ જ્ઞાન જે વખતે સમ્યક્ત્વ થયું તે જ સમયે મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન નામ પામ્યું, તેથી જ્ઞાન તો હતું પણ સમ્યક્ત્વપણું સમ્યક્ત્વથી જ થયું. માટે સમ્યક્ત્વ તો કારણરૂપ છે, સમ્યગ્જ્ઞાન કાર્યરૂપ છે. માટે સમ્યક્ત્વ પછી જ જ્ઞાનની આરાધના યોગ્ય છે, કારણ કે કારણથી કાર્ય થાય છે.

ખરેખર સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન બંને એક સમયે ઉત્પન્ન થવા છતાં પણ દીવો અને પ્રકાશની જેમ કારણ અને કાર્યની વિધિ સારી રીતે ઘટીત થાય છે. જેમ દીવો અને પ્રકાશ એક જ સમયે પ્રગટ થાય છે તો પણ દીવો પ્રકાશનું કારણ છે, પ્રકાશ કાર્ય છે, કેમ કે દીવાથી પ્રકાશ થાય છે. તેવી રીતે

સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાનનું કારણ છે, સમ્યગ્જ્ઞાન કાર્ય છે, કેમ કે સમ્યક્ત્વથી સમ્યગ્જ્ઞાન નામ પામે છે. સમ્યગ્જ્ઞાન એ આત્માના જ્ઞાન ગુણનો શુદ્ધ પર્યાય છે. સમ્યગ્જ્ઞાનનું સ્વરૂપ સ્વ અર્થ વ્યવસાય છે.

સ્વ = પોતાનું સ્વરૂપ, અર્થ = વિષય, વ્યવસાય = યથાર્થ નિશ્ચય.

જે જ્ઞાનમાં આ ત્રણ શરત પૂરી પડતી હોય તે સમ્યગ્જ્ઞાન છે.

જે જ્ઞાનમાં વિષય પ્રતિબોધ સાથે સાથે પોતાનું સ્વરૂપ પ્રતિભાસિત થાય અને તે પણ યથાર્થ હોય તો તે જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે.

આગળ કહ્યા તે પાંચ જ્ઞાન જ પ્રમાણ છે.

તેના બે ભેદ છે. ૧. પ્રત્યક્ષ. ૨. પરોક્ષ.

૧. **પ્રત્યક્ષ** : પ્રતિ + અક્ષ.

- અહીં 'અક્ષ' નો અર્થ આત્મા છે. આત્મા પ્રતિ જેનો નિયમ હોય એટલે પર નિમિત્ત-ઈન્દ્રિયો, મન, આલોક, ઉપદેશ વગેરે રહિત આત્માને આશ્રયે જે ઉપજે, જેમાં બીજુ કાંઈ નિમિત્ત ન હોય એવું જ્ઞાન તે પ્રત્યક્ષ જ્ઞાન કહેવાય છે.

પ્રત્યક્ષના પણ બે ભેદ છે.

૧. પરમાર્થિક પ્રત્યક્ષ ૨. સાંવ્યવહારિક પ્રત્યક્ષ.

જે જ્ઞાન કેવળ આત્માને જ આધીન થઈ જેટલો પોતાનો વિષય છે તેને વિશદતાથી સ્પષ્ટ જાણે તેને પરમાર્થિક પ્રત્યક્ષ કહેવાય છે. તેના પણ બે ભેદ છે. અવધિજ્ઞાન અને મન:પર્યયજ્ઞાન એકદેશ પ્રત્યક્ષ છે. કેવળજ્ઞાન સર્વ પ્રત્યક્ષ છે. વળી જે નેત્રાદિ ઈન્દ્રિયો દ્વારા વર્ણાદિકને સાક્ષાત્ ગ્રહણ કરે અર્થાત્ જાણે તેને સાંવ્યવહારિક પ્રત્યક્ષ કહીએ. પરમાર્થથી આ જાણવું પરોક્ષ જ છે, કારણ કે સ્પષ્ટ જાણપણું નથી.

૨. **પરોક્ષ** : જે જ્ઞાન પોતાના વિષયને સ્પષ્ટ ન જાણે તેને પરોક્ષ પ્રમાણ કહે છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનથી જે જાણવું થાય તે બધું પરોક્ષ નામ પામે છે. એ જ્ઞાન પરોક્ષ છે તેથી સંશયવાળા કે ભૂલવાળા છે -એમ માનવું નહિ; એ તો તદ્દન સાચા જ છે. એ જ્ઞાનના ઉપયોગ વખતે ઇન્દ્રિય કે મન નિમિત્ત છે તેથી પર અપેક્ષાએ તેને પરોક્ષ કહ્યા છે, સ્વ અપેક્ષાએ પાંચે પ્રકારના જ્ઞાન પ્રત્યક્ષ છે.

અવગ્રહ, ઈહા, અવાય અને ધારણારૂપ મતિજ્ઞાનને 'સાંવ્યવહારિક

પ્રત્યક્ષ' પણ કહેવામાં આવે છે. 'ઘડાના રૂપને મેં પ્રત્યક્ષ દીઠું' એમ લોકો કહે છે તેથી તે જ્ઞાન સાંવ્યવહારિક પ્રત્યક્ષ છે.

અવગ્રહ : ચેતનામાં જે થોડો વિશેષાકાર ભાસવા લાગે છે તે પહેલાં થનારું જ્ઞાન- તેને 'અવગ્રહ' કહે છે. (Perception)

ઈયા : અવગ્રહ દ્વારા જાણવામાં આવેલા પદાર્થને વિશેષરૂપ જાણવાની ચેષ્ટાને 'ઈયા' કહે છે. (Conception)

અવાય : વિશેષ ચિહ્ન દેખવાથી તેનો નિશ્ચય થઈ જાય છે. (Judgement)

ધારણા : અવાયથી નિર્ણય કરેલા પદાર્થને કાળાંતરે ન ભૂલવો તે ધારણા છે. (Retention)

આ મતિજ્ઞાનના ક્રમના ભેદો છે. તેનું સ્વરૂપ ઉતરોત્તર તરતમ્-વધારે ને વધારે શુદ્ધ હોય છે.

મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનથી જે જાણવું થાય તે બધું પરોક્ષ નામ પામે છે.

**પરોક્ષ પ્રમાણ :** જે જ્ઞાન પોતાના વિષયને સ્પષ્ટ ન જાણે તેને પરોક્ષ પ્રમાણ કહે છે. તેના પાંચ ભેદ છે.

૧.સ્મૃતિ ૨.પ્રત્યભિજ્ઞાન ૩.તર્ક ૪.અનુમાન ૫. આગમ

૧. **સ્મૃતિ :** પૂર્વે જે પદાર્થને જાણ્યો હતો પછી તેને યાદ કરીને કાળાંતરમાં જે જાણીએ તેને સ્મૃતિ કહીએ છીએ.

૨. **પ્રત્યભિજ્ઞાન :** જે પહેલાંની વાત યાદ કરીને પ્રત્યક્ષ પદાર્થનો નિશ્ચય કરવામાં આવે તેને પ્રત્યભિજ્ઞાન કહીએ છીએ. જેમ પહેલાં કોઈ પુરુષને જોયો હતો પછી તેને યાદ કર્યો કે આ તે જ પુરુષ છે જેને મેં પહેલા જોયો હતો.

૩. **તર્ક :** વ્યાપ્તિના જ્ઞાનને તર્ક કહીએ છીએ. 'આના વિના તે નહિ' એને વ્યાપ્તિ કહીએ. જેમ અગ્નિ વિના ધૂમાડો ન હોય, આત્મા વિના ચેતના ન હોય. આ વ્યાપ્તિના જ્ઞાનને તર્ક કહીએ.

૪. **અનુમાન :** લક્ષણ વડે પદાર્થનો નિશ્ચય કરીએ તેને અનુમાન કહીએ છીએ. જેમ કોઈ પર્વતમાંથી ધૂમાડો નીકળતો દેખીને નિશ્ચય કરવો કે અહીં અગ્નિ છે.

૫. **આગમ :** આ તેના વચનના નિમિત્તે પદાર્થને જાણવો તેને આગમ કહીએ છીએ. જેમ શાસ્ત્ર વડે લોકનું સ્વરૂપ જાણીએ.

મતિ અને શ્રુતજ્ઞાનની ઉત્પત્તિના કારણમાં ભેદ છે. મતિજ્ઞાન ઈન્દ્રિયો તથા મનના કારણે ઉત્પન્ન થાય છે, અને જે પદાર્થનો ઈન્દ્રિયો તથા મન દ્વારા મતિજ્ઞાનથી નિર્ણય થઈ ગયો હોય તે પદાર્થનું મન દ્વારા જે વિશેષતાથી જ્ઞાન થાય છે તે શ્રુતજ્ઞાન છે; માટે બંને જ્ઞાન એક નથી પણ જુદા જુદા છે.

મતિ, શ્રુત અને અવધિ આ ત્રણ જ્ઞાન વિપર્યય પણ હોય છે. તે મિથ્યા જ્ઞાનને કુમતિજ્ઞાન, કુશ્રુતજ્ઞાન તથા કુઅવધિજ્ઞાન(વિભંગ) જ્ઞાન કહે છે.

પોતાની ઈચ્છા દ્વારા જેમ તેમ ગ્રહણ કરવાને કારણે વિદ્યમાન અને અવિદ્યમાન પદાર્થોનું ભેદરૂપ જ્ઞાન (યથાર્થ વિવેક) ન હોવાને કારણે પાગલ પુરુષોના જ્ઞાનની માફક મિથ્યાદૃષ્ટિનું જ્ઞાન વિપરીત અથવા મિથ્યાજ્ઞાન જ હોય છે. પાંચ જ્ઞાનો સમ્યક્ હોવાથી તે પ્રમાણ છે અને મતિ, શ્રુત અને અવધિ એ ત્રણ મિથ્યાજ્ઞાન પણ હોય છે; અને જીવ અનાદિનો મિથ્યાદૃષ્ટિ હોવાથી તે સમ્યક્ત્વ ન પામે ત્યાં સુધી તેનું જ્ઞાન વિપર્યય છે. મિથ્યાજ્ઞાન કે જે જ્ઞાન હંમેશા મિથ્યાદર્શનપૂર્વક જ હોય છે. સુખના સાચા અભિલાષીએ તે મિથ્યાદર્શન પહેલાં જ ટાળવું જોઈએ. સાચી સમજણ કરી ખોટી કલ્પનાઓનો નાશ કરવો જ જોઈએ. જાણેલા પદાર્થની શ્રદ્ધા કરવી તે જ્ઞાનનું કાર્ય છે. એ પ્રકારનું જ્ઞાનનું કાર્ય મિથ્યાદૃષ્ટિ જીવમાં થતું નથી તેથી તેના જ્ઞાનને અજ્ઞાન કહ્યું છે.

**નય :**

શ્રુતજ્ઞાન પ્રમાણનો જે અંશ તેને નય કહીએ છીએ. પ્રમાણ વડે જે પદાર્થ જાણ્યો હતો તેના એક ધર્મને મુખ્ય કરીને અનુભવ કરાવે તેને નય કહે છે. વસ્તુના અનેક ધર્મોમાંથી કોઈ એકને મુખ્ય કરી, અન્ય ધર્મોનો વિરોધ કર્યા વગર તેમને ગૌણ કરી સાધ્યને જાણવો તે નય છે. હેતુ અને વિષયના સામર્થ્યની અપેક્ષાએ પ્રમાણથી નિરૂપણ કરવામાં આવેલા અર્થના એક દેશને કહેવો તે નય છે. તેને 'સમ્યક્ એકાંત' પણ કહે છે.

શ્રુત પ્રમાણ સ્વાર્થ અને પરાર્થ બે પ્રકારે છે, તેમાં પરાર્થ શ્રુતપ્રમાણનો અંશ તે નય છે.

શાસ્ત્રોના ભાવો સમજવા માટે નયોનું સ્વરૂપ સમજવાની જરૂર છે. તે નયોના મુખ્ય બે ભેદ છે. ૧. દ્રવ્યાર્થિક અને ૨. પર્યાયાર્થિક. જે દ્રવ્યને મુખ્ય કરી અનુભવ કરાવે તે દ્રવ્યાર્થિક નય છે. તેના ત્રણ ભેદ છે.

૧. નૈગમ નય ૨.સંગ્રહ નય ૩. વ્યવહાર નય.

પર્યાયાર્થિક નયના ચાર ભેદ છે.

૧. ઋજુસૂય નય ૨. શબ્દ નય ૩. સમભિરૂઢ નય ૪. એવમ્ભૂત નય.

આ રીતે સાત નય થયા.

૧. **નૈગમ નય :** જે ભૂતકાળના પર્યાયમાં વર્તમાનવત્ સંકલ્પ કરે અથવા ભવિષ્યના પર્યાયમાં વર્તમાનવત્ સંકલ્પ કરે તથા વર્તમાન પર્યાયમાં કંઈ નિષ્પન્ન (પ્રગટરૂપ) છે અને કંઈક નિષ્પન્ન નથી તેનો નિષ્પન્નરૂપ સંકલ્પ કરે તે જ્ઞાનને તથા વચનને નૈગમ નય કહે છે. જે સંકલ્પ માત્રથી પદાર્થનું ગ્રહણ કરવું-જાણવું તેને નૈગમ નય કહે છે. (Figurative)

૨. **સંગ્રહ નય :** જે સમસ્ત વસ્તુઓને તથા સમસ્ત પર્યાયને સંગ્રહરૂપ કરી જાણે તથા કહે તે સંગ્રહ નય છે. સામાન્ય રૂપથી પદાર્થોના ગ્રહણને સંગ્રહ નય કહે છે. જેમ કે-છ જાતિના સમસ્ત દ્રવ્યો દ્રવ્ય સંજ્ઞા-લક્ષણ સહિત છે. એ છ દ્રવ્યોના સમુહને દ્રવ્ય કહેવું તે- જેમ સત્, દ્રવ્ય ઈત્યાદિ. (General, Comman)

૩. **વ્યવહાર નય :** સંગ્રહ નય દ્વારા ગ્રહણ કરેલા પદાર્થોનો વિધિપૂર્વક ભેદ કરે, સામાન્યરૂપથી જાણેલ પદાર્થના વિશેષ (ભેદ) કરવા તેને વ્યવહાર નય કહે છે. અનેક પ્રકારના ભેદ કરી વ્યવહાર કરે-ભેદ તે વ્યવહાર નય છે. જેમ કે દ્રવ્યના છ ભેદ કરવા. જેમ સત્ બે પ્રકારે છે - દ્રવ્ય અને ગુણ. દ્રવ્યના છ ભેદ છે-જીવ, પુદ્‌ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ. ગુણના બે ભેદ છે-સામાન્ય અને વિશેષ. આ રીતે જ્યાં સુધી ભેદ થઈ શકે છે ત્યાં સુધી આ નય પ્રર્વતે છે. (Distributive)

**પર્યાયર્થિક નયના ભેદ:**

૪. **ઋજુસૂત્ર નય :** (ઋજુ એટલે વર્તમાન, હાજર, સરળ) જે જ્ઞાનનો અંશ વર્તમાન પર્યાય માત્રને ગ્રહણ કરે તે ઋજુસૂત્ર નય છે. ઋજુસૂત્ર નય વર્તમાન પર્યાયમાત્રને જાણે છે. (Present Condition)

૫. **શબ્દ નય :** જે નય લિંગ, સંખ્યા, કારક આદિના વ્યાભિચારને દૂર કરે છે તે શબ્દ નય છે. આ નય લિંગાદિકના ભેદથી પદાર્થને ભેદરૂપ ગ્રહણ કરે છે-જાણે છે. જેમ દાર(પુ.), ભાર્યા(સ્ત્રી.) કલત્ર(ન.) એ દાર , સ્ત્રી, કલત્ર ત્રણ શબ્દો ભિન્ન લિંગવાળા હોવાથી, જો કે એક જ પદાર્થના વાચક છે. તો પણ આ નય સ્ત્રી પદાર્થને લિંગના ભેદથી ત્રણ ભેદરૂપ જાણે છે. (Discriptive)

**૬.સમભિરૂઢ નય :** (ક) જે જુદા જુદા અર્થોને ઉલ્લંઘી એક અર્થને રૂઢિથી ગ્રહણ કરે - જેમ કે - ગાય. (Usage)

(ખ) પર્યાયના ભેદથી અર્થને ભેદરૂપ ગ્રહણ કરે તે. જેમ ઈન્દ્ર,પુરંદર,શક્ર એ ત્રણ શબ્દો ઈન્દ્રના નામ છે પણ પણ આ નય ત્રણેનો જુદો જુદો અર્થ કરે છે. (Specific)

**૭. એવમ્ભૂત નય :** જે શબ્દનો જે ક્રિયારૂપ અર્થ છે તે ક્રિયારૂપ પરિણમતા પદાર્થને જે નય ગ્રહણ કરે છે તેને એવમ્ભૂત નય કહે છે. જેમ કે પૂજારીને પૂજા કરતી વખતે જ પૂજારી કહેવો. (Active)

દ્રવ્ય એ નામ વસ્તુઓનું પણ છે, અને વસ્તુઓના સામાન્ય સ્વભાવમય એક સ્વભાવનું પણ છે. જ્યારે દ્રવ્ય પ્રમાણનો વિષય હોય ત્યારે તેનો અર્થ વસ્તુ (દ્રવ્ય, ગુણ અને ત્રણે કાળના પર્યાયો સહિત) એવો કરવો; નયોના પ્રકરણમાં જ્યારે દ્રવ્યાર્થિક વપરાય ત્યારે 'સામાન્ય સ્વભાવમય એક સ્વભાવ' (સામાન્યત્મક ધર્મ) એવો તેનો અર્થ કરવો.

નયના જ્ઞાન નય, શબ્દ નય અને અર્થ નય એવા પણ ત્રણ પ્રકાર પડે છે.

૧. વાસ્તવિક પ્રમાણ જ્ઞાન છે; અને એક દેશગ્રાહી તે હોય ત્યારે તેને નય કહે છે, તેથી જ્ઞાનનું નામ નય છે અને તેને જ્ઞાન નય કહેવામાં આવે છે.

૨. જ્ઞાન દ્વારા જાણેલા પદાર્થનું પ્રતિપાદન શબ્દ દ્વારા થાય છે તેથી તે શબ્દને શબ્દ નય કહેવામાં આવે છે.

૩. જ્ઞાનનો વિષય પદાર્થ છે તેથી નયથી પ્રતિપાદન કરવામાં આવતા પદાર્થને પણ નય કહેવામાં આવે છે, તે અર્થ નય છે.

સાતમાં પહેલા ચાર નય અર્થ નય છે, પછીના શબ્દ નય છે.

આત્માના સંબંધમાં આ સાત નયો નીચેના ચૌદ બોલમાં શ્રીમદ્ રાજચંદ્રજીએ ઉતારેલ છે તે સાધકને ઉપયોગી હોવાથી અહીં અર્થ સાથે આપવામાં આવ્યા છે.

૧. એવમભૂત દૃષ્ટિથી ઋજુસૂત્ર સ્થિતિ કર = પૂર્ણતાને લક્ષે શરૂઆત કર.

૨. ઋજુસૂત્ર દૃષ્ટિથી એવમ્ભૂત સ્થિતિ કર = સાધક દૃષ્ટિ દ્વારા સાધ્યમાં સ્થિતિ કર.

૩. નૈગમ દૃષ્ટિથી એવમ્ભૂત પ્રાપ્તિ કર = તું પૂર્ણ છો એવી સંકલ્પ દૃષ્ટિ વડે પૂર્ણતાને પ્રાપ્ત કર.

૪. એવમ્‌ભૂત દષ્ટિથી નૈગમ વિશુદ્ધ કર = પૂર્ણ દષ્ટિથી અવ્યક્ત અંશ વિશુદ્ધ કર

૫. સંગ્રહ દષ્ટિથી એવમ્‌ભૂત થા = ત્રિકાળી સત્ દષ્ટિથી પૂર્ણ શુદ્ધ પર્યાય પ્રગટ કર.

૬. એવમ્‌ભૂત દષ્ટિથી સંગ્રહ વિશુદ્ધ કર = નિશ્ચય દષ્ટિથી સત્તાને વિશુદ્ધ કર

૭. વ્યવહાર દષ્ટિથી એવમ્‌ભુત પ્રત્યે જા. = ભેદ દષ્ટિ છોડીને અભેદ પ્રત્યે જા

૮. એવમ્‌ભૂત દષ્ટિથી વ્યવહાર નિવૃત્તિ કર = અભેદ દષ્ટિથી ભેદને નિવૃત્ત કર.

૯. શબ્દ દષ્ટિથી એવમ્‌ભૂત પ્રત્યે જા = શબ્દના રહસ્યભૂત પદાર્થની દષ્ટિથી પૂર્ણતા પ્રત્યે જા.

૧૦. એવમ્‌ભૂત દષ્ટિથી શબ્દ નિર્વિકલ્પ કર = નિશ્ચય દષ્ટિથી શબ્દના રહસ્યભૂત પદાર્થમાં નિર્વિકલ્પ થા.

૧૧. સમભિરુઢ દષ્ટિથી એવમ્‌ભૂત અવલોક = સાધક અવસ્થાના આરૂઢભાવથી નિશ્ચયને જો.

૧૨. એવમ્‌ભૂત દષ્ટિથી સમભિરૂઢ સ્થિતિ કર = નિશ્ચય દષ્ટિથી સમસ્વભાવ પ્રત્યે આરૂઢ સ્થિતિ કર.

૧૩. એવમ્‌ભૂત દષ્ટિથી એવમ્‌ભૂત થા = નિશ્ચય દષ્ટિથી નિશ્ચયરૂપ થા.

૧૪. એવમ્‌ભૂત સ્થિતિથી એવમ્‌ભૂત દષ્ટિ શમાવ = નિશ્ચય સ્થિતિથી નિશ્ચય દષ્ટિના વિકલ્પને શમાવ.

**ખરા ભાવો લૌકિક ભાવોથી વિરૂદ્ધ હોય છે.**

લોક ન સમજે તેથી વિરોધ ભલે કરે; અહીં યથાર્થ સ્વરૂપ (તત્વ) વિચારવામાં આવે છે-પરીક્ષા કરવામાં આવે છે. ઔષધી રોગીની ઈચ્છાનુસાર હોતી નથી. જગત રોગી છે, તેને અનુકૂળ આવે એમ જ્ઞાનીઓ તત્ત્વનું સ્વરૂપ(ઔષધી) ન કહે, પણ જેમ યથાર્થ સ્વરૂપ હોય તેમ તેઓ કહે.

નયના બે પ્રકાર છે. દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક. તેમાં જે દ્રવ્ય-પર્યાયસ્વરૂપ વસ્તુમાં દ્રવ્યનો મુખ્યપણે અનુભવ કરાવે તે દ્રવ્યાર્થિક નય છે અને જે પર્યાયને મુખ્યપણે અનુળવ કરાવે તે પર્યાયાર્થિક નય છે. દ્રવ્યાર્થિક નયનો વિષય ત્રિકાળી દ્રવ્ય છે અને પર્યાયાર્થિક નયનો વિષય ક્ષણિક પર્યાય છે.

**દ્રવ્યાર્થિક નયના બીજા નામ :** નિશ્ચય, શુદ્ધ, સત્યાર્થ, પરમાર્થ, ભૂતાર્થ, સ્વાલંબી, સ્વાશ્રિત, સ્વતંત્ર, સ્વાભાવિક, ત્રિકાળી, ધ્રુવ, અભેદ અને સ્વલક્ષી.

**પર્યાયાર્થિક નયના બીજા નામ** : વ્યવહાર, અશુદ્ધ, અસત્યાર્થ, અપરમાર્થ, અભૂતાર્થ, પરાલંબી, પરાશ્રિત, પરતંત્ર, નિમિત્તાધીન, ક્ષણિક, ઉત્પન્નધ્વંસી, ભેદ, પરલક્ષી.

**વ્યવહાર નય**- સ્વદ્રવ્ય-પરદ્રવ્યને અથવા તેના ભાવોને અથવા કારણ-કાર્યાદિને કોઈના કોઈમાં મેળવી નિરૂપણ કરે છે તેથી એવા જ શ્રદ્ધાનથી મિથ્યાત્વ છે, માટે તેનો ત્યાગ કરવો.

**નિશ્ચય નય**-સ્વદ્રવ્ય-પરદ્રવ્યને અથવા તેના ભાવોને અથવા કારણ-કાર્યાદિને યથાવત્ નિરૂપણ કરે છે, તથા કોઈને કોઈમાં મેળવતો નથી તેથી એવા જ શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે. માટે તેનું શ્રદ્ધાન કરવું. એ બંને નયોને સમકક્ષી (સરખી હદ) માનવા તે મિથાયત્વ છે.

**જ્ઞાન બંને નયોનું કરવું પણ તેમાં પરમાર્થે આદરણીય નિશ્ચય નય છે એમ શ્રદ્ધા કરવી.**

**નિશ્ચયાભાસીનું સ્વરૂપ** : જે જીવ આત્માના ત્રિકાળી સ્વરૂપને સ્વીકારે પણ વર્તમાન પર્યાયમાં પોતાને વિકાર છે તે ન સ્વીકારે-તે નિશ્ચયાભાસી છે, તેને શુષ્ક જ્ઞાની પણ કહેવામાં આવે છે.

**વ્યવહારાભાસીનું સ્વરૂપ :** જીવને શુભ ભાવથી ધર્મ થાય છે એમ સ્વીકારે, પણ જીવના ત્રિકાળી ધ્રુવ સ્વભાવને ન સ્વીકારે અને તેથી તે તરફ પોતાનું વલણ ન ફેરવે તે વ્યવહારાભાસી છે; તેને ક્રિયા જડ પણ કહેવામાં આવે છે. શરીરની ક્રિયાથી ધર્મ થાય એમ માને તે તો વ્યવહારાભાસથી પણ ઘણે દૂર છે.

**નીતિનું સ્વરૂપ** : દરેક વસ્તુ સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવે પોતાથી છે અને પર વસ્તુના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે તે વસ્તુ નથી, તેથી દરેક વસ્તુ પોતાનું જ કાર્ય કરી શકે-એમ જાણવું તે ખરી નીતિ છે.જિનેન્દ્ર દેવે કહેલું અનેકાંત સ્વરૂપ, પ્રમાણ અને નિશ્ચય-વ્યવહારરૂપ નય એ જ નીતિ છે. જે સત્યપુરુષો અનેકાંત સાથે સુસંગત દૃષ્ટિ વડે અનેકાંતમય વસ્તુ સ્થિતિને દેખે છે

તેઓ સ્યાદ્‌વાદની શુદ્ધિને પામીને-જાણીને એટલે કે જિનેશ્વરના માર્ગને-ન્યાય નહિ ઉલંઘતા થકા જ્ઞાન સ્વરૂપ થાય છે. મિથ્યા એકાંત દષ્ટિને વીતરાગ ભગવાન પરિગ્રહ કહે છે, અને તે સમ્યક્ અનેકાંત દષ્ટિ વડે દૂર થઈ શકે છે.

**સમ્યગ્જ્ઞાનના આઠ અંગ :**

ગ્રંથરૂપ(શબ્દરૂપ), અર્થરૂપ અને ઉભય અર્થાત્ શબ્દ-અર્થરૂપ શુદ્ધતાથી પરિપૂર્ણ, કાળમાં અર્થાત્ અધ્યયનકાળમાં આરાધવા યોગ્ય, મન, વચન, કાયાની શુદ્ધતા સ્વરૂપ વિનય અને વંદન, નમસ્કારાદિ સહિત તથા વિદ્યાગુરુને છુપાવ્યા વિના જ્ઞાન આરાધવા યોગ્ય છે.

૧. **વ્યંજનાચાર** : જ્યાં માત્ર શબ્દોના પાઠનું જ જાણપણું હોય તેને વ્યંજનાચાર અંગ કહે છે.

૨. **અર્થાચાર** : જ્યાં કેવળ અર્થ માત્રના પ્રયોજન સહિત જાણપણું હોય તેને અર્થાચાર કહે છે.

૩. **ઉભયાચાર** : જ્યાં શબ્દ અને અર્થ બંનેમાં સંપૂર્ણ જાણપણું હોય તેને શબ્દાર્થ ઉભયપૂર્ણ અંગ કહે છે.

૪. **કાલાચાર** : કાળે = જે કાળે જે જ્ઞાનનો વિચાર જોઈએ તે જ કરવો.(સૂર્યોદય, સૂર્યાસ્ત, બપોર અને મધ્ય રાત્રિ તેના પહેલા અને પછીના મુહૂર્ત તે સંધ્યાકાળ છે) તે કાળ છોડીને બાકીના ચાર ઉત્તમ કાળોમાં પઠન-પાઠનાદિરૂપ સ્વાધ્યાય કરવો તેને કાલાચાર કહે છે. આ ચોથું અંગ છે.

૫. **વિનયાચાર** : વળી કેવી રીતે જ્ઞાન આરાધવું? નમ્રતાયુક્ત થવું. ઉદ્ધત ન થવું. એ પાંચમું અંગ છે.

૬. **ઉપધાનાચાર** : વળી કેવું જ્ઞાન આરાધવું? ધારણા સહિત જ્ઞાનને ભૂલવું નહિ; ઉપધાન સહિત જ્ઞાનનું આરાધન કરવું તે છઠ્ઠું અંગ છે.

૭. **બહુમાનાચાર** : તથા કેવું છે જ્ઞાન? જ્ઞાનનો પુસ્તક-શાસ્ત્રનો અથવા શીખવનારનો ખૂબ આદર કરવો-તે સહિત જ્ઞાનનું આરાધન તે સાતમું અંગ છે.

૮. **અનહ્નિવાચાર** : વળી કેવું જ્ઞાન? જે શાસ્ત્ર તથા ગુરુથી પોતાને જ્ઞાન થયું છે તેને છુપાવવા નહિ. આ આઠમું અંગ છે.

આ રીતે આઠ અંગ સહિત સમ્યગ્જ્ઞાન અંગીકાર કરવું.

સમ્યગ્દષ્ટિને મૂળભૂત જીવાદિ પદાર્થોની ખબર છે તેથી જેટલા ઉત્તર પદાર્થો ખબર છે તેથી જેટલા ઉત્તર પદાર્થો (વિશેષ પદાર્થો) જાણવામાં આવે તે બધાને યથાર્થપણે સાધે છે. તેથી સમ્યગ્દષ્ટિના જ્ઞાનને સમ્યક્‌રૂપ કહ્યું છે. મિથ્યા દૃષ્ટિ ને મૂળ પદાર્થોની ખબર નથી તેથી જેટલા ઉત્તર પદાર્થો જાણવામાં આવે તે સર્વને પણ અયથાર્થરૂપ સાધે છે તેથી મિથ્યાદૃષ્ટિના જ્ઞાનને મિથ્યારૂપ કહે છે.

**જ્ઞાન સ્વભાવી આત્મા :**

આત્મા જ્ઞાન અને આનંદ જેનું સ્વરૂપ છે એવી સ્વરૂપ લક્ષ્મીનો અખૂટ ભંડાર છે. કેવળજ્ઞાનાદિ પર્યાયો અનંતી પ્રગટે તોય અનંત કાળે ન ખૂટે એવું અખૂટ નિધાન છે. અહાહા...! જેનો સ્વભાવ જ જ્ઞાન છે તેની વાત શું? આવા ભગવાન આત્માનું આલંબન લેતાં ભ્રાંતિનો નાશ થઈ આત્મલાભ થાય છે. આત્મામાં અનંત અનંત અનંત ક્રોડો રતન ભર્યા છે. ભાઈ ! તું એમાં અંતરદૃષ્ટિ કર, તને ભગવાનનો ભેટો થશે, અતીન્દ્રિય આનંદ પ્રગટશે અને અશુદ્ધતાનો પરિહાર થશે.

અરે ભાઈ ! જેને સ્વરૂપનો મહિમા જાગ્યો અને પ્રસન્ન ચિત્તે તેના સ્વરૂપને સાંભળ્યું તેને ' હું અબદ્ધ છું' એવો નિર્ણય થયો છે. ભલે તે વિકલ્પરૂપ હો, પણ 'આ હું છું' એમ સ્વરૂપનો પક્ષ કરનારને રાગનો-વ્યવહારનો પક્ષ છૂટી જાય છે અને તેથી તે સ્વરૂપનો આશ્રય કરી અલ્પકાળમાં મુક્તિને પાત્ર થઈ જાય છે. અહાહા....! જેણે ચિત્ચમત્કાર સ્વરૂપ ભગવાન આત્માના અપરિમિત સામર્થ્યની વાત ઉલ્લસિત વીર્યથી સાંભળી છે તેને 'હું અબદ્ધ છું, મુક્ત સ્વરૂપ છું, આનંદનું ધામ છું' એમ અંતરમાં પ્રક્ષ-પ્રેમ થયો છે અને તેથી તે રાગથી ભિન્ન પડીને ભાવિના સ્વરૂપનો આશ્રય લઈ અવશ્ય મુક્તિને પાત્ર થઈ જશે. જુઓ ! આ સ્વરૂપની વાર્તા સાંભળવાનો મહિમા ! સ્વરૂપના આશ્રયનું તો કહેવું જ શું?

**જ્ઞાન સંબંધી દસ બોલ :**

૧. જ્ઞાનનું જ એકનું આલંબન કરવું, કેમ કે

૨. તેના આલંબનથી જ નિજ પદની પ્રાપ્તિ થાય છે.

૩. તે વડે ભ્રાંતિનો નાશ થાય છે.

૪. ભ્રાંતિનો નાશ થતાં આત્માનો લાભ થાય છે.

૫. તે વડે અનાત્માનો પરિહાર સિદ્ધ થાય છે, અને

૬. તેનાથી કર્મ જોરાવર થઈ શકતું નથી, તથા

૭. રાગ-દ્વષ-મોહ ઉત્પન્ન થતાં નથી,

૮. તેનાથી કર્મ આસ્રવતું નથી, નવું કર્મ બંધાતું નથી,

૯. પૂર્વના બંધાયેલાં કર્મ નિર્જરી જાય છે તથા

૧૦. સમસ્ત કર્મનો અભાવ થતાં સાક્ષાત્ મોક્ષ થાય છે.

# ૧૮ નિશ્ચય અને વ્યવહાર (વિશેષ)

**સામાન્ય સ્વરૂપ :**

૧. જૈન શાસ્ત્રોના અર્થ સમજવાની મુખ્ય પાંચ રીત છે

૧. શબ્દાર્થ ૨. નયાર્થ ૩. મતાર્થ ૪.આગમાર્થ ૫. ભાવાર્થ

**નયાર્થ :** કયા નયનું કથન છે. વસ્તુ સ્વરૂપ બતાવનાર નિશ્ચય નયનું કથન છે કે તેમાં ભેદ-નિમિત્તાદિનો ઉપચાર બતાવનાર વ્યવહાર નયનું કથન છે. તે નક્કી કરી અર્થ કરવો તે નયાર્થ છે.

૨. પદાર્થને જાણવાના શાસ્ત્રોમાં ચાર ઉપાય બતાવ્યા છે.

૧. લક્ષણ ૨. પ્રમાણ ૩. નય ૪. નિક્ષેપ

**લક્ષણ :** ઘણા મળેલા પદાર્થોમાંથી કોઈ એક પદાર્થને જુદો કરનાર હેતુને લક્ષણ કહે છે. દા.ત. જીવનું લક્ષણ ચેતના

**પ્રમાણ :** સાચા જ્ઞાનને-નિદોર્ષ જ્ઞાનને અર્થાત્ સમ્યગ્જ્ઞાનને પ્રમાણ કહે છે. અનંત ગુણ યા ધર્મના સમુદાયરૂપ પોતાનું તથા પર વસ્તુનું સ્વરૂપ પ્રમાણ દ્વારા જાણવામાં આવે છે. સ્વ અને પર પદાર્થના નિર્ણય કરનાર જ્ઞાનને પ્રમાણ કહે છે. પ્રમાણ વસ્તુંના સર્વ દેશને (બધા પડખાંને) ગ્રહણ કરે છે, જાણે છે.

**નય :** પ્રમાણ દ્વારા નક્કી થયેલી વસ્તુના એક દેશને જે જ્ઞાન ગ્રહણ કરે છે તેને નય કહે છે. પ્રમાણ દ્વારા નક્કી થયેલ અનેક ધર્માત્મક વસ્તુના એક એક અંગનું જ્ઞાન મુખ્યપણે કરાવે તે નય છે. વસ્તુઓમાં ધર્મ અનંત છે તેથી તેના અવયવો અનંત સુધી થઈ શકે છે, અને તેથી અવયવના જ્ઞાનરૂપ નય પણ અનંત સુધી થઈ શકે છે. શ્રુતપ્રમાણના વિકલ્પ, ભેદ કે અંશને નય કહેવામાં આવે છે. શ્રુતજ્ઞાનમાં જ નયરૂપ અંશ પડે છે. જે નય છે તે પ્રમાણ-સાપેક્ષરૂપ હોય છે. (મતિ, અવધિ કે મન:પર્યયજ્ઞાનમાં નયના ભેદ પડતા નથી.)

સમ્યગ્દર્શનાદિ રત્નત્રય અને જીવાદિ તત્ત્વોનું જ્ઞાન પ્રમાણ અને નયોથી થાય છે.

**નિક્ષેપ:** પ્રમાણ અને નય એ યુક્તિનો વિષય છે. સત્શાસ્ત્રનું જ્ઞાન તે આધમ જ્ઞાન છે. આગમમાં જણાવેલ તત્ત્વોનું યથાર્થપણું યુક્તિ દ્વારા નક્કી કર્યા સિવાય તત્ત્વોના ભાવોનું યથાર્થ ભાસન થાય નહિ. યુક્તિ દ્વારા સંયુક્ત માર્ગ પ્રમાણે થતાં કાર્ય વશથી નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવમાં પદાર્થના સ્થાપનને નિક્ષેપ કહે છે.

**નિશ્ચય અને વ્યવહાર નય :**

નય 'સ્યાદ્વાદરૂપ' સમ્યક્ શ્રુતજ્ઞાનનું અંશ છે. અનંત ધર્માત્મક પદાર્થના કોઈ એક ધર્મને અથવા પરસ્પર વિરોધ પ્રતિત થવાવાળા ધર્મ પુદ્ગલોમાંથી કોઈ એક ધર્મને નય પોતાનો વિષય બનાવે છે. વસ્તુ સ્વરૂપના પ્રતિપાદનમાં 'નય' પ્રમાણિક છે. જૈન દર્શન અનેકાંતવાદી દર્શન છે. એ વાદ નયોની ભાષમાં જ વ્યક્ત થાય છે. નયોના મુખ્ય બે પ્રકાર છે.

૧. નિશ્ચય નય ૨. વ્યવહાર નય

**નિશ્ચય નય :** સ્વદ્રવ્ય-પરદ્રવ્યને અથવા તેના ભાવોને અથવા કારણ-કાર્યાદિને યથાવત્(જેમ છે તેમ) નિરૂપણ કરે છે તથા કોઈને કોઈમાં મેળવતો નથી તે નિશ્ચય નય છે. અભેદ અને અનુપચાર રૂપથી વસ્તુનું નિશ્ચય કરવું તે નિશ્ચય નય છે.

**વ્યવહાર નય :** સ્વદ્રવ્ય-પરદ્રવ્યને અથવા તેના ભાવોને અથવા કારણ કાર્યાદિને કોઈના-કોઈમાં મેળવી નિરૂપણ કરે છે તે વ્યવહાર નય છે. ભેદ અને ઉપચારથી વસ્તુનું વ્યવહાર કરવું તે વ્યવહાર નય છે.

**નિશ્ચય અને વ્યવહારના સ્વરૂપનો સાર આ મુજબ છે :-**

નિશ્ચય એટલે યથાર્થ વસ્તુ સત્યાર્થપણે જેમ હોય તેમ જ કહેવું.

વ્યવહાર એટલે વસ્તુ સત્યાર્થપણે તેમ ન હોય પણ પર વસ્તુ સાથેનો સંબંધ બતાવવા મેળવીને ભેદ કરીને કથન કરવું.

નિશ્ચય નયનું કાર્ય પરથી ભિન્નત્વ અને નિજમાં અભિન્નત્વ સ્થાપિત કરવાનું છે તથા વ્યવહારનું કાર્ય અભેદ વસ્તુને ભેદ કરીને સમજાવવાનું સાથે સાથે ભિન્ન ભિન્ન વસ્તુઓના સંયોગ એને તે નિમિત્તક સંયોગી ભાવોનું જ્ઞાન કરાવવાનું છે.

| | નિશ્ચય | વ્યવહાર |
|---|---|---|
| ૧. | યથાર્થ | અયથાર્થ |

| | |
|---|---|
| ૨. સ્વાભાવિક ભાવ | નિમિત્તાધીન ભાવ |
| ૩. સત્યાર્થ | અસત્યાર્થ |
| ૪. ભૂતાર્થ | અભૂતાર્થ |
| ૫. ધ્રુવ ભાવ | ઉત્પન્ન ધ્વંસીભાવ |
| ૬. ત્રિકાળ ટકે એવો ભાવ | ક્ષણમાત્ર ટકે એવો ભાવ |
| ૭. સ્વલક્ષી ભાવ | પરલક્ષી ભાવ |
| ૮. ખરેખરું સ્વરૂપ | કથનમાત્ર સ્વરૂપ |
| ૯. સ્વદ્રવ્યાશ્રિત | સંયોગાશ્રિત |
| ૧૦. પોતાના ભાવને પોતાનો કહેવો | બીજાના ભાવને બીજાનો કહેવો |
| ૧૧. નિરાકુળતા | આકુળતા |
| ૧૨. આશ્રય કરવા લાયક | આશ્રય કરવા લાયક નથી |

નિશ્ચય નયનો વિષય અભેદ-અખંડ આત્મા છે, એના આશ્રયથી જ સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થાય છે. એટલે જ એને ભૂતાર્થ કહેવામાં આવે છે. વ્યવહાર નયનો વિષય ભેદરૂપ અને ખંડરૂપ વસ્તુ છે એના આશ્રયથી મિથ્યાત્વની પુષ્ટિ થાય છે.

**જ્ઞાન બંને નયોનું કરવું પણ તેમાં પરમાર્થે આદરણીય નિશ્ચય નય છે-એમ શ્રદ્ધા કરવી.**

**વ્યવહાર અને નિશ્ચયનું ફળ :**

વીતરાગે કહેલો વ્યવહાર જીવને અશુભમાંથી બચાવી શુભ ભાવમાં લઈ જાય છે; તેનું દૃષ્ટાંત દ્રવ્યલિંગી મુનિ છે; તે ભગવાને કહેલાં વ્રત વગેરે નિરતિચાર પાળે છે અને તેથી શુભ ભાવ વડે પુણ્ય પ્રકૃત્તિ બાંધી નવમી ગ્રૈવેયકે (દેવ ગતિ) જાય છે, પણ તેનો સંસાર ઉભો રહે છે; અને ભગવાને કહેલો નિશ્ચય, શુભ અને અશુભ બંનેથી બચાવી જીવને શુદ્ધ ભાવમાં-મોક્ષમાં લઈ જાય છે, તેનું દૃષ્ટાંત સમ્યગ્દૃષ્ટિ છે કે જે નિયમથી મોક્ષ પ્રાપ્ત કરે છે.

તો પછી શાસ્ત્રોમાં બંને નયોનું ગ્રહણ કરવું કહ્યું છે તે કેવી રીતે?

વસ્તુનું સ્વરૂપ સમજાવવાના બે પ્રકાર છે. (૧) નિશ્ચય (૨) વ્યવહાર

(૧) નિશ્ચય નય એટલે કે વસ્તુ સત્યાર્થપણે જેમ હોય તેમ જ કહેવું તે. માટે નિશ્ચય નયની મુખ્યતાથી જ્યાં કથન હોય ત્યાં તેને તો 'સત્યાર્થ એમ જ છે' એમ જાણવું. અને

(૨) વ્યવહાર નય એટલે વસ્તુ સત્યાર્થપણે તેમ ન હોય પણ પર વસ્તુ સાથેનો સંબંધ બતાવવા માટે કથન હોય-જેમ કે 'ઘી નો ઘડો' ઘડો તો ઘી નો નથી પણ માટીનો છે, છતાં ઘી અને ઘડો બંને એક જગ્યાએ રહેલાં છે તેટલું બતાવવા તેને 'ઘી નો ઘડો' કહેવામાં આવે છે; એ રીતે જ્યાં વ્યવહારથી કથન હોય ત્યાં, 'ખરેખર એમ નથી પણ નિમિત્તાદિ બતાવવા માટે ઉપચારથી તે કથન છે' એમ સમજવું.

બંને નયોના કથનને સત્યાર્થ જાણવું અર્થાત્ ' આ પ્રમાણે પણ છે તથા આ પ્રમાણે પણ છે' એમ માનવું તે પણ ભ્રમ છે. માટે નિશ્ચય કથનને સત્યાર્થ જાણવુંઅને વ્યવહાર કથનને સત્યાર્થ ન જાણવું, પણ નિમિત્તાદિને બતાવનારું તે કથન છે-એમ સમજવું.

આ પ્રમાણે બંને નયોના કથનનો અર્થ કરવો તે બંને નયોનું ગ્રહણ છે. બંનેને આદરવા લાયક ગણવા તે ભ્રમ છે. પ્રયોજનભૂત બંને જાણવા લાયક છે પણ આદરવા લાયક નથી એનો અર્થ બંને નયોનું ગ્રહણ કરવું એમ થાય છે. જિનવાણી સ્યાદ્વાદ રૂપ છે, અપેક્ષાથી કથન કહેવાવાળી છે, એટલે જ્યાં જે અપેક્ષા હોય ત્યાં તે બરાબર સમજવું જોઈએ.

**નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગના સ્વરૂપમાં કેવો નિર્ણય કરવો જોઈએ :**

૧. નિશ્ચયે વીતરાગભાવ જ મોક્ષમાર્ગ છે, વીતરાગભાવો અને વ્રતાદિકમાં કથંચિત્ કાર્ય-કારણપણું છે (નૈમિત્તિક-કાર્ય, નિમિત્ત-કારણ)માટે વ્રતાદિકને મોક્ષમાર્ગ કહે છે, પણ તે માત્ર કહેવા માટે છે.

ધર્મપરિણત જીવને વીતરાગ ભાવની સાથે જે શુભ ભાવરૂપ રત્નત્રય (વ્યવહાર-દર્શન-જ્ઞાન-ચારિત્ર) હોય છે તેને વ્યવહાર નય દ્વારા ઉપચારથી વ્યવહાર મોક્ષમાર્ગ કહ્યો છે. જો કે તે રાગરૂપ હોવાથી બંધમાર્ગ જ છે એવો નિર્ણય કરવો જોઈએ.

૨. વ્યવહાર મોક્ષમાર્ગ ખરેખર બાધક હોવા છતાં પણ તેનું નિમિત્તપણું બતાવવાને માટે તેને વ્યવહાર નયથી સાધક કહ્યું છે. આ કથન ઉપરથી કેટલાક જીવો એમ માને છે કે નિશ્ચય મોક્ષમાર્ગથી વ્યવહાર મોક્ષમાર્ગ વિપરીત(વિરુદ્ધ) નથી પણ બંને હિતકારી છે, તો તેઓની આ માન્યતા જૂઠી છે.

૩. જે જીવ એમ માને છે કે-જિનમતમાં નિશ્ચય અને વ્યવહાર બે નય કહ્યા છે માટે અમારે બંને નયોને અંગીકાર કરવા જોઈએ, એ પ્રમાણે વિચારી બંને-

નિશ્ચય અને વ્યવહારનો અંગીકાર કરે છે. જો કે એ પ્રમાણે અંગીકાર કરવામાં બંને નયોમાં પરસ્પર વિરોધ છે, તો પણ કરે શું ! કારણ બંને નયોનું સાચું સ્વરૂપ તેને ભાસ્યું નથી અને જૈન મતમાં બે નય કહ્યા છે તેમાંથી કોઈને છોડયો પણ જતો નથી. તેથી ભ્રમ સહિત બંને નયોનું સાધન સાધે છે; એ જીવો પણ મિથ્યાદષ્ટિ જાણવા.

૪. અંતરંગમાં પોતે તો નિર્ધાર કરી યથાવત્ નિશ્ચય-વ્યવહાર મોક્ષમાર્ગને ઓળખ્યો નથી, પણ જિન આજ્ઞા માની નિશ્ચય-વ્યવહારરૂપ બે પ્રકારનો મોક્ષમાર્ગ માને છે; હવે મોક્ષમાર્ગ તો બે નથી પણ મોક્ષમાર્ગનું નિરૂપણ બે પ્રકારથી છે. જ્યાં સાચા મોક્ષમાર્ગને મોક્ષમાર્ગ નિરૂપણ કર્યો છે તે નિશ્ચય મોક્ષમાર્ગ છે તથા જ્યાં જે મોક્ષમાર્ગ તો નથી પરંતુ મોક્ષમાર્ગનું નિમિત્ત છે વા સહચારી છે તેને ઉપચારથી મોક્ષમાર્ગ કહીએ તે વ્યવહાર મોક્ષમાર્ગ છે, કારણ કે નિશ્ચય-વ્યવહારનું સર્વત્ર એવું જ લક્ષણ છે. સાચું નિરૂપણ તે નિશ્ચય તથા ઉપચાર નિરૂપણ તે વ્યવહાર. માટે નિરૂપણની અપેક્ષાએ બે પ્રકારે મોક્ષમાર્ગ જાણવો, પણ એક નિશ્ચય મોક્ષમાર્ગ છે તથા એક વ્યવહાર મોક્ષમાર્ગ છે એમ બે મોક્ષમાર્ગ માનવા મિથ્યા છે.

૫. વળી તે નિશ્ચય-વ્યવહાર બંનેને ઉપાદેય માને છે તે પણ ભ્રમ છે, કારણ કે નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ તો પરસ્પર વિરોધ સહિત છે. સમયસારમાં કહ્યું છે કે-'**ववहारोऽभूयत्थो, भूयत्थो देसिदो दु सुद्धणओ**' વ્યવહાર અભૂતાર્થ છે, સત્ય સ્વરૂપને નિરૂપતો નથી પણ કોઈ અપેક્ષાએ ઉપચારથી અન્યથા નિરૂપે છે; તથા શુદ્ધ નય જે નિશ્ચય છે તે ભૂતાર્થ છે કારણ કે તે જેવું વસ્તુનું સ્વરૂપ છે તેવું નિરૂપે છે; એ પ્રમાણે બંને નયોનું સ્વરૂપ તો વિરુદ્ધતા સહિત છે. બે નયો સમકક્ષ નથી પણ પ્રતિપક્ષ છે.

૬. વળી તું એમ માને છે કે - સિદ્ધ સમાન શુદ્ધ આત્માનો અનુભવ તે નિશ્ચય તથા વ્રત-શીલ-સંયમાદિરૂપ પ્રવૃત્તિ તે વ્યવહાર, પણ તારું એમ માનવું ઠીક નથી; કારણ કે-કોઈ દ્રવ્ય ભાવનું નામ નિશ્ચય તથા કોઈનું નામ વ્યવહાર એમ નથી; પણ એક જ દ્રવ્યના ભાવને તે જ સ્વરૂપે નિરૂપણ કરવો તે નિશ્ચય નય છે તથા તે દ્રવ્યના ભાવને ઉપચારથી અન્ય દ્રવ્યના ભાવ સ્વરૂપ નિરૂપણ કરવો તે વ્યવહાર નય છે, જેમ માટીના ઘડાને માટીનો ઘડો નિરૂપણ કરીએ તે નિશ્ચય નય તથા ઘી ના સંયોગના ઉપચારથી તેને ઘી નો ઘડો કહીએ તે વ્યવહાર નય છે. નિશ્ચય-વ્યવહાર બંને સાથે જ હોય. માટે તું કોઈને નિશ્ચય

માને તથા કોઈને વ્યવહાર માને એ ભ્રમ છે.

૭. વળી, તારા માનવામાં પણ નિશ્ચય-વ્યવહારનો પરસ્પર વિરોધ આવ્યો, જો તું પોતાને સિદ્ધ સમાન શુદ્ધ માને છે તો વ્રતાદિક શા માટે છે? તથા વ્રતાદિકના સાધન વડે સિદ્ધ થવા ઈચ્છે છે તો વર્તમાનમાં શુદ્ધ આત્માનો અનુભવ મિથ્યા થયો.

એ પ્રમાણે બંને નયોનો પરસ્પર વિરોધ છે, માટે બંને નયોનું ઉપાદેયપણું તો બનતું નથી.

૮. શુદ્ધ આત્માનો અનુભવ તે સાચો મોક્ષમાર્ગ છે તેથી તેને નિશ્ચય કહ્યો છે. હવે અહીં સ્વભાવથી અભિન્ન અને પરભાવથી ભિન્ન એવો શુદ્ધ શબ્દનો અર્થ જાણવો, પણ સંસારીને સિદ્ધ માનવો એવો ભ્રમરૂપ શુદ્ધ શબ્દનો અર્થ ન જાણવો. વળી વ્રત-તપાદિ મોક્ષમાર્ગ નથી પણ નિમિત્તાદિની અપેક્ષાએ ઉપચારથી તેને મોક્ષમાર્ગ કહીએ છીએ તેથી તેને વ્યવહાર કહ્યો; એ પ્રમાણે ભૂતાર્થ-અભૂતાર્થ મોક્ષમાર્ગપણા વડે તેને નિશ્ચય-વ્યવહાર કહ્યા છે, એમ જ માનવું. પણ એ બંને જ સાચા મોક્ષમાર્ગ છે અને એ બંનેને ઉપાદેય માનવા એ મિથ્યા બુદ્ધિ છે.

**વ્યવહાર નયના સ્વરૂપની મર્યાદા :**

૧. નિશ્ચય વડે જે નિરૂપણ કર્યું હોય તેને તો સત્યાર્થ માની તેનું શ્રદ્ધાન અંગીકાર કરવું તથા વ્યવહાર નય વડે જે નિરૂપણ કર્યું હોય તેને અસત્યાર્થ માની તેનું શ્રદ્ધાન છોડવું.

૨. વ્યવહાર નય સ્વ દ્રવ્ય-પર દ્રવ્ય વા તેના ભાવોને વા તેના કારણ-કાર્યાદિને કોઈના કોઈમાં મેળવી નિરૂપણ કરે છે માટે એવા જ શ્રદ્ધાનથી મિથ્યાત્વ છે તેથી તેનો ત્યાગ કરવો, વળી નિશ્ચય નય તેને જ યથાવત્ નિરૂપણ કરે છે તથા કોઈને કોઈમાં મેળવતો નથી એવા જ શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે માટે તેનું શ્રદ્ધાન કરવું.

૩. **પ્ર.** : જો વ્યવહાર નય અસત્યાર્થ છે તો જિનમાર્ગમાં તેનો ઉપદેશ શા માટે આપ્યો? એક નિશ્ચય નયનું જ નિરૂપણ કરવું હતું ને?

ઉ : જેમ અનાર્ય-મલેચ્છને મલેચ્છભાષા વિના અર્થ ગ્રહણ કરાવવા કોઈ સમર્થ નથી, તેમ વ્યવહાર વિના પરમાર્થનો ઉપદેશ અશક્ય છે તેથી વ્યવહારનો ઉપદેશ છે. વ્યવહાર નય મલેચ્છ ભાષાના સ્થાને હોવાથી પરમાર્થને કહેનાર છે. માટે વ્યવહારનય સ્થાપીત કરવા યોગ્ય છે.

પરંતુ તે વ્યવહાર નય અનુસરવા યોગ્ય નથી. એ પ્રમાણે નિશ્ચયને અંગીકાર કરવા માટે વ્યવહાર નય વડે ઉપદેશ આપીએ છીએ પણ વ્યવહાર નય છે તે અંગીકાર કરવા યોગ્ય નથી.

૪. **પ્ર.** : વ્યવહાર વિના નિશ્ચયનો ઉપદેશ કેમ ન હોઈ શકે? તથા વ્યવહાર નય કેમ અંગીકાર ન કરવો? તે કહો.

ઉ. : નિશ્ચય નયથી તો આત્મા પર દ્રવ્યથી ભિન્ન અને સ્વભાવોથી અભિન્ન સ્વયં સિદ્ધ વસ્તુ છે; તેને જે ન ઓળખતો હોય તેને એમ જ કહ્યા કરીએ તો તે સમજે નહિ; ત્યારે તેને સમજાવવા વ્યવહાર નયથી શરીરાદિક પર દ્રવ્યોની સાપેક્ષતા વડે નર, નારકી,પૃથ્વીકાયાદિરૂપ જીવના ભેદ કર્યા, એટલે મનુષ્ય જીવ છે, નારકી જીવ છે ઈત્યાદિ પ્રકાર સહિત તેને જીવની ઓળખાણ થઈ.

અથવા અભેદ વસ્તુમાં ભેદ ઉપજાવી જ્ઞાન-દર્શનાદિ ગુણ-પર્યાયરૂપ જીવના ભેદ કર્યા, ત્યારે આ જાણવાવાળો જીવ છે, દેખવાવાળો જીવ છે ઈત્યાદિ પ્રકાર સહિત તેને જીવની ઓળખાણ થઈ.

વળી નિશ્ચયથી વીતરાગ ભાવ મોક્ષમાર્ગ છે, તેને જે ન ઓળખે તેને એમ જ કહ્યા કરીએ તો તે સમજે નહિ, ત્યારે તેને સમજાવવા વ્યવહાર નયથી, તત્ત્વ શ્રદ્ધાન-જ્ઞાનપૂર્વક પર દ્રવ્યના નિમિત્ત મટવાની સાપેક્ષતા વડે વ્રત, શીલ સંયમાદિરૂપ વીતરાગ ભાવના વિશેષ બતાવવામાં આવ્યા ત્યારે તેને વીતરાગ ભાવની ઓળખાણ થઈ.

એ જ પ્રમાણે અન્ય ઠેકાણે પણ વ્યવહાર વિના નિશ્ચયનો ઉપદેશ થતો નથી એમ સમજવું.

બીજુ, અહીં વ્યવહારથી નર-નારકી આદિ પર્યાયને જ જીવ કહ્યો પણ ત્યાં પર્યાયને જ જીવ ન માની લેવો, પર્યાય તો જીવ-પુદ્‌ગલના સંયોગરૂપ છે; ત્યાં નિશ્ચયથી જીવ દ્રવ્ય ભિન્ન છે, તેને જ જીવ માનવો. જીવના સંયોગથી શરીરાદિકને પણ ઉપચારથી જીવ કહ્યો છે પણ એ કહેવા માત્ર જ છે, પરમાર્થથી શરીરાદિક કાંઈ જીવ થતાં નથી એવું જ શ્રદ્ધાન કરવું.

વળી અભેદ આત્મામાં જ્ઞાન-દર્શનાદિ ભેદ કર્યા ત્યાં તેને ભેદરૂપ જ ન માની લેવા, કેમ કે ભેદ તો સમજાવવા માટે કર્યા છે, નિશ્ચયથી આત્મા અભેદ જ છે; તેને જ જીવ વસ્તુ માનવી. સંજ્ઞા-સંખ્યાદિથી ભેદ કહ્યા છે તે તો કહેવા માત્ર જ છે, પરમાર્થથી તે જુદા જુદા નથી એવું જ શ્રદ્ધાન કરવું.

તથા પર દ્રવ્યનું નિમિત્ત મટવાની અપેક્ષાએ વ્રત, શીલ-સંયમાદિને મોક્ષમાર્ગ કહ્યો ત્યાં તેને જ મોક્ષમાર્ગ માની ન લેવો, કારણ કે જો પર દ્રવ્યના ગ્રહણ-ત્યાગ આત્માને હોય તો આત્મા પર દ્રવ્યનો કર્તા-હર્તા થઈ જાય. પણ કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યને આધીન છે જ નહિ, તેથી આત્મા પોતાના ભાવ જે રાગાદિક છે તેને છોડી વીતરાગ થાય છે તેથી નિશ્ચયથી વીતરાગ ભાવ જ મોક્ષમાર્ગ છે. વીતરાગ ભાવોને તથા વ્રતાદિકને કદાચિત કાર્ય-કારણપણું છે તેથી વ્રતાદિકને મોક્ષમાર્ગ કહ્યો, તે કહેવા માત્ર જ છે, પરમાર્થથી બાહ્ય ક્રિયા મોક્ષમાર્ગ નથી-એવું જ શ્રદ્ધાન કરવું.

એ જ પ્રમાણે અન્ય ઠેકાણે પણ વ્યવહારનો અંગીકાર ન કરવો એમ જાણી લેવું. વ્યવહાર નય બધો જ અભૂતાર્થ છે માટે તે અવિદ્યમાન, અસત્ય અર્થને, અભૂત અર્થને પ્રગટ કરે છે; શુદ્ધ નય એક જ ભૂતાર્થ છે, સત્ય, ભૂત અર્થને પ્રગટ કરે છે. જેઓ શુદ્ધ નયનો આશ્રય કરે છે તેઓ જ સમ્યક્ અવલોકન કરવાથી સમ્યગ્દષ્ટિ છે, અન્ય સમ્યગ્દષ્ટિ નથી. માટે કર્મોથી ભિન્ન આત્માને દેખનારાઓ માટે વ્યવહાર નય અનુસરવા યોગ્ય નથી.

પ્રાણીઓને ભેદરૂપ વ્યવહારનો પક્ષ તો અનાદિ કાળથી છે જ, અને એનો ઉપદેશ પણ બહુધા સર્વ પ્રાણીઓ પરસ્પર કરે છે. જિનવાણીમાં વ્યવહાર નયનો ઉપદેશ શુદ્ધ નયનો હસ્તાવલંબન (સહાયક) જાણી બહુ કર્યો છે; પરંતુ તેનું ફળ સંસાર જ છે. શુદ્ધ નયનો પક્ષ તો આવ્યો જ નથી અને તેનો ઉપદેશ પણ વિરલ છે. શાસ્ત્રોમાં કોઈ કોઈ ઠેકાણે છે. માટે શુદ્ધ નયના ગ્રહણનું ફળ મોક્ષ જાણી તેનો ઉપદેશ પ્રધાનતાથી આપ્યો છે. શુદ્ધ નય ભૂતાર્થ છે, સત્યાર્થ છે; એને જાણ્યા વગર જ્યાં સુધી જીવ વ્યવહારમા મગ્ન છે ત્યાં સુધી આત્માનું જ્ઞાન-શ્રદ્ધાનરૂપ નિશ્ચય સમ્યગ્દર્શન થઈ શકતું નથી-એવો આશય સમજવો.

૫. અમુક જીવો એમ માને છે કે પહેલાં વ્યવહાર નય પ્રગટ થાય છે, પછી વ્યવહાર નયના આશ્રયે નિશ્ચય નય પ્રગટ થાય છે અથવા તો વ્યવહાર નય કરતાં કરતાં નિશ્ચય નય પ્રગટ થાય છે. તો તે માન્યતા ઠીક નથી. કારણ કે નિશ્ચય-વ્યવહારનું સ્વરૂપ તો પરસ્પર વિરુદ્ધ છે.

૬. નિશ્ચય સમ્યગ્દર્શન વગર આ જીવે અનંતવાર મુનિ વ્રતોનું પાલન કર્યું પરંતુ તે મુનિ વ્રતના પાલનને નિમિત્ત કારણ પણ કહેવામાં આવતું નથી કારણ કે સત્યાર્થ કાર્ય પ્રગટ થયા વગર સાધક (નિમિત્ત) કોને કહેવું?

૭. મિથ્યાત્વની અવસ્થામાં કોઈ પણ જીવને કદી 'સમ્યક્ શ્રુતજ્ઞાન' હોતું નથી, જેને 'સમ્યક્ શ્રુતજ્ઞાન' પ્રગટ થયું હોય તેને જ 'નય' હોય છે, કારણ કે 'નય' જ્ઞાન તે સમ્યક્ શ્રુતજ્ઞાનનો એક અંશ છે; અંશી વિના અંશ કેવો? ''સમ્યક્ શ્રુતજ્ઞાન''(ભાવ શ્રુતજ્ઞાન) થતાં જ બંને નયો એકી સાથે હોય છે. પ્રથમ અને પછી નહિ એમ સાચા જૈનીઓ માને છે.

૮. વસ્તુ સ્વરૂપ તો એમ છે કે ચોથા ગુણ સ્થાનથી જ નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ થાય છે અને તે જ સમયે સમ્યક્ શ્રુતજ્ઞાન પ્રગટ થાય છે. સમ્યક્ શ્રુતજ્ઞાનમાં બંને નયોના અંશનો સદ્ભાવ એકી સાથે હોય છે, આગળ પાછળ નહિ. નિજ આત્માના આશ્રયે જ્યારે ભાવ શ્રુતજ્ઞાન પ્રગટ થયું ત્યારે પોતાનો જ્ઞાયક સ્વભાવ તથા ઉત્પન્ન થયેલ જે શુદ્ધ દશા તે આત્મા સાથે અભેદરૂપ છે તેથી તે નિશ્ચય નયનો વિષય છે, અને પોતાની પર્યાયમાં જે અશુદ્ધતા અને અલ્પતા બાકી છે તે વ્યવહાર નયનો વિષય છે. એ પ્રમાણે બંને નયો જીવને એકી સાથે હોય છે. તેથી પ્રથમ વ્યવહાર નય અથવા વ્યવહાર ધર્મ અને તે પછી નિશ્ચય નય અથવા નિશ્ચય ધર્મ આમ વસ્તુ સ્વરૂપ નથી.

૯. વ્યવહાર વિના નિશ્ચયનો પ્રતિપાદન નથી થતો અને વ્યવહારના નિષેધ વિના નિશ્ચયની પ્રાપ્તિ થતી નથી. વ્યવહારનો પ્રયોગ નહિ કરીએ તો વસ્તુ સમજવામાં નહિ આવે અને જો વ્યવહારનો નિષેધ નહિ કરીએ તો વસ્તુની પ્રાપ્તિ નહિ થાય.

૧૦. જો જિનમતને પ્રવર્તના ઈચ્છો તો નિશ્ચય-વ્યવહારમાંથી એકને પણ ન છોડો. વ્યવહાર વગર તીર્થનો લોપ થઈ જશે અને નિશ્ચય વિના તત્ત્વનો લોપ થઈ જશે. તીર્થનો અર્થ છે ઉપદેશ અને તત્ત્વનો અર્થ છે શુદ્ધાત્માનો અનુભવ. ઉપદેશની ક્રિયા પ્રતિપાદન દ્વારા સંપન્ન થાય છે તથા પ્રતિપાદન કરવું વ્યવહારનું કામ છે. એટલે વ્યવહારને સર્વથા અસત્યાર્થ માનવાથી તીર્થનો લોપ થઈ જશે. શુદ્ધાત્માનો અનુભવ નિશ્ચય નયના વિષયભૂત અર્થમાં એકાગ્ર થવા પર થાય છે. એટલે નિશ્ચય નયને છોડી દેવાથી તત્ત્વની પ્રાપ્તિ નહિ થાય-આત્મ અનુભવ નહિ થાય. વ્યવહારને નહિ માનવાથી મોક્ષમાર્ગરૂપ તીર્થ અને નિશ્ચયને નહિ માનવાથી શુદ્ધાત્મ તત્ત્વના લોપનો પ્રસંગ ઉપસ્થિત થશે.- આમ નિશ્ચય-વ્યવહાર બંનેની સંધિ છે.

**નિશ્ચયાભાસીનું સ્વરૂપ :**

જે જીવ આત્માના ત્રિકાળી સ્વરૂપને સ્વીકારે પણ વર્તમાન પર્યાયમાં પોતાનો વિકાર છે તે ન સ્વીકારે-તે નિશ્ચયાભાસી છે. તેને શુષ્ક જ્ઞાની પણ કહે છે.

**વ્યવહારાભાસીનું સ્વરૂપ :**

જીવને શુભ ભાવથી ધર્મ થાય એમ સ્વીકારે, પણ જીવના ત્રિકાળી ધ્રુવ સ્વભાવને ન સ્વીકારે અને તેથી તે તરફ પોતાનું વલણ ન ફેરવે તે વ્યવહારાભાસી છે; તેને ક્રિયાજડ પણ કહેવામાં આવે છે. શરીરની ક્રિયાથી ધર્મ થાય એમ માને તે તો વ્યવહારાભાસીથી પણ ઘણે દૂર છે.

**'નયાતિક્રાંત દશા' :**

આગમનો પ્રથમ અભ્યાસ કરતાં જે નયોનું જ્ઞાન થાય છે તે રાગ સહિત નય છે; ત્યાં તે રાગ હોવા છતાં રાગથી ધર્મ નથી એમ જીવ માને તો તે નયનું જ્ઞાન સાચું છે; પણ જો રાગથી ધર્મ થાય એમ માને તો તે જ્ઞાન નયાભાસ છે. બંને નયોનું સાચું જ્ઞાન કર્યા પછી પોતાની પર્યાય ઉપરનું લક્ષ છોડી પોતાના ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય સ્વભાવ તરફ જીવ લક્ષ કરે ત્યારે સમ્યગ્દર્શનાદિ શુદ્ધ ભાવ પ્રગટે છે તેથી તે નય રાગ રહિત નય છે. તેને 'શુદ્ધ નયનો આશ્રય અથવા શુદ્ધ નયનું અવલંબન' પણ કહેવામાં આવે છે; તે દશાને 'નયાતિક્રાંત' પણ કહેવામાં આવે છે, તેને જ સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે અને 'આત્માનો અનુભવ' અથવા 'સ્વાનુભૂતિ' પણ તેને જ કહેવામાં આવે છે.

**વીતરાગી વિજ્ઞાનનું પ્રતિપાદન :**

જૈન શાસ્ત્રોમાં અનેકાંત સાચા જીવાદિ તત્ત્વોનું નિરૂપણ છે, તથા સાચો રત્નત્રય રૂપ મોક્ષમાર્ગ બતાવ્યો છે; માટે જો જીવ તેની ઓળખાણ કરે તો તે મિથ્યાદષ્ટિ રહે નહિ. તેમાં વીતરાગ ભાવ પોષવાનું જ પ્રયોજન છે,પણ રાગ ભાવ (પુણ્ય-પાપ ભાવ) પોષવાનું પ્રયોજન નથી; માટે જેઓ રાગથી-પુણ્યથી ધર્મ થાય એમ માને છે (વ્યવહારાભાસી) તેઓ જૈન ધર્મના મર્મને જાણતા નથી.

**નીતિનું સ્વરૂપ :**

દરેક વસ્તુ સ્વદ્રવ્ય, સ્વક્ષેત્ર, સ્વકાળ અને સ્વભાવે પોતાથી છે અને પર વસ્તુના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે તે વસ્તુ નથી, તેથી દરેક વસ્તુ પોતાનું જ કાર્ય કરી શકે-એમ જાણવું તે ખરી નીતિ છે. જિનેન્દ્ર દેવે કહેલું અનેકાંત સ્વરૂપ, પ્રમાણ અને નિશ્ચય-વ્યવહારરૂપ નય એ જ નીતિ છે. જે સત્પુરુષો અનેકાંત સાથે સુસંગત દષ્ટિ વડે અનેકાંતમય વસ્તુ સ્થિતિને દેખે છે તેઓ સ્યાદ્વાદની

શુદ્ધિને પામીને-જાણીને એટલે કે જિનેશ્વરના માર્ગને-ન્યાયને નહિ ઉલ્લંઘતા થકા જ્ઞાન સ્વરૂપ થાય છે.

**મિથ્યાદષ્ટિના નયો :**

જે મનુષ્ય શરીરને પોતાનું માને, હું મનુષ્ય છું એમ માને, શરીર તે હું છું અથવા શરીર મારું છે એમ માને એટલે કે શરીરનું કાર્ય જીવ કરી શકે એમ માને છે તે આત્મા અને અનંત રજકણોને એકરૂપ માનતો હોવાથી(અર્થાત્ 'અનંત'ના મેળાપે 'એક' માનતો હોવાથી) મિથ્યાદષ્ટિ છે; અને તેનું જ્ઞાન તે નિશ્ચય કુનય છે.

હું મનુષ્ય છું એવી માન્યતાપૂર્વક વર્તન કરવું તે તે મિથ્યાદષ્ટિનો વ્યવહાર છે તેથી તે વ્યવહાર-કુનય છે. ખરી રીતે તો તે વ્યવહારને નિશ્ચય ગણે છે જેમ કે 'શરીર તે હું'- આ દષ્ટાંતમાં શરીર પર છે, તે જીવ સાથે માત્ર એકક્ષેત્રાવગાહે છતાં તેને પોતારૂપ માન્યું તેથી તેણે વ્યવહારને નિશ્ચય ગણ્યો. ' હું તે શરીર' એમ પણ માને છે, તેથી તેણે નિશ્ચયને વ્યવહાર ગણ્યો છે. પર દ્રવ્યનું પોતે કરી શકે અને પર પોતાને લાભ-નુકસાન કરી શકે એમ માનતા હોવાથી તેઓ મિથ્યા એકાંતી છે.

**સમ્યગ્દષ્ટિના નયો :**

સમસ્ત સાચી વિદ્યાના મૂળરૂપ પોતાના ભગવાન આત્માના સ્વભાવને પ્રાપ્ત થવું, આત્માના સ્વભાવની ભાવનામાં જોડાવું અને આત્માના સ્વભાવમાં સ્થિરતા વધારવી તે સમ્યક્ અનેકાંતદષ્ટિ છે. સમ્યક્દષ્ટિ જીવ પોતાના એકરૂપ ધ્રુવ સ્વભાવરૂપ આત્માનો આશ્રય કરે છે તે તેનો નિશ્ચય-સુનય છે, અને અચલિત ચૈતન્યવિલાસરૂપ આત્મ વ્યવહાર (શુદ્ધ પર્યાય) જે પ્રગટ થાય છે તે તેનો વ્યવહાર સુનય છે.

**રત્નત્રયનો વિષય :**

સમ્યગ્દર્શન તે શ્રદ્ધા ગુણનો શુદ્ધ પર્યાય છે, તેનો વિષય આત્માનો ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય ભાવ છે. સમ્યગ્જ્ઞાન તે જ્ઞાન ગુણનો શુદ્ધ પર્યાય છે, તેનો વિષય આત્માનો ચૈતન્ય ભાવ તથા વર્તમાન પર્યાય એ બંને છે. સમ્યક્ચારિત્ર તે ચારિત્ર ગુણનો શુદ્ધ પર્યાય છે, તેનું કાર્ય સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક પોતાના સ્વરૂપમાં સ્થિરતા કરવી અને સિદ્ધ દશારૂપ કાર્યને ઉત્પન્ન કરવું તે છે.

આ નય વિભાગનો અભ્યાસ આત્માનું સ્વરૂપ સમજવા માટે છે તેથી

સ્વરૂપ સંબંધી મિથ્યા કલ્પનાઓ દૂર થાય અને દૃષ્ટિ સમ્યક્ થાય.

**વિશેષ :**

૧. આત્માને પર્યાયથી ભિન્ન એક શુદ્ધાત્મ સ્વરૂપે જાણવો એ શુદ્ધ છે, નિશ્ચય છે, નિરુપાધિ છે. આત્માને પર્યાયના ભેદ સહિત જાણવો તે ઉપાધિ છે, અશુદ્ધતા છે, મલિનતા છે; તે વ્યવહાર નયનો વિષય છે.

૨. ત્રિકાળી દ્રવ્ય જે જ્ઞાયકપણા માત્ર છે તે શુદ્ધ નયનો વિષય છે. નિશ્ચય નયનો વિષય છે. ત્રિકાળી જ્ઞાયકમાં આ દર્શન, આ જ્ઞાન, આ ચારિત્ર એવા ભેદ નથી. જ્ઞાયક તો અખંડ ભેદરૂપ છે. એવા જ્ઞાયકમાં ત્રણ ભેદ પાડે ત્યાં વિકલ્પ ઊઠે છે, રાગ થાય છે. ત્રિકાળી જ્ઞાયક પરમાત્મામાં નિર્મળ પર્યાયને પણ ભેગી ગણે તો વ્યવહાર થઈ જાય છે. અશુદ્ધ નય કહો, અશુદ્ધ દ્રવ્યાર્થિક નય કહો, પર્યાયાર્થિક નય કહો કે વ્યવહાર નય કહો-એ એકાર્થવાચક છે.

૩. શુદ્ધ નયનો વિષય અભેદ એકરૂપ વસ્તુ છે, જ્યારે અશુદ્ધ નયનો વિષય ભેદરૂપ અનેક પ્રકાર છે. અભેદ એકરૂપ વસ્તુમાં વ્યવહાર દ્વારા ભેદ પાડીને સમજાવવા થી તેઓ પરમાર્થને સમજી શકે છે. આ કારણે વ્યવહાર નયને પરમાર્થનો કહેનાર જાણી તેનો ઉપદેશ કરવામાં આવે છે. વ્યવહાર દ્વારા ભેદનું કથન એ નિશ્ચય વસ્તુને જાણવા માટે છે. 'આ જાણે-દેખે તે આત્મા' એમ ભેદ દ્વારા પરમાર્થ વસ્તુ અભેદનો અનુભવ કરાવવાનું પ્રયોજન છે.

૪. જ્ઞાનમાં જણાય તેવો બુદ્ધિપૂર્વકનો રાગ તથા જ્ઞાનમાં ન જણાય એવો અબુદ્ધિપૂર્વકનો રાગ-એવા રાગના બંને પ્રકાર વસ્તુમાં નથી. તેમજ રાગને જાણનારું જ્ઞાન તે વસ્તુમાં નથી. અને જ્ઞાન તે આત્મા-એવો ભેદ પણ અભેદ વસ્તુમાં નથી. આમ વ્યવહાર નય અવિદ્યમાન અર્થને પ્રગટ કરે છે, તેથી તે અભૂતાર્થ છે. બીજી રીતે કહીએ તો દ્રવ્ય અભેદ અખંડ વસ્તુ છે, તેમાં ભેદ કે રાગ નથી. તેને વ્યવહાર નય પ્રગટ કરતો હોવાથી તેને અભૂતાર્થ કહ્યો છે.

અભૂત અર્થને પ્રગટ કરે છે એવો વ્યવહાર નય ચાર પ્રકારે છે.

૧. ઉપચરિત અસદ્ભૂત વ્યવહાર નય

૨. અનુપચરિત અસદ્ભૂત વ્યવહાર નય

૩. ઉપચરિત સદ્ભૂત વ્યવહાર નય

૪. અનુપચરિત સદ્ભૂત વ્યવહાર નય

દા. ત. 'રાગને આત્મા કહેવો' એ ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહાર નય છે.

૧. આત્માની પર્યાયમાં જે રાગ છે તે મૂળ સતરૂપ વસ્તુ નથી, તેથી અસદ્‌ભૂત છે. ભેદ પાડ્યો તેથી વ્યવહાર છે અને જ્ઞાનમાં સ્થૂળપણે જણાય છે તેથી ઉપચરિત છે. માટે ઉપચરિત અસદ્‌ભૂત વ્યવહાર નય છે.

૨. જે સૂક્ષ્મ રાગનો અંશ વર્તમાન જ્ઞાનમાં જણાતો નથી, પકડાતો નથી તે અનુપચરિત અસદ્‌ભૂત વ્યવહાર નયનો વિષય છે.

૩. 'જ્ઞાન રાગને જાણે છે' એ ઉપચરિત સદ્‌ભૂત વ્યવહાર નય છે. આત્મા અખંડ જ્ઞાન સ્વરૂપ છે. તેમાં આત્માનું જ્ઞાન રાગને જાણે-પરને જાણે એમ કહેતાં-તે જ્ઞાન પોતાનું હોવાથી સદ્‌ભૂત, ત્રિકાળીમાં ભેદ પાડ્યો માટે વ્યવહાર, અને જ્ઞાન પોતાનું હોવા છતાં પરને જાણે છે એમ કહેવું તે ઉપચાર છે. આ રીતે રાગનું જ્ઞાન અથવા જ્ઞાન રાગને જાણે છે એમ કહેવું તે ઉપચરિત સદ્‌ભૂત વ્યવહાર નય છે.

૪. 'જ્ઞાન તે આત્મા' એમ ભેદ પાડીને કથન કરવું તે અનુપચરિત સદ્‌ભૂત વ્યવહાર નય છે.

જ્ઞાન પોતાનું હોવાથી સદ્‌ભૂત, ભેદ પાડ્યો તે વ્યવહાર પણ તે ભેદ આત્માને બતાવે છે માટે અનુપચરિત. માટે આ અનુપચરિત સદ્‌ભૂત વ્યવહાર નય છે.

ભગવાન આત્મા અભેદ એકરૂપ વસ્તુ છે. તે નિશ્ચય-તે ભૂતાર્થ છે. વ્યવહારના ઉપરોક્ત ચારેય પ્રકાર ત્રિકાળી જ્ઞાયકમાં નહિ હોવાથી અસત્યાર્થ છે, જૂઠા છે. વળી ધ્રુવ આત્મા અને વર્તમાન પર્યાય બંનેને સાથે લઈએ તો તે પણ વ્યવહાર નય-અશુદ્ધ નયનો વિષય થઈ જાય છે-તેથી તે પણ અભૂતાર્થ-અસત્યાર્થ છે.

૫. પર્યાયગત શુદ્ધતા-અશુદ્ધતા છે એ વ્યવહાર છે; એને જાણવું કે આટલું છે એનું નામ વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે; આદરેલો પ્રયોજનવાન છે એમ નથી. આદરેલો પ્રયોજનવાન તો એકમાત્ર ત્રિકાળી શુદ્ધ નિશ્ચય જ છે. ત્રિકાળી શુદ્ધ નિશ્ચયનો આશ્રય લઈને સમ્યગ્દર્શન-જ્ઞાન અને સ્વરૂપની સ્થિરતાના અંશરૂપ સ્વરૂપ આચરણ થયું. પરંતુ સંપૂર્ણ નિર્વિકલ્પ વીતરાગ દશા પ્રગટ ન થઈ હોય ત્યાં લગી સાધક દશામાં સાધકને મહાવ્રતાદિકના વિકલ્પો

છે, તે વ્યવહાર છે. તે સાધક અવસ્થામાં વ્યવહાર નય જાણેલો પ્રયોજનવાન છે; આ એનો સાર છે. 'વ્યવહાર નય પણ પ્રયોજનવાન છે' તેની વ્યાખ્યા આ એક જ છે કે જાણેલો પ્રયોજનવાન છે આદરેલો નહિ. કથનશૈલી ગમે તે આવે પણ અર્થ તો આ જ છે કે ત્રિકાળી નિશ્ચય આદરેલો પ્રયોજવાન છે અને આ રાગ જે વ્યવહાર છે તે જાણેલો પ્રયોજવાન છે.

૬. નય છે તે શ્રુત પ્રમાણનો અંશ છે, તેથી શુદ્ધ નય પણ શ્રુત પ્રમાણનો અંશ થયો. શ્રુત પ્રમાણ એટલે? જે જ્ઞાનની પર્યાય દ્રવ્ય-ગુણ-પર્યાય બધાને જાણે તે શ્રુતજ્ઞાન પ્રમાણ કહેવાય. એ પ્રમાણનો એક ભાગ શુદ્ધ નય છે. તે ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય આત્માને જુએ છે. તે નિશ્ચય નય. તેનો બીજો ભાગ જે વર્તમાન પર્યાય, રાગાદિને જાણે છે તે વ્યવહાર નય છે.

૭. દરેક પદાર્થ સ્વયં પોતે પોતાની ક્રિયા સ્વતંત્ર કરે તે નિશ્ચય અને તે કાળે બાહ્ય અનુકૂળ નિમિત્ત જે હોય તેનું જ્ઞાન કરવું તે વ્યવહાર નય છે. પણ નિમિત્તે-બીજા પદાર્થે એમાં (ઉપાદાનમાં) કાંઈ કરી દીધું છે એમ જાણવું તે વ્યવહાર નય નથી, એ તો અજ્ઞાન છે.

વ્યવહારથી પરનું કાંઈ કરી ન શકે પણ 'આણે આનું કર્યું' એમ વ્યવહારથી બોલાય તો છે ને? બોલાય છે એની કોણ ના પાડે છે? પણ ખરેખર એમ છે? ના, તથાપિ બોલાય તો છે ને-એમ જેની બોલવા પર દૃષ્ટિ છે તે અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છે, કેમ કે તેને અંતરમાં અભિપ્રાય યથાર્થ થયો નથી. અંતરના અભિપ્રાયને જોતો નથી ને આમ તો બોલાય છે ને-એમ જે ભાષાને વળગે છે તે બર્હિદૃષ્ટિ છે.

૮. આગમ પદ્ધતિ જગતને સુલભ છે, અર્થાત્ દયા, દાન, વ્રત, ભક્તિ ઈત્યાદિ ક્રિયાકાંડનો વ્યવહાર આગમ પદ્ધતિ છે તે જગતને સુલભ છે. પણ અધ્યાત્મનો વ્યવહાર તેઓ જાણતા નથી. શુદ્ધ ચૈતન્ય સ્વરૂપના આશ્રયે ઉત્પન્ન વીતરાગી પરિણતિ તે અધ્યાત્મનો વ્યવહાર છે; આનંદનો સ્વાદ આવે તે અધ્યાત્મનો વ્યવહાર છે અને આનંદ સ્વરૂપી આત્મ દ્રવ્ય તે નિશ્ચય છે. નિશ્ચય સ્વરૂપના અનુભવ વિના અજ્ઞાની અધ્યાત્મ વ્યવહારને જાણતો નથી. તેથી બાહ્ય ક્રિયા કરતો થકો મૂઢ જીવ મોક્ષમાર્ગ સાધી શકતો નથી.

૯. નિશ્ચય અને વ્યવહાર એ બે નયને વિષયના ભેદથી પરસ્પર વિરોધ છે. નિશ્ચય નયનો વિષય અભેદ છે, વ્યવહાર નયનો વિષય ભેદ છે. બે વિરુદ્ધ થયા ને?

નિશ્ચય નય પૂર્ણાનંદ સ્વરૂપ એક અખંડ આત્માને વિષય બનાવે છે, અને વ્યવહાર નય વર્તમાન પર્યાય, રાગ આદિ ભેદને વિષય બનાવે છે. આમ બંનેના વિષયમાં ફેર છે. નિશ્ચયનો વિષય દ્રવ્ય છે, વ્યવહારનો વિષય પર્યાય છે. એટલે એ બે નયોનો પરસ્પર વિરોધ છે આ નયોના વિરોધને નાશ કરનાર સ્યાત્પદથી ચિહ્નિત જિનવચન છે. 'સ્યાત્' એટલે કંથંચિત્ અર્થાત્ કોઈ એક અપેક્ષાએ. જિનવચનમાં પ્રયોજનવશ દ્રવ્યાર્થિક નયને મુખ્ય કરીને એને નિશ્ચય કહે છે. અને પર્યાયાર્થિક નયને ગૌણ કરીને વ્યવહાર કહે છે. પર્યાયમાં જે અશુદ્ધતા છે તે દ્રવ્યની જ અશુદ્ધતા છે તેથી પર્યાયાર્થિક નયને અશુદ્ધ દ્રવ્યાર્થિક નય કહ્યો છે. જુઓ, ત્રિકાળ ધ્રુવ અખંડ એક જ્ઞાયક ભાવને મુખ્ય કરીને નિશ્ચય કહીને સત્યાર્થ કહે છે અને પર્યાયને ગૌણ કરીને વ્યવહાર કહી અસત્યાર્થ કહે છે. આમ જિનવચન સ્યાત્પદ વડે બંને નયોના વિરોધ મટાડે છે.

૧૦. જિનમતમાં એટલે કે વીતરાગ અભિપ્રાયને પ્રવર્તાવવા ઈચ્છતા હો તો વ્યવહાર અને નિશ્ચય બંને નયોને ન છોડો. વ્યવહાર નથી એમ ન કહો. વ્યવહાર છે પણ અસત્યાર્થ કહ્યો છે ને? એ તો ત્રિકાળ ધ્રુવ નિશ્ચયની વિવક્ષામાં ગૌણ કરીને અસત્ય કહો છો. બાકી વ્યવહાર છે. મોક્ષનો માર્ગ છે. વ્યવહાર નય ન માનો તો તીર્થનો નાશ થઈ જશે. ચોથું, પાંચમુ, છઠ્ઠું આદિ ચૌદ ગુણસ્થાનો જે વ્યવહાર નયના વિષય છે, તે છે મોક્ષનો ઉપાય જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે તે (વ્યવહાર) છે. ચૌદ ગુણસ્થાન દ્રવ્યમાં નથી, પણ પર્યાયમાં નથી એમ જો કહો તો તીર્થનો નાશ થઈ જશે. એને તેથી તીર્થનું ફળ જે મોક્ષ અને સિદ્ધપદ તેનો પણ અભાવ થઈ જશે. એમ થતાં જીવની સંસારી અને સિદ્ધ એવા જે બે ભાગ પડે છે તે વ્યવહાર પણ રહેશે નહિ.

૧૧. જ્યાં સુધી પૂર્ણતા થઈ નથી ત્યાં સુધી નિશ્ચય અને વ્યવહાર બંને હોય છે. પૂર્ણતા થઈ ગઈ એટલે પોતે પોતામાં પૂર્ણ સ્થિર થઈ ગયો ત્યાં સઘળું પ્રયોજન સિદ્ધ થઈ ગયું. પ્રમાણ થઈ ગયું, તીર્થફળ આવી ગયું.

૧૨. પ્રમાણ જ્ઞાનમાં પણ, ત્રિકાળી શુદ્ધ દ્રવ્યનું-એકાંત નિશ્ચયનું જ્ઞાન થાય ત્યારે પર્યાય અને રાગને પણ જાણવા એ પ્રમાણજ્ઞાન છે. તે પ્રમાણજ્ઞાન પણ ખરેખર તો સદ્ભૂત વ્યવહાર નયનો વિષય છે, કારણ કે એમાં બે (દ્રવ્ય અને પર્યાય) આવ્યા ને?-અને તે કારણે પ્રમાણ પૂજ્ય નથી. જ્યારે નિશ્ચય નયમાં પર્યાયનો નિષેધ આવે છે માટે તે પૂજ્ય છે એમ કહ્યું છે. પ્રમાણજ્ઞાનમાં નિશ્ચય થી દ્રવ્ય અભેદ છે એવું જ્ઞાન રાખીને એમાં રાગનું, પર્યાયનું જ્ઞાન ભેળવ્યું છે.

નિશ્ચયના જ્ઞાનને ઉડાડીને રાગનું, પર્યાયનું જ્ઞાન ભેળવ્યું છે એમ નથી. ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય શુદ્ધ દ્રવ્ય છે એવું જ્ઞાન રાખીને તે ઉપરાંત પર્યાયનું જ્ઞાન કર્યું ત્યારે જ્ઞાન પ્રમાણજ્ઞાન-સમ્યગ્જ્ઞાન થયું. 'દ્રવ્ય શુદ્ધ છે' એવું નિશ્ચયનું જ્ઞાન તે સમ્યક્ એકાંત છે. આવો ઝીણો માર્ગ છે. પણ આ માર્ગ છે. સૂક્ષ્મ કહો કે ઝીણો કહો; વસ્તુ આ જ છે.

આવું સાંભળવા મળવું મુશ્કેલ હોય એટલે વ્યવહારના રસિયા લોકોને આવું વીતરાગી તત્ત્વ ન સમજાય. પરંતુ ભાઈ ! વ્યવહાર એટલે નિમિત્ત, વ્યવહાર એટલે રાગ, વ્યવહાર એટલે દુ:ખ, વ્યવહાર એટલે આકુળતા, વ્યવહાર એટલે અસ્થિરતા- આમ વ્યવહારના અનેક નામ છે. વ્યવહાર કરતા કરતા ધર્મ ન થાય. વ્યવહારથી નિશ્ચય થાય એ માન્યતા એક મોટું શલ્ય છે. જ્યાં વ્યવહારને સાધન કહ્યું છે ત્યાં ધર્મીને નિશ્ચય જે પ્રગટે છે એનો આરોપ આપીને ઉપચારથી કહ્યું છે. ખરેખર વ્યવહાર તે સાધન નથી. આવી રીતે નિશ્ચય વ્યવહારનું સ્વરૂપ બરાબર સમજવું.

# ૧૯ ઉપાદાન-નિમિત્ત (વિશેષ)

મુક્તિના માર્ગમાં જે મહત્ત્વપૂર્ણ વિષયોનું સમ્યક્ પરિજ્ઞાન અત્યંત આવશ્યક છે, એમાં 'ઉપાદાન-નિમિત્ત' પણ એક એવો મહત્ત્વપૂર્ણ વિષય છે, જેના સમ્યક્‌જ્ઞાન વગર પરાવલંબનની દષ્ટિ અને વૃત્તિ સમાપ્ત નહિ થાય, સ્વાવલંબન નો ભાવ જાગૃત નહિ થાય, મુક્તિ માર્ગનો સમ્યક્ પુરુષાર્થ પણ સ્ફુરાયમાન નહિ થાય.

૧. જગતનો પ્રત્યેક પદાર્થ પરિણમનશીલ છે. પદાર્થોના આ પરિણમનને પર્યાય અથવા કાર્ય કહે છે. આ પરિણમનને જ કર્મ, અવસ્થા, હાલત, દશા, પરિણામ, પરિણતિ વગેરે નામોથી કહે છે.

૨. કાર્ય કારણપૂર્વક જ થાય છે અને કાર્યની ઉત્પાદક સામગ્રીને કારણ કહેવામાં આવે છે. આ કાર્યની ઉત્પાદક સામગ્રી ઉપાદાન અને નિમિત્તના રૂપમાં હોય છે. અને કારણ પણ બે પ્રકારના છે.

   ૧. ઉપાદાન કારણ                ૨. નિમિત્ત કારણ

૩. જે સ્વયં કાર્યરૂપે પરિણમે છે તેને ઉપાદાન કારણ કહે છે અને જે સ્વયં કાર્યરૂપે ન પરિણમે, પરંતુ કાર્યની ઉત્પત્તિમાં જેના પર અનુકૂળતાનો આરોપ આવી શકે તેને નિમિત્ત કારણ કહે છે.

૪. જે પદાર્થમાં કાર્ય નિષ્પન્ન થાય છે તેને ઉપાદાન કારણ અને જે કાર્ય નિષ્પન્ન થાય છે તેને ઉપાદેય કહેવામાં આવે છે. તથા નિમિત્ત કારણની અપેક્ષાથી કથન કરવાથી તે જ કાર્ય(ઉપાદેય)ને નૈમિત્તિક પણ કહેવામાં આવે છે.

૫. આ પ્રમાણે આપણે જોઈએ છીએ કે એક જ કાર્યને ઉપાદાન કારણની અપેક્ષાએ ઉપાદેય અને નિમિત્ત કારણની અપેક્ષાથી નૈમિત્તિક કહેવામાં આવે છે. દા.ત. જે ઘડારૂપ કાર્ય, માટીરૂપ ઉપાદાન કારણ નું ઉપાદેય કાર્ય છે, તે જ ઘડારૂપ કાર્ય, કુંભારરૂપ નિમિત્ત કારણનું નૈમિત્તિક કાર્ય છે. તાત્પર્ય એ છે કે માટી અને ઘડામાં ઉપાદાન-ઉપાદેય સંબંધ છે, અને કુંભાર અને ઘડામાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

જો આપણે આ જ વાતને સમ્યગ્દર્શનરૂપ કાર્યમાં લગાડીએ તો આ પ્રમાણે કહેવું પડશે-આત્મદ્રવ્ય અથવા તેનું શ્રદ્ધા ગુણ ઉપાદાન છે અને

સમ્યગ્દર્શન ઉપાદેય છે. એવી જ રીતે મિથ્યાત્વ કર્મનો અભાવ અથવા સદ્દ્ગુરુનો ઉપદેશ નિમિત્ત છે અને સમ્યગ્દર્શન નૈમિત્તિક છે.

આત્મ દ્રવ્ય અથવા શ્રદ્ધાગુણ અને સમ્યગ્દર્શનમાં ઉપાદાન-ઉપાદેય સંબંધ છે. મિથ્યાત્વ કર્મનો અભાવ અથવા સદ્દ્ગુરુનો ઉપદેશ અને સમ્યગ્દર્શનમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે.

૬. અહીંયા એક પ્રશ્ન સંભવે છે કે જેમ સમ્યગ્દર્શનરૂપ કાર્યના ઉદાહરણમાં એમ બતાવવામાં આવ્યું કે 'દ્રવ્ય અથવા ગુણ' ઉપાદાન કારણ છે, તો વિવક્ષિત કાર્ય નિરંતર ઉત્પન્ન જ થતું રહેવું જોઈએ કારણ કે જ્યાં કારણ ઉપસ્થિત છે તો કાર્ય હોવું જોઈએ.

હવે એના જવાબમાં એ કહેવામાં આવે કે ઉપાદાન કારણ તો દ્રવ્ય અને ગુણ હોવાથી સદાકાળ જ ઉપસ્થિત જ હોય છે, પણ નિમિત કારણ ન મળવાથી કાર્ય ન થયું. જ્યારે નિમિત્ત કારણ મળશે ત્યારે કાર્ય સંપન્ન થઈ જાય. એવું માનવાથી નિમિત્ત કારણ જ નિયામક કારણ ઠરશે; કારણ કે એના હોવા અથવા ન હોવા પર કાર્યનું થવું કે ન થવું નિર્ભર છે.

આ આપત્તિથી બચવા જો એમ કહેવામાં આવે કાર્યની ઉત્પત્તિમાં તો બંને કારણોની ઉપસ્થિતિ અનિવાર્ય છે; તો આપણે કહેશું ભલે બેઉ કારણોની ઉપસ્થિતિ અનિવાર્ય હો, પરંતુ નિયામક કારણ તો નિમિત્ત જ રહ્યું; કારણ કે એના હોવા પર કાર્ય થાય છે અને ન હોવા પર કાર્ય થતું નથી.

અરે ભાઈ ! કાર્યનું નિયામક કારણ કોણ છે? આ જાણવા પહેલાં આપણે ઉપાદાન-નિમિત્તને એના ભેદ-પ્રભેદો સહિત સારી રીતે સમજવું પડશે તો પછી આ વિવાદનું નિરાકરણ થઈ જશે. ખરેખર તો વાત એમ જ છે કે ઉપાદાન-નિમિત્તના ભેદ-પ્રભેદોના સમ્યક્ જ્ઞાનથી આ પ્રશ્નનો ઉત્તર મળી જાય છે. ઉપાદાન-નિમિત્તના ભેદ-પ્રભેદ આ પ્રમાણે છે.


| | | |
|---|---|---|
| ઉપાદાન બે પ્રકારનું હોય છે. | ૧. ત્રિકાળી | ૨. ક્ષણિક. |
| નિમિત્ત પણ બે પ્રકારના છે. | ૧. ઉદાસીન | ૨. પ્રેરક |
| | અથવા | |
| | ૧. અંતરંગ | ૨. બહિરંગ |

**ત્રિકાળી ઉપાદાન :** જે દ્રવ્ય અથવા ગુણ સ્વયં કાર્યરૂપે પરિણમે એ દ્રવ્ય અથવા ગુણને એ કાર્યનું ત્રિકાળી ઉપાદાન કારણ કહે છે.

**ક્ષણિક ઉપાદાન :** (૧) દ્રવ્ય અને ગુણમાં જે પર્યાયોનો પ્રવાહક્રમ અનાદિ-અનંત ચાલ્યા કરે છે, એ પ્રવાહક્રમમાં અનંતરપૂર્વક્ષણવર્તી પર્યાય ક્ષણિક ઉપાદાન કારણ છે અને અનંતરઉત્તરક્ષણવર્તી પર્યાય કાર્ય છે. એને એમ પણ કહેવામાં આવે છે કે અનંતરપૂર્વક્ષણવર્તી પર્યાયથી યુક્ત દ્રવ્ય કારણ છે અને અનંતરઉત્તરક્ષણવર્તી પર્યાયથી યુક્ત દ્રવ્ય કાર્ય છે.

(૨) તે જ સમયની પર્યાયની તે જ સમય હોવારૂપ યોગ્યતા ક્ષણિક ઉપાદાન કારણ છે અને તે પર્યાય કાર્ય છે.

૭.




ક્ષણિક ઉપાદાન કારણને સમર્થ ઉપાદાન કારણ પણ કહે છે; કારણ કે ત્રિકાળી ઉપાદાન કારણ તો સદાય વિદ્યમાન રહે છે, પણ જો તેને જ સમર્થ કારણ માનવામાં આવે તો વિવક્ષિત કાર્યની સદા ઉત્પત્તિ થતી રહેવાનો પ્રસંગ આવશે. અનંતરપૂર્વક્ષણવર્તી પર્યાયનો વ્યય તેમજ એ સમયે એ પર્યાયની ઉત્પન્ન થવાની યોગ્યતા જ સમર્થ ઉપાદાન કારણ છે; જેના વગર કાર્યની ઉત્પત્તિ નથી થતી અને જેના હોવાથી નિયમથી કાર્યની ઉત્પત્તિ થાય જ છે.

આ પ્રમાણે આટલા વિવેચનથી એ સ્પષ્ટ થયું કે સમર્થ ઉપાદાન એક જ હોય છે અને તેનાથી ઉત્પન્ન થવાવાળું કાર્ય તે જ હોય છે કે જેનું તે સમર્થ ઉપાદાન છે. ત્યાં એ કાર્યનું જે કાંઈ પણ નિમિત્ત હોય છે, તેમાં ઉપાદાનની ક્રિયા કરવાની શક્તિ નથી હોતી. માત્ર એ ઉપાદાન અનુસાર થવાવાળા કાર્યનું સૂચક હોવાથી એનું નિમિત્ત કહેવામાં આવે છે. અને આ આધાર પર નિમિત્તના અનુસાર કાર્ય થાય છે એવો વ્યવહાર(ઉપચાર) કરવામાં આવે છે.

આ પરથી એ તથ્ય નક્કી થયું નિયામક કારણ ત્રિકાળી ઉપાદાન કારણ

નહિ પણ ક્ષણિક ઉપાદાન કારણ છે. નિમિત્ત તો કોઈ કારણ જ નથી.

અહિંયા એક પ્રશ્ન ઊભો થાય છે કે જ્યારે ક્ષણિક ઉપાદાન જ સમર્થ ઉપાદાન હોય તો ત્રિકાળી ઉપાદાનનું શું મહત્ત્વ છે?

ભાઈ, વાત એમ છે કે ઉપાદાન તો નિજ શક્તિને કહે છે. પરંતુ શક્તિ બે પ્રકારની છે. (૧) દ્રવ્ય શક્તિ (૨) પર્યાય શક્તિ. આ બંને શક્તિઓનું નામ ઉપાદાન છે. પર્યાય શક્તિયુક્ત દ્રવ્ય શક્તિ જ કાર્યકારી હોય છે. દ્રવ્ય શક્તિ નિત્ય હોય છે, પર્યાય શક્તિ અનિત્ય. નિત્ય શક્તિના આધાર પર કાર્યની ઉત્પત્તિ માનવાથી કાર્યની નિત્યતાનો પ્રસંગ આવે છે; એટલે પર્યાય શક્તિને જ કાર્યનું નિયામક કારણ સ્વીકાર કરવામાં આવ્યું છે. દ્રવ્ય શક્તિ એ બતાવે છે આ કાર્ય આ દ્રવ્યમાં જ થશે, અન્ય દ્રવ્યમાં નહિ; અને પર્યાય શક્તિ એ બતાવે છે કે વિવક્ષિત કાર્ય વિવક્ષિત સમયમાં જ થશે. એટલે બંને શક્તિનું મહત્વ છે. પરંતુ કાળનું નિયામક પર્યાય શક્તિ જ છે. કાળનું બીજુ નામ જ પર્યાય છે. આ પર્યાય શક્તિ અનંતરપૂર્વક્ષણવર્તી પર્યાયના વ્યયરૂપ અને તત્સમયની યોગ્યતારૂપ હોય છે.

૮. જો આગમ અનુસાર વિશિષ્ટ પર્યાયયુક્ત દ્રવ્ય શક્તિને અંતરંગ કારણ અર્થાત્ ઉપાદાન કારણ સ્વીકારીને કાર્ય-કારણની વ્યવસ્થા કરવામાં આવે તો કોઈ વિવાદ જ નથી રહેતો; કારણ કે યથાર્થમાં તો જ્યારે જ્યારે વિવક્ષિત કાર્યને યોગ્ય વિશિષ્ટ પર્યાય શક્તિથી યુક્ત દ્રવ્ય શક્તિ હોય છે, ત્યારે ત્યારે એ કાર્યને અનુકૂળ નિમિત્ત મળે જ છે-એવો નિયમ છે. અને એમ નથી કે નિશ્ચય ઉપાદાન હોય અને નિમિત્ત ન મળે.

આ જ વાતને અસદ્ભૂત નયની અપેક્ષાએ એમ કહેવામાં આવે છે કે જ્યારે જેવા નિમિત્ત મળે છે ત્યારે તેવું કાર્ય થાય છે. એક વાત એમ પણ છે જે પ્રકારે ત્રિકાળી ઉપાદાન હંમેશા ઉપસ્થિત રહે છે; તે પ્રકારે સામાન્યત: નિમિત્ત પણ હંમેશા ઉપસ્થિત જ રહે છે. કારણ કે જે પ્રકારે પ્રત્યેક દ્રવ્ય સ્વયંના કાર્ય માટે ઉપાદાન છે, એ જ પ્રમાણે પ્રત્યેક દ્રવ્ય પરના કાર્ય માટે નિમિત્ત પણ તો છે જ.

એટલે સહજરૂપથી એ પણ દેખાય છે કે જીવ અને પુદ્ગલ જ્યારે જ્યારે પોતાની ક્ષણિક ઉપાદાનગત યોગ્યતાની અનુસાર ચાલે છે અથવા સ્થિર રહે છે, ત્યારે ત્યારે ધર્મ અથવા અધર્મ નિમિત્તમાત્ર થઈ જાય છે.

૯. કાર્ય કે પ્રતિ સાધકતમ તો તત્સમયની યોગ્યતારૂપ ક્ષણિક ઉપાદાન કારણ જ છે; ન તો ત્રિકાળી ઉપાદાન નિયામક છે અથવા ન તો નિમિત્ત કારણ છે. ઉદાહરણ તરીકે :-

(૧) એક ધોરણમાં અનેક વિદ્યાર્થી ભણે છે. એને ભણાવવાવાળા અધ્યાપક એક, પુસ્તક તથા બીજી સામગ્રી પણ એ જ, છતાં પણ બધા જ વિદ્વાન નથી થઈ જતા. બધા પોતપોતાની યોગ્યતા અનુસાર જ વિદ્વાન થાય છે.

(૨) સમોવશરણમાં એક સાથે અનેક જીવ ધર્મ ઉપદેશ સાંભળે છે, બધાને માટે એ જ દિવ્ય ધ્વનિરૂપ ઉપદેશ સરખો જ હોય છે, પરંતુ બધા જ સમ્યગ્દષ્ટિ, શ્રાવક કે મુનિ તો થઈ જતા નથી. બધા પોતપોતાની યોગ્યતાનુસાર જ પરિણમે છે.

(૩) ભગવાન મહાવીરનો જીવ-મારિચીના ભવમાં જ કેમ મોક્ષ ન પામ્યો? શું ત્યાં સદ્‌નિમિત્તો કે ઉપાદાન ન હતું? બધું જ હતું પણ ત્યાં મોક્ષરૂપ પરિણતિની તત્સમયની યોગ્યતારૂપ ક્ષણિક ઉપાદાન કારણ ન હતું તો કાર્ય ન થયું.

તેથી એ સિદ્ધ થાય છે કે જ્યારે પર્યાયગત ઉપાદાનની તૈયારી હોય, ત્યારે કાર્ય થાય છે, તે સમયે યોગ્ય નિમિત્ત પણ હોય જ છે એને શોધવા નથી જવું પડતું.

૧૦. **નિમિત્તોના પ્રકાર :**

નિમિત્ત → ઉદાસીન, પ્રેરક

અથવા

નિમિત્ત → અંતરંગ, બહિરંગ

**ઉદાસીન નિમિત્ત :** ઈચ્છાશક્તિથી રહિત અથવા નિષ્ક્રિય દ્રવ્ય ઉદાસીન નિમિત્ત હોય છે.

**પ્રેરક નિમિત્ત :** ઈચ્છાવાન અને ક્રિયાવાન દ્રવ્ય પ્રેરક નિમિત્ત છે.

ધર્મ, અધર્મ, દ્રવ્ય તેમજ આકાશ અને કાળ ઉદાસીન નિમિત્ત છે.

વિદ્યાર્થીઓને ભણાવતા પુસ્તકો તેમજ અન્ય સામગ્રી ઉદાસીન નિમિત્ત છે.

વિદ્યાર્થીને ભણાવવાવાળા અધ્યાપક પ્રેરક નિમિત્ત છે.

ધજાને ફરકાવવામાં હવા સક્રિય હોવાથી પ્રેરક નિમિત્ત છે.

૧૧. કાર્ય થતી વખતે નિમિત્તની હાજરી હોય છે પણ નિમિત્ત કાંઈ કરતું નથી- નિમિત્તના હાજરી અવશ્ય છે જ. નિમિત્તોની અનુસાર કાર્ય નથી થતું, કાર્યની અનુસાર નિમિત્ત કહેવામાં આવે છે.

પર દ્રવ્ય કોઈ જબરજસ્તી તો આપણા ભાવ બગાડતા નથી, આપણા ભાવ બગડે ત્યારે તે બાહ્ય નિમિત્ત છે.. તથા એના નિમિત્ત વગર પણ ભાવ બગડે છે, એટલે નિયમથી નિમિત્ત પણ નથી.

આ પ્રમાણે પર દ્રવ્યનો દોષ ગણવો એ મિથ્યાત્વ છે. ન તો નિમિત્ત ઉપાદાનમાં બળથી કાંઈ કરે છે અને ન તો ઉપાદાન કોઈ પણ નિમિત્તને બળથી લાવે છે અને મેળવે છે. બેઉનો સહજ પરિણમન છે. બેઉનો સહજ સંબંધ છે. આ સંબંધને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કહેવામાં આવે છે.

કદાચ કર્મ જો સ્વયં કર્તા થઈને ઉદ્યમથી જીવના સ્વભાવનો ઘાત કરે, બાહ્ય સામગ્રીને મેળવી આપે, તો તો કર્મનું ચેતનાપણું અને બળવાનપણું પણ જોઈએ, તે તો છે નહિ. સહજ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. જ્યારે એ કર્મોના ઉદયકાળ છે, તે સમયે સ્વયં આત્મા સ્વભાવરૂપ પરિણમન ન કરતાં વિભાવરૂપ પરિણમન કરે છે તથા જે અન્ય દ્રવ્ય છે તે તો એમ જ સંબંધરૂપ થઈને પરિણમિત થાય છે. બંને દ્રવ્યોનું પરિણમન સ્વતંત્ર છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એક સહજ સંબંધ છે. એ સંબંધને કર્તા-કર્મના રૂપમાં પ્રસ્તુત કરવો યોગ્ય નથી. નિમિત્તને કર્તા માનવાથી દ્રવ્યની સ્વતંત્ર સત્તાનો નાશ થાય છે તે યોગ્ય નથી. નિમિત્તની અનિવાર્ય ઉપસ્થિતિ(હાજરી)માત્રથી એને કર્તા અથવા સાધકતમ કરણ નહિ માનવો જોઈએ.

૧૨. **ઉપસંહાર:**

(૧) પ્રત્યેક દ્રવ્ય સ્વયં જ પોતાની અનંત શક્તિરૂપ સંપદાથી પરિપૂર્ણ છે, એટલે સ્વયં જ છકારકરૂપ થઈને પોતાનું કાર્ય કરવા સમર્થ છે, તેને કોઈ પણ બાહ્ય સામગ્રી સહાયતા કરી શકતી નથી. એટલે કેવળજ્ઞાનના ઈચ્છુક આત્માને બાહ્ય સામગ્રીની અપેક્ષા રાખીને પરતંત્ર થવું નિરર્થક છે.

(૨) સ્વભાવ ભાવોમાં તો પરનું કતૃત્વ છે જ નહિ, વિભાવ ભાવોમાં પણ પરના કતૃત્વનો નિષેધ કરવામાં આવ્યો છે. જીવની ઔદયિકાદિ ભાવરૂપથી પરિણમન થવાની ક્રિયામાં વાસ્તવમાં જીવ સ્વયં જ છકારક રૂપથી વર્તે છે એટલા માટે એને બીજા કારકોની અપેક્ષા નથી. ખરેખર તો કોઈ દ્રવ્યના કારકોને કોઈ અન્ય દ્રવ્યના કારકોની અપેક્ષા નથી હોતી.

(૩) ભગવાન આત્મા પોતાની સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ નિર્મળ પર્યાયો અથવા રાગાદિકરૂપ વિકારી પર્યાયોના રૂપમાં પોતપોતાની સ્વ સમયની યોગ્યતાનુસાર સ્વયં જ પરિણમિત થાય છે, એમાં પર નિમિત્તનો કોઈ હસ્તક્ષેપ છે જ નહિ.

(૪) હા, એ અવશ્ય છે કે જ્યારે આત્મા સમ્યગ્દર્શનાદિ નિર્મળ પર્યાયો અથવા રાગાદિકરૂપ વિકારી પર્યાયોના રૂપમાં પોતાની સ્વભાવગત અથવા પર્યાયગત યોગ્યતાનુસાર પરિણમિત થાય છે, ત્યારે તેને અનુકૂળ નિમિત્ત પણ હોય છે. એ માટે એ કથન પણ અસત્ય નથી કે નિમિત્ત વિના કાર્ય થતું નથી. પણ આ કથન નિમિત્તની અનિવાર્ય ઉપસ્થિતિ માત્રને જ બતાવે છે, એનાથી વધારે કાંઈ નહિ. નિમિત્તની અનિવાર્ય ઉપસ્થિતિ માત્રથી એને કર્તા અથવા સાધકતમ કરણ માની શકાય એમ નથી. નિમિત્ત સદા પર પદાર્થરૂપ જ હોય છે.

(૫) એટલા માટે પ્રત્યેક દ્રવ્યમાં એના પોતપોતાના સ્વભાવાદિથી કારણ સ્વરૂપ એવી વ્યવસ્થા હોવી જોઈએ જેના કારણે પ્રત્યેક સમયનું ઉત્પાદ-વ્યય સ્વયં થાય છે. આનાથી એ સ્પષ્ટ થાય છે કે પ્રતિસમયના પ્રત્યેક કાર્યનું નિશ્ચય ઉપાદાન સુનિશ્ચિત છે.

(૬) પ્રત્યેક દ્રવ્ય સ્વભાવથી જ પરિણમનશીલ છે. જ્યારે નિત્ય રહીને નિરંતર પરિણમન થવું પ્રત્યેક દ્રવ્યનો સ્વભાવ છે તો પછી એ પરિણમનમાં પર દ્રવ્યની અપેક્ષા કેમ હોય? ન જ હોય. કારણ કે સ્વભાવ નિરપેક્ષ છે.

(૭) કર્મ બંધનમાં આત્માના રાગાદિભાવો અંતરંગ નિમિત્ત અને મન-વચન-કાયાના વ્યાપારને બહિરંગ નિમિત્ત કહેવામાં આવે છે. સમ્યગ્દર્શન પ્રાપ્તિમાં દર્શન મોહનીય કર્મનો ક્ષય, ઉપશમ અને ક્ષયોપશમ ને અંતરંગ નિમિત્ત અને ગુરુ ઉપદેશને બહિરંગ નિમિત્ત કહેવામાં આવે છે.

**કેટલાક પ્રશ્નો :**

પ્ર.૧ સુખી થવાનો એકમાત્ર ઉપાય આત્માને જાણો, માનો અને તેમાં જ રમી જાઓ, જામી જાઓ-આમાં નિમિત્ત-ઉપાદાન સમજવાની શું જરૂર છે?

ઉ. આત્માને જાણવા માટે નિમિત્ત-ઉપાદાનનું સ્વરૂપ જાણવું જરૂરી છે. નિમિત્ત-ઉપાદાનનું સાચું સ્વરૂપ ન સમજવાથી આત્મ કલ્યાણરૂપ કાર્ય કરવા માટે આ આત્મા પર પદાર્થોના સંયોગોની આકાંક્ષાને લીધે પર તરફ જ જોઈ રહ્યો છે-પોતાની(સ્વ) તરફ જોતો જ નથી. એટલે એ સમજવું અત્યંત જરૂરી

છે કે આપણા આત્માના કલ્યાણનું કાર્ય તો સ્વયંના આશ્રયથી, સ્વની પાત્રતા(યોગ્યતા)થી, સ્વયંમાં જ સંપન્ન થાય છે, પર પદાર્થ તો એમાં માત્ર નિમિત્ત જ હોય છે.

જ્યારે દ્રવ્ય સ્વભાવમાં પર્યાયગત પાત્રતાનો પરિપાક થાય છે તો નિમિત્ત પણ સહજ ઉપસ્થિત થાય છે. એટલે નિમિત્તો પરથી દૃષ્ટિ હટાવી ત્રિકાળી ઉપાદાન, કે જે નિજ ત્રિકાળી ધ્રુવ પરમાત્મા છે, એના પર દૃષ્ટિ કેન્દ્રિત કરવાથી આત્મ અનુભવ થાય છે.

આ કાર્ય પણ પર્યાયગત યોગ્યતાના સદ્ભાવમાં સહજ ભાવથી જ સંપન્ન થાય છે; એના માટે આકુળિત થવાથી કોઈ કાર્ય થતું નથી. પ્રત્યેક કાર્ય સ્વ સમયમાં સ્વયંની યોગ્યતારૂપ ઉપાદાન કારણથી જ સંપન્ન થાય છે અને જ્યારે કાર્ય થાય છે તો તેને અનુકૂળ નિમિત્ત પણ હોય છે, એમને શોધવા જવા પડતા નથી.

આ પ્રમાણે નિમિત્ત-ઉપાદાનની સંધિનું સમ્યગ્જ્ઞાન થઈ જવાથી દૃષ્ટિ પર પદાર્થો પરથી હટીને-દ્રવ્ય સ્વભાવ પર દૃષ્ટિ કરતા આત્માનુભૂતિ થાય છે.

પ્ર.૨ તો પછી જે આત્મ કલ્યાણના કાર્યમાં નિમિત્ત છે એવા સત્પુરુષ, સત્સંગ, ગુરુ શોધવાની જરૂર નથી?

ઉ. સત્પુરુષ અને સત્સમાગમની વાત તો બરાબર છે પરંતુ બધું જ એનાથી થઈ જવાનું નથી. સત્પુરુષ, ગુરુ અને સત્સમાગમ નિમિત્તમાત્ર છે. જ્યાં સુધી આપણી અંદરની તૈયારી નથી થઈ, ઉપાદાનગત યોગ્યતા પાકી નથી, દૃષ્ટિ સ્વભાવ સમક્ષ ગઈ નથી, ત્યાં સુધી આત્મ કલ્યાણનો માર્ગ પ્રગટ થવાનો નથી. આ વાતને સારી રીતે સમજી લેવાની જરૂર છે.

જીવનભર સત્સમાગમ અને ગુરુની સેવા કરી પણ આત્મ લાભની પ્રાપ્તિ ન થઈ-એનું એક માત્ર કારણ એ છે એમની દૃષ્ટિ એમના પર જ રહી-સ્વભાવ સન્મુખ ન થઈ. પોતાના આત્માનો મહિમા ન આવ્યો, પોતાના આત્માનો આશ્રય ન કર્યો. જેનું જેટલું મહત્ત્વ છે એ અવશ્ય સ્વીકારવું જોઈએ પણ એ પણ ધ્યાન રાખવાની જરૂર છે કે જે પ્રમાણે સત્સમાગમ અને સત્પુરુષનો અસ્વીકાર કરવામાં હાની છે, તેનાથી વધુ હાની એની આવશ્યકતાથી અધિક મહત્ત્વ તેને આપવામાં છે.

વાસ્તવિક સત્ તો આપણો ત્રિકાળી ધ્રુવ ભગવાન આત્મા જ છે,

તેના સમાગમમાં જ સત્‌નો લાભ થવાનો છે. એની સંગતિ જ વાસ્તવિક સત્સંગતિ છે. આપણી શ્રદ્ધાનો શ્રદ્ધેય(દૃષ્ટિનો વિષય), જ્ઞાનનો જ્ઞેય, ધ્યાનનો ધ્યેય તો ત્રિકાળી સત્ નિજ ભગવાન આત્મા જ બનવો જોઈએ. ''સહજ આત્મ સ્વરૂપ પરમ ગુરુ''.

નિશ્ચય સત્સંગ તો ત્રિકાળી ધ્રુવ ભગવાન આત્માના જ્ઞાન, શ્રદ્ધાન અને ધ્યાનનું નામ છે. આત્માનું સ્વરૂપ બતાવનાર, આત્મ અનુભવની પ્રેરણા આપનાર, આત્માનુભવી પુરુષોનો સમાગમ, એમની પાસેથી ત્રિકાળી ભગવાન આત્માનું સ્વરૂપ સાંભળવાથી એને વ્યવહારથી સત્સંગ કહે છે જ્યારે નિશ્ચયથી તો સ્વયં ત્રિકાળી ભગવાન આત્મા જ ઉપાદેય છે.

મુક્તિના માર્ગ પર ચાલવાની ક્રિયા સ્વાધીન ક્રિયા છે, એટલે તે ઉપાદાનના આશ્રયથી જ સંપન્ન થાય છે, નિમિત્તના આશ્રયથી નહિ. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર આ કાર્યમાં નિમિત્ત માત્ર છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કાંઈ કરતું નથી-અનુભૂતિ સ્વયં પોતે જ પોતાના કારકોથી કરવાની છે. ભગવાન આત્માને ધ્યેય બનાવવાવાળી ધ્યાન પર્યાય, એને જ્ઞેય બનાવવાવાળી જ્ઞાન પર્યાય અને એમાં અહમપણું સ્થાપિત કરવાવાળી શ્રદ્ધાન પર્યાય ક્ષણિક ઉપાદાન છે અને ત્રિકાળી ઉપાદાન તો પ્રત્યેક વ્યક્તિનું સ્વયંનું ત્રિકાળી નિજ ભગવાન આત્મા જ છે. ત્યારે યોગ્ય નિમિત્ત અવશ્ય હોય જ છે. મોક્ષમાર્ગની પ્રથમ સીડી જે સમ્યગ્દર્શનરૂપ કાર્ય છે, તેનું ઉપાદાન તો ભગવાન આત્મા અથવા શ્રદ્ધા ગુણ જ છે અને નિમિત્ત તરીકે સત્પુરુષનો ત્રિકાળી ધ્રુવ ભગવાન આત્માનો સ્વરૂપ બતાવનાર ઉપદેશ છે. દેશનાલબ્ધિ છે અને એ દેશનાલબ્ધિને બહિરંગ નિમિત્તના રૂપમાં સ્વીકાર કરવામં આવ્યો છે, કારણ કે અંતરંગમાં નિમિત્ત તો દર્શન મોહનો ક્ષય, ક્ષયોપશમ કે ઉપશમ જ છે.

વસ્તુત: વાત એમ છે કે ઉપાદાન અને નિમિત્તનો એક સુમેળ છે. જ્યારે ઉપાદાનની તૈયારી હોય છે અર્થાત્ પર્યાયની પાત્રતા પાકી ગઈ છે, ત્યારે સત્પુરુષનો સમાગમ પણ સહજ પ્રાપ્ત થાય છે, સત્પુરુષની ખોજ પણ સહજ પ્રાપ્ત થાય છે, કાંઈ પણ અસહજ નથી હોતું, બધું જ સહજ છે.

ત્રિકાળી સત્‌ની રુચિમાં સત્પુરુષની ખોજની પ્રક્રિયા સહજ સંપન્ન થાય છે, વ્યગ્રતાથી કાંઈ નથી થતું. આત્મહિતનો માર્ગ તો સહજ જ છે. સત્પુરુષની શોધ પણ સહજ, અને ત્રિકાળી ધ્રુવની અનુભૂતિ-પ્રતીતિ પણ સહજ, બધું સહજ હી સહજ હોય છે.

જ્યારે સંસાર સાગરનો કિનારો નજીક આવી ગયો હોય છે ત્યારે-

(૧) સહજ જ આત્માની રુચિ જાગૃત થઈ જાય છે.

(૨) આત્મરુચિ ભગવાન આત્મા અને આત્મજ્ઞ સત્પુરુષની શોધ તરફ પુરુષાર્થને પ્રેરીત કરે છે-એવી જિજ્ઞાસા સહજ પ્રાપ્ત હોય છે.

(૩) સત્પુરુષના સમાગમથી આત્મરુચિને અભૂતપૂર્વ બળ પ્રાપ્ત થાય છે.

(૪) હવે જે પ્રમાણે આત્માનું સ્વરૂપ જાણ્યું છે, નિશ્ચય-વ્યવહાર, ઉપાદાન-નિમિત્ત, ક્રમબદ્ધ પર્યાય, સાત તત્ત્વોનું યથાર્થ શ્રદ્ધાન, અધ્યયન, મનન-ચિંતનની પ્રક્રિયા પરથી વિમુખ થઈ સ્વોન્મુખ થઈ જાય છે.

(૫) રુચિની તીવ્રતા અને પુરુષાર્થની પ્રબળતા સહજ જ દૃષ્ટિને સ્વભાવ સન્મુખ કરે છે.

(૬) જ્ઞાન અને ધ્યાન પર્યાયને પણ આત્મોન્મુખ કરે છે.

(૭) આ નિમિત્ત-ઉપાદાનનો સહજ સુમેળ દેશનાલબ્ધિથી કરણલબ્ધિની તરફ ઢળતો થકો સમ્યગ્દર્શન પર્યાય પ્રાપ્ત કરવાની સશક્ત ભૂમિકા તૈયાર કરી દે છે.

આ બધું સહજ જ થાય છે; એટલા માટે કહેવામાં આવ્યું છે કે આત્માર્થીને નિમિત્તોની શોધમાં વ્યગ્ર ન થવું જોઈએ. આ બધું જ તનાવ વગર અત્યંત સહજ ભાવથી ચાલતું રહે છે અને સહજભાવથી જ ચાલતા રહેવું જોઈએ; કારણ કે મુક્તિનો માર્ગ શાંતિનો માર્ગ છે, તનાવનો નહિ, વ્યગ્રતાનો નહિ.

નિમિત્ત પર છે, એના પર દૃષ્ટિ રાખવાથી દૃષ્ટિ પરાધીન થાય છે. ત્રિકાળી ઉપાદાનરૂપ નિજ ભગવાન આત્મા 'સ્વ' છે, એના પર દૃષ્ટિ રાખવાથી દૃષ્ટિ સ્વાધીન થાય છે. પરાધીનતા એ દુઃખ છે અને સ્વાધીનતામાં સુખ છે; એટલે સુખાર્થીને તો સ્વાધીનતા જ શ્રેય છે.

વસ્તુતઃ વાત એમ છે કે કરણલબ્ધિના અંત સમયમાં સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે, ત્યારે જ્ઞાન, શ્રદ્ધા, દર્શન, ચારિત્ર આદિ બધા જ ગુણોની પરિણતિ આત્મ સન્મુખ થાય છે; તે સમયે ત્રિકાળી ભગવાન આત્મા જ જ્ઞાનનો જ્ઞેય, શ્રદ્ધાનો શ્રદ્ધેય, ધ્યાનનો ધ્યેય હોય છે. અને એ બધા ગુણોની પરિણતિમાં નિર્મળતા પ્રગટે છે. જ્ઞાનની પરિણતિ સમ્યગ્જ્ઞાનરૂપ, શ્રદ્ધાની

પરિણતિ સમ્યક્ શ્રદ્ધાનરૂપ, ચારિત્રની પરિણતિ સમ્યક્ચારિત્રરૂપ થઈ જાય છે. આનંદ(સુખ) ગુણમાં અતીન્દ્રિય આનંદ ઉભરાઈ આવે છે. આખરે તો અખંડપિંડ સંપૂર્ણ આત્મા જ સમ્યગદૃષ્ટિ થાય છે ને?

ગુરુ દ્રોણાચાર્ય અને અર્જુનનો ઉદાહરણ પ્રસિદ્ધ છે. અર્જુનની દૃષ્ટિમાં બધી જ પર વસ્તુઓ હટી ગઈ(ગુરુ પણ) અને માત્ર પક્ષીની કીકી જ જ્યારે રહી ત્યારે નિશાન તાકવાની રજા મળતા તે કાર્ય સફળ થયું. જ્યારે લૌકિક કાર્યની સિદ્ધિમાં પણ લક્ષ્ય ભેદમાં ગુરુને દૃષ્ટિમાંથી હટાવવા પડે છે તો પછી આત્મસિદ્ધિ જેવા મહાન કાર્યમાં ગુરુને દૃષ્ટિના વિષયમાં કેમ રાખી શકાય?

ગુરુએ બતાવેલ માર્ગ પર ચાલીને એ લક્ષ્યની પ્રાપ્તિ કરવી છે જે લક્ષ્યની પ્રાપ્તિનો ગુરુએ નિર્દેશ કર્યો છે, માર્ગ બતાવ્યો છે. સદ્ગુરુનો સાચો સન્માન તો આ જ છે. આમાં એની ઉપેક્ષા રંચમાત્ર પણ નથી. કોઈ જ્ઞાની ગુરુ એમ નથી ઈચ્છતો એનો શિષ્ય નિરંતર એનું જ મોઢું જોયા કરે, એની સ્તુતિ ગાનમાં લાગ્યો રહે અને જે ભગવાન આત્માનું સ્વરૂપ એને સમજાવવામાં આવ્યું છે એની આરાધનામાં તત્પર જ ન થાય.

સાચા શિષ્યના હૃદયમાં ગુરુનું યોગ્ય સ્થાન અને સન્માન તો હંમેશા રહે જ છે અને સમય સમય પર તે અભિવ્યક્ત પણ થાય છે પરંતુ અનુભવના કાળમાં તો એ એના જ્ઞાનનો પણ જ્ઞેય નથી રહેતા. આ પણ પરમ સત્ય છે. આ વાતને પણ આપણે સારી રીતે સમજી લેવી જોઈએ.

સમ્યગ્દર્શનની પ્રાપ્તિનું કાર્ય તો પોતાનામાં જ થવાનું છે, ઉપાદાનમાં થવાનું છે; ગુરુમાં નહિ, નિમિત્તમાં નહિ, પોતાના ત્રિકાળી ધ્રુવના આશ્રયથી થવાનું છે, ગુરુના આશ્રયથી નહિ. ગુરુ તો માર્ગદર્શક માત્ર છે, નિમિત્ત માત્ર છે. ન એમાં કાંઈ થવાનું છે, ન એનાથી કાંઈ થવાનું છે. જે કાંઈ પણ થવાનું છે તે પોતાનામાં જ અને પોતાના આશ્રયથી જ. એને જે સમજાવવાનું હતું, બતાવવાનું હતું એ બતાવી દીધું, તમે સમજી લીધું, હવે તમે તમારું કાર્ય કરો- ગુરુને તમારી સાથે તમારા ઉપયોગમાં શું કામ રાખવા છે? જ્યાં સુધી ગુરુ ધ્યાનમાં હશે-દૃષ્ટિનો વિષય ભગવાન આત્મા જ્ઞાનનો જ્ઞેય, શ્રદ્ધાનો શ્રદ્ધેય, ધ્યાનનો ધ્યેય નહિ બને-આત્માનુભૂતિ નહિ થાય, ધર્મનો આરંભ જ નહિ થાય.

ધર્મની શરૂઆત કરવાની રીત આ છે કે ગુરુના ઉપદેશ મુજબ વિકલ્પાત્મક ક્ષયોપશમ જ્ઞાનમાં શુદ્ધ આત્મ તત્ત્વનો સ્વરૂપ સમજો, સમ્યક્

નિર્ણય કરો; પછી ઉપયોગને બધા પર નિમિત્તોથી હટાવી ઉપયોગ આત્મ સન્મુખ કરો અને આત્મામાં તન્મય થઈ જાઓ. આ જ આત્માનુભૂતિનો ઉપાય છે. અહિંથી ધર્મની શરૂઆત થાય છે, આ જ સંવર છે. નિરંતર વૃદ્ધિગત આત્મ સ્થિરતા નિર્જરા છે અને અનંત કાળ સુધી આત્મામાં સમાઈ જવું એ વાસ્તવિક મોક્ષ છે, જે અનંત સુખરૂપ છે અને પ્રાપ્ત કરવા માટે એકમાત્ર ઉપાદેય છે. આ રીતે નિમિત્ત-ઉપાદાનનું સાચું સ્વરૂપ સમજી બધા જ એ અનુભૂતિને પ્રાપ્ત થાઓ.

**કર્મ સંબંધી સમજ માટે :**

પ્ર. શાસ્ત્રોમાં એમ પણ કહેવામાં આવ્યું છે આપણા પૂર્વકર્મોદયાનુસાર સંયોગ પ્રાપ્ત થાય છે આમાં વિચારવાની વાત એ છે કે કર્મ તો નિમિત્ત છે એટલે નિમિત્ત તો કાંઈ કરતું નથી-તો પછી આ વાત આમ કેમ ?

ઉ. અરે ભાઈ ! એ સમજવા માટે પ્રથમ કર્મનું સ્વરૂપ બરાબર સમજવું પડશે. નિમિત્ત-ઉપાદાનની સાચી સમજણ થયા પછી એ તો નક્કી થયું છે કે દરેક કાર્ય પોતાની તત્સમયની યોગ્યતાનુસાર જ થાય છે. જેવી રીતે સમ્યગ્દર્શનની પર્યાયની પ્રાપ્તિ પણ તત્સમયની યોગ્યાનુસાર જ થાય છે અને તેમાં સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને એની શ્રદ્ધા નિમિત્ત જ છે. તેવી જ રીતે બધા જ સંયોગ અનાદિ કાળથી આ જીવને પ્રાપ્ત થયા કરે છે એ બધા જ નિયમાનુસાર પોતાની યોગ્યતાનુસાર જ પ્રાપ્ત થાય છે અને તેમાં પૂર્વકર્મોદય માત્ર નિમિત્ત જ છે. અહિંયા તો આ જ કહેવામાં આવ્યું છે કે પ્રત્યેક પ્રાણીના સંયોગ-વિયોગમાં, અનુકૂળતા-પ્રતિકૂળતામાં, સુખ-દુ:ખમાં, ઉપાદાન તો સ્વયં(સ્વયંની તે સમયની ઉપાદાનની યોગ્યતા) જ છે. અને તેમાં નિમિત્ત તેના કર્મોદય છે.

નિયમ તો એ છે કે કાર્ય સંપન્ન તો ઉપાદાનની યોગ્યતા પ્રમાણે જ થાય છે અને ત્યારે કર્મરૂપી નિમિત્તની ઉપસ્થિતિ હોય જ છે. તને ખરેખર આમાં કાંઈ કરવાનું નથી. અહિંયા તો નિમિત્ત-ઉપાદાન બંને બતાવી એની કર્તૃત્વની ચિંતાથી તને મુક્ત કરાવવામાં આવે છે. તું તે તરફ ધ્યાન નથી આપતો પરંતુ એ કથનમાંથી નિમિત્તનું જોર કાઢે છે. આ કથન નિમિત્તનું જોર બતાવવા નથી કરવામાં આવ્યું, પરંતુ આ તો કતૃત્વના બોજાથી દબાઈ ગયેલા પ્રાણીનો બોજો ઓછો કરવાનો પ્રયત્ન છે.

કાર્યોત્પત્તિમાં નિમિત્ત-ઉપાદાનનો કેટલું, કેવું અને કયું સ્થાન છે-આ વાત તો બહુ જ સ્પષ્ટ કરવામાં આવી છે. અહિંયા પણ તે અનુસાર સમજવાનું

છે. અહિંયા તો એ કહેવામાં આવ્યું છે તું નિશ્ચિંત થા, તને પરમાં કાંઈ કરવાનું નથી, એના નિમિત્ત-ઉપાદાન તારાથી ભિન્ન છે. સંયોગો અને કર્મ તારા સ્વરૂપથી ભિન્ન છે. તું તો જ્ઞાનસ્વભાવી ભગવાન આત્મા છે. તારા સુખ-દુ:ખનો આધાર સંયોગો કે કર્મો નથી (નિમિત્ત નથી). તારા એ સમયની સમજણ એ સંયોગી સંબંધ તારા ખરા સુખ-દુ:ખનું કારણ છે. ઉપાદાન-નિમિત્તની સમજણ તને એમાં બહુ ઉપયોગી છે.

પ્ર. નિમિત્ત ઉપાદાનની સમજણથી આધ્યાત્મિક સુખ-શાંતિ જ પ્રાપ્ત થાય છે કે લૌકિક દૃષ્ટિથી પણ કાંઈ લાભ છે? આધ્યાત્મિક લોકો જ આમાં ઉલજે, આપણા જેવા સાધારણ લોકો આમાં શું કામ સમય અને શક્તિ વેડફે?

ઉ. અરે ભાઈ ! આધ્યાત્મિક સુખ-શાંતિ સિવાય લૌકિક લાભ પણ બહુ જ છે. લૌકિક શાંતિ પણ પ્રાપ્ત થાય છે; પરંતુ એ સમજ કે આધ્યાત્મિક સુખ-શાંતિ જ સાચી સુખ-શાંતિ છે; લૌકિક સુખ-શાંતિ તો માથા ઉપરથી બોજો ખભા ઉપર ઉતારી રાખવા સમાન છે. આ સાચી શાંતિ છે જ નહિ.

અરે ભાઈ ! આમાં સમય અને શક્તિ બગાડવાનો ક્યાં પ્રશ્ન છે. આધ્યાત્મિક લોક કાંઈ અલગ નથી હોતા, તેમના ગામ કાંઈ અલગ નથી વસેલા. જે લોકોને સાચું સુખ જોઈએ છે, શાંતિના ઈચ્છુક છે, પોતાના આત્માને જાણવો-ઓળખવો છે, આ દિશામાં પ્રયત્નશીલ છે, સક્રિય છે, સજ્જન છે એ બધા જ આધ્યાત્મિક જ છે.

તમે અને અમે સાધારણ નથી, બધા જ આત્માર્થી છીએ. સ્વયં ભગવાન છીએ-ભૂલેલા ભગવાન છીએ-આપણે ભૂલી ગયા છીએ કે આપણે ભગવાન છીએ. સ્વભાવથી તો બધા જ ભગવાન છે; પર્યાયમાં પણ અલ્પ કાળમાં જ બે-ચાર ભવોમાં જ ભગવાન બનવાના છીએ. આવું કેમ નથી વિચારતો? હીન ભાવના રાખીને-આપણે સાધારણ માણસો છીએ, લૌકિક માણસો છીએ એ પ્રકારની વાતોથી નિજ ભગવાન આત્માનું અપમાન શું કામ કરે છે? ત્રણ લોકના નાથ આ મહા પ્રભુ ચૈતન્ય તત્ત્વને દીન-હીન કેમ સમજે છે? તું તો અનંત શક્તિઓનો સંગ્રહાલય, અનંત ગુણોનો ગોદામ, જ્ઞાનનો ઘનપિંડ, આનંદનો રસકંદ છે. આવી હીન વાતો તને શોભતી નથી. તું પર્યાયમાં પોતાપણું છોડીને સ્વભાવમાં પોતાપણું લાવ, ત્યારે જ તારી દીનતા સમાપ્ત થશે. ઉપાદાન પર બળ લગાવ-નિમિત્તો સામે ન જો. ઉપાદાન-નિમિત્તની સાચી સમજણ પડવાથી અને એમાં ઉપયોગ લગાવવાથી સમય

અને શક્તિ વેડફાતી નથી. આ તો વીતરાગી તત્ત્વજ્ઞાનમાં ઉપયોગનો ઉપયોગ થાય છે-અને પછી આત્માનુભૂતિમાં લગાવેલ ઉપયોગ તો મહાન જ છે.

અનુકૂળ સંયોગ એ લૌકિક લાભ છે. પ્રત્યેક પ્રાણીને અનુકૂળ સંયોગ સ્વયંની ઉપાદાનની યોગ્યતા તથા શુભ કર્મોના ઉદયરૂપ નિમિત્તથી પ્રાપ્ત થાય છે. જો આ વાત પણ સમજશે તો તારી પરાધીનતા દૂર થશે સદ્ભાવ અને સત્કર્મ કરવાની તને પ્રેરણા મળશે. બધે જ લાભ છે.

# ૨૦ ક્રમબદ્ધ પર્યાય (વિશેષ)

**સામાન્ય સ્વરૂપ :**

૧. 'ક્રમબદ્ધ પર્યાય'નો આશય એ છે કે આ પરિણમનશીલ જગતની પરિણમન વ્યવસ્થતા 'ક્રમનિયમિત' છે. જગતમાં જે કાંઈ પરિણમન નિરંતર થઈ રહ્યું છે, તે સર્વ એમ નિશ્ચિત ક્રમમાં વ્યવસ્થિતરૂપે થઈ રહ્યું છે.

૨. "જે દ્રવ્યની, જે પર્યાય, જે કાળે, જે નિમિત્ત અને જે પુરુષાર્થપૂર્વક જેવી થવાની છે, સર્વજ્ઞે એના જ્ઞાનમાં જેવી જાણી છે; તે દ્રવ્યની, તે પર્યાય, તે જ કાળે, તે જ નિમિત્તે અને તે જ પુરુષાર્થપૂર્વક, તેવી જ થાય છે; અન્યથા નહિ" આ નિયમ છે.

૩. સ્થૂળ દૃષ્ટિએ જોતાં જે પરિણમન અવ્યવસ્થિત દેખાય છે, તેમાં પણ ઊંડાણથી વિચાર કરતાં એક સુવ્યવસ્થિત વ્યવસ્થતા નજરે પડે છે.

૪. પ્રત્યેક દ્રવ્યની તે પરિણમન વ્યવસ્થા માત્ર વ્યવસ્થિત જ નહિ, સ્વાધીન પણ છે; કોઈ અન્ય દ્રવ્યને આધીન નથી. એક દ્રવ્યના પરિણમનમાં બીજા દ્રવ્યનો કોઈ હસ્તક્ષેપ નથી.

૫. 'ક્રમનિયમિત' અને 'ક્રમબદ્ધ' શબ્દ એકાર્થવાચી છે."પ્રત્યેક કાર્ય પોતાના સ્વકાળે જ થાય છે, તેથી પ્રત્યેક દ્રવ્યની પર્યાયો ક્રમનિયમિત છે. એક પછી એક પોતપોતાના સ્વકાળે નિશ્ચય-ઉપાદાન અનુસાર થયા કરે છે.

અહિં 'ક્રમ' શબ્દ પર્યાયોના ક્રમની અભિવ્યક્તિ બતાવવા માટે સ્વીકારેલ છે અને 'નિયમિત' શબ્દ પ્રત્યેક પર્યાયનો સ્વકાળ પોતપોતાના નિશ્ચય-ઉપાદાન અનુસાર નિયમિત છે- એ બતાવવા માટે આપવામાં આવેલ છે.

ધ્યાન દેવા યોગ્ય વાત એ છે કે અહિં માત્ર એમ નથી કહેવામાં આવ્યું કે પર્યાયો ક્રમે થાય છે, પરંતુ એમ પણ કહેવામાં આવ્યું છે કે તે નિયમિત ક્રમ માં થાય છે.

આશય એ છે કે "જે દ્રવ્યની જે પર્યાય, જે કાળે, જે નિમિત્ત અને જે પુરુષાર્થપૂર્વક જેવી થવાની છે; તે દ્રવ્યની, તે પર્યાય, તે જ કાળે, તે જ નિમિત્તે અને તે જ પુરુષાર્થપૂર્વક તેવી જ થાય છે; અન્યથા નહિ"-એ નિયમ છે.

૬. તેને નરેન્દ્ર, દેવેન્દ્ર કે જિનેન્દ્ર કોઈ ટાળવા સમર્થ નથી. "આ રીતે નિશ્ચયથી

જે દ્રવ્યોને અને તેની સમસ્ત પર્યાયોને જાણે છે તે સમયગ્દષ્ટિ છે; અને જે તેમાં શંકા કરે છે તે મિથ્યાદષ્ટિ છે.

૭. **સર્વજ્ઞની મુખ્યતા :** "સમ્યગ્દષ્ટિને એવો વિચાર હોય છે-જે વસ્તુનું સ્વરૂપ સર્વજ્ઞે જેવું જાણ્યું છે, તેવું નિરંતર પરિણમે છે; તેમ થાય છે. માટે જગતની વસ્તુઓને ઈષ્ટ-અનિષ્ટ માનીને દુ:ખી-સુખી થવું નિષ્ફળ છે. એવા વિચારથી દુ:ખ મટે છે, એ પ્રત્યક્ષ અનુભવ ગોચર છે."

"વળી સમ્યગ્દષ્ટિને એવો નિશ્ચય છે-જે જીવને, જે દેશમાં, જે કાળે, જે વિધાનથી જન્મ અથવા મરણ, કે લાભ-અલાભ, સુખ-દુ:ખ થવાનું જિનેન્દ્ર ભગવાને દિવ્યજ્ઞાનથી જાણેલ છે; તે જીવને, તે દેશમાં, તે કાળે, તે વિધાનથી, જન્મ -મરણ, લાભ-અલાભ નિયમથી જ થાય છે, તેને દૂર કરવાને કોઈ ઈન્દ્ર, અહમિન્દ્ર, જિનેન્દ્ર સમર્થ નથી."

ઉક્ત પ્રકરણોમાં પ્રાય: સર્વત્ર જ સર્વજ્ઞના જ્ઞાનને આધાર માનીને ભવિષ્યને નિશ્ચિત નિરૂપવામાં આવેલ છે અને તેના આધારે અધીર ન થવાનો અને નિર્ભય રહેવાનો ઉપદેશ આપવામાં આવ્યો છે.

આ રીતે આપણે જોઈએ કે 'ક્રમબદ્ધ પર્યાય'ની સિદ્ધિમાં 'સર્વજ્ઞતા' સૌથી બળવાન હેતુ છે.

૮. સર્વજ્ઞની વ્યાખ્યા તો એવી છે કે જે સર્વને જાણે તે સર્વજ્ઞ. કેવળજ્ઞાનનો વિષય તો સમસ્ત દ્રવ્યો અને તેમની ક્ષણ કાળ સંબંધી સમસ્ત પર્યાયો છે. જે કાંઈ થઈ ગયું છે, જે થઈ રહ્યું છે અને ભવિષ્યમાં થવાનું છે; સર્વજ્ઞ ભગવાનના જ્ઞાનમાં તો બધું વર્તમાનવત્ સ્પષ્ટ ઝળકે છે. માટે પ્રથમ તો સર્વજ્ઞની સર્વજ્ઞતાનો સ્વીકાર કરવો પડશે. અવધિજ્ઞાન અને મન:પર્યયજ્ઞાન પણ પોતાની સીમામાં ભવિષ્યને જાણે જ છે. લાખો વર્ષ પછીના ભવિષ્યની નિશ્ચિત ઘોષણાઓથી સર્વજ્ઞ કથિત જિનાગમ ભર્યા પડ્યા છે અને તે બધી જ ઘોષણા 'આમ જ થશે'ની ભાષામાં છે. સર્વજ્ઞની ભવિષ્યજ્ઞતાનો ઈન્કાર કરવાનો અર્થ સમસ્ત જિનાગમને તિલાંજલી દેવાનો થશે.

જેમનું ભાવિ ખોટું હોય છે, તેમની શ્રદ્ધા સર્વજ્ઞ પર નથી ટકતી. જેમનો સંસાર અલ્પ રહી જાય છે તેમને જ સર્વજ્ઞતા સમજવામાં આવે છે. ચરણાનુયોગ અને કરણાનુયોગમાં આવી ઘણી માહિતી છે.

૯. આનાથી એ નિષ્કર્ષ પણ નીકળે છે કે ચારેય ગતિના જીવોની સંખ્યા નિશ્ચિત છે અને પ્રત્યેક જીવના ભવ પણ નિશ્ચિત છે તથા તેમનો ક્રમ પણ નિશ્ચિત છે,

નહિ તો બધી વ્યવસ્થા કેવી રીતે બને? ક્યાંક તો અધિક ભીડ એકઠી થઈ જાય અને ક્યાંક સ્થાન ખાલી પડ્યાં રહે. પણ એમ થતું નથી. માટે જિનવાણી તેમજ સર્વજ્ઞની સર્વજ્ઞતામાં શ્રદ્ધા રાખવાથી ક્રમબદ્ધ બરાબર સમજાઈ જશે.

૧૦. **વિશ્વ વ્યવસ્થતા અને વસ્તુ વ્યવસ્થા :** વસ્તુ સ્વભાવથી જો વિચારવામાં આવે તો, 'જેમ દ્રવ્યના વિસ્તારનો નાનામાં નાનો અંશ તે પ્રદેશ છે, તેમ દ્રવ્યના પ્રવાહનો નાનામાં નાનો અંશ તે પરિણામ છે. પ્રત્યેક પરિણામ સ્વકાળમાં પોતાના રૂપે ઉપજે છે, પૂર્વરૂપથી નષ્ટ થાય છે અને સર્વ પરિણામોમાં એક પ્રવાહપણું હોવાથી પ્રત્યેક પરિણામ ઉત્પાદ-વિનાશ વિનાનો એકરૂપ ધ્રુવ રહે છે. વળી ઉત્પાદ-વ્યય-ધ્રોવ્યમાં સમય ભેદ નથી, ત્રણે એક જ સમયે થાય છે. આવા ઉત્પાદ-વ્યય-ધ્રોવ્યાત્મક પરિણામો ની પરંપરામાં દ્રવ્ય સ્વભાવથી જ સદાય રહેતું હોવાથી દ્રવ્ય સ્વયં પણ, મોતીઓના હારની માફક ઉત્પાદ-વ્યય-ધ્રોવ્યાત્મક છે.

૧૧. જેમ જેટલા લોકાકાશના પ્રદેશો છે, તેટલા જ એક જીવના પણ પ્રદેશો છે; તેવી જ રીતે ત્રણ કાળના જેટલા સમયો છે તેટલી જ પ્રત્યેક દ્રવ્યની પર્યાયો છે. એક-એક સમયની એક-એક પર્યાય નિશ્ચિત છે. જેમ લોકાકાશના એક-એક પ્રદેશ ઉપર એક-એક કાળાણું અંકિત છે; તેવી જ રીતે ત્રણે કાળના એક-એક સમયમાં પ્રત્યેક દ્રવ્યની એક-એક પર્યાય અંકિત છે. ગુણોની અપેક્ષાએ વિચાર કરીએ તો ત્રણે કાળના એક-એક સમયમાં પ્રત્યેક ગુણની એક-એક પર્યાય અંકિત છે. આ પ્રકારે જ્યારે પ્રત્યેક પર્યાય સ્વ સમયમાં અંકિત છે-નિશ્ચિત છે, તો પછી તેમાં અદલા-બદલીનું કયું કામ બાકી રહી જાય છે? "પ્રત્યેક પરિણામ પોત-પોતાના અવસરે જ પ્રગટ થાય છે." આ બધા ઉપરથી એ જ નિષ્કર્ષ નીકળે છે કે જે દ્રવ્યની જે પર્યાય, જે સમયે, જે કારણે થવાની છે, તે તે અનુસારે થાય છે.

૧૨. પ્રત્યેક દ્રવ્ય પોતાની પર્યાયના કર્તા સ્વયં છે. પરિણમન તેનો ધર્મ છે. પોતાના પરિણમનમાં તેને પર દ્રવ્યની જરાય અપેક્ષા નથી. નિત્યતાની જેમ પરિણમન પણ તેનો સહજ સ્વભાવ છે. અથવા પર્યાયનો કર્તા સ્વયં પર્યાય છે. તેમાં તારે કંઈ પણ કરવાનું નથી અર્થાત્ કાંઈ પણ કરવાની ચિંતા કરવાની નથી.

પ્રત્યેક દ્રવ્ય પોતાની પર્યાયના કતૃત્વમાં અથવા તે પર્યાય જ પોતાના પરિણમનમાં પૂરેપૂરી સમર્થ છે. હે આત્મા ! તારે તેમાં કાંઈ પણ કરવાનું નથી, તું નકામો જ તેની ચિંતામાં તારો ભવ બગાડી રહ્યો છે. તું જ બળવાન બળદોથી

ખેંચાતા ગાડાની નીચે-નીચે ચાલીને 'હું જ ગાડું ખેંચું છું' એ અભિમાનમાં પકડાયેલા કૂતરાની જેમ આકુળ-વ્યાકુળ થઈ રહ્યો છે.

૧૩. **અનાદિની કર્તૃત્વબુદ્ધિ :** અનાદિથી આ વિચારહીન સંસાર પ્રાણી 'હું આ કરી શકું છું' અથવા 'મેં જ આ કર્યું ત્યારે થયું'-આ પ્રકારના અહંકારથી પીડિત છે. જેવો આ 'ક્રમબદ્ધ પર્યાય'નો નિર્ણય થાય છે તો આ કર્તાબુદ્ધિ તૂટી પડે છે. 'ક્રમબદ્ધ પર્યાય'ને જાણવાનો આશય પણ આ પરની કર્તાબુદ્ધિ તોડવાનો છે. પંડિતપ્રવર આશાધરજી 'અધ્યાત્મ રહસ્ય'માં લખે છે : 'જો સદ્‌ગુરુના ઉપદેશથી જિનશાસનનું રહસ્ય આપે યથાર્થ નિશ્ચિત કર્યું હોય, સમજ્યા હો, તો 'હું કરું છું' આ અહંકારપૂર્ણ કર્તૃત્વની ભાવના છોડો અને ભગવતી ભવિતવ્યતાનો આશ્રય ગ્રહણ કરો.'

'જેનું જે પરિણમન જે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અનુસાર થવું જિનેન્દ્ર દેવે જોયું છે, તેને ઈન્દ્ર તો શું સ્વયં જિનેન્દ્ર પણ ટાળી શકતા નથી.'

આ ઉપરથી કેટલાક લોકો કહે છે કે એ તો બિલકુલ બરાબર છે કે જિનેન્દ્રદેવ ટાળી શકતા નથી કેમ કે જૈન માન્યતાનુસાર જિનેન્દ્ર ભગવાન જગતના જ્ઞાતા-દૃષ્ટા છે, હર્તા-કર્તા નથી; પણ ભગવાન ટાળી શકતા નથી, તો શું આપણે પણ ટાળી નથી શકતા? જો આપણે પણ ન ટાળી શકતા હોઈએ તો પછી આપણે તો ભગવાનના જ્ઞાનને આધીન થઈ ગયા. જેવું તેમણે જાણી લીધું તેવું જ આપણે કરવું પડશે; અથવા આપણું પરિણમન તેવું જ થશે કે જેવું ભગવાને જાણ્યું છે. તેમનું આ કહેવું બરાબર નથી, કેવી રીતે?

વસ્તુનું પરિણમન ભગવાનના જ્ઞાનને આધીન નથી. જે રૂપે વસ્તુ સ્વયં પરિણમી હતી, પરિણમી રહી છે અને પરિણમશે; ભગવાને તો તેને તે રૂપે માત્ર જાણી છે. જ્ઞાન તો પરને માત્ર જાણે છે, પરિણમવાતું નથી.

જેમ જ્ઞાનને આધીન વસ્તુ નથી, તેવી જ રીતે વસ્તુને આધીન જ્ઞાન નથી. બંનેનું સ્વતંત્ર પરિણમન પોત-પોતાના કારણે થાય છે. જ્ઞાન તો વસ્તુના પરિણમનમાં કોઈ પણ પ્રકારનો હસ્તક્ષેપ કર્યા વિના માત્ર તેને જાણે છે.

બીજું એ કહેવું કેટલું હાસ્યાસ્પદ છે કે જે ભગવાને જાણ્યું છે, તે પોતે ભલે કોઈ પરિવર્તન ન કરી શકે, પણ હું તો કરી શકું છું. એ ભગવાનથી પણ મોટો થઈ ગયો. જે કાર્ય અનંતવીર્યના ધણી ભગવાન પણ કરી શકતા ન હોય, તે કાર્ય આ અલ્પવીર્યવાન હોવા છતાં પણ કરી બતાવવા ઈચ્છે છે.

ક્રમબદ્ધ પર્યાયના પોષક યુક્ત કથનનો ઉદ્દેશ્ય જ પર કર્તૃત્વનો નિષેધ છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું કર્તા-હર્તા-ધર્તા નથી-આ માન્યતા જ જૈન દર્શનનો મૂળ આધાર (મેરુદંડ) છે.

૧૪. **અકર્તાવાદી જૈન દર્શન :** કર્તૃત્વ અહંકારથી પકડાયેલ વ્યક્તિની સમસ્યા જ એ છે કે કોઈ એનું કામ સંભાળે તો તે નિશ્ચિંત થાય. આ વાત તેની સમજણમાં આવતી નથી કે તે પરનું અથવા પર્યાયનું કાંઈ કરતો જ નથી. અજ્ઞાનને કારણે માત્ર તેની ચિંતા કરે છે અને ચિંતાનો કર્તા પણ ત્યાં સુધી છે કે જ્યાં સુધી અજ્ઞાન છે.

જૈન દર્શન અકર્તાવાદી દર્શન કહેવાય છે. અકર્તાવાદનો અર્થ માત્ર એટલો જ નથી કે આ જગતનો કર્તા કોઈ ઈશ્વર નથી, પરંતુ એ પણ છે કે કોઈ પણ દ્રવ્ય કોઈ અન્ય દ્રવ્યના પરિણમનના કર્તા-હર્તા નથી. જ્ઞાની આત્મા તો પોતાના વિકારના પણ કર્તા નથી થતા.

"સર્વ દ્રવ્યોના પરિણામ ભિન્ન ભિન્ન છે. બધા દ્રવ્યો પોત-પોતાના પરિણામોના કર્તા છે; તેઓ તે પરિણામોના કર્તા છે, તે પરિણામો તેમના કર્મ છે. નિશ્ચયથી કોઈનો કોઈની સાથે કર્તા-કર્મ સંબંધ નથી. માટે જીવ પોતાના પરિણામોનો કર્તા છે અને પોતાના પરિણામ કર્મ છે. એવી રીતે અજીવ પોતાના પરિણામોનું જ કર્તા છે અને પોતાના પરિણામ કર્મ છે. આ રીતે જીવ બીજાના પરિણામોનો અકર્તા છે."

આ ઉપરથી કોઈ કહે છે કે ભલે પરના પરિણામનો કર્તા નહિ, પણ પોતાના પરિણામનો કર્તા-હર્તા તો હું છું જ. તેને કહે છે કે અવશ્ય છો, કેમ કે પ્રત્યેક દ્રવ્ય પોતાની પરિણતિનું કર્તા-ભોક્તા તો છે જ, પણ એનો આશય એ નથી કે સર્વજ્ઞન જ્ઞાનમાં આપનું જે ભાવી પરિણમન ઝળક્યું છે, તેમાં આપ કાંઈ ફેરફાર કરી શકો છો.

જો ફેરફાર નથી કરી શકતા તો પછી હું મારી પરિણતિનો કર્તા જ ક્યાં રહ્યો? આ પ્રકારની શંકા પણ જગતને થાય છે, કેમ કે જેણે ફેરફાર કરવાને જ માની રાખ્યું છે, તે આનાથી આગળ વિચાર પણ શું કરી શકે? શું ફેરફાર કર્યા વિના કાંઈ કરવાનું હોતું જ નથી? શું જેવું ન થવાનું હોય તેવું કરવું તે જ કરવું છે; જે થવાનું હોય તેવું કરવું તે શું કરવું નથી? સહજ કર્તાવાદી અથવા સ્વ કર્તાવાદી એ અકર્તાવાદી દર્શન છે.

સહજ થવું અને કરવું એક જ વાત છે. ભવિષ્યમાં આપણું જે થવાનું છે, તે જ થશે અર્થાત્ આપણે પુરુષાર્થપૂર્વક તે જ કરીશું. આમાં પુરુષાર્થની ક્યાંય ઉપેક્ષા નથી, ક્યાંય કોઈ પરાધીનતા નથી, સર્વત્ર સ્વાધીનતાનું સામ્રાજ્ય છે. આમાં બધું જ છે-સ્વભાવ છે, પુરુષાર્થ છે, ભવિતવ્ય (હોનહાર) છે, કાળલબ્ધિ છે અને નિમિત્ત પણ છે. પાંચેય સમવાય ઉપસ્થિત છે. આમાં ક્યાંય પુરુષાર્થની હીનતા નથી.

૧૫. **કર્તા કે અકર્તા?** : આત્મા પોતાના પરિણામોનો કર્તા છે કે નથી? આ સંદર્ભમાં પૂ. કાનજી સ્વામીનું સ્પષ્ટીકરણ આ પ્રકારે છે :-

પ્ર. પર્યાયો ક્રમબદ્ધ છે; આત્માની પર્યાયો પણ ક્રમબદ્ધ જે થવા યોગ્ય છે તે જ થાય છે; તેથી આત્મા તેનો અકર્તા છે-(શું) આ વાત યથાર્થ છે?

ઉ. ''ના, આત્મા પોતાની પર્યાયનો અકર્તા છે-એ વાત યથાર્થ નથી. આત્મા પોતાની જે જે ક્રમબદ્ધ પર્યાયોરૂપે પરિણમે છે તેમનો કર્તા તે પોતે જ છે; પરંતુ અહિં એટલું વિશેષ સમજવા યોગ્ય છે કે 'આત્માનો જ્ઞાયક સ્વભાવ છે' એવી જેની દૃષ્ટિ થઈ છે અથવા ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય થયો છે, તે જીવ મિથ્યાત્વાદિ ભાવોરૂપે પરિણમતો જ નથી. માટે મિથ્યાત્વાદિ ભાવોનો તો તે અકર્તા જ છે તથા જે અલ્પ રાગાદિ વિકાર થાય છે તેમાં પણ તે એકત્વરૂપે પરિણમતો નથી. તે અપેક્ષાએ તે રાગાદિનો પણ અકર્તા છે; પરંતુ પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાનાદિ નિર્મળ 'ક્રમબદ્ધ પરિણામો'નો તો તે કર્તા છે.

'ક્રમબદ્ધ પરિણામો'નો એવો અર્થ નથી કે આત્મા પોતે કર્તા થયા વિના જ તે પરિણામ થઈ જાય છે. જ્ઞાની પોતાના નિર્મળ જ્ઞાન ભાવને કરતો થકો પોતે તેનો કર્તા થાય છે અને અજ્ઞાની પોતાના અજ્ઞાન ભાવને કરતો થકો તેનો કર્તા થાય છે. આ પ્રકારે પ્રત્યેક દ્રવ્ય પોતે જ પોતાના 'ક્રમબદ્ધ પરિણામ'નું કર્તા છે.''

આ જ વાતનો જો વસ્તુ સ્વરૂપ તરફથી વિચાર કરવામાં આવે તો આ જ નિષ્કર્ષ પર પહોંચીશું, કેમ કે નિત્યતાની જેમ પરિણમન પણ પ્રત્યેક દ્રવ્યનો સ્વભાવ છે. જે વસ્તુનો જે સ્વભાવ છે, તેના હોવામાં પરના સહયોગની શી જરૂર છે? જો દ્રવ્યને પોતાના પરિણમનમાં પરની અપેક્ષા હોય તો પછી તે તેના સ્વભાવ જ ક્યાં રહ્યો? દ્રવ્ય શબ્દ જ દ્રવણશીલતા-પરિણમનશીલતાનો દ્યોતક છે. જે સ્વયં દ્રવે-પરિણમે, તેને જ દ્રવ્ય કહે છે.

પ્રત્યેક દ્રવ્યમાં એક દ્રવ્યત્વ નામનો સામાન્ય ગુણ છે-શક્તિ છે. તેને કારણે જ દ્રવ્ય પરિણમનશીલ છે. પરિણમનશીલતા દ્રવ્યનો સામાન્ય ધર્મ છે, સહજ ધર્મ છે, સ્વાભાવિક ધર્મ છે, પરનિરપેક્ષ ધર્મ છે.

જ્યારે પ્રત્યેક દ્રવ્ય સ્વયં સહજ ક્રમબદ્ધ પરિણમી રહ્યું છે, તો પછી એવી શી આવશ્યકતા છે કે તે પોતાના ક્રમનો ભંગ કરે? વસ્તુના સ્વરૂપમાં એવી શી અડચણ છે કે તે પોતાની ચાલ બદલે? અને શા માટે બદલે? બદલે પણ કેવી રીતે?

૧૬. **ક્રમબદ્ધનો સ્વીકાર જ હિતરૂપ :** જ્યારે પ્રત્યેક દ્રવ્યની પ્રત્યેક પર્યાય સ્વ-અવસરે જ થાય છે. પહેલાં જ સ્પષ્ટ કરી દીધું છે કે જેટલા ત્રણ કાળના સમયો છે, તેટલી જ પ્રત્યેક દ્રવ્યની પર્યાયો છે અને એક એક પર્યાય એક એક સમયમાં અંકિત છે. જો એક પર્યાયને પોતાના સ્થાન(સમય)થી ખસેડવામાં આવશે તો તે સ્થાન (સમય) ખાલી થઈ જશે. તે સ્થાન (સમય)ની પૂર્તિના હેતુએ બીજી પર્યાય ક્યાંથી આવશે? જે ઈષ્ટ પર્યાયને આપ લાવવા ઈચ્છો છો; તેને જો પોતાના સ્થાન(સમય)થી ખસેડીને ત્યાં લાવશો તો શું અહિંની પર્યાયને ત્યાં લઈ જશો? કે જે સંભવિત નથી.

છેવટે વસ્તુ સ્વરૂપનો સહજ સ્વીકાર શા માટે નથી થતો, પરાણે પરિવર્તનની હઠ શા માટે? ધર્મ તો વસ્તુ સ્વરૂપના સહજ સ્વીકારનું નામ છે. વસ્તુ સ્વરૂપની સહજ પરિણતિનો સ્વીકાર જ ધર્મની શરૂઆત છે. આવી વ્યક્તિની દૃષ્ટિ સહજ અંતરોન્મુખી હોય છે. ક્રમબદ્ધ પરિણમનનો સહજ સ્વીકાર કરનાર જીવના ક્રમબદ્ધમાં પણ સહજ સ્વભાવ સન્મુખ પરિણમન હોય છે. વસ્તુ સ્વરૂપમાં જ આવો સુવ્યવસ્થિત સુમેળ છે.

દ્રવ્ય અને ગુણની જેમ પર્યાય પણ સત્ છે. દ્રવ્ય અને ગુણ જો ત્રિકાળી સત્ છે તો પર્યાય સ્વમેય એક સમયનું સત્ છે. જેવી રીતે દ્રવ્ય અને ગુણની ત્રિકાળી સત્તાને પડકારી શકાતી નથી; તેવી જ રીતે પર્યાયની પણ સ્વમેય સત્તાને પડકારી શકાતી નથી.

પરંતુ દ્રવ્ય અને ગુણોની અજાણ અજ્ઞાનીની દૃષ્ટિ પર્યાય પર રહે છે, પર્યાયના ફેરફાર કરવાના વિકલ્પમાં જ ગૂંચાયેલી રહે છે. આ જ ગૂંચવણને કારણે તેની દૃષ્ટિ સ્વદ્રવ્ય પર જઈ શકતી નથી, તે દ્રવ્યદૃષ્ટિ અર્થાત્ સમ્યગ્દૃષ્ટિ બની શકતો નથી.

દ્રવ્યદૃષ્ટિ પ્રાપ્ત કરવા માટે પર્યાયોની ક્રમબદ્ધતાની પ્રતીતિ આવશ્યક છે. પર્યાય પણ સ્વકાળનું સત્ છે, તેમાં પણ કોઈ પ્રકારનો ફેરફાર સંભવ નથી-એવી પ્રતીતિ થતાં જ પર્યાય તરફથી નિશ્ચિંત થયેલ દૃષ્ટિ સ્વભાવ તરફ ઢળી જાય છે.

ક્રમબદ્ધ પર્યાયની પ્રતીતિ વિના દૃષ્ટિનું સ્વભાવ સન્મુખ થવું સંભવ નથી; કારણ કે પર્યાયોમાં ઈચ્છાનુકૂળ ફેરફાર કરવાનો બોજો તેના ઉપર રહ્યા કરે છે. ફેરફાર કરવાના ભારથી બોજારૂપ થયેલી દૃષ્ટિમાં એ શક્તિ નથી કે તે સ્વભાવ તરફ જોઈ શકે. દૃષ્ટિ સંપૂર્ણપણે ભાર વિનાની થયા વિના અંતર-પ્રવેશ શક્ય નથી-પરમાં તો કાંઈ કરવાનું જ નથી, પોતાની પર્યાયમાં પણ કાંઈ કરવાનું નથી. બધું સહજ થઈ રહ્યું છે અને થતું રહેશે. આ જ એક ઉપાય છે.

૧૭. **પુરુષાર્થની હિનતાનો ભય :** 'અજ્ઞાની કહે છે કે-આ ક્રમબદ્ધ પર્યાયને માનીએ તો પુરુષાર્થ ઉડી જાય છે' પરંતુ એમ નથી. આ ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય કરવાથી કર્તાબુદ્ધિનું મિથ્યા અભિમાન ઉડી જાય છે અને નિરંતર જ્ઞાયકપણાનો સાચો પુરુષાર્થ થાય છે. જ્ઞાન સ્વભાવનો પુરુષાર્થ ન કરે તેને ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય પણ સાચો નથી. જ્ઞાન સ્વભાવના પુરુષાર્થ દ્વારા ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય કરીને જ્યાં પર્યાય સ્વસન્મુખ થઈ ત્યાં એક સમયમાં તે પર્યાયમાં પાંચેય સમવાય આવી જાય છે. પુરુષાર્થ, સ્વભાવ, કાળ, નિયતિ અને (નિમિત્ત) કર્મનો અભાવ-આ પાંચેય સમવાય એક સમયની પર્યાયમાં આવી જાય છે. ''જ્ઞાયક સ્વભાવના આશ્રયે પુરુષાર્થ થાય છે, તો પણ પર્યાયનો ક્રમ તૂટતો નથી''. જુઓ આ વસ્તુસ્થિતિ ! પુરુષાર્થ પણ નથી ઉડતો અને ક્રમ પણ નથી તૂટતો. જ્ઞાયક સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રાદિનો પુરુષાર્થ થાય છે અને તેવી નિર્મળ દશાઓ થયા કરે છે તો પણ પર્યાયોની ક્રમબદ્ધતા તૂટતી નથી.

આમ તો પુરુષાર્થ વિના કોઈ પણ કાર્ય સંપન્ન થતું નથી. બધે જ અન્ય સમવાયોની અપેક્ષા સહિત પુરુષાર્થનું સામ્રાજ્ય છે. મોક્ષમાર્ગરૂપી કાર્યની ઉત્પત્તિ, સ્થિતિ, વૃદ્ધિ અને પૂર્ણતામાં પણ કાળલબ્ધિ આદિ અન્ય સમવાયોની સાથોસાથ પુરુષાર્થનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે. છતાં પણ મોક્ષના માર્ગના સંબંધમાં પુરુષાર્થની વ્યાખ્યા, જગત જેને પુરુષાર્થ સમજે છે, તેનાથી કાંઈ ભિન્ન છે.

પુરુ=ઉત્તમ ચેતના ગુણમાં, સેતે=સ્વામી થઈને પ્રવર્તન કરે-તેને પુરુષ કહે છે.

જ્ઞાન-દર્શન-ચેતનાના નાથને પુરુષ કહે છે. અને અર્થ અર્થાત્ પ્રયોજન-આ પ્રમાણે ઉત્તમ ચેતના ગુણના સ્વામી થઈને તેમાં જ પ્રવર્તન કરવાનું છે પ્રયોજન જેનું, તેને પુરુષાર્થ કહે છે. બીજા શબ્દોમાં મોક્ષના માર્ગમાં આત્માનુભવની પ્રાપ્તિનો પ્રયાસ જ પુરુષાર્થ છે.

ક્રમબદ્ધ પર્યાયની શ્રદ્ધાની સ્થિતિમાં તો ઉક્ત પુરુષાર્થ વિશેષપણે જાગૃત થાય છે. જેવો ઉપયોગ પર્યાયો પરથી ખસીને આત્મ સન્મુખ થાય છે આત્માનુભવ થઈ જાય છે. દૃષ્ટિનું સ્વભાવ તરફ ઢળવું તે જ મોક્ષના માર્ગમાં અનંત પુરુષાર્થ છે. ક્રમબદ્ધ પર્યાયની શ્રદ્ધા કરવી એ પણ પુરુષાર્થ જ છે.ક્રમબદ્ધ પર્યાયની શ્રદ્ધા કરનારને ઉક્ત શ્રદ્ધાના કાળમાં આત્મોન્મુખી અનંત પુરુષાર્થ થવાનો એ સમ્યગ્દર્શન પ્રગટ થવાનો ક્રમ પણ સહજ હોય છે. બધું જ ક્રમબદ્ધ છે-આ નિર્ણયમાં જીવનો અનંત પુરુષાર્થ સમાયેલો છે. પુરુષાર્થ જીવ દ્રવ્યની પર્યાય છે, તેથી તેનું કાર્ય જીવની પર્યાયમાં થાય છે; પરંતુ જીવના પુરુષાર્થનું કાર્ય પરમાં હોતું નથી. જ્ઞાની પ્રતિક્ષણ સ્વભાવની પૂર્ણતાના પુરુષાર્થની ભાવના કરે છે. સ્વદ્રવ્યના નિર્ણય કરનાર જ્ઞાનમાં અનંત પુરુષાર્થ છે.

**પ્ર.** : જો ક્રમબદ્ધમાં કાંઈ ન કરવાનો ઉપદેશ આપશો તો લોકો આળસુ થઈ જશે. જો એના કરવાથી કાંઈ થતું જ નથી તો કોઈ પુરુષાર્થ શા માટે કરે?

ઉ. : ક્રમબદ્ધ પર્યાયના નિર્ણયમાં જ સાચો પુરુષાર્થ છે. કેમ કે ક્રમબદ્ધનો નિર્ણય કરવામાં જ્ઞાયક સ્વભાવ ઉપર દૃષ્ટિ જાય છે. જેમ જ્ઞાયકમાં ભવ નથી, તેવી જ રીતે ક્રમબદ્ધનો નિર્ણય કરનારને પણ ભવ નથી, એક બે ભવ રહે એ પણ જ્ઞેય તરીકે રહે છે.

પોતાની મતિમાં ક્રમબદ્ધ ની વ્યંવસ્થાને વ્યવસ્થિત કરવી તે જ સાચો પુરુષાર્થ છે.

**પ્ર.** : ''પર્યાય તો વ્યવસ્થિત જ થવાની છે અર્થાત્ પુરુષાર્થની પર્યાય તો જ્યારે તેનો પ્રગટ થવાનો કાળ આવશે ત્યારે જ પ્રગટ થશે-એવી સ્થિતિમાં હવે કરવાનું શું રહી ગયું?''

ઉ. : વ્યવસ્થિત પર્યાય છે-એવું જાણ્યું ક્યાંથી? વ્યવસ્થિત પર્યાય દ્રવ્યમાં છે, પછી તો દ્રવ્ય ઉપર જ દૃષ્ટિ કરવાની છે. પર્યાયના ક્રમ પર દૃષ્ટિ ન કરતાં, ક્રમસર પર્યાય જેમાંથી પ્રગટ થાય છે-એવા દ્રવ્ય સામાન્ય ઉપર જ દૃષ્ટિ કરવાની છે. કેમ કે તેના ઉપર દૃષ્ટિ કરવામાં અનંત પુરુષાર્થ આવી જાય છે. ક્રમબદ્ધના સિદ્ધાંતથી અકર્તાપણું સિદ્ધ થાય છે, ક્રમ સમક્ષ જોવાનું નથી.

**પ્ર.** : ક્રમબદ્ધમાં કરવાનું શું આવ્યું?

ઉ. : ''કરવાનું છે જ ક્યાં? કરવામાં તો કર્તૃત્વ બુદ્ધિ આવે છે; કરવાની બુદ્ધિ છૂટી જાય એ ક્રમબદ્ધ છે. ક્રમબદ્ધમાં કર્તૃત્વબુદ્ધિ છૂટી જાય છે. પરમાં તો કાંઈ કરી શકતો જ નથી, પોતાનામાં પણ જે થવાનું છે તે જ થાય છે, અર્થાત્ પોતાનામાં પણ જે રાગ થવાનો હોય તે થાય છે. તેનું શું કરવું? રાગમાં પણ કર્તૃત્વ બુદ્ધિ છૂટી ગઈ; ભેદ અને પર્યાય પરથી પણ દૃષ્ટિ હટી ગઈ, ત્યારે ક્રમબદ્ધની પ્રતીતિ થઈ. ક્રમબદ્ધની પ્રતીતિમાં તો જ્ઞાતા-દૃષ્ટા થઈ ગયો, નિર્મળ પર્યાય કરું એવી બુદ્ધિ પણ છૂટી ગઈ, રાગ કરું એ વાત તો દૂર રહી ગઈ. અરે! જ્ઞાન કરું એ બુદ્ધિ પણ છૂટી જાય છે, કર્તૃત્વબુદ્ધિ પણ છૂટી જાય છે અને એકલું જ્ઞાન રહી જાય છે. જેને રાગ કરવો છે, રાગમાં અટકવું છે તેને ક્રમબદ્ધની વાત બેઠી નથી. રાગ કરવો અને રાગ છોડવો એ આત્મામાં નથી. આત્મા તો એકલો જ્ઞાન સ્વરૂપ છે. આવી રીતે બધા વિકલ્પોથી પર-અકર્તાપણું આવી જવું-તે જે મોક્ષમાર્ગનો પુરુષાર્થ છે. ક્રમબદ્ધના નિર્ણયનું તાત્પર્ય વીતરાગતા છે અને આ વીતરાગતા પર્યાયમાં ત્યારે જ પ્રગટ થાય છે જ્યારે વીતરાગ સ્વભાવ પર દૃષ્ટિ જાય છે.

૧૮. **'સર્વજ્ઞતા' અને 'ક્રમબદ્ધ પર્યાય'નો નિર્ણય :** જો સર્વજ્ઞતા આપણું લક્ષ્ય છે, પ્રાપ્તવ્ય છે, આદર્શ છે; તેને પ્રાપ્ત કરવા માટે જ બધો પ્રયત્ન છે તો પછી તેના સાચા સ્વરૂપના પરિજ્ઞાન વિના તેને પ્રાપ્ત કરવાનો માર્ગ કેવી રીતે થઈ શકે? જૈન દર્શનનો મૂળાધાર સર્વજ્ઞતા જ છે.

મોહનો નાશ કરીને આત્મશ્રદ્ધાન-જ્ઞાન અને આત્મલીનતાના ઈચ્છુકજનોએ અનંત પુરુષાર્થપૂર્વક મરી ફીટીને પણ સર્વજ્ઞતાનો નિર્ણય અવશ્ય કરવો જોઈએ. સર્વજ્ઞતાના નિર્ણયમાં ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય સમાયેલો છે. સર્વજ્ઞતા અને ક્રમબદ્ધ પર્યાયનો નિર્ણય જ્ઞાયક સ્વભાવની સન્મુખ થઈને જ થાય છે. જ્ઞાયક સ્વભાવની સન્મુખતા જ મોક્ષ મહેલનું પહેલું પગથિયું છે; તેના ઉપર ચઢવાનો અનંત પુરુષાર્થ ક્રમબદ્ધ પર્યાયની શ્રદ્ધામાં સમાયેલો છે. આ રીતે 'સર્વજ્ઞતા' અને 'ક્રમબદ્ધ પર્યાય' એક રીતે પરસ્પર અનુબદ્ધ છે. એકનો નિર્ણય(સાચી સમજણ) બીજાના નિર્ણય સાથે જોડાયેલ છે. બંનેનો નિર્ણય સર્વજ્ઞસ્વભાવી નિજ આત્માની સન્મુખ થઈને થાય છે. સર્વજ્ઞતાની શ્રદ્ધા વિના દેવ-ગુરુ-શાસ્ત્રની સાચી શ્રદ્ધા પણ સંભવતી નથી, કેમ કે સાચા દેવનું તો સ્વરૂપ જ સર્વજ્ઞતા અને વીતરાગતા છે. શાસ્ત્રનું મૂળ પણ સર્વજ્ઞની

વાણી છે. ગુરુ પણ સર્વજ્ઞ કથિત માર્ગાનુગામી છે. સાધુઓને આગમચક્ષુ કહ્યા છે. ત્રણ મૂઢતા અને આઠ મદ રહિત તથા આઠ અંગો સહિત સાચા દેવ-શાસ્ત્ર-ગુરુનું શ્રદ્ધાન જ સમ્યગ્દર્શન છે. પરમાત્મા બનવા માટે પોતાના આત્માને જાણવાનું-અનુભવવાનું આવશ્યક છે. જે અરિહંતને દ્રવ્યપણે-ગુણપણે-પર્યાયપણે જાણે છે તે પોતાના આત્માને જાણે છે અને જે આત્માને જાણે છે તે મોહનો નાશ કરે છે. ત્યાર પછી રાગ-દ્વેષને છોડીને શુદ્ધ આત્માને પ્રાપ્ત કરે છે અર્થાત્ પૂર્ણ વીતરાગતા અને સર્વજ્ઞતા પ્રાપ્ત કરે છે. આ જ એક ઉપાય છે.

ભગવંતો દ્વારા અનુભૂત અને બતાવવામાં આવેલો આ જ એક મોક્ષનો પારમાર્થિક માર્ગ છે; આ પ્રકારે મતિને વ્યવસ્થિત કરે છે. જેની મતિ અવ્યવસ્થિત છે તેને જગત અવ્યવસ્થિત લાગે છે. આ અવ્યવસ્થિત મતિવાળા લોકો જગતને વ્યવસ્થિત કરવાના વિકલ્પોમાં જ ગૂંચવાયા છે.કારણ કે જ્યાં અવ્યવસ્થતા છે ત્યાં તેમનું ધ્યાન નથી અને જ્યાં બધું જ પુરેપુરું વ્યવસ્થિત છે-કાંઈ ફેરફાર કરવાની જગ્યા નથી ત્યાં વ્યવસ્થાપક બનવાની ધૂનમાં વ્યાકૂળ થઈ રહ્યા છે અને જ્યાં સુધી પોતે પોતાની મતિને વસ્તુ સ્વરૂપને અનુકુળ વ્યવસ્થિત નહિ કરે ત્યાં સુધી આકુળતા જવાની નથી. 'સર્વજ્ઞતા' અને 'ક્રમબદ્ધ પર્યાય'ની શ્રદ્ધા પ્રતીતિ વિના મતિ વ્યવસ્થિત થઈ જ શકતી નથી. સ્વયં સંચાલિત વ્યવસ્થા જ પૂર્ણ ન્યાય સંગત હોય છે. અને એ સમજવો એ જ સત્ય પુરુષાર્થ છે.

૧૯. **પુરુષાર્થ-પાંચ સમવાય :** જીવ પોતાના સ્વભાવ સન્મુખતાનો પુરુષાર્થ કરે ત્યારે-

૧. સ્વભાવ આવી ગયો.

૨. સ્વભાવ સન્મુખતાનો પુરુષાર્થ આવી ગયો.

૩. તે સમયે પોતાની જે નિર્મળ પર્યાય પ્રગટી તે કાળ લબ્ધિ આવી ગઈ.

૪. ભવિતવ્યતાનો ભાવ આવી ગયો(જે થવા યોગ્ય હતું તે થયું).

૫. કર્મનું નિમિત્ત પણ હટી ગયું એટલે કર્મના ઉપશમાદિ આવી ગયા.

આ પ્રમાણે પાંચ સમવાય સાથે જ હોય છે.

**સર્વજ્ઞનો અને ક્રમબદ્ધનો નિર્ણય કરવામાં તો પાંચેય સમવાય એક સાથે હોય છે.**

૧. જે સમયે સમકિતની પર્યાય થઈ તે થવાની હતી તે સ્વકાળે થઈ તે નિયત છે-

૨. જે સમકિતની પર્યાય પ્રગટ થઈ તે સ્વભાવ સન્મુખતાના પુરુષાર્થ વડે જ થઈ છે તે પુરુષાર્થ છે.

૩. વળી સમકિતની પર્યાય નિજ સ્વભાવમાં એકાગ્રતા વડે થઈ એમાં સ્વભાવ પણ આવી જાય છે.

૪. સમકિતની પર્યાય ક્રમબદ્ધ પોતાના કાળે જે થવાની હતી તે જ થઈ એ ભવિતવ્યતા છે.

૫. સમકિતની પર્યાયના કાળે સ્વયં કર્મના ઉપશમાદિ થયા તે નિમિત્ત પણ આવી ગયું.

આમ પાંચે ય સમવાય એક સાથે રહેલા છે. એમ નથી કે સ્વભાવના પુરુષાર્થ વિના કોઈને સમકિત થઈ જાય છે.

**મોક્ષમાર્ગની પ્રાપ્તિનો કાળ હોય ત્યારે-**

૧. ચિદાનંદ ઘનસ્વભાવ ઉપર દૃષ્ટિ જાય તે સ્વભાવ થયો.

૨. ચિદાનંદ ઘનસ્વભાવની દૃષ્ટિ થઈ તે સ્વભાવ તરફનો પુરુષાર્થ થયો.

૩. તે જ કાળે આ (નિર્મળ) પર્યાય થવાનું જ્ઞાન થયું તે કાળલબ્ધિ થઈ.

૪. આ જે (નિર્મળ) ભાવ તે કાળે થયો તે થવાનો હતો તે જ થયો તે ભવિતવ્ય અને

૫. ત્યારે પ્રતિકૂળ નિમિત્તનો અભાવ થયો તે નિમિત્ત થયું.

આ પ્રમાણે પાંચ સમવાય એક સાથ હોય છે એમ જાણવું. પણ મોક્ષમાર્ગના પ્રગટપણામાં પુરુષાર્થની મુખ્યતા છે.

**પાંચ સમવાય :** કાર્યોત્પત્તિના પાંચ કારણોના સમવાયને સમ્યક્ ઘોષિત કરતાં આચાર્ય લખે છે :-

સ્વભાવ, નિયતિ, પૂર્વકૃત(નિમિત્ત), કાળ અને પુરુષાર્થ આ પાંચ કારણોમાંથી કોઈ એકથી કાર્યોત્પત્તિ માનવી તે એકાંત છે, મિથ્યાત્વ છે અને એના સમવાય થી કાર્યોત્પત્તિ માનવી તે અનેકાન્ત છે, સમ્યક્ત્વ છે.

(૧) સ્વભાવ બાબત જીવોને બહુ શંકા નથી-એ સ્પષ્ટ છે.

(૨) ફક્ત 'નિયતિ'વાદને માનવો તે સ્વછંદીનો છે. જે જીવ સર્વજ્ઞને માનતો નથી, જ્ઞાન સ્વભાવનો નિર્ણય કરતો નથી, જેણે અંતરોન્મુખ થઈને સમાધાન

કર્યું નથી, વિપરીત ભાવોના ઉછાળા ઓછા પણ કર્યા નથી અને 'થવાનું તે થશે' એમ કહીને માત્ર સ્વછંદી થાય છે અને મિથ્યાત્વનું પોષણ કરે છે. પરંતુ જ્ઞાનસ્વભાવના નિર્ણયપૂર્વક જો ક્રમબદ્ધ પર્યાયને સમજે તો જ્ઞાયકસ્વભાવના પુરુષાર્થ દ્વારા મિથ્યાત્વ અને સ્વછંદ છૂટી જાય.

(૩) **નિમિત્ત :** હવે જ્યારે કાર્ય થવાનું છે ત્યારે તેની યોગ્યતાનુસાર નિમિત્તો (સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર) હાજર જ છે. ક્રમબદ્ધ પર્યાયના નિર્ણયમાં સર્વજ્ઞતા અને સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો નિર્ણય આવી જ જાય છે.

(૪) **કાળલબ્ધિ :** હવે જીવને અહિંયા બહુ તકલીફ છે. જલ્દીથી-ઉતાવળથી કાર્ય થવામાં જીવ પુરુષાર્થ સમજે છે, પણ ભાઈ ! ઉતાવળે આંબા ન પાકે. આ ઉતાવળમાં જ બધા અકસ્માત થાય છે. દરેક કાર્ય તેના સ્વકાળે જ થાય છે.

(૫) **પુરુષાર્થ :** સત્ય પુરુષાર્થ બરાબર સમજવો પડશે. સર્વજ્ઞના નિર્ણયથી, ક્રમબદ્ધ પર્યાયના નિર્ણયથી મતિ વ્યવસ્થિત થઈ જાય છે, કર્તૃત્વનો અહંકાર ગળી જાય છે, સહજ જ્ઞાતા-દૃષ્ટાપણાનો પુરુષાર્થ જાગૃત થાય છે.

૨૦. **ઉપસંહાર :** સર્વજ્ઞતા પર સન્મુખ વૃત્તિથી સમજવામાં આવનાર વસ્તુ નથી. સર્વજ્ઞતાની પર્યાયની સન્મુખ થયેલી દૃષ્ટિથી પણ સર્વજ્ઞતા સમજી શકાતી નથી; સર્વજ્ઞ સ્વભાવી આત્માના આશ્રયે સર્વજ્ઞતા સમજવામાં આવે છે. સર્વજ્ઞતાનું સાચું સ્વરૂપ સમજવા માટે **આત્મોન્મુખી પુરુષાર્થ** અપેક્ષિત છે. ક્રમબદ્ધ સમજવાનો પણ એક માત્ર એ જ ઉપાય છે.

બધા જીવો 'ક્રમબદ્ધ પર્યાય' અને 'સર્વજ્ઞતા'નું સાચું સ્વરૂપ સમજીને સ્વભાવ સન્મુખ હો અને અનંત શાંતિ તથા અતીન્દ્રિય આનંદ પ્રાપ્ત કરો, કાળાંતરે યથા સમય સર્વજ્ઞતા પ્રાપ્ત કરીને પરમ સુખી હો એ જ ભાવના !!